પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૬
તા. ૧૬-૭-૨૦૨૫, બુધવાર
વર્ષ: ૧૪, અંક : ૧૧૦

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

ઈશ્વર જો બોલતો થાય
તો પહેલો વાંધો ભક્તોને જ પડે,
મૂર્તિ મૌન છે એટલે ઘણું બધું
સચવાય જાય છે...

**નવરચિત ૯ મહાપાલિકાઓનું સીમાંકન જાહેર: તમામમાં ૧૩ વોર્ડ અને પર બેઠકો હશે**

(વાંચો છેલ્લા પાને)

ઓગસ્ટ મહિનામાં જીએસટી કાઉન્સીલની બેઠક

# જીએસટીના દરમાં ફેરફાર થવો નિશ્ચિત: વડાપ્રધાન મોદીનું ગ્રીન સિગ્નલ

## ઉદ્યોગો- ગ્રાહકોની સરળતા માટે અને અર્થતંત્રને વેગ આપવા જીએસટીમાં થશે મોટા ફેરફારો : ૧૨ ટકાનો આખો સ્લેબ જ કાઢી નાખવામાં આવે તેવી પ્રબળ શક્યતાઓ

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન કાર્યાલયે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ માળખામાં નોંધપાત્ર ફેરફાર માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, જે આઠ વર્ષ પહેલાં રજૂ કરાયેલા આ કરની પ્રથમ મોટી સુધારણા માટે માર્ગ મોકળો કરે છે. આ અંગેનો પ્રસ્તાવ જીએસટી કાઉન્સિલ, એટલે કે પરોક્ષ કરનું નિર્ણય લેનાર સર્વોચ્ચ સંસ્થાની ઓગસ્ટમાં યોજાનારી બેઠકમાં ચર્ચા માટે રજૂ થઈ શકે છે, જે સંસદના ચોમાસુ સત્ર પછી યોજાશે.

નાણાં મંત્રાલય રાજ્યો સાથે રાજકીય સહમતિ બનાવવા માટે સંપર્ક કરશે. મુખ્ય હિતધારક વિભાગો સાથે આંતર-મંત્રાલય પરામર્શ શરૂ થઈ ગયો છે, એમ સૂત્રોએ જણાવ્યું. આ સુધારણા



દરો અને પ્રક્રિયાઓનું સરળીકરણ કરી ગ્રાહકો અને વ્યવસાયોને રાહત આપશે. જીએસટી કાઉન્સિલે દરોના તર્કસંગતકરણ માટે એક મંત્રીસ્તરીય પેનલ નિયુક્ત કરી છે, પરંતુ તેમાં નોંધપાત્ર પ્રગતિ થઈ નથી.ઉદ્યોગોએ છેલ્લા કેટલાક મહિનાઓથી જીએસટી માળખા, દરો, સ્લેબ અને પ્રક્રિયાઓમાં ફેરફારની માંગણી કરી છે અને અનેક સમસ્યાઓ ઉઠાવી છે.

સરકારના ઉચ્ચ સ્તરે વિગતવાર ચર્ચાઓ થઈ છે અને નીતિ નિર્માતાઓ માને છે કે સરળ જીએસટી વ્યવસ્થા અર્થતંત્રને વધુ ઉત્તેજન આપી શકે છે, એમ એક સૂત્રએ જણાવ્યું. કર વ્યવસ્થા સ્થિર થઈ રહી છે અને મેક્રો ઈકોનોમિક આધાર મજબૂત હોવાથી, આ સુધારણા માટેનો સમય યોગ્ય છે. અદ્યતન અર્થતંત્રો સાથે મુક્ત વેપાર કરારો નજીક આવી રહ્યા હોવાથી, સ્થાનિક ઉદ્યોગોને આ કરારોનો લાભ લેવા માટે કોઈ અડચણ ન આવે તે સરકાર સુનિશ્ચિત કરવા માંગે છે. આવકવેરા કાયદામાં પણ સુધારો નજીક છે, જેનું બિલ ચોમાસુ સત્રમાં રજૂ થવાની શક્યતા છે.

કેટલીક વસ્તુઓ, જેમ કે સિગારેટ અને ઓટોમોબાઈલ,

(અનુ. આઠમા પાને)

### જીએસટીમાં હાલ કેટલા સ્લેબ, અને શું ફેરફાર થવાની શકયતા?

- હાલમાં જીએસટીમાં પાંચ મુખ્ય સ્લેબ છે - શૂન્ય, ૫%, ૧૨%, ૧૮%, ૨૮% - અને બુલિયન માટે ૦.૨૫% અને ૩%.
- ૫% સ્લેબમાં જીએસટી હેઠળની લગભગ ૨૧% વસ્તુઓ, ૧૨% સ્લેબમાં ૧૯% વસ્તુઓ, ૧૮% સ્લેબમાં ૪૪% વસ્તુઓ અને ૨૮% દરમાં ૩% વસ્તુઓનો સમાવેશ થાય છે.
- એક મુખ્ય પ્રસ્તાવ ૧૨% સ્લેબ નાબૂદ કરીને તેની વસ્તુઓને ૫% અથવા ૧૮% સ્લેબમાં ખસેડવાનો છે.
- સરકાર શુદ્ધ ટર્મ ઈન્શ્યોરન્સ પ્લાન પરનો વર્તમાન ૧૮ ટકા જીએસટી નાબૂદ થઈ શકે છે
- સરકાર એર કંડિશનર જેવા ઉત્પાદનો પરના ૨૮ ટકાના ટેક્સ સ્લેબને ઘટાડવાનું વિચારી રહી છે
- ટ્રેક્ટર ૧૨ ટકાના ટેક્સ સ્લેબમાં આવે છે. જો આ સ્લેબ દૂર કરવામાં આવે તો ટ્રેક્ટર ૫ ટકાના સ્લેબમાં આવે તેવી શક્યતા વધુ છે.

કોલસા કરતા સોલાર પાવર સસ્તો થયો

# એક જ મહિનામાં સોલાર પાવરમાં ૪૨૦ ટકાનો વધારો

## વીજળીની ક્ષમતા વૃદ્ધિ જૂન મહિનામાં વાર્ષિક ધોરણે ૧.૪ ગીગાવોટથી વધીને ૭.૩ ગીગાવોટ થઈ

**અબતક, નવી દિલ્હી**

ભારતનું નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે જૂન ૨૦૨૫માં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે, જેમાં વાર્ષિક ધોરણે ક્ષમતા વૃદ્ધિ જૂન મહિનામાં ૪૨૦% વધીને ગયા વર્ષે ૧.૪ ગીગાવોટથી આ વર્ષે ૭.૩ ગીગાવોટ થઈ છે. જેથી હવે વીજળી કોલસાથી પણ સસ્તી થઈ છે. આ માહિતી કેન્દ્રીય નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશીએ મુંબઈમાં આયોજિત એક રિન્યુએબલ એનર્જી સમિટમાં જણાવી હતી.

મંત્રીએ ઉમેર્યું કે, ભારતે સૌર ઊર્જા ક્ષમતામાં ૪,૦૦૦%નો અભૂતપૂર્વ વધારો કર્યો છે, જે ૨.૮૨ ગીગાવોટથી વધીને ૨૦૨૫ સુધીમાં ૧૧૭ ગીગાવોટ થઈ છે. એ જ રીતે, પવન ઊર્જા ક્ષમતા ૨૧ ગીગાવોટથી વધીને ૫૧.૭ ગીગાવોટ થઈ, જે ૧૪૦%નો વધારો દર્શાવે છે.



સૌર ઊર્જાના ટેરિફમાં પણ ૮૦%નો ઘટાડો થયો છે, જે ૨૦૧૦-૧૧માં રૂ૧૦.૯૫ પ્રતિ યુનિટથી ઘટીને હવે રૂ.૨.૧૫ પ્રતિ યુનિટ થયો છે. જોશીએ જણાવ્યું, ‘‘આના પરિણામે, બેટરી સ્ટોરેજ સાથેની સૌર ઊર્જા હવે થર્મલ ઊર્જા કરતાં પણ સસ્તી થઈ છે. ૨૦૨૪માં, ઊર્જા ક્ષેત્રના ૮૩% રોકાણ નવીનીકરણીય ઊર્જામાં થયા હતા. ભારતે એક જ વર્ષમાં સ્વચ્છ ઊર્જા માટે ૨.૪ બિલિયનનું વૈશ્વિક રોકાણ આકર્ષિત કર્યું.‘‘

૨૦૨૦થી આ ક્ષેત્રે રૂ.૧.૬ લાખ કરોડથી વધુનું વિદેશી રોકાણ આકર્ષ્યું છે, જેમાં ૨૦૨૩માં જ રૂ.૪૨,૦૦૦ કરોડનો સમાવેશ થાય છે.

(અનુ. આઠમા પાને)

### બિનપરંપરાગત ઉર્જા સ્ત્રોતનો સંકલ્પ વર્ષ વહેલા પૂર્ણ થઈ ગયો

ભારતે તેની ૪૮૪.૮ ગીગાવોટની વીજ ઉત્પાદન ક્ષમતામાં અડધો હિસ્સો બિન-જૈવિક ઈંધણ સ્ત્રોતોમાંથી હાંસલ કર્યો છે, જે પેરિસ આબોહવા કરાર હેઠળ નિર્ધારિત રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાનના લક્ષ્યાંકને પાંચ વર્ષ વહેલું પૂર્ણ કરે છે. નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશીએ સોમવારે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું, ‘‘વિશ્વ આબોહવા ઉકેલો શોધી રહ્યું છે ત્યારે ભારત રસ્તો બતાવી રહ્યું છે.‘‘ તેમણે આ પ્રગતિનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘‘ભારતના ટકાઉ ભવિષ્ય તરફના લીલા પરિવર્તન‘‘ના નેતૃત્વને આપ્યો. મોદીએ ૨૦૧૪માં દેશની સત્તા સંભાળ્યા બાદથી સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપ્યું છે. ૨૦૧૫માં, તેમણે ‘‘ભારત મેગાવોટથી ગીગાવોટ તરફ આગળ વધી રહ્યું છે‘‘નો મંત્ર આપ્યો અને ૨૦૨૨ સુધીમાં સ્વચ્છ ઊર્જાનું લક્ષ્ય ૨,૦૦૦ મેગા વોટથી વધારીને ૧૭૫ ગીગા વોટ કર્યું. ૨૦૨૧માં, ગ્લાસગોમાં યોજાયેલા સીઓપી આબોહવા સંમેલનમાં ભારતે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગા વોટ નવીનીકરણીય ઊર્જા ક્ષમતાનું લક્ષ્ય જાહેર કર્યું. આ પરિવર્તન ઊર્જા સુરક્ષા, આબોહવા પગલાં અને ટકાઉ આર્થિક વિકાસની ખાતરી કરવાની પ્રતિબદ્ધતાથી પ્રેરિત હતું. નવીનીકરણીય ઊર્જા આ નીતિનો મુખ્ય ભાગ છે, પરંતુ તેમાં ન્યૂક્લિયર, ગ્રીન હાઈડ્રોજન, જીઓથર્મલ ઊર્જા અને ઉભરતી ટેકનોલોજી જેવી અન્ય પહેલોનો પણ સમાવેશ થાય છે. જૂન સુધીમાં ભારતની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૪૮૪.૮ ગીગા વોટ છે. નવીનીકરણીય ઊર્જા ક્ષમતા, જેમાં મોટા હાઈડલ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, તે ૨૩૪ ગીગા વોટ છે અને ૮.૭ ગીગા વોટની ન્યૂક્લિયર ક્ષમતા સાથે મળીને કુલ ઉત્પાદન ક્ષમતાના ૫૦%થી વધુ હિસ્સો ધરાવે છે. થર્મલ ઉત્પાદન ક્ષમતા ૨૪૨ ગીગા વોટછે.

# ‘ખોટી’ રીતે જેલમાં સબડતાને ‘વળતર’ આપવાનો સમય ‘પાકી’ ગયો છે!!

## દુષ્કર્મ અને ડબલ મર્ડરના ગુનામાં વર્ષ ૨૦૧૧માં કેરળ હાઈકોર્ટ દ્વારા દોષિત જાહેર કરાયેલા આરોપીને દોષમુક્ત કરતી સુપ્રીમ કોર્ટ

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટે મંગળવારે એક એવા વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો જેને ‘‘ખામીભરી તપાસ, નબળા પુરાવા અને સાચા સાક્ષીઓની તપાસ ન કરવાના‘‘ આધારે, કેરળની ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા ૨૦૧૧ માં યુગલની હત્યા બદલ એકસાથે દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે, સંસદ લાંબા કેદ પછી નિર્દોષ જાહેર થયેલા લોકોને વળતર આપવા માટે વિદેશી અધિકારક્ષેત્રોની જોગવાઈઓનો લાભ લઈ શકે છે.



ન્યાયાધીશ વિક્રમ નાથ, સંજય કરોલ અને સંદીપ મહેતાની બેન્ચે કટ્ટાવેલાઈ ઉર્ફે દેવકરને મુક્ત કર્યો હતો. જેને યુવતી પર દુષ્કર્મ બાદ યુગલની હત્યા કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી દરમિયાન તપાસમાં ખામી જોવા મળી હતી અને ડીએનએ પરીક્ષણ કરવામાં વ્યાવસાયિકતાના અભાવ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

ચુકાદો આપતાં આરોપીય ભોગવેલી લાંબી કેદનો ઉલ્લેખ કરી ન્યાયાધીશ કરોલે કહ્યું હતું કે, અહીં ચિંતાજનક બાબત એ છે કે, દોષિત ઠરાવવા માટે કોઈ પાસા નહોતા અને છતાં અપીલકર્તા દોષિત વર્ષોથી કસ્ટડીમાં છે. યુએસ જેવા વિદેશી અધિકારક્ષેત્રોમાં લાંબા સમય સુધી કેદ પછી નિર્દોષ જાહેર થનાર વ્યક્તિને વળતર આપવામાં આવે છે. વળતરનો આ અધિકાર ફેડરલ અને રાજ્ય બંને કાયદાઓ દ્વારા માન્ય કરવામાં આવ્યો છે.

પુરાવાઓની પ્રશંસા કરતા અને તેમાં રહેતા લુપહોલ્સ શોધી કાઢતા ન્યાયાધીશ કરોલે ૭૭ પાનાના ચુકાદામાં કહ્યું હતું કે, હથિયાર પર કોઈ લોહી મળ્યું નથી. ડોક્ટર પણ એવું કહેતા નથી કે, મૃતકના શરીર

(અનુ. આઠમા પાને)

યોગ ભગાવે રોગ

# હવે યોગ કરીને ગુજરાતની ધરતી ઉપરથી ૧ કરોડ કિલો વજન ઘટાડવા સંકલ્પ લેવાયા

## ૧૦ લાખ લોકો યોગ કરી ૧૦ કિલો વજન ઉતારશે ધારાસભ્યોની મદદથી ગામડે-ગામડે યોગ કેન્દ્રોની સ્થાપના થશે



**અબતક, નવી દિલ્હી**

ગુજરાતમાં વધતી જતી સ્થૂળતાની સમસ્યાને નાથવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ એક મહત્વાકાંક્ષી યોજના સાથે આગળ આવ્યું છે. રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ રચાયેલ યોગ બોર્ડે એક નવતર પહેલ શરૂ કરી છે, જેનો ઉદ્દેશ રાજ્યના ૧૦ લાખ લોકોને ૧૦ કિલો વજન ઘટાડવામાં મદદ કરવાનો છે, જેનાથી ગુજરાતીઓનું કુલ ૧ કરોડ કિલો વજન ઘટે. આ યોજનાનું અનાવરણ મંગળવારે ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત રાજ્યના ગામડાઓમાં ધીમે-ધીમે પ્રમાણિત યોગ પ્રશિક્ષકો સાથે સમર્પિત યોગ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવશે.

યોગ બોર્ડના અધ્યક્ષ શીષપાલ રાજપૂતે જણાવ્યું, ‘‘જેમ દરેક વિધાનસભા મતવિસ્તારમાં મતદાન મથકો હોય છે, તેવી જ રીતે હવે

(અનુ. આઠમા પાને)

### યોજના ચાર તબક્કામાં અમલમાં મૂકવામાં આવશે

૧. યોગ સંવાદ : જેમાં લોકો સાથે યોગના ફાયદાઓ અંગે જાગૃતિ લાવવા માટે સંવાદ કાર્યક્રમો યોજાશે.

૨. યોગ શિબિર : ગામડાઓમાં યોગ શિબિરોનું આયોજન કરી લોકોને યોગની શરૂઆત કરાવવામાં આવશે.

૩. સંરચિત તાલીમ : પ્રમાણિત યોગ પ્રશિક્ષકો દ્વારા નિયમિત તાલીમ સત્રો યોજાશે.

૪. નિયમિત યોગાભ્યાસ: દરરોજ યોગની પ્રેક્ટિસને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી લોકો તેને પોતાના જીવનનો હિસ્સો બનાવી શકે.

લંડન જવું છે? તો આવતા મંગળવારે સજ્જ રહેજો

# ન હોય... ભારતીય ગ્રેજ્યુએટ માટે યુકે મફત વિઝા આપશે

## ‘યંગ પ્રોફેશનલ સ્કીમ’ હેઠળ, ૧૮ થી ૩૦ વર્ષની વયના ભારતીય નાગરિકોને યુકે માં બે વર્ષ સુધી રહેવા, કામ કરવા અને અભ્યાસ કરવાની સુવર્ણ તક

**અબતક, રાજકોટ**

યુનાઈટેડ કિંગડમ ભારતીય યુવાનો માટે એક વિશિષ્ટ વિઝા યોજના, ‘યંગ પ્રોફેશનલ સ્કીમ’, ફરી શરૂ કરવા જઈ રહ્યું છે. આ યોજના હેઠળ, ૧૮ થી ૩૦ વર્ષની વયના ભારતીય નાગરિકોને યુકે માં બે વર્ષ સુધી રહેવા, કામ કરવા અને અભ્યાસ કરવાની સુવર્ણ તક મળશે. આ વિઝા માટે સીધી અરજી કરવાને બદલે, એક ’બેલેટ’ સિસ્ટમ અપનાવવામાં આવે છે, જે એક પ્રકારની લોટરી છે. આ બેલેટમાં ભાગ લેવા માટે અરજી કરવી તદ્દન મફત છે, જે આ તકને વધુ આકર્ષક બનાવે છે.



આ યોજનાનો છેલ્લો બેલેટ ૨૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ભારતીય સમય મુજબ બપોરે ૧:૩૦ વાગ્યે ખુલશે અને ૨૪ જુલાઈ, ૨૦૨૫ ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યે બંધ થશે. ઉમેદવારોએ આ બે-દિવસના સમયગાળા દરમિયાન જ બેલેટમાં ભાગ લેવા માટે અરજી કરવાની રહેશે. આ બેલેટમાં ભાગ લેવા માટે કોઈ ફી નથી, પરંતુ જો તમારું નામ લોટરીમાં પસંદ થશે,

(અનુ. આઠમા પાને)

### યંગ પ્રોફેશનલ સ્કીમ માટે લાયકાત

* નાગરિકત્વ: ભારતીય નાગરિક હોવા જોઈએ.
* ઉંમર: ૧૮ થી ૩૦ વર્ષની વચ્ચે હોવા જોઈએ.
* શૈક્ષણિક લાયકાત: સ્નાતકની ડિગ્રી અથવા તેનાથી ઉચ્ચ લાયકાત ધરાવતા હોવા જોઈએ.
* આર્થિક ક્ષમતા: યુકે માં ખર્ચને પહોંચી વળવા માટે ઓછામાં ઓછા લગભગ ₹૨.૬૦ લાખની બચત હોવી જોઈએ, જે અરજી કરતા પહેલા ઓછામાં ઓછા ૨૮ દિવસથી ખાતામાં હોવા જોઈએ.
* આશ્રિતો: અરજદાર પર ૧૮ વર્ષથી ઓછી ઉંમરના કોઈ આશ્રિત બાળકો ન હોવા જોઈએ.
* નોકરીની ઓફર: આ વિઝા માટે યુકેમાં નોકરીની ઓફર હોવી જરૂરી નથી.



### આજે વિશ્વ સાપ દિવસ

# ધ્રુવ પ્રદેશો, આઇસલેન્ડ, આયર્લેન્ડ, ગ્રીનલેન્ડ અને ન્યૂઝીલેન્ડ સિવાય સમગ્ર પૃથ્વી ઉપર સાપ જોવા મળે છે

## પૃથ્વી પર વસતા સાપની હજારો પ્રજાતિમાં માત્ર ૩૭૫ ઝેરી: સૌથી મોટો એનાકોન્ડા જે ૩૮ ફૂટનો હોય અને સૌથી નાનો બે ઈંચનો સાપ બ્રાહ્મણી છે: ભારતના દર વર્ષે અઢી લાખ લોકોને સાપ ડંશ મારે છે, તે પૈકી ૫૦ હજારનું મૃત્યુ થાય છે: આપણા દેશમાં ૩૦૦ થી વધુ પ્રજાતિના સાપ જોવા મળે છે, જેમાં માત્ર ૨૦ ટકા જ ઝેરી હોય છે

નોલેજ કોર્નર

ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણે નાના હતા ત્યારે મદારી ટોપલામાંથી ફેણ વાળો સાપ કાઢેને મોરલી વગાડતો અને નાગ તેની સામે ડોલવા લાગે. આપણે ઘણી શેરી-ગલ્લી કે બહાર ખુલ્લામાં જઈએ ત્યાં પણ આપણને સાપ જોવા મળે છે. નાગ-નાગણી વિશેની તરહ-તરહની વાતો માન્યતા-ભ્રામક લોકવાયકા પ્રચલિત છે. નાગ આપણા સૃષ્ટિનો રક્ષક અને પ્રકૃતિના મિત્ર છે, તે પર્યાવરણ માટે ખૂબ જ ઉપયોગી જીવ છે. પૃથ્વી પરના બધા પ્રાણીઓની જેમ આ પગ વગરનું પ્રાણી છે, પણ આપણાં સમાજમાં સૌથી વધુ ભ્રામક માન્યતાઓ પણ એમની જોવા મળે છે. નાગ દૂધ પીવે, નાગ કે નાગણી બદલો લે, તે ઉડીને આપણને કરડે, સંવનન કરતા હોય ત્યારે કપડું ઢાંકી દો તો પૈસાદાર થઈ જાવ, નાગ-નાગણીની પૂજા જેવી વિવિધ વાયકાઓ છે જે ભ્રામક કે તથ્ય વગરની છે.



આજે વિશ્વ સાપ દિવસ છે. સરીસૃપ પાર્થિવ ગરોળી માંથી ઉદભવેલ સાપનું અસ્તિત્વ ૧૭૪.૧ મિલિયન વર્ષોથી જોવા મળે છે ૧૦ હજાર બીસીમાં તો સાપને દેવતા તરીકે પૂજવામાં આવતો હતો. ૧૮૫૪ માં સાપના ડંખથી મૃત્યુ પામનાર મેગલી નામનો પ્રથમ બાળક હતો. નાગનું મુખ્યત્વે ખેતરો, જંગલો અને માનવ વસવાટ આસપાસ રહેઠાણ હોય છે.

આપણાં શાસ્ત્રોમાં શેષનાગને વિશેષ સ્થાન અપાયું છે. ભગવાન વિષ્ણુ તેના આસાન જમાવીને બેસી તેવી વાતો આપણે વાંચી કે સાંભળી છે. શેષ નાગને હજાર માથા હોય અને સ્વર્ણ પહાડ ઉપર રહે તેવી વાતો આવે છે. જો કે આ નાગ પુજા ઘણી પ્રાચીન મનાય છે. આદીકાળથી નાગને ભય અને અચંબાનું પ્રતિક ગણાય છે. નાગમાં પગ વગર દોડવાની શક્તિ સાથે તે જમીન અને પાણી બંનેમાં રહે છે. તેનો ધર્મ અને પૌરાણિક કથામાં, બાઈબલથી મહાભારત અને પ્રાચીન ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે. કિંગ કોબ્રા લોકોને સૌથી વધુ આકર્ષિત કરતો વિશ્વનો સૌથી મોટો સાપ છે. તેનો વ્યાપક પણે શિકાર ન થતો હોવા છતાં આબોહવા પરિવર્તન અને વનનાબૂદીને કારણે તેની સંખ્યા ઘટી રહી છે.

સૌથી પ્રાચીન પૌરાણિક પાત્રોમાંનુ એક છે. નાગપૂજાની પ્રાચિનતા પર પ્રકાશ પાડતા પી.જે. દેવરસ લખે છે કે વેદોના સમય પહેલા દ્રવિડ સંસ્કૃતિમાં નાગપૂજા જાણીતી હતી. એનાથી રક્ષણ મેળવવા યજ્ઞો પણ થતાં હતા. આ વિશે લોક જીવનના મોતીમાં જોરાવરસિંહ જાદવે પણ ઘણો પ્રકાશ પાડીને વિવિધ વાતો રજૂ કરી છે. વેદ-ઉપનિષદ બાદ રચાયેલા પુરાણોમાં નાગની ઘણી રસપ્રદ વાતોને પ્રસંગો મળે છે. વાગભટ્ટે નાગની ત્રણ મુખ્ય જાતિમાં દર્વીકર, મંડલી અને રાજીમાન સાથે નાગની, અનંત, પદ્મ, શંખ, તક્ષક, વાસુકી અને કંબલ જેવી વિવિધ જાતોની વાત કરી છે. મહાભારતના આદિપર્વ આસ્તિક પર્વમાં સાપોની કુલ ૭૮ જાતો વર્ણવી છે. હાલના અભ્યાસ મુજબ વિશ્વમાં ૩૫૦૦ થી વધુ પ્રજાતિઓ જે પૈકી ૨૦ ટકા જ ઝેરી સાપ છે. આપણાં ભારતમાં પણ ૩૦૦ થી વધુ પ્રજાતિઓના સાપ છે. જેમાંથી બહુ ઓછા ઝેરી સાપ છે. દર વર્ષે એક લાખ લોકોના મૃત્યુ થાય છે. આજે પણ અંધશ્રદ્ધાને કારણે સાપ કરડે ત્યારે ભૂવા, ભરાડી પાસે લોકો ઝેર ઉતરાવવા જાય છે. વિશ્વમાં સૌથી નાનો સાપ બ્રાહ્મણી માત્ર બે ઈંચનો હોય છે, જે અંધ હોય છે. આ સરીસૃપ પાણીમાં, ખડક નીચે, જમીનમાં દર કરીને કે ઝાડની બખોલમાં રહે છે.

ઈચ્છાધારી સાપની ભ્રામક લોકવાયકા બહુ જ જોવા મળે છે. ફિલ્મ જગતે પણ આ નાગના વિષય ઉપર ઘણી બધી ફિલ્મો બનાવી હતી જેમાં જૂની નાગીન અને નવી નાગીન ફિલ્મ ખૂબ જ સફળ રહી હતી. જેમાં સાપના બદલાની વાત કરવામાં આવી હતી. ભગવાન શિવજીના ગળામાં સદૈવ નાગ હોય છે. ટી.વી., સિરીયલોમાં પણ આ વિષયને લઈને અનેક એપિસોડ બતાવાયા છે. અપરાજિત પૃચ્છા ગ્રંથમાં ૬૩ નાગકૂળો તો વેદકાલીન આર્યોને ૮૦ થી વધુ નાગજાતિની જાણ હતી. જ્યાં નાગની પૂજા થાય ત્યાં પથ્થરની નાગની મૂર્તિ પણ જોવા મળે છે. ઈ.સ.પૂર્વે પહેલા શતકના શિલ્પોમાં નાગની પૂજાના પ્રતિકો જોવા મળ્યા છે. કચ્છમાં હાલનો ભૂજીયો ડુંગરમાં ભૂજંગ દેવ નાગની પૂજા થાય છે, તેથી તેનું નામ ભૂજીયો ડુંગર પડ્યું છે. કેટલાક સાપ વિશે દૂધ પીવાની વાત કરે છે પરંતુ તે ખોટું છે ઉલ્ટાનું તે દૂધ પી લે તો ઘણીવાર મૃત્યું પણ થઈ જાય છે. નાગ કોઈને પણ સંમોહિત કરી શકે છે એવી માન્યતા પણ ખોટી છે. એની પાસે એવી કોઈ શકિત જ નથી હોતી. જો કદાચ એવું હોત તો સંમોહિત કરીને ગમે તેને મોતને ઘાટ ઉતારી દેત. આવી જ વાત સાપના બદલા લેવાની છે કે તેની આંખમાં કેમેરો હોય ને મારનારની છબી અંકિત થઈ જાય પછી તે બદલો લે પણ આ ખોટું છે, તે બદલો લેવાની બુધ્ધી જ ધરાવતો નથી. માણસના પગલાનો અવાજ કે અન્ય અવાજથી જ સચેત થઈ જાય છે.



બીજું સાપ સો વર્ષ જીવે ને તેના માથા ઉપર મણી હોય છે. જેના હાથ નાગમણી આવે તે ન્યાલ થઈ જાય આવી બધી વાતો માત્ર કાલ્પનીક છે. તો વળી કેટલાક તો સાપ ઉડવાની વાતો કરે છે, તે પણ ખોટી છે કારણ કે તેનામાં ઉડવાની ક્ષમતા જ નથી હોતી. અમુક સાપો ગુચડું વળીને દૂર સુધી ફંગોળાઈ કે એક ઝાડથી બીજા ઝાડ પર ઉછળીને જઈ શકે છે એ વાત સાચી છે. સાપ બીનનો અવાજ સાંભળીને તેના તરફ આકર્ષાય છે, પરંતુ સાપ અવાજ સાંભળી શકતો નથી પણ બીન જે રીતે ડોલે તેના કંપનથી તે પ્રભાવિત થઈને શિકાર સમજીને પકડવા ઈચ્છે છે કે ફેણ મારે છે. વિશ્વભરમાં ન્યુઝિલેન્ડ, આઈસલેન્ડ અને એન્ટાર્કટિકા જેવા દેશો છે, જ્યાં સાપનું અસ્તિત્વ જ નથી. એનાકોન્ડા ગ્રીન સૌથી લાંબો સાપ નથી પરંતુ વજનદાર છે જેનું વજન ૫૫૦ પાઉન્ડ છે. દુનિયામાં બ્રાઝિલમાં આવેલ સાપ આઈલેન્ડએ સર્પનું સૌથી ગીચ સ્થળ છે. આ જગ્યાએ દરેક વર્ગ મીટરે-અંતરે પાંચ સાપ રહે છે, મતલબ કે તમારી પલંગ જેવડી જગ્યામાં દશ સાપ રહે છે એ પણ સૌથી વધુ ઝેરીલા સાપ હોય છે. તમામ પ્રાણીઓને તાલિમ આપીને શીખવી શકાય પણ નાગને તે નથી કરી શકાતું કારણ કે બીજા પ્રાણીની જેમ શિખવાની પ્રક્રિયા નિયંત્રિત કરી શકે એવી સિસ્ટમ જ નથી હોતી. કીંગ કોબરા સૌથી ઝેરીલો અને લાંબો સાપ છે જે ૧૮ ફૂટ લાંબો હોય છે. તે એટલો બધો ઝેરી હોય છે કે ફક્ત ૭ એમ.એલ. જથ્થામાં ૨૦ માણસો અને એક હાથીને મારી શકે છે. ૭૦ ટકા સાપ ઈંડા મૂકે છે ને બાકીના ૩૦ ટકા બચ્ચાને સીધો જન્મ આપે છે. હવામાં ઉત્પન થતાં ધ્વનિ તરંગો તેની ઉપર કોઈ અસર થતી નથી તે સાપ પીપુડી વાગે એટલે આવે તે માત્ર ભ્રમ છે. દક્ષિણ આફ્રિકામાં મળેલ સાપ હોર્નડ વાઈપરના માથા પર બે નાના શીંગડા હોય છે. સાપ વર્ષમાં ઓછામાં ઓછી ત્રણવાર તેમની સંપૂર્ણ કાંચળી ઉતારે છે.

### આફ્રિકામાં જોવા મળતા 'બ્લેક મામ્બા' સૌથી ખતરનાક સાપ

પૃથ્વી પર બધે સાપ જોવા મળે પણ તેને ઠંડુ વાતાવરણ ગમતું નથી. આફ્રિકામાં મળી આવતા બ્લેક મામ્બા સૌથી ખતરનાક છે જેના ડંખથી ૯૫ ટકા લોકો મોતને શરણે થાય છે. સાપ ક્યારેય ચાવતો જ નથી, સીધો જ ગળી જાય છે, જેમ કે દેડકા, ઉંદર, ગરોળી . દુનિયામાં સૌથી લાંબો ૩૦ ફૂટનો પાયથોન રેટિક્યુલાટ્સ પ્રજાતિનો સાપ છે, જ્યારે કિંગ કોબ્રા ૧૮ ફૂટ લાંબો હોય છે. છંછેડ્યા વગર ડંખ મારતો નથી તેના ઉપર પગ પડવાથી મોટાભાગે ઘટના બને છે. પાણીમાં રહેતો સાપ પણ તેમની ત્વચાની મદદથી માત્રા થોડો શ્વાસ લઈ શકે છે, તેને પાણીની જરૂર નથી રહેતી તે શિકારમાંથી જ પાણી મેળવી લે છે. ઘણાં સાપ મહિનાઓ સુધી ભૂખ્યા રહી શકે છે. ઓસ્ટ્રેલિયામાં જોવા મળતો તાઈપાન સૌથી વધુ ઝેરી સાપ છે.

## સાપની જીભ બે પાખિયા વાળી બનેલી હોય છે અને તે જીભથી ગંધ પારખે છે, તેને કાન હોતા નથી પણ તે અવાજોના તરંગો ઝીલી શકે છે: ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં તેનું મહત્વનું સ્થાન: નાગ સામાન્ય રીતે કાળા ભૂરા કે પીળાશ પડતા રંગના જોવા મળે છે: ભારતીય લોકકથાઓ અને પૌરાણિક કથાઓમાં નાગનો ઉલ્લેખ વારંવાર જોવા મળે છે

# દિલથી પ્રાર્થના કરવામાં આવે તો આપણે ચોક્કસ બદલાઈ છીએ

## પ્રાર્થના એક શબ્દની હોઈ શકે અથવા તો શબ્દો વિના મૌન પણ હોઈ શકે

ચિંતનની પાંખે

વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

પ્રાર્થના એ આપણી લાગણીઓ,દુ:ખ દર્દો,આશાઓ અને આભિલાષાનો સાફ અને નિર્મળ અવાજ છે,જે સીધો ઈશ્વર સુધી પહોંચે છે.પ્રાર્થનામાં શબ્દો કરતાં ભાવની અસર વધારે હોય છે.સાચી પ્રાર્થના એ છે,જેમાં આપણી અંદરથી સંપૂર્ણ શ્રદ્ધા, ભક્તિ અને એકાગ્રતા સાથે ઈશ્વરનું સંસ્મરણ થાય છે. પ્રાર્થનાનું મહત્વ આંકીએ એટલું ઓછું.પ્રાર્થના માનવ મનને શાંત કરે છે અને ચિંતાને ઓછી કરે છે.આધ્યાત્મિક રીતે જોઈએ તો પ્રાર્થના ઈશ્વર સાથે જોડાવાનું સબળ સાધન છે.પ્રાર્થના કરતા આપણે પોતાની ખામીઓ સ્વીકારીએ છીએ,વિનમ્ર બનીએ છીએ અને ઈશ્વર આગળ નમ્રતાથી પોતાની વાત રજૂ કરીએ છીએ.

સામાજિક દ્રષ્ટિકોણથી જોઈએ તો પ્રાર્થના વ્યક્તિને નમ્ર અને સંયમી બનાવે છે. પરિવારમાં સામૂહિક રીતે થતી પ્રાર્થના સૌના સંબંધોને મજબૂત બનાવે છે.શાળાઓમાં કરવામાં આવતી પ્રાર્થના વિદ્યાર્થીઓમાં એકાગ્રતા,શિસ્ત અને સંયમની ભાવના જગાવે છે.અનેક સ્થળે લોકો ભેગા થઈને સમૂહ પ્રાર્થના પણ કરે છે,જે સામૂહિક એકતા દર્શાવે છે.સામૂહિક પ્રાર્થનામાં એક સાથે હજારો માણસોની ઓરા મળે છે.ઈતિહાસ સાક્ષી છે કે મહાત્મા ગાંધી જેવા મહામાનવ પણ દરરોજ પ્રાર્થના સભામાં ભાગ લેતા. ગાંધીજીએ સ્વીકાર્યું છે કે પ્રાર્થના કરવાથી મને અચૂક જવાબ મળ્યો છે.તેઓ માનતા કે પ્રાર્થનાથી આત્મશક્તિ વધે છે અને દિશા મળે છે. આજના દોડધામ ભર્યા જીવનમાં જયારે તણાવ,ચિંતા અને અસુરક્ષા વધતાં જાય છે, ત્યારે પ્રાર્થના માણસને આંતરિક શાંતિ અને આશ્વાસન આપે છે. પ્રાર્થના એ ફકત ભારતીય સંસ્કૃતિનું જ નહીં બલકે તમામ સંસ્કૃતિનું આગવું અને અગત્યનું અંગ રહ્યું છે.દરેક ધર્મમાં એનું મહત્વ સ્વીકારાયું છે.બાળક બોલતાં શીખે ત્યારથી તેને એક કે બીજી રીતે પ્રાર્થના કે કોઈ શ્લોક શીખવાડવામાં આવે છે,જેનું જીવનપર્યંત રટણ થયા કરે છે.પ્રાર્થના એક શબ્દની હોઈ શકે કે લાંબી પણ હોઈ શકે. અથવા તો શબ્દો વિના મૌન પણ હોઈ શકે.નાસ્તિક માણસને પણ જીવનમાં એકાદ ક્ષણે તો કોઈ અદ્રશ્ય અસ્તિત્વની અનુભૂતિ થાય જ છે.સંકટ સમયે અનાયાસે આપોઆપ અંદરથી નીકળી આવતા શબ્દો પણ પ્રાર્થનાનું જ સ્વરૂપ છે.પ્રાર્થનાથી સમય કે સંજોગો બદલાય કે ન બદલાય પરંતુ જો દિલથી સાચી પ્રાર્થના કરવામાં આવે તો આપણે અંદરથી ચોક્કસ બદલાઈ છીએ.આ બદલાયેલું મન સમય અને સંજોગો બદલવા સમર્થ બને છે.આત્મવિશ્વાસ અને શ્રધ્ધા જાગે છે.આમ,ભીતરી શક્તિનો સંચાર થતા સંજોગો સામે ઝઝૂમવાની તાકાત આવે છે.

જીવનમાં ઘણી વખત નિરાશાની ક્ષણો આવતી હોય છે.જીવનમાં ક્યારેક આપણને એવું લાગે છે કે ઈશ્વર આપણી કોઈ પ્રાર્થના સાંભળતો જ નથી.આપણા કોઈ પ્રશ્નો ઉકેલાતા જ નથી ! આવા સમયે આપણને ઈશ્વરમાં શ્રદ્ધા રહેતી નથી.એક તબક્કે આપણે પ્રાર્થના કરતા બંધ થઈ જઈએ છીએ.

આ અંગે એક લોક કથા છે:એક માણસને એક વાર સપનું આવ્યું કે દેવદૂત એને સ્વર્ગની મુલાકાતે લઈ જાય છે.ત્યાં દેવદૂત એને એક પછી એક ઓરડામાં ફેરવે છે.એક ઓરડામાંથી પસાર થતા માણસે ત્યાં પડેલાં જુદાં જુદાં પ્રકારના અનેક બોક્ષ પડેલાં જોયાં.જે બધા પેક થયેલાં અકબંધ હતાં.દરેક બોક્ષ પર 'ભેટ' એવા શબ્દો લખાયેલા હતા.માણસને આશ્ચર્ય થયું આટલાં બધાં સુંદર ગીફટ બોક્ષ ! તેણે દેવદૂતને પૂછયું, 'આ બધું શું છે ? આટલી બધી ભેટ કોની છે ? આ કોને આપવા માટેના બોક્ષ છે ?'

દેવદૂતે જવાબ આપ્યો, 'અનેક લોકો પોતાને જોઈતી વસ્તુ માટે પ્રાર્થના કરતા હોય છે.માગણી કરતા હોય છે.એમને એમની પ્રાર્થનાનો જવાબ આપવા માટે અર્થાત એમની માગણી મુજબની એ બધી વસ્તુઓ પહોંચાડવા માટે અમે આ ભેટ તૈયાર કરીએ છીએ.પણ હજુ એ પૂરી તૈયાર થાય અને એ પહોંચાડી શકીએ એ પહેલાં જ એ લોકો પ્રાર્થના કરવાનું છોડી દે છે અને અમારા પરથી વિશ્વાસ ઉઠાવી લે છે.એમનો ભરોસો તૂટી જાય છે.લોકો થોડી ધીરજ રાખીને રાહ જોવા તૈયાર નથી.જ્યારે આટલા બધા લોકોની પ્રાર્થના સાંભળવાની હોય,એમની માગણીઓ, અપેક્ષાઓ પર ધ્યાન આપવાનું હોય ત્યારે વિલંબ તો થવાનો જ ! પણ એ સમજયા સિવાય લોકો પ્રાર્થના ચાલુ રાખવાને બદલે છોડી દે છે.તેથી અમે એની પર ધ્યાન નથી આપી શકતા અને તેમના માટે તૈયાર થયેલી ભેટ અહીં જ રહી જાય છે.આ બધી એ ભેટોના બોક્ષ છે.જો એમણે ધીરજ રાખીને પ્રાર્થના ચાલુ રાખી હોત તો અમે એમને આ ભેટો તૈયાર કરીને પહોંચાડી શકયા હોત !



## આવતીકાલનું રાશિફળ

**તા.૧૭.૭.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, આષાઢ વદ સાતમ, રેવતી નક્ષત્ર, અતિ, યોગ, વિષ્ટિ કરણ જન્મેલાંની ચંદ્રરાશિ મીન (દ,ચ,ઝ,થ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે,નિર્ણયમાં ઉતાવળ ના કરવી.

**વૃષભ (બ,વ,ઉ) :** આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.

**કર્ક (ડ,હ) :** આધ્યત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.

**સિંહ (મ,ટ) :** માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.

**તુલા (ર,ત) :** ઘણી નવી પરિસ્થિતિમાં થી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.

**વૃશ્ચિક (ન,ય) :** વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજ માં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો.

**મકર (ખ,જ) :** તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો,ખુદ માટે સમય પણ ફાળવી શકો,કાર્યમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ) :** પરિવાર માં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય, ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.

**મીન (દ,ચ,ઝ,થ) :** ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન.

## સૂર્ય મહારાજ આજે જળતત્વની કર્ક રાશિમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે


જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ અત્રે લખ્યા મુજબ અનેક જગ્યાએ ભૂકંપના ઝટકા અનુભવવા મળ્યા છે તો અકસ્માતોની શૃંખલા પણ શરૂ જ છે જે વિષે અહીં લખી ચુક્યો છું ગ્રહોના રાજા સૂર્ય મહારાજ આજે જળતત્વની કર્ક રાશિમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે જેથી સૂર્ય એટલે સરકારની નજર ફોરેન ફંડ ક્યાં કોની પાસે આવી રહ્યું છે અને તેનો શું ઉપયોગ થઈ રહ્યો છે તેના પર રહેશે સૂર્ય એ સરકાર છે અને આ સમયમાં સરકારની વિવિધ એજન્સીઓ નાણાં બાબતે તાપસ માં રહેશે તો કર્ક એ જળતત્વની રાશિછે માટે જળ સ્તોત્રો વિષે નદી તળાવો અને બાંધો વિષે પણ સરકાર ગંભીર થતી જોવા મળશે. હાલ અપને શ્રીયંત્ર અને શ્રીવિદ્યા વિષે વાત કરી રહ્યા છીએ ત્યારે શ્રીયંત્રને જન્મ તારીખ તથા અંકશાસ્ત્ર એટલે ન્યુમેરોલોજી સાથે સાંકળીને સારા પરિણમે મેળવી શકાય છે. યંત્ર સાથે અંકનું વિશેષ મહત્વ છે અને તેમાં પણ યોગ્ય રીતે જન્મ તારીખ તથા લકી અંક અને કુદરતી ઉર્જા ધરાવતા અંકોની જોડી યંત્ર સાથે ઉપયોગમાં લેવામાં આવે તો સારી ઉર્જા પ્રાપ્ત કરી શકાય છે અને આ યંત્ર પર ચોક્કસ મંત્રોના આવર્તનથી ઈચ્છીત પરિણામ પણ મેળવી શકાય છે જે મારો વર્ષોના અનુભવમાં મેં નોંધ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૭-૨૦૨૫ બુધવાર**

- ૧૨:૦૦ થી ૦૨:૧૫ ગુજરાતી મુવી (હાહાકાર)
- ૦૨:૧૫ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
- ૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કઢી પકોડા)
- ૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો કયારે
- ૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (ગાયનેકોલોજીસ્ટ ડો.દીપા મણિયાર)
- ૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
- ૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
- ૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
- ૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
- ૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
- ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૭-૨૦૨૫ ગુરુવાર**

- ૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (દિપાલી દીદી)
- ૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
- ૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
- ૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૭-૭-૨૦૨૫ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** અષાઢ વદ સાતમ
**નક્ષત્ર** રેવતી
**યોગ** અતિગંડ **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૬.૧૪ **સુર્યાસ્ત:** ૭.૩૩
**ચંદ્ર રાશી** મીન ગુરૂવારે રાત્રે ૩.૩૯થી મેષ
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ/અ.લ.ઈ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૬ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | | ૫ | | | | ૮ | |
| ૮ | ૧ | | ૩ | ૭ | | | ૨ | ૬ |
| | | ૯ | | ૮ | | | ૧ | |
| ૪ | | | ૮ | | | | | |
| | | ૩ | ૬ | | | | | |
| ૫ | ૬ | | | ૩ | | | | |
| | | | ૧ | | | ૨ | | |
| | ૨ | ૫ | ૯ | | | ૮ | | |
| | | | | | | | | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૪૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૭ | ૮ | ૫ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૭ | ૯ | ૫ |
| ૩ | ૫ | ૪ | ૧ | ૭ | ૯ | ૮ | ૨ | ૬ |
| ૫ | ૪ | ૯ | ૬ | ૮ | ૧ | ૨ | ૭ | ૩ |
| ૭ | ૧ | ૮ | ૨ | ૩ | ૪ | ૬ | ૫ | ૯ |
| ૬ | ૩ | ૨ | ૫ | ૯ | ૭ | ૪ | ૧ | ૮ |
| ૯ | ૭ | ૫ | ૪ | ૧ | ૮ | ૩ | ૬ | ૨ |
| ૮ | ૨ | ૧ | ૯ | ૬ | ૩ | ૫ | ૪ | ૭ |
| ૪ | ૬ | ૩ | ૭ | ૨ | ૫ | ૯ | ૮ | ૧ |

# ન્યૂ રાજકોટમાં પણ ફરિયાદોના ઢગલાં: કોર્પોરેટરો તૂટી પડ્યા

## બિસ્માર રોડ, પાણીના ધાંધીયા, અનિયમિત સફાઈની ફરિયાદોનો ધોધ છૂટ્યો: ત્રણેય ઝોનની સંકલન બેઠક પૂરી હવે શું? શહેરીજનોનો સવાલ





તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

શહેરના સ્માર્ટ ગણાતા એવા વેસ્ટ ઝોન વિસ્તારમાં પણ ફરિયાદોનો ઢગલો ખડકાઈ ગયો છે. વેસ્ટ ઝોનના તમામ ૬ વોર્ડમાં બિસ્માર રસ્તા, પાણીના ધાંધીયા, અનિયમિત સફાઈના પ્રશ્નો મેયરની સંકલન બેઠકમાં ભાજપના તમામ કોર્પોરેટરોએ ઉઠ્યા હતા. એકપણ વોર્ડ એવો ન હતો કે જે સમસ્યા વિહોણો હોય ત્રણેય ઝોનની સંકલન બેઠક હવે પૂરી થઈ ગઈ છે. હવે જોવાનું રહે છે કે જે ફરિયાદો વર્ષોથી શહેરીજનો કરતા હતા તે જ ફરિયાદો હવે નગરસેવકોના મોંઢેથી સાંભળવા મળી છે. અધિકારીઓ આ બેઠકને ગંભીરતાથી લેશે કે પછી એક સામાન્ય મિટીંગ માની અવગણી દેશે. ત્રણેય ઝોનની સંકલન બેઠકમાં ફરિયાદો ખૂબ જ ઉઠી હતી. ખૂદ પદાધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

મેયર નયનાબેન પેઢડિયા સહિત પાંચેય મુખ્ય પદાધિકારીઓની હાજરીમાં ગઈકાલે વેસ્ટ ઝોન કચેરી ખાતે કોર્પોરેટરો અને અધિકારીઓની સંકલન બેઠક મળી હતી. આ બેઠકમાં વેસ્ટ ઝોન હેઠળના વોર્ડના સ્થાનિક સંકલનના પ્રશ્નો, રજુઆતો, પ્રગતિ હેઠળના કામો, નવા કામો તેમજ અન્ય બાબતો અંગે રીવ્યુ કરવામાં આવ્યા હતા.

વોર્ડ નં.૧ના કોર્પોરેટરઓ દ્વારા સંતોષપાર્ક, વિદ્યુતનગર, કૈલાશધારા, મણીનગર વગેરે વિસ્તારના રસ્તાઓ પર ખાડાઓનું સમારકામ કરવા, ન્યુસન્સ પોઈન્ટની નિયમિત સફાઈ કરવા, રામાપીર ચોક-૧૫૦ ફુટ રિંગ રોડ ખાતે ઘણા સમયથી ખોદાણ કરેલ હોય ત્યાં સમારકામ કરવું, નવા વિસ્તારના રસ્તાઓ પર મેટલીંગ

(અનુ. આઠમા પાને)

### ચાર – ચાર વખત ફોન કરવા છતા કેમ ઉપાડતા નથી? ટીપી ચેરમેને ડેપ્યૂટી ઈજનેરને ઝાટક્યાં



વેસ્ટ ઝોન કચેરી હેઠળ આવતા ૬ વોર્ડની સંકલન બેઠકમાં વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર અને ટીપી સમિતિના ચેરમેન ચેતનભાઈ સુરેજાએ વોર્ડ નં.૧૧ના ડેપ્યૂટી ઈજનેર વસાવાને ઝાટક્યાં હતા. એવરેસ્ટ પાર્કમાં કામના મુદ્દે ચાર – ચાર વખત ફોન કરવા છતા ડે.ઈજનેરે ફોન ઉપાડ્યા ન હતા. આ વિસ્તાર ખરેખર વોર્ડ નં.૧૧માં આવે છે પરંતુ મતદારો વોર્ડ નં.૧૦ના છે. જેના કારણે થોડી સમસ્યા ઉભી થાય છે. અધિકારીઓ સામાન્ય જનતા ફોન રિસીવ કરતા ન હોવાની વાત જગ જાહેર છે. પરંતુ હવે ચુંટાયેલા શાસક પક્ષના નગરસેવકોના ફોન પણ અધિકારીઓએ ઉપાડવાનું બંધ કરી દીધું છે.

# જિલ્લામાં રાજ્ય માર્ગ-મકાન વિભાગ દ્વારા ૩૮ કિ.મી.થી વધુના માર્ગો મોટરેબલ કરાયા

## આસ્ફાલ્ટ વર્ક, કોંક્રીટ તથા બ્લોક પેવિંગથી ખાડાઓ તત્કાલ પૂરી દેવાયા: ૧૦ જે.સી.બી., ૧૪ ડમ્પર, ૦૪ રોલર, ૧૮ ટ્રેક્ટર, બે પેવર મશીન મારફત ૮૦થી વધુ શ્રમયોગીઓ દ્વારા યુદ્ધના ધોરણે ચાલતી કામગીરી





તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય તથા પંચાયત હસ્તકના વિવિધ માર્ગો પર ભારે વરસાદના કારણે પડેલા ખાડા, ગાબડાં પૂરવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ છે. હાલમાં ૩૮ કિલોમીટર જેટલા વિસ્તારમાં ખાડા-ગાબડાં બૂરીને માર્ગ સમથળ કરીને મોટરેબલ કરી નાખવામાં આવ્યા છે. જ્યારે અન્ય સ્થળોએ કામગીરી પ્રગતિ હેઠળ છે. રાજકોટ જિલ્લા રાજ્ય માર્ગ અને મકાનના કાર્યપાલક ઈજનેર એસ. આર. પટેલે આ માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તરફથી મળેલા નિર્દેશ મુજબ, રાજકોટ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય તથા પંચાયત) હસ્તકના તૂટેલા માર્ગોને રિપેરિંગ કરવાની કામગીરી રોજેરોજ કરવામાં આવી રહી છે. રાજ્ય માર્ગ મકાન વિભાગ હસ્તક રાજકોટ જિલ્લામાં હાલ ૧,૩૦૦થી વધુ કિલોમીટરના માર્ગો છે. તેમાંથી વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થઈ જવાથી ૮૦ કિ.મી. જેટલા માર્ગો મરામત કરવાપાત્ર હોવાનું સર્વેમાં સામે આવ્યું હતું. જેમાંથી ૫૦ ટકા માર્ગો પર મરામતની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને આ માર્ગો મોટરેબલ કરી દેવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, આસ્ફાલ્ટ વર્ક, કોંક્રીટ વર્ક તેમજ બ્લોક પેવિંગથી ખાડા-ગાબડાઓને પૂરી દેવામાં આવ્યા છે. જે માટે કુલ ૧૦ જે.સી.બી., ૧૪ ડમ્પર, ૦૪ રોલર, ૧૮ ટ્રેક્ટર, બે પેવર મશીન તેમજ ૮૦થી વધુ શ્રમયોગીઓ યુદ્ધના ધોરણે સતત કાર્ય કરી રહ્યા છે.

રાજકોટ જિલ્લામાં બ્રિજની સ્થિતિ અંગે તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય તથા પંચાયત હસ્તકના કુલ ૪૯૫ જેટલા બ્રિજ આવેલા છે. તેમાંથી નબળી સ્થિતિમાં રહેલા ૨૬ જેટલા બ્રિજની તપાસની કામગીરી ડિઝાઈન સર્કલ તથા કન્સલ્ટન્ટ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવેલી છે. જેમાંથી એક બ્રિજની સ્થિતિ જોખમી જણાતા તેને ભારે વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે, રાજકોટ જિલ્લામાં નેશનલ હાઈવે નંબર ૯૨૭ -ડી (ધોરાજી - જામકંડોરણા- કાલાવડ) રોડ પર ભાદર નદી પર વેગડી ગામ નજીક આવેલો મેજર બ્રિજ હેવી ગુડ્સ વેહિકલ/ હેવી પેસેન્જર મોટર વ્હીકલની અવરજવર માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યો છે.

# જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા પેરા લીગલ વોલન્ટીયર્સ માટે તાલીમ કેમ્પનો આરંભ

## મુખ્ય જીલ્લા ન્યાયાધીશ જે. આર. શાહ, પૂર્ણકાલીન સચિવ એચ. વી. જોટાણીયાના હસ્તે દીપ પ્રાગ્ટય કરી કાર્યક્રમનો પ્રારંભ







તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

જીલ્લા કાનૂની સેવા સત્તામંડળમાં દ્વારા પેરા લીગલ વોલન્ટીયર્સ માટે આજથી ત્રણનો તાલીમ કેમ્પનું મુખ્ય જીલ્લા ન્યાયાધીશ જે. આર. શાહ , પૂર્ણકાલીન સચિવ એચ. વી. જોટાણીયાના હસ્તે દીપ પ્રાગ્ટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો છે

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાઓના માર્ગદર્શન અંતર્ગત જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, રાજકોટ દવારા સમાજના છેવાડાના માનવીઓ સુધી કાનૂની જાગૃતિ લાવવા અને સમાજને વિના વિલંબે કાનૂની સેવા પુરી પાડવાની કામગીરી કરવામાં આવે છે.રાજકોટ ખાતે જીલ્લા કાનૂની સેવા સત્તામંડળમાં વર્ષ ૨૦૨૫માં પસંદગી પામેલ પેરા લીગલ વોલન્ટીયર્સને દ્વારા કાનૂની જાગૃતતા લાવવા માટેનો તાલીમ કાર્યક્રમનું આયોજન તા.૧૬/૦૭/ થી ત્રણ દીવસ માટે જીલ્લા ન્યાયાલય, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે.સદરહું તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, રાજકોટ તથા મુખ્ય જીલ્લા ન્યાયાધીશ જે. આર. શાહ , પૂર્ણકાલીન સચિવ એચ. વી. જોટાણીયા ના હસ્તે દીપ પ્રાગ્ટય કરી તાલીમ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી.પસંદગી પામેલ અને હાજર રહેલ તમામ પેરા લીગલ વોલેન્ટીયર્સને પ્રોત્સાહન રૂપી ઉદ્ધભોદન આપ્યું હતું. રાજકોટ શહેરની કોલેજો માંથી કાયદા શાખાના તજજ્ઞો, વિવિધ વિષયો ઉપર પ્રભુત્વ ધરાવનાર વ્યકિતોને આમંત્રણ આપી પસંદગી પામેલ પેરા લીગલ વોલન્ટીયર્સને જ્ઞાન પિરસવામાં આવશે આ પેરા લીગલ વોલન્ટીયર્સ થકી જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, રાજકોટ દ્વારા આવનાર સમય માટે એક જાગૃત, મજબુત અને ઉતકૃષ્ઠ સમાજનું નિર્માણ કરવામાં મહત્વનો ફાળો આપશે.

### માનવતાની સેવા માટે આરોગ્ય કવચ

# ‘‘ભીષ્મ‘‘ ક્યુબ્સ: એઈમ્સ ખાતે આરોગ્ય અને આપત્તિ વ્યવસ્થાપન માટે ક્રાંતિકારી પહેલનો પ્રારંભ

## આપત્તિઓ જેવી કે ભૂસ્ખલન, પૂર, ધરતીકંપ, આગ અકસ્માતો અને યુદ્ધ જેવા વિવિધ પ્રકારના માનવતાવાદી સંકટોના સમયસર સંચાલનમાં સરળ





તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી એઈમ્સ રાજકોટના આપત્તિ વ્યવસ્થાપન સેલ દ્વારા ‘‘ભીષ્મ‘‘ ક્યુબ્સ પર એક મહત્વપૂર્ણ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ એક વૈશ્વિક આરોગ્ય પહેલનો ભાગ છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આપત્તિના સમયે સમગ્ર દેશ અને વિશ્વમાં આરોગ્ય સંભાળ પૂરી પાડવાનો છે.

નિષ્ણાત માર્ગદર્શન અને જીવંત નિદર્શન આ કાર્યશાળામાં નિવૃત્ત વાઈસ એર માર્શલ પ્રો. તન્મય રોય, જેઓ દેશના સશસ્ત્ર દળોના ભૂતપૂર્વ મુખ્ય સર્જન અને ભીષ્મ ક્યુબ્સના મુખ્ય સંશોધક છે, તેમણે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. પ્રો. તન્મય રોયના નેતૃત્વ હેઠળ ક્યુબ્સનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં નર્સિંગ/પેરામેડિકલ કર્મચારીઓ અને વિવિધ વિભાગોના અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ કાર્યશાળામાં કલેક્ટર કાર્યાલય, શહેર પોલીસ, ગ્રામ્ય પોલીસ, ટ્રાફિક પોલીસ, ટ્રાફિક કાર્યાલય, આર.ટી.ઓ. વિભાગ, ફાયર બ્રિગેડ, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ, રાજકોટ મહાનગર આરોગ્ય વિભાગ, મુખ્ય જિલ્લા આરોગ્ય વિભાગ, પીડીયુ સિવિલ હોસ્પિટલ, મેડિકલ કોલેજ, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને રેલવેના પ્રતિનિધિઓ સહિત અનેક વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. એઈમ્સ રાજકોટના કાર્યકારી નિર્દેશક પ્રો. જી.ડી. પુરી અને ઉપ નિર્દેશક કર્નલ અંકુર પ્રતાપ સિંહના તથા મંત્રાલયની ટીમના નેતૃત્વ સંભાળતા નિવૃત્ત વાઈસ એર માર્શલ પ્રો. તન્મય રોયના માર્ગદર્શનમાં આ સફળ કાર્યશાળાનું આયોજન થયું હતું. આ સત્રનું સમાપન આપત્તિ વ્યવસ્થાપન સેલના અધ્યક્ષ પ્રો. વિક્રમ વર્ધન દ્વારા આભારવિધિ સાથે કરવામાં આવ્યું હતું.

### ‘‘ભીષ્મ‘‘ ક્યુબ્સ: આધુનિક તબીબી સુવિધાઓથી સજ્જ

આ ક્યુબ્સમાં પોર્ટેબલ ઓક્સિજન યંત્ર, ઓપરેટિંગ ટેબલ, આવશ્યક દવાઓ, નાની શસ્ત્રક્રિયા માટે ઓપરેશન થિયેટર, એક્સ-રે યંત્ર, પોર્ટેબલ યુ.એસ.જી. હસાથે સારવારની તમામ સુવિધાઓ અને સર્વાઈવલ કીટ જેવી આપત્તિ વ્યવસ્થાપનની તમામ સુવિધાઓથી સજ્જ છે. આ ક્યુબ્સને રસ્તા દ્વારા, રેલવે દ્વારા અને હવાઈ માર્ગ દ્વારા ગમે તે આપત્તિ સ્થળ પર સરળતાથી લઈ જઈ શકાય છે.

### આપત્તિ વ્યવસ્થાપનમાં સંકલનનું મહત્વ

એઈમ્સ રાજકોટના કાર્યકારી નિર્દેશક પ્રો. જી.ડી. પુરી અને નિવૃત્ત વાઈસ એર માર્શલ પ્રો. તન્મય રોયે આપત્તિઓ જેવી કે ભૂસ્ખલન, પૂર, ધરતીકંપ, આગ અકસ્માતો અને યુદ્ધ જેવા વિવિધ પ્રકારના માનવતાવાદી સંકટોના સમયસર સંચાલનમાં જિલ્લાના તમામ વિભાગના અધિકારીઓ અને કચેરીના પ્રતિનિધિઓ વચ્ચે ગાઢ સંકલનના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાના પૃથ્વી પર પરત ફરતા રિજનલ સાયન્સ સેન્ટરમાં ઉજવણી

## વિદ્યાર્થીઓમાં અવકાશ વિજ્ઞાન પ્રત્યે ઉત્સાહ: ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ ઐતિહાસિક ઘટનાને નિહાળી



**અબતક, રાજકોટ**

આજે એક વૈશ્વિક અવકાશ ઘટના જોવા મળી, જ્યાં ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ધરતી પર પાછા ફર્યા. આ પ્રસંગે, રિજનલ સાયન્સ સેન્ટરમાં વિદ્યાર્થીઓમાં, ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓમાં, જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમણે આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો. ડો. સુમિત વ્યાસ, પ્રોજેક્ટ ડિરેક્ટર, રિજનલ સાયન્સ સેન્ટર, જણાવ્યું હતું કે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ ઐતિહાસિક ઘટનાને નિહાળી હતી, જે ભારતીય અવકાશ કાર્યક્રમ અને વિજ્ઞાન પ્રત્યે યુવા પેઢીના વધતા રસને દર્શાવે છે.

### ભારતીય અવકાશ કાર્યક્રમ અને વિજ્ઞાન પ્રત્યે યુવા પેઢીના વધતા રસને દર્શાવે છે: ડો સુમિત વ્યાસ



આજે એક વૈશ્વિક અવકાશ ઘટના જોવા મળી, જ્યાં ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ધરતી પર પાછા ફર્યા.આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં, ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓમાં, જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમણે આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો. શુભાંશુ શુક્લા ૧૮ દિવસ સુધી અવકાશમાં રહ્યા હતા, જ્યાં તેમણે અનેક મહત્વપૂર્ણ પ્રયોગો કર્યા. આ સંશોધનો ભવિષ્યના અવકાશ મિશન માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. તેમણે અવકાશમાં મર્યાદિત સંસાધનો સાથે કેવી રીતે રહેવું અને શું ત્યાં કોઈ વસ્તુ ઉગાડી શકાય છે કે નહીં તે અંગેના પ્રયોગો કર્યા. તેમના આ સંશોધનો આગામી મિશનમાં આવતી મુશ્કેલીઓને ઘટાડવામાં મદદરૂપ થશે.આ ઐતિહાસિક ઘટનાને ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ નિહાળી હતી, જે ભારતીય અવકાશ કાર્યક્રમ અને વિજ્ઞાન પ્રત્યે યુવા પેઢીના વધતા રસને દર્શાવે છે.

### ભવિષ્યમાં કંઈક નવું શીખવા અને શોધવા માટે પ્રોત્સાહિત: સહાના મવર વિદ્યાર્થી



અબતક સાથેની વાતચીતમાં માં સહાના મવર વિદ્યાર્થીએ આજે સાયન્સ સેન્ટરની મુલાકાત અમારા માટે એક અનોખો અને અવિસ્મરણીય અનુભવ બની રહી. અહીં અમને એવી ઘણી બાબતો જાણવા મળી જેની અમને ક્યારેય કલ્પના પણ નહોતી.આજે અમને સૌથી વધુ ગર્વનો અનુભવ થયો, કારણ કે આપણા ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા સફળતાપૂર્વક ધરતી પર પાછા ફર્યા. તેમણે અવકાશમાં રહીને જે સંશોધનો કર્યા અને સુરક્ષિત રીતે પરત ફર્યા, તે ખરેખર પ્રશંસનીય છે. તેમની આ સિદ્ધિથી આપણને સૌને ખૂબ ગૌરવ થાય છે.આ મુલાકાત દરમિયાન, અમને વિજ્ઞાન શું છે, નોબેલ પુરસ્કારનું મહત્વ શું છે, અને લાઈફ સાયન્સ જેવા વિષયો વિશે ઘણી નવી અને રસપ્રદ માહિતી મળી. આ બધા વિષયો વિશે ઊંડાણપૂર્વક જાણવાનો મોકો મળ્યો, જે અમારા માટે ખૂબ જ પ્રેરણાદાયક રહ્યો.આવા અનુભવો અમને વિજ્ઞાન પ્રત્યે વધુ જિજ્ઞાસુ બનાવે છે અને ભવિષ્યમાં કંઈક નવું શીખવા અને શોધવા માટે પ્રોત્સાહિત કરે છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દીર્ઘાયુની મંગલ કામના માટે શહેર ભાજપે કર્યા સેવાકીય કાર્યો



શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેના માર્ગદર્શન હેઠળ વિકલાંગો, વડીલોને અલ્પાહાર સહિતના સેવાકીય કાર્યો કરવામાં આવ્યા

**અબતક, રાજકોટ**

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મ દિવસ તા. ૧૫ જુલાઈના રોજ તેમના ઉત્તમ સ્વાસ્થય અને દિર્ઘાયુની મંગલ કામના માટે રાજકોટ શહેર ભાજપ મોરચા દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિઓના કાર્યક્રમો કરવામાં આવેલ હતા. શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશનભાઈ ટીલવાની આગેવાનીમાં રાજકોટ શહેરના કાલાવડ રોડ પર આવેલ માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોના ગૃહ આશ્રમમાં બાળકોને અલ્પાહાર કરાવવામાં આવેલ.

જયારે બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ રાજ્યસભાના સાંસદ મયંકભાઈ નાયકની સૂચનાથી તેમજ રાજકોટ શહેર ભાજપ અધ્યક્ષ માધવભાઈ દવે ના માર્ગદર્શનથી ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના જન્મદિવસ નિમિત્તે રાજકોટ શહેર ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા હિના ફાઉન્ડેશન ના માનસિક વિકલાંગ બાળકો ને ભોજનનો કરાવવામાં આવેલ આ તકે રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, શહેર બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીતભાઈ વાડોલીયા, મહામંત્રી બાબુભાઈ માટીયા, જે.પી. ધામેચા, કોર્પોરેટર નિલેશભાઈ જલુ, વોર્ડ પ્રમુખ પરેશભાઈ લીંબાશીયા, વોર્ડ મહામંત્રી દિનેશભાઈ ડાંગર, ભરતભાઈ, તેમજ સંદીપભાઈ ડોડીયા, ચંદુભાઈ ગરનારા, વિપુલ માખેલા, નિલેશ તેરૈયા, હીરેન ગોસ્વામી, બકુલભાઈ

(અનુ. આઠમા પાને)

# કોર્પોરેશનની આંગણવાડીઓમાં બાળદિન-અન્નપ્રશાસનની ઉજવણી



**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની (ઈઅજ), આઈ.સી.ડી.એસ. વિભાગના ચેરમેન શ્રી દિલીપભાઈ લુણાગરિયા તેમજ પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ બાળદિવસ તેમજ અન્નપ્રાસનની ઉજવણી કરવામાં આવી હતી.

આજની થીમ બાળકો, પર્યાવરણ તેમજ પ્રકૃતિનું મહત્વ સમજે, જાણે, અને જોવે તે હેતુથી બાળકો દ્વારા કુંડામાં બી ઉગાડીને ઝાડ-છોડ ઉગાડવાની રીત સમજાવી તેમજ હું અને મારું કુટુંબ થીમ મુજબ ઘરના તમામ સભ્યોના પરિચય થાય તે હેતુથી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રોજેક્ટને સિદ્ધ કરવા માટે એક બાળક, એક વૃક્ષ પ્રોજેક્ટ કરવામાં આવેલ છે. દરેક આંગણવાડીમાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુનો ઉપયોગ કરીને કુંડા બનાવીને તેમાં છોડ વાવીને બાળક નાનપણથી જ પ્રકૃતિ પ્રેમી તેમજ પર્યાવરણનું મહત્વ સમજે તેવા હેતુથી આ પ્રોજેક્ટ કરવામાં આવી હતી.

### જ્ઞાનપ્રબોધીની પ્રોજેક્ટ અંતર્ગત

# પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટની વિદ્યાર્થીની ચાર્મી સી.એ. બની

## ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ ચાર્મીને અભિનંદન પાઠવ્યા



**અબતક, રાજકોટ**

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટની વિદ્યાર્થીની ચાર્મી જગદીશભાઈ ધીયાડ ઉત્તીર્ણ થઈને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બની ગઈ.

ભણવામાં હોશિયાર પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષા લઈ આ પ્રોજેક્ટમાં પસંદગી કરવામાં આવે છે. આવી જ વિદ્યાર્થીની ચાર્મી ધીયાડ ૨૦૧૫માં આ જ્ઞાનપ્રબોધીની પ્રોજેક્ટ અંતર્ગત પ્રવેશ મેળવવામાં સફળ થઈ હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ ૮ થી ૧૨ સુધીની તમામ શૈક્ષણિક જવાબદારી ટ્રસ્ટ દ્વારા વહન કરવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ સારી કોલેજમાં પ્રવેશ મેળવવામાં પણ મદદરૂપ થયેલ.

કુ. ચાર્મી સી.એ. બનતા ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, ડો.મેહુલભાઈ રૂપાણી, તથા કમિટી મેમ્બર્સ જયેશભાઈ ભટ્ટ, હિંમતભાઈ માલવિયા, હસુભાઈ ગણાત્રા, ગીતાબેન તન્ના, મીરાબેન મહેતા, ભારતીબેન બારોટ, રાજુભાઈ શેઠ તથા વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

જ્ઞાન પ્રબોધિનિ પ્રોજેકટમાં ૧૯ સિનીયર બેચો ધો. ૧૨ની પરીક્ષા આપી આગળ ઉચ્ચ અભ્યાસક્રમમાં જોડાઈ ઉજજવળ ભવિષ્ય તરફ આગળ વે છે. જે અંતર્ગત

મેડીકલ ક્ષેત્રે ૬૬, એન્જીનીયરીંગ ક્ષેત્રે ૯૩ જેમાંથી આઈઆઈટી માં ૪ બાળકો, એસવીએનઆઈટી માં ૩, બી.એસસી/ એમ.એસસી ક્ષેત્રે ૧૮, કોમર્સ ક્ષેત્રે ૫૯ જેમાંથી ૩ બાળકો સી.એ. બની ચુક્યા છે. એમસીએ- બીસીએ ક્ષેત્રે ૧૩, બી.એ. ક્ષેત્રે ૬ , અન્ય ક્ષેત્રે ૪, ફાર્માસી ક્ષેત્રે ૭ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ છે. હાલ ધો.૮ થી ૧૨ માં આ પ્રોજેક્ટમાં ૮૧ બાળકો

(અનુ. આઠમા પાને)

# કૃષિ ઉત્પાદકોનું હિત સર્વોપરી: ઈફકો ચેરમેન દિલીપ સંઘાણી

## કેન્દ્રીય કૃષિ મંત્રી અને ગ્રામ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણએ દિલીપ સંઘાણીની શુભેચ્છા મુલાકાત લીધી





**અબતક, રાજકોટ**

ભારતનુ કૃષિ ક્ષેત્ર રોજગારીની તકોના સર્જન સાથે વિકાસમા પણ એટલુ જ પાવરધુ પુરવાર થયેલ છે અને તેથી આ ક્ષેત્રનુ મૂળ એવા ગુજરાતના વિકાસ થી સૌ કોઈ પ્રભાવિત છે. તેમ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ ની શુભેચ્છા મૂલાકાતે પહોંચેલા એનસીયુઆઈ, ઈફકો અને ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી સાથેની મૂલાકાતમા ચૌહાણે જણાવેલ હતું.

મુલાકાત દર્શમયાન સંઘાણીએ ગુજરાતમાં કૃષિ સાથે સંકળાયેલી વિવિધ પ્રવૃતિઓ અને કો. ઓપરેટિવ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા કાર્યો વિશે વિગતો આપી હતી. તેમણે કૃષિ ઉત્પાદકોના હિતમાં લેવાતા પગલા, ખાતર-બિજ ના વિતરણ તેમજ ટેકનોલોજીના ઉપયોગ થકી ખેડુત લાભ કેવી રીતે વધારવો તે અંગે ચર્ચા કરી હતી.

શિવરાજસિંહ ચૌહાણે સંઘાણીને ભારતના કૃષિ ક્ષેત્રના વિકાસ માટે તેમજ સહકારી ચળવળના મજબુતીકરણ માટે અપાતા યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા અને ભાવિ યોજનાઓ માટે સહયોગ આપવાની ખાતરી આપી હતી તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

# 'ભગવત હમેંશા ગુરૂના હૃદયમાં બિરાજમાન હોય છે': ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા



એસજીવીપી સ્વામીનારાયણ ગુરૂકુળ રીબડા ખાતે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાનું સન્માન

**અબતક, રાજકોટ**

રાજકોટ રીબડામાં આવેલ એસ.જી.વી.પી.ઈન્ટરનેશલ સ્કુલમાં એસ.જી.વી.પી.-છારોડી અમવાદાના અધ્યક્ષ અને ગુરૂવર્ય માધવપ્રિય સ્વામિની પાવન ઉપસ્થિતિમાં હજારો હરિભકતોના માનવ મહેરામણ સાથે ગુરૂપૂર્ણિમાં મહોત્સવ ઉજવાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં જ ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું કે, "ગુરુ ગોવિંદ દોનો ખડે, કિશીકો લાગુ પાય, બલીહારી ગુરૂ આપની જ્ઞાને ગોવિંદકો દિખલાય" ભગવાનની સાચી ઓળખ જ્ઞાન આપી ગુરૂ

(અનુ. આઠમા પાને)

# સાંઢિયા પૂલનું કામ ૬૦ ટકા પૂર્ણ: મ્યુનિસિપલ કમિશનરે મેળવ્યો પ્રોગ્રેસ રિપોર્ટ

## અયોધ્યા ચોક પાસે રોડ રિસ્ટોરેશનનાની કામગીરી અને બેડીનાકા ટાવર પાસે બની રહેલ ડ્રેનેજ મિકેનીકલ શાખાની ઓફિસ, વોર્ડ ઓફિસની ચાલતી કામગીરીનું નિરીક્ષણ કર્યુ





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ વિવિધ કામગીરી અંગે સમીક્ષા કરતા ફેરણી કરી હતી. જેમાં મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સાંઢિયા પુલની ચાલુ કામગીરી, અયોધ્યા ચોક પાસે રોડ રિસ્ટોરેશનનાની કામગીરી અને બેડીનાકા ટાવર પાસે બની રહેલ ડ્રેનેજ મિકેનીકલ શાખાની ઓફિસ તેમજ વોર્ડની પેટા વોર્ડ ઓફિસની ચાલતી કામગીરીનું નિરીક્ષણ કરી પ્રોગ્રેસ રિપોર્ટ મેળવ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનરે વિઝિટ અંગે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જામનગર રોડ પર આવેલા સાંઢિયા બ્રિજનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ બ્રિજનું ૬૦%થી પણ વધુ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. બ્રિજના નિર્માણ અંગેની વિગતવાર માહિતી મેળવી હતી કામગીરી ઝડપી અને સમયમર્યાદામાં પૂર્ણ

(અનુ. આઠમા પાને)

# ધરોઈ ડેમને 'આઈકોનિક પ્લેસ' તરીકે વિકસાવાશે: રૂ. ૧૧૦૦ કરોડના ખર્ચે ડેવલપ કરાશે

## ધરોઈ વિસ્તારમાં સ્પિરિચ્યુઅલ-એડવેન્ચર્સ-ઈકો અને રિક્રિએશનલ એક્ટિવિટીઝથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ અને સ્થાનિક રોજગારીના નવા અવસરો ઉભા થશે

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના ધરોઈ ડેમ વિસ્તારને વર્લ્ડ કલાસ સસ્ટેઈનેબલ ટુરીઝમ એન્ડ પીલગ્રીમેજ ડેસ્ટીનેશન તરીકેના બહુવિધ પ્રવાસન પ્રોજેક્ટ્સના પ્રગતિ હેઠળના કામોનું સ્થળ નિરીક્ષણ કરીને માર્ગદર્શન આપ્યું હતુ. ધરોઈ રિજિયનનો આ વિકાસ પ્રોજેકટ સમગ્રતયા અંદાજે રૂ.૧૧૦૦ કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં હાથ ધરવામાં આવી રહ્યો છે. આ સ્પિરીચ્યુઅલ, એડવેન્ચર્સ, ઈકો અને રિક્રિએશનલ એક્ટિવિટીઝથી પ્રવાસન પ્રવૃત્તિને વેગ તેમજ સ્થાનિક રોજગારના નવા અવસરો સાથે વોકલ ફોર લોકલનો ધ્યેય પણ પાર પડી શકશે.

ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળની જેમ ધરોઈને પણ 'આઈકોનિક પ્લેસ' તરીકે વિકસાવવામાં આવશે. એટલું જ નહિ, પોળો ફોરેસ્ટ, તારંગા, વડનગર, અંબાજી સહિતના ઉત્તર ગુજરાતનાં પ્રવાસન સ્થળો અને યાત્રાધામોના વિકાસ દ્વારા ટુરિઝમ સર્કિટ વિકસાવવાના ભવિષ્યલક્ષી આયોજન માટે પણ રાજ્ય સરકાર કાર્યરત છે.

રાજયના જળાશયોમાં આવેલા નવાં નીરને પગલે ધરોઈ ડેમમાં આ વર્ષે ૭૦.૮૦ ટકા જેટલું નવું પાણી આવ્યું છે તેનું નિરીક્ષણ કરવા ધરોઈ ડેમની તેમણે મુલાકાત લીધી હતી. ડેમ સાઈટની તેમની નિરીક્ષણ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ ડેમ સેફ્ટી અંગેની ઉચ્ચસ્તરીય બેઠક પણ યોજી હતી.



રાજ્યમાં સરદાર સરોવર નર્મદા ડેમ સહિત ૨૨ મોટા, ૯૬ મધ્યમ અને ૧૦૦૬ નાના મળીને સમગ્રતયા ૧૧૨૪ જળાશયો આવેલા છે. આ જળાશયોમાંથી ૧ એમસીએમથી વધુ જળસંગ્રહ ક્ષમતા ધરાવતા ૫૨૩ ડેમોનું પ્રિ-મોન્સૂન ઈન્સ્પેકશન નેશનલ ડેમ સેફ્ટી ઓથોરિટીની ગાઈડલાઈન મુજબ મે-૨૦૨૪માં પૂર્ણ કરી દેવામાં આવ્યું છે અને બધા જ ડેમ સલામત અને સુરક્ષિત છે તેમ ડેમ સેફ્ટી અંગેની આ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું હતું. ૧ એમસીએમથી ઓછી સંગ્રહ શક્તિ ધરાવતા ૬૦૦ ડેમોનું પણ પ્રિ-મોન્સૂન ઈન્સપેકશન પૂર્ણ થઈ ગયું છે અને તે બધા ડેમ પણ સેફ સ્ટેજ પર છે તેની પણ સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

રાજ્યના સૌથી મોટા ડેમ સરદાર સરોવર ડેમની સેફ્ટી અંગેની સમીક્ષા દરમિયાન જણાવવામાં આવ્યું હતુ કે, સરદાર સરોવર ડેમના અપસ્ટ્રીમ વિસ્તારમાંથી મળતી જળસ્તર અને વરસાદની માહિતી નિયમિત રીતે વોટ્સએપ, ઈ-મેઈલ અને ગૂગલ શીટ મારફતે શેર કરીને સંબંધિત રાજ્યો વચ્ચે સંકલન રાખવામાં આવે છે. સરદાર સરોવર ડેમમાં હાલ ૪૮૮૯ મિલિયન ઘન મીટર પાણી છે.

મુખ્યમંત્રીએ ધરોઈના આ સમગ્ર ટુરીઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટની ચાલી રહેલી કામગીરીનું મુખ્ય સચિવ પંકજ જોશી, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, સલાહકાર એસ.એસ.રાઠૌર, સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન અને એમ.ડી. મુકેશ પુરી, મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, પ્રવાસન સચિવ ડૉ.રાજેન્દ્ર કુમાર, જળ સંપત્તિ સચિવ પી.સી.વ્યાસ, પ્રવાસન નિગમના એમ.ડી. પ્રભવ જોશી સાથે નિરીક્ષણ કરીને આ સમગ્ર પ્રોજેક્ટ અને ધરોઈ જળાશય આસપાસના વિસ્તારમાં ગ્રીન કવર વધારવા માટેનું પ્રેરક સુચન કર્યુ હતુ.

આ મૂલાકાતમાં સાંસદ હરિભાઈ પટેલ, પાટણ લોકસભા સાંસદ ભરતસિંહ ડાભી, રાજ્ય સભા સાંસદ મયંકભાઈ નાયક, મહેસાણા ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, ખેરાલુ ધારાસભ્ય સરદારભાઈ ચૌધરી, જળ સંપત્તિ વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ તેમજ પ્રવાસન વિભાગ સહિતના સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.


**જાહેર નિવિદા**

નં.મજસ/જન્માષ્ટમીલોકમેળો-૨૦૨૫/વશી/૧૪૭/૨૫ તા.૧૪/૦૭/૨૦૨૫

આથી જાહેર નિવિદા આપવામાં આવે છે કે,ધોરાજી ખાતે સફુરા નદીના મેદાનમાં જન્માષ્ટમી લોકમેળો-૨૦૨૫ નું આયોજન તા.૧૪/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ સુધી કુલ-૪(ચાર)દિવસ માટે થનાર છે. આ મેળાનું આયોજન ઇચ્છતા ઇસમોએ તા.૧૫/૦૭/૨૦૨૫ થી ૨૪/૦૭/૨૦૨૫ ના રોજ ૧૫:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં રજી.એડી. અથવા સ્પીડ પોસ્ટ અથવા રૂબરૂમાં નીચેની શરતોએ ફકત બંધ કવરમાં ભાવો આ કચેરીને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ બંધ કવરના ભાવો તા.૨૫/૦૭/૨૦૨૫ ના સમય ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે અને ભાવ ભરનાર આસામીઓ ટેન્ડર ખોલતી વખતે હાજર રહી શકશે.

-::શરતો::-

૧.જન્માષ્ટમી લોકમેળા માટે સરકારી ગ્રાઉન્ડમાં આયોજન સમિતિએ નકકી કરેલ ગ્રાઉન્ડમાં મેળો યોજવાનો રહેશે.

૨.આ ગ્રાઉન્ડની અપસેટ કિંમત રૂા.૪,૧૨,૦૦૦/-(અંકે રૂપિયા ચાર લાખ બાર હજાર પુરા) રાખેલ છે. જેથી તેનાથી વધુ રકમનું ટેન્ડર ભરવાનું રહેશે. આ રકમથી ઓછી રકમનું ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી.

૩.ભાવો આપનારે ડીપોઝીટની રકમ રૂા.૪૧,૨૦૦/-(અંકે રૂપિયા એકતાલીસ હજાર બસ્સો પુરા) નો ડી.ડી./બેન્કર્સ ચેક "જન્માષ્ટમી લોકમેળા સમિતિ" ધોરાજીના નામે ટેન્ડર સાથે આપવાનો રહેશે.

૪.વીજળી,પાણી તથા સલામતીની સંપુર્ણ વ્યવસ્થા મેળો રાખનાર આસામીએ પોતાના ખર્ચે કરવાની રહેશે.

૫.ભાવોના બંધ કવર ઉપર "જન્માષ્ટમી લોકમેળામાં ભાગ લેવા માટેનું ટેન્ડર" લખેલ કવર મામલતદારશ્રી, ધોરાજી મહેસુલ સેવા સદન, ધોરાજીના સરનામે મોકલવાના રહેશે.અને આ કવર માન. પ્રાંત અધિકારી સાહેબશ્રીની કચેરી, ધોરાજી ખાતે લોકમેળા સમિતિ દ્વારા ખોલવામાં આવશે.

૬.ઉંચી આવેલ ઓફર સ્વીકારવામાં આવશે પરંતુ આજ આયોજકની ઓફર સ્વીકારવી કે નહી તે હકક લોકમેળા સમિતિને રહેશે.

૭.મેળો કે અન્ય આયોજનનો અનુભવ હોય તો તેનો દાખલો તે ભાવપત્રક સાથે સામેલ રાખવો.

૮. મેળાનું મેદાન ભાડેથી રાખનારે ફાયર સેફટી એન.ઓ.સી.તથા પરફોમન્સ લાયસન્સ મેળવનારે સરકારશ્રીની તમામ જોગવાઇ સાથે પરફોમન્સ લાયસન્સ મેળવવાનું રહેશે.

૯.૨(બે) કરતા ઓછા ટેન્ડર મળશે તો ટેન્ડર રદ કરી ટેન્ડર મેળવવા અંગેનો બીજો પ્રયત્ન કરવામાં આવશે.

સભ્ય સચિવ
લોકમેળા સમિતિ અને
મામલતદાર ધોરાજી

MAMLATDAR - DHORAJI

માહિતી -રાજ-૫૭૪-૨૫-૨૬



**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.**
(મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૭૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **વરસડા ચન્દ્રીકાબેન રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજેશભાઈ** ને **તા.૧૮/૦૭/૨૦૨૪** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા તેમજ **તા.૧૯/૦૮/૨૦૨૪** નાં રોજ અંગ્રેજી દૈનિક **"ધ ઈન્ડીયન એકસપ્રેસ"** તથા ગુજરાતી દૈનિક **"સાંજ સમાચાર"** માં પ્રસિધ્ધ કરાયેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૯,૪૧,૧૪૫=૩૪ (અંકે રૂપીયા નવ લાખ એકતાલીસ હજાર એકસો પિસ્તાલીસ અને ચોત્રીસ પુરા) + તા.૦૧/૦૭/૨૦૨૪** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૩૦/૦૫/૨૦૨૫** નાં રોજ કરેલ હૂકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૧૨/૦૭/૨૦૨૫** નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૩૦/૦૬/૨૦૨૫** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૧૦,૫૫,૨૩૩=૩૪ (અંકે રૂપીયા દસ લાખ પંચાવન હજાર બસો તેત્રીસ અને ચોત્રીસ પૈસા પૂરા) + તા.૦૧/૦૭/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે. દેવાદારને ખાસ ધ્યાન દોરવાનું કે સરફેસી કાયદાના એકશન ૧૩(૮)ની જોગવાઈ અનુસાર આપેલ સમયમર્યાદામાં કાયદા મુજબ તેમની સલામત મિલ્કત પાછી મેળવી શકે છે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીશન ડિસ્ટ્રીકટ રાજકોટના સબ-ડિસ્ટ્રીકટ જેતપુર નવાગઢ નગરપાલિકાની હદમાં મહાત્મા ગાંધી રોડ, સ્ટેન્ડ ચોક પાસે, જેના સીટી સર્વે શીટ નં.૪૪, સીટી સર્વે નં. ૫૦૯૫/૧ ચો.મી. ૧૧૩૮-૮૦ પૈકીની જમીન ઉપર આવેલ ક્રેસન્ટના નામે ઓળખાતી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ દુકાન જેના બિલ્ટઅપ એરીયા ચો.મી. ૯-૬૫ વાળી દુકાન અંદરનાગાળાના ઓનરશીપથી આવેલ છે જેના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૫૫૪ તા.૨/૪/૨૦૧૨ થી વરસડા ચન્દ્રીકાબેન રાજેન્દ્રભાઈના નામે છે તે મિલ્કત.

**ચતુર્દીશા :**
ઉત્તરે : બાલાજી એન્ટરપ્રાઈઝ રજી. ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) બાબુલાલ રવજીભાઈ દોંગા વિગેરેની માલીકીની મિલ્કત.
દક્ષિણે : બાલાજી એન્ટરપ્રાઈઝ રજી. ભાગીદારી પેઢીના ભાગીદારો (૧) બાબુલાલ રવજીભાઈ દોંગા વિગેરેની માલીકીની દુકાન.
પુર્વે : કોમન પેસેજ. આ તરફ દુકાનનું શટર પડે છે.
પશ્ચિમે : હિનાબેન દેવીદાસભાઈ ખુહા વિગેરેને વેચાણ આપેલ દુકાન.
**(ટુંકું સરનામુ :- ક્રેસન્ટ કોર્મશીયલ કોમ્પલેક્ષ, એમ.જી. રોડ,સ્ટેન્ડ ચોક, જેતપુર ૩૬૦૩૭૦)**

**તા. ૧૫/૦૭/૨૦૨૫**
**રાજકોટ.**

**અધિકૃત અધિકારી,**
**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ**


# ૬૨ તાલુકાઓમાં મેઘકૃપા રાજયમાં ૫૧ ટકા વરસાદ

## રાજયના ચાર તાલુકાઓમાં ૧૦૦ ટકાથી વધુ પાણી પડી ગયું: ૧૮ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયભરમાં છેલ્લા ચારેક દિવસથી મેઘરાજાનું જોર ઘટી ગયું છે. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૬૨ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ ત્રણ ઈંચસુધી વરસાદ વરસી ગયો છે. રાજયમા ચોમાસાની સીઝનનો ૫૧.૦૯ ટકા વરસાદ વરસી ગયો છે. ૧૮ તાલુકાઓમાં ૪૦ ટકાથી વધુ પાણી પડી ગયું છે.જયારે ચાર તાલુકાઓમાં સીઝનનો ૧૦૦ ટકાથી પણ વધુ વરસાદ વરસી ગયો છે.

આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૨૦ જિલ્લાના ૬૨ તાલુકાઓમાં વરસાદ પડયો છે. મહિસાગરના કડાણામાં સૌથી વધુ ૭૨ મીમી એટલે કે ૩ ઈંચ સુધી વરસાદ પડયો છે. પાલનપુરમાં ૫૬ મીમી, વાંસદામાં ૩૭ મીમી, લુણાવાડામાં ૩૬ મીમી, દાંતામાં ૨૯ મીમી, ફતેપુરામાં ૨૨ મીમી, ધરમપુરમાં ૨૧ મીમી, ઈડરમાં ૨૦ મીમી, વીરપુરમાં ૨૦ મીમી, ડાંગ આહવામાં ૧૯ મીમી, સુબીરમાં ૧૭ મીમી, પ્રાંતિજમાં ૧૩ મીમી, વાવમાં ૧૧ મીમી, ધાનપુરમાં ૧૧ મીમી, બોડેલી અને વડાલીમા ૧ મીમી વરસાદ વરસી ગયો છે. જયારે ૪૫ તાલુકામાં હળવો વરસાદ પડયો છે.

રાજયમાં આજ સુધીમાં ૫૧.૦૯ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં ૫૮.૪૬ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૫.૧૯ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૪૯.૨૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૯.૨૬ ટકા અને ઉતર ગુજરાતમાં ૪૮.૦૧ ટકા વરસાદ પડયો છે. જૂન માસમાં રાજયમાં સરેરાશ ૩૦૩.૦૯ મીમી પાણી પડયું હતુ જયારે જુલાઈ માસનાં પ્રથમ પખવાડીયામાં ૧૪૭.૪૬ મીમી વરસાદ વરસી ગયો છે. રાજયનાં ૧૮ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ વરસી ગયો છે. જયારે ૪૫ તાલુકામાં ૨૦ થી ૪૦ ઈંચ સુધી, ૧૩૯ તાલુકામાં ૧૦ થી ૨૦ ઈંચ સુધી અને ૪૮ તાલુકામાં ૫ થી લઈ ૧૦ ઈંચ સુધી વરસાદ પડયો છે. માત્ર ૧ તાલુકામાં ૫ ઈંચ વરસાદ પડયો છે.

આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન ફોફળ ડેમમાં ૦.૧૦ ફૂટ, આજી ૩ ડેમમાં ૦.૧૩ ફૂટ, મચ્છુ-૧ ડેમમા ૦.૧૩ ફૂટ અને ડાઈમીણસારમા ૦.૩૯ ફૂ પાણીની આવક થવા પામી છે. રાજયના ૨૦૬ જળાશયોમાં હાલ ૫૯.૧૬ ટકા પાણી સંગ્રહિત છે. ૩૯ ડેમ હાઈએલર્ટ પર છે. જયારે ૨૫ ડેમ એલર્ટ પર અને ૧૮ ડેમ વોર્નિંગ પર છે. સરદાર સરોવર ડેમમા ૧૭૪૫૭૫ એમસીએફટી એટલે કે ૫૨.૨૬ ટકા પાણીને સંગ્રહિત છે. ડેમમાં ૬૭૯૮૦.૭૫ કયુસેક પાણીની આવક થઈ રહી છે.જેની સામે ૧૦૫૨ કયુસેક પાણીની જાવક છે. સવારથી પાંચ તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યા છે.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

ટેન્ડર સૂચના નં. M-2025-9-BVan-Mod તારીખ: 14/07/2025

**બ્રેક વાનમાં એડજસ્ટેબલ ગાર્ડ ખુરશીઓ અને અન્ય આવશ્યક સુવિધાઓની જોગવાઈ**

**કામનું નામ:** C&W ડેપો HAPA ખાતે "બ્રેક વાનમાં એડજસ્ટેબલ ગાર્ડ ખુરશીઓ અને અન્ય આવશ્યક સુવિધાઓની જોગવાઈ" માટે કામનું આઉટસોર્સિંગ.

**આશરે કિંમત:** ₹42,79,734.30/- | **કમાણી:** ₹85,600/-

**ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** 05.08.2025 ના 15:00 કલાક સુધી અને ટેન્ડર ખોલવાનું 05.08.2025 ના 15:30 કલાકે

**ટેન્ડર ખરીદી શકાય તે કાર્યાલયનું સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાન:** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ) પશ્ચિમ રેલવે, રાજકોટ મંડળ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001

વેબસાઇટ વિગતો: www.ireps.gov.in RJT 073

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**જાહેર નોટિસ**

કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
ગુજરાત હાઉસીંગ બોર્ડ
પંડિત દીન દયાળ નગર પાસે, નવા ૧૫૦ ફૂટ રીગ રોડ-૨ પાસે,
કોસ્મોપ્લેક્ષ સિનેમા સામે ,કાલાવડ રોડ,
મોટામવા ,રાજકોટ- ૩૬૦૦૦૫ (૦૨૮૧ ૨૪૫૪૬૪૩)
(Email :- exnraj.ghb3@gmail.com)

ગુજરાત હાઉસિંગ બોર્ડની રાજકોટ,ભાવનગર,અમરેલી,કચ્છ,પોરબંદર, દેવભૂમિદ્વારકા, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર,જુનાગઢ,ગિરસોમનાથ, બોટાદ જિલ્લાની જૂની અને પ્રાથમિક દ્રષ્ટિએ જર્જરિત જણાતી યોજનાઓમાં બોર્ડના એક્ટ પ્રમાણે એકવાર મકાન/ફ્લેટ ની સોપણી લાભાર્થીને કરવામાં આવે ત્યારબાદ રીનોવેશન/રિપેરિંગની કામગીરી જે તે મકાન ધારક દ્વારા જ કરવાની રહે છે.ગુ.હા.બોર્ડ એક્ટની કલમ-૭૫ મુજબ ગુ.હા. બોર્ડ દ્વારા બનાવેલ અને રાજ્ય સરકારશ્રીએ મંજુર કરેલ રેગ્યુલેશન મુજબ રીપેરીંગ અને મેઇન્ટેનન્સ ની જવાબદારી લાભાર્થીઓ/એસોસીએશનની જ રહે છે. ગુજરાત હાઉસિંગ બોર્ડની રહેતી નથી. જે વિગત આપના એસોસિએશનની રચના સમયે થયેલ બંધારણની જોગવાઇઓને સુસંગત છે." જી.ડી.સી.આર-૨૦૦૪ મુજબ બિલ્ડીંગ મેન્ટેનન્સ સમયાંતરે માલિક દ્વારા જ કરવાનું રહે છે. તેમજ બી.પી.એમ.સી એક્ટ-૧૯૪૯ સેકસન-૨૬૮ મુજબ Power of Commissioner to vacate any Building certain circumstances if the Building or part thereof is in a ruinous dangerous condition within meaning of section-264 જી.પી.એમ.સી એક્ટ મુજબ સત્તાની રૂએ સ્થાનિક સત્તામંડળ જો આપની યોજના અત્યંત જર્જરીત અને ભયજનક જણાતી હોય તો તેઓ ને જાણ કરી તુરંત વસવાટ બંધ કરી શકે છે. જેથી આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઇ સંભવિત જાનહાનિ ટાળી શકાય. જે મુજબ રાજકોટ શહેરની ડેરીલેન્ડ ખાતેની (૧)૪૫૬ LIG આકાશદીપ આવાસ, (૨)૧૨૦ MIG(જૂના) (૩)૪૮ MIG (૪)૧૨૦ MIG(નવા) તથા ૧૪૪ LIG લક્ષ્મીવાડી કોલોની તથા હસનવાડી ખાતેની કોલોની તથા આનંદનગર ખાતેની (૧)૪૮ EWS ગ્રૂપ-C (૨)૨૪ EWS ગ્રૂપ-B (૩)૨૪ EWS ગ્રૂપ-A (૪)૭૨ ફ્લડ (૫) ૧૪૪ ફ્લડ (૬) ૩૦૭ હુડકો (૭) ૧૪૪ EWS (૮) ૪૮ SIT, પોરબંદર શહેરની કમલાબાગ ખાતેની ૧૨૦ એલ.આઈ.જી. અને રાજ મહેલ રોડ ખાતેની ૨૪ SIT, સુરેન્દ્રનગર શહેરની ૧૦૮ MIG કૃષ્ણનગર કોલોની, જુનાગઢ શહેરની હવેલીવાડી કોલોની, મોરબી શહેરની સનાળા રોડ ખાતેની ૪૯૮ MIG કોલોની તથા જેતપુર શહેરની ૧૪૪ LIG તાકૂડીપરા અને ૨૪ SIT તથા વેરાવળ શહેરની ૨૪ SIT ભાલકા કોલોની તથા ગાંધીધામ શહેરની ૫૧૨ KFTZ કોલોની વગેરેમાં આવેલ જર્જરિત મકાનોમાં વસવાટ સત્વરે બંધ કરવા જણાવવામાં આવે છે. અને જો તેમ છતાં પણ વસવાટ બંધ કરવામાં નહીં આવે તેમજ રહેણાંક આવાસમાં અનઅધિકૃત કોમર્શીયલ વપરાશથી જો કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તે અંગે જે તે રહેવાસી ની અંગત જવાબદારી રહેશે તેમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ/સરકારશ્રીની કોઈ જવાબદારી રહેશે નહીં જેની નોંધ લેવા વિનંતી.

વધુમાં જણાવવાનું કે, આવા ખાલી કરેલ/ખાલી કરાવવાના થતાં મકાનોના સામે બોર્ડના એકટમાં કોઈ વૈકલ્પિક વ્યવસ્થા તેમજ મરામત અને જાળવણી ની જોગવાઈ નથી. પરંતુ જો યોજનાઓના નિયત સંખ્યામાં લાભાર્થીઓ સંમત થાય તો સરકારશ્રી રીડેવલપમેન્ટ પોલીસી અનુસાર અત્રેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે માટે જે તે યોજનાના એસોસિએશનના પ્રમુખશ્રી/જવાબદાર પ્રતિનિધિઓને અત્રેની કચેરી નો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

તા. 14-07-2025

કાર્યપાલક ઇજનેર, ગુ.હા.બોર્ડ રાજકોટ
જાગીર વ્યવસ્થાપક, ગુ.હા.બોર્ડ રાજકોટ

માહિતી -રાજ-૫૭૧-૨૫-૨૬


# લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે બાળકો માટે શનિવારે અનોખી વાર્તા સ્પર્ધા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર એજયુકેશન ફાઉન્ડેશન અને રાજકોટ મહાનગરપાલિકા સ્થાપિત તથા સૌરાષ્ટ્ર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલીત અને ગુજકોસ્ટ માન્ય ઓ.વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્સ રાજકોટ ખાતે ચાલતા વુમન સાયન્સ કલબ દ્વારા આગામી શનિવારને તા. ૧૯ જુલાઈ ૨૦૨૫ના રોજ બપોરે ૪ થી ૬ દરમિયાન ૧૦ થી ૧૫ વર્ષના બાળકો (છોકરો અને છોકરી) માટે એક અનોખી વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં સ્પર્ધક પોતાને ગમતી વાર્તા પાંચ મીનીટના સમયગાળામાં કહેવાની રહેશે. સ્પર્ધામાં વાર્તાની પસંદગી તેમજ કહેવાની શૈલી તથા ભાષા ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવશે. આ માટે નિર્ણાયકનો નિર્ણય આખરી ગણાશે આ સ્પર્ધામાં વિજેતા થનારને ઈનામ આપવામાં આવશે. તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણ પત્ર આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સર્વે એ તા. ૧૮ જુલાઈ ને શુક્રવાર સુધીમાં સવારે ૧૦.૩૦ થી ૫.૩૦ દરમિયાન લોક વિજ્ઞાન કેન્દ્રના ફોન નં. ૦૨૮૧-૨૪૪૯૯૪૦ અથવા મો. નં. ૯૯૭૮૮ ૨૫૮૨૯ ઉપર નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.


**દુઃખદ અવસાન બેસણું -જેતપુર**



**સ્વ. જીવરાજભાઈ બાવનજીભાઈ હિરપરા**
સ્વ. તા. ૧૪-૭-૨૦૨૫ સોમવાર

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પરીવારના શ્રી જીવરાજભાઈ બાવનજીભાઈ હિરપરા (ઉ.વ. ૮૧) તા. ૧૪/૭/૨૫ સોમવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને ચિર શાંતી અર્પે એજ પ્રાર્થના....

- **તારીખ** : ૧૭/૭/૨૦૨૫ ગુરૂવાર
- **સમય** : સાંજે ૪ થી ૬ કલાક
- **સ્થળ** : લેઉવા પટેલ સમાજ, ધોરાજી રોડ, જેતપુર

**લી.** ગૌ.વા. પરબતભાઈ બાવનજીભાઈ હિરપરા
રાજુભાઈ બાવનજીભાઈ હિરપરા - મો. ૯૧૦૬૬૩૭૬૧૦
(ટ્રસ્ટી શ્રી - નાથદ્વારા ટ્રસ્ટ, ખોડલધામ ટ્રસ્ટ)
બિપીનભાઈ બાવનજીભાઈ હિરપરા - મો. ૯૮૨૧૦૨૨૪૯૫
જીતુભાઈ બાવનજીભાઈ હિરપરા - મો. ૯૮૨૫૨૨૧૭૩૦
પ્રવિણભાઈ પરબતભાઈ હિરપરા - મો. ૯૮૨૫૨૩૨૦૮૧
જયેશભાઈ જીવરાજભાઈ હિરપરા - મો. ૯૮૨૧૧૩૮૬૪૫
જીજ્ઞેશભાઈ જીવરાજભાઈ હિરપરા - મો. ૯૯૭૯૯૨૨૮૮૮
હિરપરા પરીવારના જયશ્રી કૃષ્ણ

જયશ્રી ગૃપ - જેતપુર

તંત્રી લેખ

# રાજીનામાની રાજ રમત બંધ કરી હવે લોકસેવામાં લાગી જાવ

વિસાવદરના ધારાસભ્ય તરીકે ગોપાલભાઈ ઈટાલીયા અને કડી વિધાનસભા બેઠકના ધારાસભ્ય તરીકે રાજેન્દ્રભાઈ ચાવડાએ શપથ ગ્રહણ કરતાની સાથે જ ગુજરાત વિધાનસભાનું સભ્ય સંખ્યાબળ ૧૦૦ ટકા એટલે કે ૧૮૨ ધારાસભ્યોનું થઈ ચુક્યું છે. હવે જનતાએ વિશ્વાસ રાખીને સેવા કરવાની જે તક આપી છે તેને સુવર્ણ અવસર સમજી ધારાસભ્યોએ લોકસેવાના કામમાં લાગી જવું જોઈએ.

૨૦૨૨માં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભાજપ ૧૮૨ બેઠકો પૈકી ૧૫૬ બેઠકો પર વિજેતા બન્યું હતું. ત્યારે કોઈએ કલ્પના પણ કરી નહિં હોય કે સત્તાધારી પક્ષ ગૃહમાં પોતાની તાકાતને વધારવા માટે વિપક્ષના ધારાસભ્યોને તોડી રાજ્યની જનતા પર પેટા ચુંટણીનું ભારણ આપશે. ગત વર્ષે વિધાનસભાની પાંચ બેઠકો માટે પેટા ચુંટણી યોજાઈ હતી.

જ્યારે વાવ બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચુંટાયેલા ગેનીબેન ઠાકોર સાંસદ બનતા આ બેઠકની પણ પેટા ચુંટણી યોજવાની ફરજ પડી હતી. તાજેતરમાં વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચુંટણી યોજાઈ હતી. જેમાં વિસાવદર બેઠક પરથી આમ આદમી પાર્ટીના ગોપાલભાઈ ઈટાલીયા વિજેતા બન્યા હતા. જ્યારે કડી બેઠક ભાજપે જાળવી રાખી હતી. ‘આપ’ના ઉમેદવાર જીત્યા તેનો નશો કાર્યકરોને ચડી ગયો હતો. જ્યારે બીજી તરફ લાખ પ્રયાસો કરવા છતા વિસાવદર બેઠક ગુમાવવાનો અફસોસ ભાજપના તમામ નેતાઓને લાગ્યો હોય તેમ રાજીનામાના હાંકલા-પડકારા થવા માંડ્યા હતા.

આજે ગોપાલભાઈ ઈટાલીયા અને રાજેન્દ્ર ચાવડાએ શપથ ગ્રહણ કરતા ગૃહમાં ૧૮૨ ધારાસભ્યોનું કોરોમ પુરૂં થઈ ગયું છે ત્યારે હવે એક જવાબદાર જનપ્રતિનિધિ તરીકે નેતાઓએ રાજીનામા-રાજીનામાની રાજ રમત બંધ કરી સંપૂર્ણપણે લોકસેવામાં લાગી જવું જોઈએ. કારણ કે વિધાનસભાની સામાન્ય ચુંટણીના આડે હવે અઢી વર્ષનો સમય બાકી રહ્યો છે ત્યારે જો લોકોની સેવા કરી હશે તો તેને સામે ધરી ફરી મત માંગી શકાશે. અન્યથા સ્વાર્થી રાજનીતિને જનતા પણ એક ઝાટકે ઠુકરાવી દેશે.

# રાજકોટ લોધિકા સંઘના પૂર્વ ચેરમેન નીતિન ઢાંકેચાનો જન્મદિવસ



રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવતા અને લોધિકા-રાજકોટ સહકારી સંઘના ચેરમેન, તેમજ રાજકોટ માર્કેટિંગ યાર્ડના પૂર્વ ડિરેક્ટર નીતિન ઢાંકેચાનો જન્મદિવસ છે.નીતિન ઢાંકેચા, જિલ્લા ભાજપ અને સહકારી ક્ષેત્રના એક અગ્રણી તરીકે જાણીતા છે. તેઓ માત્ર રાજકારણ અને સહકાર ક્ષેત્ર પૂરતા મર્યાદિત નથી, પરંતુ સામાજિક કાર્યોમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર છે. સરધાર સ્વામિનારાયણ મંદિરમાં તેમના તરફથી અવિરત સેવા કાર્યો થતા રહે છે, જે તેમની સેવાભાવી વૃત્તિનો પરિચય કરાવે છે.ખેતીવાડી ઉપરાંત, નીતિન ઢાંકેચા અનેક વ્યાપાર ઉદ્યોગ અને વ્યવસાયમાં પણ સક્રિય છે, જે તેમની બહુમુખી પ્રતિભા દર્શાવે છે. તેમના મિત્રો, સંબંધીઓ અને શુભેચ્છકો દ્વારા તેમને જીવનના આગામી વર્ષોમાં અપાર સફળતા અને લોકસહના પ્રાપ્ત થાય તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતાને લોકસાહના હંસલ કરે તેવી શુભકામનાઓ તેમના મોબાઈલ નંબર ૯૯૭૮૯ ૧૧૧૦૧ પર શુભેચ્છા વર્ષા વરસી રહી છે.

# જય લીમ્બોચ ગ્રુપ દ્વારા વિદ્યાર્થીઓને કરાયા ચોપડા વિતરણ



**અબતક, રાજકોટ**

જય લીમ્બોચ ગ્રુપ રેલનગર, ભગવતી હોલ ખાતે વાળંદ સમાજના તેજસ્વી તારલાઓ માટે ચોપડા વિતરણ કરવામાં આવ્યું. જેમાં અનીલભાઈ ધામેલીયા, મનીષભાઈ વિઠલાપરા, સુનીલભાઈ ટેકવાણી, દિલીપભાઈ વરસડા, ભાવેશભાઈ થોરીયા, યશવંતભાઈ વાઘેલા, દીપકભાઈ દવે, ખીમજીભાઈ માંડવીયા, દિલીપભાઈ ગોહેલ તથા રાજભાઈ ધામેલીયા વિગેરે કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

# બ્રહ્મસેના દ્વારા જન્માષ્ટમીની ૩૫માં વર્ષે પણ ઉજવણી કરાશે

**અબતક, રાજકોટ**

બ્રહ્મ સેના દ્વારા ૧૬ ઓગસ્ટના શ્રાવણ વદ-૮ ના રોજ ભગવાન શ્રી કૃષ્ણ ‘‘જન્માષ્ટમી‘‘ અંતર્ગત રાજકોટ ખાતે ના સામા કાંઠે પાણી ના ઘોડા પાસે પેડક રોડ પર સતત ૩૫ માં વર્ષે ઉજવણી કરવામાં આવશે.

તા.૩૧.૭ને ગુરૂવારના રોજ ધ્વજા રોહણ કાર્યક્રમ યોજાશે તથા શિતળા માતા મંદિરે પુજન અર્ચના આરતી અર્પણ કરાશે.

ભગવાન શ્રી કૃષ્ણ ‘‘જન્માષ્ટમી‘‘ નિમીતે પાણી ના ઘોડા પાસે તારીખ:૧૪, ૧૫,૧૬,૧૭ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ભગવા ધ્વજા, પતાકા, રોશની, બેનરો વગેરે સુશોભિત કરાશે, હરહંમેશ મુજબ સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય આગેવાનો સાથે વેપારીઓ અને લતા વાસીઓ સહિત સૌ સમાજ ૧૮ વરણ... ના ભગવાન શ્રી કૃષ્ણ ભકતો જોડાશે. બ્રહ્મ સેના સ્થાપક-અધ્યક્ષ જગદીશ રાવલે યાદીમાં જણાવેલ છે.

# વૈશ્વિક દ્રષ્ટિ સાથે સ્થાનિક પ્રગતિ માટે ઉદ્યોગ સાહસિકો અપાયું માર્ગદર્શન

## નેક્સ્ટ જેન એક્સ્પો દુબઈ અને લાડલી દ્વારા વૈશ્વિક સ્તરે તમારૂ ઉત્પાદન’ વિષય પર એક વિશેષ સેમિનાર યોજાયો





તસવીર: હર્ષ ઝીંઝુવાડીયા

**અબતક, રાજકોટ**

ઉદ્યોગસાહસિકો, ઉત્પાદકો, સ્ટાર્ટઅપ્સ, વેપારીઓ અને સેવા ક્ષેત્રના ઉદ્યોગોને તેમના સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક સ્તરે પહોંચાડવા અને આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રદર્શિત કરવાની અનમોલ તકો પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે, નેક્સ્ટજેન એક્સ્પો દુબઈ અને લાડલીના સંયુક્ત ઉપક્રમે રાજકોટ ખાતે એન્જિનિયરિંગ એસોસિએશનમાં ’વૈશ્વિક સ્તરે તમારું ઉત્પાદન’ વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સત્રનો મુખ્ય હેતુ વ્યવસાયોને વૈશ્વિક સ્તરે તેમની પહોંચ કેવી રીતે વિસ્તૃત કરવી અને તેમના ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં સફળતાપૂર્વક કેવી રીતે પ્રદર્શિત કરવા તે અંગે વિસ્તૃત જાણકારી આપવાનો હતો, જે ઉદ્યોગસાહસિકો, ઉત્પાદકો, સ્ટાર્ટઅપ્સ, વેપારીઓ અને સેવા ક્ષેત્રના વ્યવસાયો માટે અત્યંત લાભદાયી નીવડ્યો હતો.આ સેમિનારથી રાજકોટના ઉદ્યોગસાહસિકોને વૈશ્વિક બજારમાં પ્રવેશવા અને તેમના ઉત્પાદનોને સફળતાપૂર્વક પ્રદર્શિત કરવા માટે નવીન તકો અને મૂલ્યવાન માર્ગદર્શન મળ્યું.

### આ સેમિનાર થકી નાના-મોટા નિકાસકારો, વેપારીઓ અને ઉત્પાદકોને એક પ્લેટફોર્મ પર આવ્યા: સમીના ખત્રી



અબતક સાથેની વાતચીતમાં સમીના ખત્રીએ જણાવ્યું હતું કે રાજકોટના નાના-મોટા નિકાસકારો, વેપારીઓ અને ઉત્પાદકોને એક એવા પ્લેટફોર્મ પર લાવવાનો હતો જ્યાં તેઓ ભારત સરકારે આપેલી તકોનો મહત્તમ લાભ લઈ શકે. આ સેમિનાર ખાસ કરીને એવા લોકો માટે હતો જેઓ આંતરરાષ્ટ્રીય વેપાર કરવા ઈચ્છે છે, પરંતુ માર્કેટિંગ પાછળ ખૂબ ખર્ચ કરવા છતાં તેમને અપેક્ષિત વેપાર મળતો નથી.કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે ઓછા ખર્ચે પણ આંતરરાષ્ટ્રીય સ્તરે કેવી રીતે સારો વેપાર કરી શકાય. ઘણીવાર લોકો માને છે

# માછીમાર સમુદાયના તેજસ્વી તારલાઓને શૈક્ષણીક કીટ વિતરણ કરતુ અદાણી ફાઉન્ડેશન

## માછીમાર સમાજની દીકરીઓના ઉચ્ચ અભ્યાસ માટે હંમેશા તત્પર: પંકિતબેન



**અબતક, રાજકોટ**

અદાણી ફાઉન્ડેશન અને મુન્દ્રા પેટ્રોકેમ દ્વારા માછીમાર સમુદાયના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને અગ્રેસર કરવાના ઉદ્દેશ્ય સાથે નવીનાળ ખાતે શૈક્ષણિક કીટ વિતરણ અને માર્ગદર્શન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવીનાળ, ઝરપરા, ત્રગડી અને મોઢવા ગામના માછીમાર સમુદાયના ૭૫થી વધુ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અદાણી ફાઉન્ડેશન દ્વારા મુંદ્રા અને માંડવી તાલુકાના માછીમાર સમુદાયના વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને આર્થિક સહયોગ પૂરો પાડવાના હેતુથી દર વર્ષે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જ્યારે ૧૦મા ધોરણમાં ૧૭ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ માટે પ્રવેશ મેળવ્યો. અને ૪૬ વિદ્યાર્થીઓએ ધોરણ ૯માં પ્રવેશ મેળવ્યો, શિક્ષણ ક્ષેત્રે આ સિદ્ધિ અદાણી ફાઉન્ડેશન માટે ગૌરવની વાત છે. કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના પંક્તિબેન ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું કે, ‘‘આ વર્ષે વિદ્યાર્થીઓની મોટી સંખ્યાએ આ પહેલનો લાભ લીધો છે તે જોઈને અમને અત્યંત આનંદ થાય છે. ખાસ કરીને મોઢવા અને ત્રગડીની માછીમાર સમાજની બે છોકરીઓએ ૧૦મું ધોરણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે,

અદાણી ફાઉન્ડેશનના પ્રયાસો થકી દર વર્ષે માછીમાર સમાજના વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે અને વાલીઓનો સહયોગ પણ ઉત્સાહવર્ધક છે. આવનારા સમયમાં વધુ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધે અને શૈક્ષણિક સ્તરમાં સુધારો આવે તે માટે અદાણી ફાઉન્ડેશન દ્વારા જરૂરી સહયોગ આપવામાં આવી રહ્યો છે.

આ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ ઉપરાંત પરિવહન સુવિધા અને આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવે છે. આ પહેલના પરિણામે માછીમાર સમુદાયના વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ હાંસલ કરી રહ્યા છે. અદાણી ફાઉન્ડેશનની આ ઉડાન શિક્ષણની સમાન તકો પૂરી પાડવા અને સમુદાયના ઉત્થાન માટે અથાક પ્રયાસોનું પ્રતીક છે, જે વિદ્યાર્થીઓના સપનાંઓને વાસ્તવિકતામાં બદલી રહી છે.

# ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં વંદે માતરમ ગીતના સાર્ધ શતાબ્દીની ઉજવણી

## યુનિવર્સિટીના કુલપતિ ઉપાધ્યાયજી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

દેશનાં ગૌરવ ગીત ’વંદે માતરમ’નાં ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી પ્રસંગે રાજ્યનાં વિવિધ શહેરોમાં ’વંદે માતરમ’ સપ્તાહની યાત્રાની ઉજવણીની શરૂઆત કરવામાં આવી. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કશ્યપ સભાગૃહ ખાતે ‘‘વંદેમાતરમ’ રચના વિશે શોધયાત્રાની અસરકારક રજૂઆત થઈ. જેમાં ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલપતિ પ્રો. ડો. અમીબહેન ઉપાધ્યાયજી તેમજ પુણેથી સંશોધક મિલિંદ સબનીસ રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના પ્રમુખ હર્ષદ યાજ્ઞિક અને મહામંત્રી ઋત્વિબેન પટેલે તેમજ ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના ડો. હિતેશભાઈ પટેલ તેમજ પ્રા.ચિરાયુ પંડિત ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં ડો બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વિદ્યાલક્ષી વિવિધ કામગીરી વિશે દસ્તાવેજી માહિતી આપવામાં આવી હતી.

રાષ્ટ્રઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ આ ગૌરવ ગીત ’વંદે માતરમ’ની રચના ૧૮૭૫માં કરી હતી. વંદે માતરમ માત્ર એક ગીત નથી, તે રાષ્ટ્રને એક તારમાં પરોવનાર સંદેશ છે.આ ગીતના ઈતિહાસ તેમજ મહત્વ વિશે સંશોધક મિલિંદ સબનીસની ટીમ દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પ્રદર્શન દ્વારા અભિવ્યક્તિ કરવામાં આવી . આ કાર્યક્રમમાં ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો સમગ્ર વિદ્યાપરિવાર જોડાયો હતો.

# આઈ.ટી.આઈ. ના મેગા પ્રિ-પ્લેસમેન્ટ જોબફેરમાં ૬૦ કંપનીઓએ લીધો ભાગ

## ૭૮૦ તાલીમાર્થીઓમાંથી ૯૩૦ ની પ્રાથમિક પસંદગી કરાઈ




**અબતક, રાજકોટ**

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજકોટ ખાતે તાજેતરમાં વર્લ્ડ યુથ સ્કીલ ડે નિમિતે સંસ્થાના વડાના માર્ગદર્શન હેઠળ તથા જિલ્લા રોજગાર કચેરીના સહયોગથી હાલમાં સંસ્થામાં તાલીમ લઈ રહેલા અને આગામી માસમાં ફાઈનલ પરીક્ષા આપનાર તાલીમાર્થીઓ માટે પ્રિ-પ્લેસમેન્ટ કમ જોબ ફેર- ૨૦૨૫ નું આયોજન કરવામાં આવેલ. જેમાં અલગ અલગ સેકટર જેવા કે ઈલેકટ્રીકલ, મિકેનીકલ, સિવીલ, ઓટોમોબાઈલ, સોલાર, કેમીકલ, આઈ.ટી. હેલ્થ, ઈન્સ્ટુમેન્ટ, રેફ્રીજરેશન, કોમ્પ્યુટર, વગેરેને લગતા અનેક નાના મોટા કુલ ૬૦ એકમો જેમ કે બાલાજી વેફર્સ, જયોતિ સીએનસી, રવિ ટકેનોફોર્જ, શકિતમાન (તીર્થ એગ્રો), સહીત કંપનીઓએ ભાગ લીધેલ. ઓદ્યોગિક તાલીમ સંસ્થા રાજકોટ તેમજ રાજકોટ જીલ્લા હેઠળની વિવિધ આઈ.ટી.આઈ. તેમજ જીલ્લા બહાર વાંકાનેર અને જુનાગઢ ના કુલ ૭૮૦ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાંથી ૬૩૦ તાલીમાર્થીઓની પ્રાથમિક પસંદગી થયેલ હતી.

સરકારના સ્કિલ ઈન્ડિયા મિશનને સાર્થક કરવા એકમોએ પણ ખુબ જ સારો સહયોગ આપેલ હતો અને તેમાં એકમો તરફથી તાલીમાર્થીઓની યોગ્યતાના આધારે અંદાજે રૂ. ૧૨ થી ૧૮ હજાર સુધીના માસિક પગારની ઓફર કરેલ છે.

# આજી ડેમની ઉંડાઈમાં વધારો કરવા માટે જિલ્લા કલેકટરને રજૂઆત

## પર્યટન સ્થળ બતાવી વિકાસ કરવા જનકલ્યાણ ટ્રસ્ટની માંગણી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પાણીની સમસ્યા હલ કરવા માટે રાજકોટથી ભાદર ડેમ સુધી ૪૧ કિલોમીટર નવી લાઈન નાખવાની ગતિવિધિ ચાલી રહી છે. અને આ કામ ચાર ફેઝમાં કરવામાં આવશે. જેમાં હાલના અંદાજ મુજબ ૧૨૦ કરોડ (સમય જતા આ ખર્ચ વધી પણ જાય) જેટલો ખર્ચ થવા જઈ રહ્યો છે. અને આ ખર્ચ અંતે તો પ્રજાની કેડ ઉપર જ આવશે.

સૌપ્રથમ આજીડેમમાં અડધા ભાગમાં પાણી નો જથ્થો કરવામાં આવે અને લગભગ ૫ થી ૮ મીટરનો કાંપ આવેલ છે, તે બધોજ કાંપ જરૂર મુજબ કાઢવામાં આવે અને પછી ૫ થી ૮ મીટર ડેમ ની ઊંડાઈ વધારવામાં આવે.

ત્યારબાદ આ ઊંડાઈ ધરાવતા ભાગમાં બધોજ પાણીનો જથો શિફટ કરી શકાય. બાકીના ભાગમાંથી પણ આ જ રીતે વધુમાં વધુ ૫ થી ૮ મીટરનો કાંપ કાઢી ૫ થી ૮ મીટર ઊંડાઈ વધારવામાં આવે. આજીડેમનું ક્ષેત્રફળ થોડું વધારવામાં આવે. ભાવનગર રોડ તરફની દિવાલ ઉંચી કરવામાં આવે

આજીડેમની એક સાઈડ ગાર્ડન વગેરે આવેલ છે, તેમ બીજી બાજુ પણ પર્યટન સ્થળ બનાવી વિકાસ કરવામાં આવે જેમકે જામનગર રોડ ઉપર અટલ સરોવર નો કરેલ છે.

આમ ઉપરયુક્ત મુદ્દાઓ પર કાર્યવાહી કરતા એક અંદાજ મુજબ ૪૦ થી ૪૫ ટકા જેટલો ખર્ચ ઘટાડી શકાય તેમ છે. તેમજ રાજકોટ માટે કાયમી ધોરણે પાણીની સમસ્યાનો ઉકેલ લાવી શકાય તેમ છે. રાજકોટને એક નવું પર્યટન સ્થળ પણ મળી જાય અને નજીકના ગામડાઓને પણ પાણીની સમસ્યા માંથી મુક્ત કરી શકાય તેવું યાદીમાં જણાવાયું હતુ.

# રેલવે સ્ટેશનના ખુલ્લા પાર્કિંગમાં રોડની તાતી જરૂરીયાત: જીજ્ઞેશ વાગડીયાની રજૂઆત

## છત વાળા પાર્કીંગની વ્યવસ્થા કરવા શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા ડીપાર્ટમેન્ટ પ્રમુખની રેલવેના ડીઆરએમને રજુઆત





**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં રેલ્વે સ્ટેશન પર દરરોજ આજુબાજુ નાનાં શહેરોમાં નોકરી કરતા અધિકારી તથા વિધાર્થીઓ તથા વેપારીઓ ઓ માટે રેલવે સ્ટેશન પર મોટરસાયકલ, હોન્ડા , એકટીવા તથા મોટરકારને વાહન પાર્કિંગ કરવામાં આવે છે ત્યારે રાજકોટ નાં ભકિત નગર તથા જંકશન રેલવે સ્ટેશન પર પાર્કિંગ ની જગ્યા માં ખુલ્લામાં પાર્કિંગ કરવામાં આવે છે વરસાદમાં તથા ભર ઉનાળેમાં ખુલ્લામાં પાર્કિંગમાં હોય છે..

જો આ પાર્કિંગ ની સુવિધા માં ઉપર વ્યવસ્થા કરવામાં આવે તો પાર્કિંગ કરવાવાળા ને વાહન સુવિધા ઉપલબ્ધ થ ઈ શકશે..

રાજકોટ નાં રેલવે નાં ડી આર એમ પાસે રાજકોટ શહેર કોંગ્રેસ સોશિયલ મીડિયા ડીપાર્ટમેન્ટ પ્રમુખ જીજ્ઞેશ વાગડીયા તથા જલ્પેશ કલોલા પ્રતિમા બેન વ્યાસ મિલનભાઈ સોનીએ પત્ર દ્વારા રજુઆત કરી હતી.

# રાજયમાં ૨૯મીએ ડેલ્ટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો જોવા મળશે

## શહેરીજનોને ઉલ્કાવર્ષાનોઅદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાનો અનુરોધ

**અબતક, રાજકોટ**

દુનિયાભરમાં લોકોએ મે માસમાં ઈટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૬૦ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કા વર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં આજથી ૩૧ મી જુલાઈ અને ૨૧ મી ઓગસ્ટ સુધી ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે.

ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કા વર્ષાનો અભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ અપીલ કરી છે. વરસાદી વાદળા હશે ત્યાં જોવા મળશે નહિ, સ્વચ્છ આકાશમાં જોવા મળશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે મધ્યરાત્રિ બાદ ડેલ્ટા-એક્વેરીડ્સ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે.

જુલાઈ તા. ૨૯, ૩૦ અને તા. ૩૧ ના રોજ તથા ઓગસ્ટના અમુક દિવસોમાં આકાશમાં ઉલ્કા વર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં ૫૦ ઉલ્કા વર્ષા જોવા મળશે. આકાશમાં ઉલ્કા જોવા મળશે. ઉલ્કા આકાશમાં જ એક-બે સેકન્ડમાં બળીને રાખ થઈ જાય છે.

વધુમાં પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસે સૂર્યપ્રકાશના કારણે પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી.

જાથાનો પ્રયાસ લોકોને આકાશ તરફ નજર કરતા થાય. ખગોળીય ઘટનાનો અહેસાસ કરવા માનસમાં વાત મુકવી જેથી અવકાશી ઘટના તરફ લાવવા માટે રાજયભરમાં આયોજન જિલ્લા મથકોમાં અમદાવાદ, રાજકોટ, સુરેન્નગર, મોરબી, અમરેલી, બોટાદ, ભાવનગર, નર્મદા, છોટા ઉદયપુર, અરવલ્લી સહિત નજારો જોવા સંબંધી અભિયાન ચાલી રહ્યું છે.

# રાજ્યના ૫ પુલોને સંપૂર્ણ બંધ કરવા આદેશ: ૪ પુલ ભારે વાહન માટે પ્રતિબંધિત

## નર્મદા કેનાલ પર સ્થિત ૨,૧૧૦ પુલોનું સઘન વિઝ્યુઅલ નિરીક્ષણ અભિયાન હાથ ધરાયું, ૩૬ પુલોને તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા સૂચનાઓ અપાઈ

**અબતક, રાજકોટ**

ગંભીરા પુલ દુર્ઘટના બાદ ભારે વરસાદના પરિણામે ક્ષતિગ્રસ્ત થયેલા રાજ્યના વિવિધ માર્ગો અને પુલોના મરામત-સમારકામની કામગીરી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. નાગરિકોની સલામતીને પ્રાધાન્ય આપતા, રાજ્ય સરકાર દ્વારા અગમચેતીના ભાગરૂપે રાજ્યના વિશાળ નર્મદા કેનાલ નેટવર્ક પર સ્થિત વિવિધ પુલોની પણ ટેક્નિકલ તપાસ હાથ ધરવામાં આવી છે અને તેની ગુણવત્તા સુનિશ્ચિત કરવામાં આવી છે.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અહેવાલ મુજબ, ગુજરાતમાં ૧૭.૯૨ લાખ હેક્ટર સિંચાઈ વિસ્તારને આવરી લેતું આશરે ૬૯,૦૦૦ કિ.મી. લાંબુ નર્મદા કેનાલ નેટવર્ક ઉપલબ્ધ છે. આ કેનાલ નેટવર્ક પરથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગો, રાજ્ય ધોરીમાર્ગો અને ગામડાંના માર્ગોને જોડતા આશરે ૨,૧૧૦ જેટલા પુલ કાર્યરત છે. આ પુલોની વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવા, સંભવિત ક્ષતિઓને અટકાવવા તેમજ પુલના આયુષ્યને લંબાવવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા આ તમામ પુલોનું વ્યાપક વિઝ્યુઅલ નિરીક્ષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ નિરીક્ષણ અભિયાનના તારણના આધારે, ટ્રાફિક માટે જોખમી જણાઈ આવેલા કુલ ૦૫ પુલોને સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યા છે. પુલની વાહક અને ભાર ક્ષમતાના આધારે અન્ય ૦૪ પુલોને ભારે વાહનો માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૩૬ પુલોને મરામતની જરૂરિયાત હોવાથી તાત્કાલિક અસરથી મરામત કામગીરી માટે બંધ કરવા માટે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. જ્યારે, નર્મદા કેનાલ પર સ્થિત બાકીના ૨,૦૬૫ નાના-મોટા પુલની સુરક્ષા સુનિશ્ચિત કરવા સંબંધિત ક્ષેત્રીય કચેરીઓને સૂચના આપવામાં આવી છે.

રાજ્યના નર્મદા કેનાલ નેટવર્ક પર સ્થિત પરિવહન પુલો પર સતત ભારણ અને પર્યાવરણીય પરિબળોની અસર થતી રહે છે. આવા સમયે સંભવિત જોખમોને ઓળખવા અને તેને સમયસર દૂર કરવા માટે નિયમિત નિરીક્ષણ અત્યંત મહત્વપૂર્ણ છે. એટલા માટે જ, પુલોનું નિરીક્ષણ અને સમારકામ એક સતત ચાલતી પ્રક્રિયાનો મુખ્ય ભાગ છે. ભવિષ્યમાં પણ નિયમિત નિરીક્ષણ અને સમયસર જાળવણી દ્વારા પુલોની સુરક્ષા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવામાં આવશે, તેમ સરદાર સરોવર નર્મદા નિગમના અહેવાલમાં જણાવાયું છે.

### સંપૂર્ણપણે બંધ કરાયેલા ૫ પુલ

૧. મોરબી જિલ્લામાં માળિયા બ્રાંચ કેનાલ પર અજીતગઢ અને ઘંટીલા ગામને જોડતા રોડ પર સ્થિત પુલ.

૨. મોરબી જિલ્લામાં નેશનલ હાઈવે ૧૫૧એ અને મચ્છુ નદી વચ્ચે માળિયા બ્રાંચ કેનાલ પર સ્થિત પુલ.

૩. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર તાલુકાના ઢાંકી-છારદ ગામ પાસે સ્થિત પુલ.

૪. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર લખતર-વણા ગામ પાસે સ્થિત પુલ.

૫. સુરેન્દ્રનગર જિલ્લામાં સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ પર વઢવાણ તાલુકાના બાલા-બાલા ફાર્મ પાસેનો પુલ.

### ભારે વાહનો માટે પ્રતિબંધિત કરાયેલા ૪ પુલ

૧. અમદાવાદ જિલ્લામાં વલ્લભીપુર બ્રાંચ કેનાલ પર ફેદરા-બગોદરા અને ભાવનગરને જોડતા રાજ્ય ધોરીમાર્ગ પર સ્થિત પુલ.

૨. અમદાવાદના નરોડા અને ગાંધીનગરના દહેગામને જોડતા રાજ્ય ધોરીમાર્ગ પરની કેનાલ પર સ્થિત પુલ.

૩. અમદાવાદ જિલ્લામાં રાયપુર અને મેદરાને જોડતા માર્ગ પરની કેનાલ પર સ્થિત પુલ.

૪. પાટણ જિલ્લાના સંતાલુર તાલુકામાં કચ્છ બ્રાંચ કેનાલ પર સીધાળા અને સુઈગામને જોડતા રોડ પર સ્થિત પુલ.

# બિસ્માર રસ્તાઓને રિપેર કરવાના કામ પર ખુદ મુખ્યમંત્રીની નજર

## મરામતની કામગીરીનું રૂબરૂ નિરિક્ષણ કરી કામની ગુણવતા ચકાસવા સંબંધીત અધિકારીઓને સુચના

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ચોમાસામાં ભારે વરસાદને પગલે નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે તેમજ ગામો, નગરો-મહાનગરોના રસ્તાને થયેલા નુકસાનનું દુરસ્તી કાર્ય ૨૪૪૭ યુદ્ધના ધોરણે શરૂ કરાવ્યું છે.

તેમણે સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા માર્ગો-પુલોના મરામતોના કામોની સમીક્ષા સી.એમ. ડેશબોર્ડની વિડીયો વોલ મારફતે હાથ ધરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં માર્ગો-પુલો, નાળા, કોઝ-વે વગેરેની પ્રિ-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે જે ચકાસણી કરવામાં આવી હતી તે સંદર્ભની મરામત સૂચનાઓનું પાલન થવામાં કોઈ ક્ષતિ કે કચાશ ન રહે તે સુનિશ્ચિત કરીએ.

તેમણે રોડ રસ્તાની દુરસ્તી કામગીરી અંગે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવીને ત્વરાએ માર્ગો પૂર્વવત વાહનવ્યવહાર યોગ્ય થાય એટલું જ નહિં, નાગરિકોની રજૂઆતોનું તરત જ નિવારણ આવે અને માર્ગ મરામત અગ્રતાએ હાથ ધરાય તે માટે અધિકારીઓને સૂચનાઓ આપી હતી.



મુખ્યમંત્રીએ આ બેઠકમાં ઈજનેરો, અધિકારીઓને પણ તાકીદ કરી હતી કે, નાની-નાની વસ્તુની પણ કોઈ ફરિયાદ ન આવે. તેમજ જાહેર જનતાને કોઈ તકલીફ ન પડે તેવા ધ્યેય સાથે મરામત કામોને અગ્રતા અપાય તે આવશ્યક છે.

આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, માર્ગ-મકાન વિભાગના 24X7 કંટ્રોલરૂમ, ગુજમાર્ગ એપ્લિકેશન તથા જે મહાનગરપાલિકાઓની મોબાઈલ એપ છે તે એપ, વોટ્સએપ, વેબસાઈટ અને હેલ્પલાઈન નંબર, સિટી સિવિક સેન્ટર અને કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પર આવતી નાગરિકોની બધી જ રજૂઆતોનું ઝડપથી સંતોષકારક દુરસ્તી કામ હાથ ધરાય તે માટે સંબંધિત અધિકારીઓ મોનિટરિંગ કરે.

નાગરિકોની ફરિયાદના ત્વરિત નિવારણ માટે શહેરી ક્ષેત્રોમાં જે મિકેનિઝમ કાર્યરત છે

મુખ્યમંત્રીએ ઈ-નગર પોર્ટલ પર આવતી રજૂઆતોના સંદર્ભમાં નિયમિત ફોલોઅપ અને ફિલ્ડ ચેક માટે નિષ્ણાંત એજન્સીની મદદથી નિવારણ લાવવા પણ સૂચનો કર્યા હતાં.

મુખ્યમંત્રીએ જે મરામત કામો હાથ ધરાય તેનું સતત મોનિટરિંગ અધિકારીઓ, સંબંધિત મહાનગરો તથા જિલ્લા તંત્રવાહકો દ્વારા ફિલ્ડ વિઝીટ કરીને થાય તેવા સ્પષ્ટ દિશાનિર્દેશો આપ્યા હતા.

માર્ગ-મકાન વિભાગે જાહેર સલામતીને ધ્યાનમાં રાખીને જે પુલ વાહનવ્યવહાર માટે બંધ કર્યા છે તેના સ્ટ્રક્ચર્સની પૂરતી ચકાસણી થાય અને મરામત કામમાં ક્વોલિટી જળવાય તેની ખાતરી કરવા તેમણે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત, રાજ્ય સરકારે તમામ પુલોની ત્વરિત સમીક્ષા કરીને યોગ્ય મરામત માટે તત્કાલ કામગીરીના આદેશો આપ્યા છે તેનું પણ અવશ્ય પાલન થાય તેની ખાતરી કરવા તેમણે સૂચનાઓ આપી હતી.

આવા પુલો પરના વાહનવ્યવહારને જો ડાયવર્ટ કરવામાં આવ્યા હોય તો વૈકલ્પિક રૂટ પણ સેઈફ એન્ડ સિક્યોર હોય અને વાહનોની અવર-જવરને કારણે ટ્રાફિક જામ ન થાય તે માટેની વ્યવસ્થાઓ ચકાસી લેવા ભૂપેન્દ્ર પટેલે સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રીએ સૌ અધિકારીઓને એવી પણ તાકીદ કરી હતી કે મરામત કામ સતત ચાલતું રહે અને નાગરિક જીવનમાં કોઈ અગવડ ન પડે તે જ આપણો ધ્યેય છે. આ હેતુસર વરસાદ ન હોય તેવા બધા જ દિવસોએ વધારાનો મેનપાવર કામે લગાડીને પણ માર્ગો-પુલો ઝડપથી પૂર્વવત અને મોટરેબલ બનાવવાના કાર્ય આયોજનને પ્રાયોરિટી આપવા તેમણે જણાવ્યું હતું.

તેમણે ખાસ કરીને નેશનલ હાઈવેના જે પુલો-માર્ગો ક્ષતિગ્રસ્ત થવાથી આંતરરાજ્ય વાહન વ્યવહારને અસર પડી છે તેવા માર્ગો ઝડપથી મરામત કરીને પૂર્વવત કરવા એન.એચ.એ.આઈ.ના ફિલ્ડ ઓફિસરોને સૂચનાઓ આપી હતી.

એન.એચ.એ.આઈ.ના અધિકારીઓએ જણાવ્યું કે, તેમના હસ્તકના જે ૩૩.૭૮ કિ.મી.ના માર્ગોની મરામતનું કામ હાલ ચાલી રહ્યું છે તે ૩૦મી જુલાઈ સુધીમાં પૂરું કરી દેવાશે.

મુખ્યમંત્રીના સીધા માર્ગદર્શનમાં માર્ગ-મકાન વિભાગ, શહેરી વિકાસ વિભાગ સહિતના સંબંધિત વિભાગોના અધિકારીઓ, મ્યુનિસિપલ કમિશનરો, રિજીયોનલ કમિશનરો, જિલ્લા કલેક્ટરો પેચ વર્ક અને પોટ હોલ્સ પુરવાની કામગીરી સહિતની મરામત કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે સતત મોનિટરિંગ સ્થળ પર જઈને કરે છે તે સંદર્ભમાં પણ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.ગુજરાતમાં રાજ્ય, પંચાયત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને પાટનગર યોજનાના મળીને માર્ગોનું જે કુલ નેટવર્ક છે તેમાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓ પર ૪૭ ટકા પેચવર્કની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત, અત્યાર સુધીમાં કુલ ૬૩%થી વધુ પોટ હોલ્સ ભરવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. રાજ્યની કુલ ૧૭ મહાનગરપાલિકાઓ અંતર્ગત આવતા રોડ-રસ્તાના સમારકામની મોટા ભાગની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે.

# ધારાસભ્ય તરીકે શપથ લેતા ગોપાલ ઈટાલીયા અને રાજેન્દ્ર ચાવડા

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની કડી અને વિસાવદર બેઠકની ગત મહિને યોજાયેલી પેટા ચુંટણીમાં વિજેતા બનેલા ગોપાલભાઈ ઈટાલીયા અને રાજેન્દ્રભાઈ ચાવડા આજે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ધારાસભ્ય તરીકે શપથ લેવડાવ્યા હતા. આ સાથે વિધાનસભામાં તમામ ૧૮૨ સભ્યોની સંખ્યા પૂરી થઈ જવા પામી છે.





## વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ પદ અને ગોપનિયતાના શપથ લેવડાવ્યા

ગુજરાત વિધાનસભાની વર્ષ ૨૦૧૭માં યોજાયેલી સામાન્ય ચુંટણીમાં ભાજપ ૧૫૬ બેઠકો જીતી રાજ્યમાં સતત સાતમી વખત સત્તારૂઢ થયું હતું. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર ૧૭ બેઠકો આવી હતી. આમ આદમી પાર્ટી પાંચ બેઠકો પર જીતી હતી. જ્યારે અન્ય પક્ષના ફાળે માત્ર ચાર બેઠકો આપી હતી. દરમિયાન પાંચ બેઠકો પરથી અલગ અલગ પક્ષ અને અપક્ષ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. આ બેઠકોની પેટા ચુંટણીમાં ભાજપના ઉમેદવારો જીતતા ભાજપનું સભ્ય સંખ્યાબળ વિધાનસભામાં ૧૬૧ થયા પામ્યું હતું. ગત વર્ષ લોકસભાની સામાન્ય ચુંટણીમાં બનાસકાંઠા બેઠક પરથી ગેનીબેન ઠાકોર જીતતા વાવ બેઠકની પેટા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર વિજેતા બન્યા હતા. આમ વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોની સંખ્યા ૧૬૨ થવા પામી હતી.

વિસાવદર બેઠક પરથી આપના પ્રતિક પરથી ચુંટણી લડી વિજેતા બનેલા ભુપતભાઈ ભાયાણીએ રાજીનામું આપી દેતા આ બેઠક ખાલી પડી હતી. કાનુની દાવપેંચના કારણે આ બેઠક દોઢ વર્ષથી પણ વધુ સમય માટે ખાલી રહી હતી. કડી વિધાનસભા બેઠક પરથી ચુંટાયેલા ભાજપના ધારાસભ્યનું અકાળે નિધન થતા ગત મહિને વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચુંટણી યોજાઈ હતી.

જેમાં વિસાવદર બેઠક પરથી આપ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલભાઈ ઈટાલીયા અને કડી વિધાનસભા બેઠક પરથી રાજેન્દ્રભાઈ ચાવડા વિજેતા બન્યા હતા.

આજે બન્ને એ ધારાસભ્ય તરીકે શપથ લીધા હતા. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સવારે ૧૧ કલાકે ગોપાલભાઈ ઈટાલીયાને અને બપોરે ૧૨.૩૯ કલાકે રાજેન્દ્રભાઈ ચાવડાને ધારાસભ્ય તરીકે શપથ લેવડાવ્યા હતા.

વિધાનસભામાં હવે ૧૮૨ સભ્યો પુરા થઈ ગયા છે. જેમાં ભાજપના ૧૬૨ ધારાસભ્યો, કોંગ્રેસના ૧૨ ધારાસભ્યો, આમ આદમી પાર્ટીના પાંચ ધારાસભ્યો જ્યારે ત્રણ ધારાસભ્ય અન્ય પાર્ટી કે અપક્ષના છે.

# આર.કે. યુનિવર્સિટી દ્વારા કાલે નિ:શુલ્ક બાળ રોગ નિદાન કેમ્પ

## બાળકોની બોલવાની , ચાલવાની મગરની વિવિધ બિમારીનું નિદાન અને સારવાર

**અબતક, રાજકોટ**

સમગ્ર ગુજરાતમાં બાળકોને વિવિધ તકલીફથી બાળકો પીડીત હોઈ છે.

આવા સંજોગોમાં બાળકોની સાર સંભાળ લેવા રાજકોટ પ્રતિષ્ઠીત આર.કે. યુનિવર્સિટી દ્વારા બાળકોની બોલવાની તકલીફ થતી હોઈ ચાલવાની તકલીફ, ઉઠવાની તકલીફ, બેસવાની તકલીફ, મગનના વિકાસ ધીમો હોઈ મગજના રોગો સેરેબ્રલ પાલ્સી અન્ય માશ પેશી જન્ય રોગ હોય તેવા તમામ બાળકોને નિ:શુલ્ક નિદાન અને સારવાર માટે કાલે ગુરુવારના રોજ કેમ્પનું આયોજન કરેલ છે.

તા. ૧૭-૭ ના ગુરુવારના રોજ આર.કે. યુનિવર્સિટી આયુર્વેદ કિલીનિક મેઘાણી રંગભવન સામે ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે સવારે ૯ થી ૧૨ સુધી બાળકોને સાથે લઈ નિદાન કેમ્પ સારવાર લેવા આર.કે. યુનિવર્સિટી દ્વારા વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# ૧૨ વર્ષના વનવાસ બાદ કાલે ઘરવાપસી: ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ‘ચડોતરૂં’ કુરિવાજથી વિસ્થાપિત આદિવાસી પરિવારોનું પુનર્વસન કરાવશે

## દાંતા તાલુકાના મોટા પીપોદરા ગામના કોદાર્વી પરિવારના ૩૦૦ જેટલા સભ્યોને એક સાથે પોતાના ગામમાં પુનર્વસન માટેનો આ એક ઐતિહાસિક પ્રસંગ હશે

**અબતક રાજકોટ**

આદિવાસી સમાજના એક કુરિવાજ ચડોતરુંના કારણે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલા મોટા પીપોદરા ગામમાંથી ૧૨ વર્ષ પહેલા હૃદય પર પથ્થર મૂકીને પોતાનું વતન છોડીને ૨૯ કોદાર્વી પરિવારના ૩૦૦ જેટલા સભ્યો આ ગામમાંથી સ્થળાંતર કરીને ચાલ્યા ગયા હતા. આ પરિવારોનું પુનર્વસન ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા કરાવવામાં આવનાર છે. આવતીકાલે આદિવાસી સમાજના આ પરિવારોને સંપૂર્ણ માન સન્માન સાથે પોતાના ગામમાં પુનર્વસન માટેનો આ એક ઐતિહાસિક પ્રસંગ હશે.આદિવાસી સમાજનો એક કુરિવાજ ચડોતરું એટલે કે વેર લેવાની પરંપરા. આ ચડોતરું કુરિવાજને કારણે દાંતા તાલુકાના મોટા પીપોદરા ગામમાંથી ૧૨ વર્ષ પહેલા સ્થળાંતર કરીને કોદાર્વી સમુદાયના ૨૯ પરિવારોના ૩૦૦ જેટલા સભ્યો પાલનપુર તથા સુરત ચાલ્યા ગયા હતા. મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા પોલીસે આ સમુદાયની વિગતો મેળવીને તેમનો સંપર્ક કર્યો. ગ્રામ પંચાયતના આગેવાનો તથા બંને સમુદાયના આગેવાનો સાથે બેઠકો કરી આ પરિવારોના પુનર્વસન બાદ ગામમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે બેઠકો કરી. આ પરિવારોની આ ગામમાં ૮.૫ હેક્ટર જેટલી જમીન પણ છે. બનાસકાંઠા પોલીસે આ જમીન ક્યાં છે તે જગ્યા અને તેની માપણી સહિતની કામગીરી ડિસ્ટ્રીક્ટ ઈન્સ્પેક્ટર લેન્ડ રેકોર્ડ્સ સાથે સંકલનમાં રહીને કરી. ઝાડી ઝાંખરા ઊગીને વેરાન બની ગયેલી આ જગ્યા સમતળ કરી ખેતીલાયક કરી આપી. ઉપરાંત આ પરિવારો માટે હાલમાં બે મકાન તૈયાર કરાવી આપ્યા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના તથા વિવિધ સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ સાથે મળીને બાકીના ૨૭ જેટલા પરિવારોને પણ ટૂંક સમયમાં મકાન તેમજ અન્ય જીવન જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ બની રહે તે પ્રકારની કામગીરી થઈ રહી છે. આદિવાસી પરિવારોના પુનર્વસનની આ ઐતિહાસિક કામગીરી અંતર્ગત મંત્રી હર્ષ સંઘવી આ પરિવારોને માનભેર ગામમાં આવકારશે. સાથોસાથ તેમની જમીન પર પૂજાવિધિ કરી બિયારણ વાવણી થકી આ પરિવારોને પુનઃ આ ગામના એક અંગ તરીકે જોડશે. ત્યાર બાદ મંત્રી હર્ષ સંઘવી સ્થળાંતર કરેલા પરિવારો સાથે વાર્તાલાપ કરીને તેમના પુનર્વસન માટેની યોજનાઓ પર ચર્ચા કરશે. તે ઉપરાંત અસરગ્રસ્ત પરિવારોને શિક્ષણ સામગ્રી અને રેશન કિટનું વિતરણ કરશે. આ ઐતિહાસિક પ્રસંગ પુનર્વસન થનાર આદિવાસી પરિવારોના સુખ-શાંતિની નવી શરૂઆતનું પ્રતીક બનશે.

# ‘જીકાસ પોર્ટલ બંધ કરો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિણામો જાહેર કરો’: એનએસયુઆઈની કુલપતિને રજૂઆત

## જીકાસ પોર્ટલ વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક સાબિત થવાને બદલે મોટી મુશ્કેલીઓ તેમજ પીએચડીની પ્રવેશ પરીક્ષા પુન:પુન:શરૂ કરવા માંગ

**અબતક,રાજકોટ**

ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉઠાવતા, નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા એનએસયુઆઈએ પોર્ટલમાં વિદ્યાર્થીઓને થઈ રહેલી મુશ્કેલીઓ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના કથિત ખાડે ગયેલા તંત્ર સામે વિરોધ નોંધાવી કુલપતિ ઉત્પલ જોશીને આવેદન પાઠવ્યું છે અને તાત્કાલિક ધોરણે પીએચડી પ્રવેશ પરીક્ષા ફરી શરૂ કરવાની પણ



માંગ કરી છે.છેલ્લા બે વર્ષથી ગુજરાતમાં શિક્ષણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ જિકાસ પોર્ટલ વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક સાબિત થવાને બદલે મોટી મુશ્કેલીઓ ઊભી કરી રહ્યું છે. પોર્ટલની મુખ્ય ખામીઓમાં એડમિશન પ્રક્રિયામાં વિલંબ, વિદ્યાર્થીઓને વારંવાર ધક્કા, એલોટમેન્ટ છતાં પ્રવેશ ન મળવો, મેરિટમાં ગોટાળા અને ફીની ઉઘરાણી સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. આ તમામ મુદ્દાઓને લઈને દ્વારા પોર્ટલને બંધ કરવા રજૂઆત કરવામાં આવી છે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને બે દિવસની અંદર પરીક્ષાના પરિણામો જાહેર કરવાની અલ્ટીમેટમ આપી છે, અન્યથા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ એનએસયુઆઈના પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિતનાઓએ રજૂઆત કરી ગુજરાતના શિક્ષણ તંત્ર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વહીવટ સામે સવાલો ઉભા કર્યા છે અને વિદ્યાર્થીઓના હિતમાં તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે.


**રાજકોટ મહાનગરપાલિકા – દબાણ હટાવ વિભાગ**

**ઓનલાઈન જાહેર નોટીસ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ વિભાગ દ્વારા રાજકોટ શહેરમાંથી જપ્ત કરવામાં આવેલ રેકડી, કેબિન અને અન્ય પરચુરણ માલસામાન વેચાણથી આપવા રેઈટ કોન્ટ્રાક્ટ કરવાનો છે. આ કામે રસ ધરાવનાર ઈસમોઓએ ઓનલાઈન ટેન્ડર વેબસાઈટ http://tender.nprocure.com પર ભરવાનું રહેશે. ઓનલાઈન ટેન્ડર તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧-૦૦ કલાક થી તા.૦૨/૦૮/૨૦૨૫ ના રોજ ૧૮-૦૦ કલાક સુધીમાં ભરી શકાશે. તથા ફિઝીકલ ડોક્યુમેન્ટસ, ટેન્ડર ફી અને અર્નેષ્ટમની ડિપોઝીટની રકમ સાથે તા.૦૪/૦૮/૨૦૨૫ ના રોજ ૧૮-૦૦ કલાક સુધીમાં રજી.એડી./સ્પીડપોસ્ટ/કુરીયરથી રાજકોટ મહાનગરપાલિકા, દબાણ હટાવ વિભાગ, રૂમ નં.૯, ત્રીજો માળ, ડો. આંબેડકર ભવન, સેન્ટ્રલ ઝોન ઓફિસ, ઢેબર રોડ ખાતે પહોંચતા કરવાના રહેશે. તેમજ આ અંગેની પ્રિ-બીડ મિટીંગ તા.૨૧/૦૭/૨૦૨૫ ના રોજ ૧૧-૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

# ટીઆરપી અગ્નિકાંડમાં તત્કાલીન ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને સુપ્રીમની રાહતઃ જામીન મંજૂર

## ગેમઝોન દુર્ઘટનામાં બાળકો સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતાઃ મહાપાલિકાના આઠ કર્મચારી સહિત ૧૫ સામે ગુનો નોંધાયો હતો

## સેશન્સ અને હાઈકોર્ટે જામીન અરજી રદ કરતા ફાયર ઓફિસર ખેરે સર્વોચ્ચ અદાલતના દ્વાર ખટખટાવ્યા હતાઃ પ્રથમ આરોપીના જામીન મંજુર

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર દેશમાં ચકચાર જગાવનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું જેલ હવાલે રહેલા ફાયર ઓફિસર ખેરની જામીન અરજી સેશન્સ અને હાઈકોર્ટે નામંજુર કરતા ફાયર ઓફિસર ઈલેશ ખેરે સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે ચાલી જતા સુપ્રીમ કોર્ટ દ્વારા ફાયર ઓફિસર ઈલેશ ખેરની જામીન અરજી મંજુર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં કાલાવડ રોડ ઉપર આવેલ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં નાના બાળકો અને ગેમઝોનના કર્મચારીઓ સહિત ૨૭ લોકો ભડથું થઈ ગયા હતા. આ બનાવને ગંભીરતાથી લઈ રાજ્ય સરકાર દ્વારા નિમવામાં આવેલી એસ.આઈ.ટી.ની તપાસમાં આ બનાવવાળી જગ્યાનું ફાયર એનઓસી,



બાંધકામ સહિતની અનેક બાબતોમાં મહાપાલિકા સહિતના તંત્રો દ્વારા ગેમઝોનના ભાગીદારો અને તંત્રના જવાબદાર અધિકારીની સાંઠગાંઠ હોવાના કારણે આ દુઃખદ ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું. તેથી ટીઆરપી ગેમઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા અધિકારીઓ સહિતના ધવલ ભરતભાઈ ઠક્કર, યુવરાજસિંહ હરિસિંહ સોલંકી, રાહુલ લલિતભાઈ રાઠોડ, નીતિન મહાવીરપ્રસાદ લોઢા, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, મહેશ અમૃતભાઈ રાઠોડ, મનસુખ ધનજીભાઈ સાગઠીયા, ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજીભાઈ મકવાણા, જયદિપ બાલુભાઈ ચૌધરી, રાજેશ નરશીભાઈ મકવાણા, રોહિત અસમલભાઈ વિગોરા, ભીખાભાઈ જીવાભાઈ થીબા, ઈલેશ વલભભાઈ ખેર શખ્સો સામે ગુનો નોંધી ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. દરમિયાન આ કેસમાં ચાર્જશીટ થયા બાદ ફાયર ઓફિસર ઈલેશ ખેરે સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજૂર થતાં ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરી હતી. જે જામીન અરજી હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવતા ફાયર ઓફિસર ઈલેશ ખેરે જેલ મુક્ત થવા પોતાના વકીલ મારફત સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી.

જે જામીન અરજીની સુનાવણી ચાલવા ઉપર આવતા.જેમાં બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ ફાયર ઓફિસર ઈલેશ ખેરના સિનિયર ધારાશાસ્ત્રી દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો અને ઉચ્ચ અદાલતના ટાંકેલા ચુકાદાઓ ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટના ન્યાયધીશએ ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.

### અરવિંદ મણીયાર જકલ્યાણ ટ્રસ્ટ દ્વારા

# દિવ્યાંગ બાળકોની કલાને ઉજાગર કરતો ટેલેન્ટ 'સ્નેહ સ્પર્શ' શુક્રવારે કાર્યક્રમ

## રાજકોટની ૧૦ સંસ્થાના ૨૭૨ દિવ્યાંગ બાળકો સૂર તાલ સાથે અદભૂત કલાના કામણ પાથરશે

**અબતક, રાજકોટ**

અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના ઉપક્રમે શુક્રવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે હેમુગઢવી હોલમાં દિવ્યાંગ બાળકોની સંવેદનાઓને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમ ''સ્નેહસ્પર્શ'' નું આયોજન કરવામાં આવ્યું છે . રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ગુજરાત પ્રાંતના સંઘચાલક તરીકે ફરજ બજાવી દિવ્યાંગો માટે જીવન સમર્પિત કરનાર અને ''પપ્પાજી'' ના નામથી ચાહના મેળવનાર સ્વ. ડો.પી.વી. દોશીની જન્મજયંતિ નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉપરોક્ત કાર્યક્રમ યોજાનાર છે.

છેલ્લા વીસ વર્ષથી ''સ્નેહસ્પર્શ'' કાર્યક્રમ નિયમીતપણે યોજવામાં આવે છે. કુદરતે જે બાળકોના આંખ, કાન, વાચા હરી લીધા છે, તેઓ પણ અદ્ભુત કલા રજૂ કરી શકવા સક્ષમ હોવાનો સમાજને ખ્યાલ આવે અને તે બાળકોમાં ઉત્સાહ અને આત્મવિશ્વાસનો ભાવ જાગૃત થાય તેવા શરદભાઈ વોરાના શુભ વિચાર સાથે ''સ્નેહસ્પર્શ'' નો શુભારંભ થયેલ થનાર છે.

છેલ્લા ઘણા વર્ષોથી દિવ્યાંગ બાળકોની પ્રગતિમાં બહુમૂલ્ય યોગદાન આપતા રહ્યા છે તેવા રજનીભાઈ બાવીશી, વિરાણી બહેરા મૂંગા શાળા, વિનોદભાઈ ગોસલિયા, અંધમહિલા વિકાસગૃહ તથા સ્નેહ નિર્ઝર સંસ્થા તેમજ વ્યવસાયિક રીતે જેઓ ડેપ્યુટી એન્જીનીયર, ઈરીગેશનમાં હતા પરંતુ માનવીય રીતે તેઓ દિવ્યાંગ બાળકોની પ્રગતિમાં ઊંડો રસ ધરાવી તેમના માર્ગદર્શક બની રહેલ છે તેવા ભાસ્કરભાઈ પારેખનું સન્માન પણ આ કાર્યક્રમમાં કરવામાં આવનાર છે.

તા.૧૮/૭ ના યોજાનાર ''સ્નેહસ્પર્શ'' કાર્યક્રમનું પ્રમુખસ્થાન સ્વામી નિખિલેશ્વરાનંદ, રામકૃષ્ણ આશ્રમ શોભાવશે. મુખ્ય મહેમાન પદે નયનાબેન પેઢડીયા મેયર રાજકોટ મ્યુનિ.કોર્પોરેશન, પરસોત્તમભાઈ રૂપાલા, સાંસદ સભ્ય, રામભાઈ મોકરિયા, સાંસદ રાજ્યસભા, ડો. દર્શિતાબેન શાહ, ધારાસભ્ય, માધવભાઈ દવે ડી.વી. મહેતા જાણીતા શિક્ષણશાસ્ત્રી જીનીયસ ગ્રુપ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં દીવ્યાંગોના ઉત્કર્ષ માટે કાર્ય કરતી દસ સંસ્થાઓ જેવીકે વિરાણી બહેરા મૂંગા શાળા, અંધ મહિલા વિકાસગૃહ, સ્નેહ નિર્ઝર, જીનીયસ સુપર કિડ્સ, પ્રયાસ પેરેન્ટ્સ, નવશકિત વિદ્યાલય, એકરંગ મનોદિવ્યાંગ દીકરીઓની સંસ્થા, સેતુ ફાઉન્ડેશન, મંત્ર ફાઉન્ડેશન તેમજ પરમાર્થ એજ્યુકેશનના કુલ ૨૭૨ દિવ્યાંગ બાળકો ભાગ લઈ કલાના ઓજસ પાથરશે. આ સંવેદનાસભર કાર્યક્રમના પ્રોજેક્ટ ઈનચાર્જ તરીકેની જવાબદારી નિલેશભાઈ શાહ તથા જાહ્નવીબેન લાખાણી સંભાળી રહ્યા છે. તેમજ સંસ્થાઓની કૃતિઓને સંગીતમાં મઢવાનું કાર્ય કોરિયોગ્રાફર નીરજભાઈ દોશી અને તેમની ટીમ સંભાળી રહેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના વરિષ્ઠ આગેવાન જયંતભાઈ ધોળકીયા સાથે અરવિંદભાઈ મણીઆર જનકલ્યાણ ટ્રસ્ટના તમામ સદસ્યો જહેમત ઉઠાવી રહ્યા છે .

આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ સંસ્થાઓને ટ્રસ્ટ તરફથી મોમેન્ટો તથા ચેક આપી સન્માનિત કરવામાં આવશે. જયંતિભાઈ પટેલ તરફથી તમામ બાળકોને ભેટ આપવામાં આવશે તેમજ હસુભાઈ સોનછત્રા તરફથી નાસ્તો આપવામાં આવશે.આ કાર્યક્રમને સફળ બનાવવા ''હંમેશની હુંફ'' પેલિકન ગ્રુપનો સહયોગ મળેલ છે.

દિવ્યાંગ બાળકોનો આ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ માણવા અને બાળકોને પ્રોત્સાહિત કરવા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ડો. કથિરીયા, ટ્રસ્ટીઓ મહાસુખભાઈ શાહ જ્યોતિન્દ્રભાઈ મહેતા, હંસિકાબેન મણિઆર, શિવુભાઈ દવે અને રાજુભાઈ ધ્રુવ ઉપરાંત કલ્પક ભાઈ મણીઆરે સહપરિવાર પધારવા જાહેર અનુરોધ કરેલ છે.

માં રણછોડ હોય છે'

આ તકે ગુરૂવર્ય માધવપ્રિય સ્વામિએ વૃક્ષ ઉચ્છેર અભિયાનને આગળ ધપાવવા બદલ સૌ હરિભકતો વતી ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાને સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીનો ગુલાબના પુષ્પનો હાર પહેરાવી જાહેર સન્માન કરેલ હતું. આ મહોત્સવમા ખેડૂત આગેવાન ચેતનભાઈ રામાણીએ સ્વામીને પુષ્પનો હાર પહેરાવી આશીર્વાદ મેળવેલ હતાં તેમજ પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠેય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**સાંઢિયા પૂલ...**

કરવા એજન્સીના પ્રતિનિધિને સુચના આપી હતી.

શીતલ પાર્ક નજીક, અયોધ્યા ચોક પાસે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'વ્હાઈટ ટોપિંગ' પદ્ધતિથી રોડ બનાવવામાં આવે છે. જેની કામગીરીનું મ્યુનિસિપલ કમિશનરે નિરીક્ષણ કર્યું હતું અને ચાલુ કામગીરી નિહાળી હતી.

આ ઉપરાંત બેડીનાકા ટાવર પાસે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ મિકેનીકલ શાખાની ઓફિસ તેમજ વોર્ડ ઓફિસ બનાવવાની કામગીરી ચાલી રહી છે. જેનો પ્રોગ્રેસ રિપોર્ટ મેળવી મ્યુનિસિપલ કમિશનરે સમગ્ર કામગીરી અંગે માહિતી મેળવી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા સુચના આપી હતી.

**આફ્રિકન વિદ્યાર્થીઓ વિદ્યાના નામે**

મુકવામાં આવે છે અને ગ્રાહકોને પિકઅપ અને ડ્રોપ અંગે ખુલ્લા મેસેજ મોકલવામાં આવે છે. આવા અનૈતિક વ્યવહારથી કોલેજમાં સાથે અભ્યાસ કરતા આપણા દેશના દીકરીઓના માનસિક વિકાસ, શિક્ષણ મોલ અને નૈતિક સંસ્કાર પર ગંભીર અને ખોટી અસર થતી હોય તે ખૂબ ગંભીર બાબત અને ચિંતાનો વિષય છે. ઉપરાંત દેહવ્યાપારની પ્રવૃત્તિને લીધે એઈડ્સ જેવા ગંભીર રોગોનું સંક્રમણ ફેલાવાની ભીતિ છે.

રતનપર ગામના સરપંચ સહિતના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, આફ્રિકન મૂળના વિદ્યાર્થીઓના રહેઠાણ પર વારંવાર નશેડીઓના આગમનના કારણે પડોશી મહિલા અને પરિવારજનો માટે અસ્વસ્થતા ઉભી થાય છે. પડોશીઓએ તેમના દ્વારા ઊંચા અવાજમાં પાર્ટીઓ, મદિરાપાન અને ગંદા વર્તન અંગે અનેકવાર ફરિયાદો પણ કરી છે. જ્યારે પણ વિદેશી વિદ્યાર્થીઓ વિરુદ્ધ કોઈ નાગરિકો ફરિયાદ કે ઠપકો આપે છે ત્યારે તેઓ તાત્કાલિક વ્હોટ્સએપ/ટેલિગ્રામ ગ્રુપમાં સંદેશો મોકલીને ટોળાંમાં એકઠાં થાય છે અને સ્થાનિકોને ડરાવવા અથવા દાદાગીરીથી મારકૂટ ઉપર ઉતારી આવે છે. વિદેશી વિદ્યાર્થીઓની લુખ્ખી દાદાગીરી બાદ પોલીસ ફરિયાદ કરવા સ્થાનિકો જાય તો આ યુવતીઓ ખોટી ફરિયાદો ઊભી કરીને સામે વળતી ફરિયાદો કરવા ધમકાવે છે

આગેવાનોએ આવેદન પાઠવી માંગણી કરી હતી કે, તમામ શંકાસ્પદ ફ્લેટ, હોટલ અને મકાનો પર તાત્કાલિક તપાસ થાય, વિદેશી વિદ્યાર્થીઓના રહેઠાણની પોલીસમાં નોંધણી, ભાડાકરાર કરવામાં આવે, સોશિયલ મીડિયાના માધ્યમથી થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સાયબર ક્રાઈમ શાખા કાર્યવાહી કરે, ઘર ભાડે આપનાર મકાનમાલિકો વિરૂદ્ધ ગ્રામ પંચાયતના ઠરાવના ઉલ્લંઘન મબદલ પગલાં લેવાય, શહેરની હોટલો અને વાહનચાલકો સામે કાર્યવાહીને વધુ અસરકારક બનાવવા સંબંધિત અધિકારીઓ સાથે નિયમિત મિટિંગો યોજી વ્યાપક કાર્યવાહીની યોજના અમલમાં મૂકવામાં આવે.

**રાજકોટ-ગોંડલ હાઈવે...**

ગત રાત્રિના બે વાગ્યાથી ખાનગી અને સરકારી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન રાત્રિના ૨:૪૦ વાગે કોઠારીયા ગામ નજીક શિવભવાની ચોક પાસે પહોંચતા હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ ધનશ્યામસિંહ, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ પ્રહલાદસિંહ, પ્રદિપસિંહ કનકસિંહને ખાનગી રાહે હકીકત મળેલ કે, એક આઈસર ટ્રક જેના નંબર જીજે-૨૭-ટીડી-૩૬૫૩ માં ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરેલ છે. જે આઈસર ટ્રક ગોંડલથી રાજકોટ તરફ આવી રહ્યો છે. જે બાતમી મળતાની સાથે જ આજીડેમ પોલીસની ટીમે તાત્કાલિક રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર ઢોલરાના પાટીયા પાસે એ. એન. જીમની સામે હાઈવે રોડ પર વોચ ગોઠવી હતી.

દરમિયાન રાત્રિના ૩.૦૫ કલાકે બાતમીવાળો ટ્રક નીકળતા આઈસરને અટકાવી કોર્ડન કરી વિડીયોગ્રાફી સાથે પંચોની હાજરીમાં ચાલકને ટ્રકમાંથી નીચે ઉતારતા તેણે પોતાનું નામ પવ કુમાર હરિરામ માંજુ(ઉ.વ.૨૬ રહે. બાંધનીયા ગામ, બાડમેર, રાજસ્થાન) જણાવ્યું હતું. બાદ ચાલકને આઈસર ટ્રકમાં શું ભરેલ છે તેવું પૂછતા તેણે ઈંગલિશ દારૂનો જથ્થો ટ્રકમાં ભર્યાની કેફિયત આપી હતી. બાદમાં પોલીસે આઈસર ટ્રકના ઠાઠામાં બાંધેલ પીળા કલરની તાડપત્રી હટાવી જોતા ખાખી કલરના પૂઠાના બોક્સ મળી આવ્યા હતા. હાઈવે રોડ પર વાહનોની અવરજવર હોવાથી પોલીસે ટ્રકને આજીડેમ પોલીસ મથક ખાતે લઈ જઈ ખાખી રંગના પુઠાના બોક્સમાંથી અલગ અલગ બ્રાન્ડની શરાબની કુલ ૨૬૯ પેટીમાંથી રૂ. ૪૧,૬૦,૪૦૦ ની કિંમતની દારૂની ૧૨,૬૭૨ બોટલ, મોબાઈલ, ટ્રક, રોકડ મળી કુલ રૂ. ૫૧,૬૭,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચાલક પવનકુમાર હરિરામ માંજુની ધરપકડ કરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

**જીએસટી...**

પર ૨૮% સ્લેબમાં વળતર સેસ લાગુ થાય છે, જે જીએસટી સંક્રમણને કારણે રાજ્યોને થઈ શકે તેવા આવક નુકસાનની ભરપાઈ માટે જૂન ૨૦૨૨ સુધીના પાંચ વર્ષ માટે રજૂ કરવામાં આવ્યો હતો. આ સેસ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યો છે, જેથી કોવિડ સમયગાળા દરમિયાન રાજ્યો વતી કેન્દ્ર દ્વારા ઉધાર લેવાયેલા રૂ.૨.૬૯ લાખ કરોડના વ્યાજ અને મૂળ રકમની ચૂકવણી કરી શકાય.

જીએસટી કાઉન્સિલે સેસ ફંડમાં વધારાના ઉપયોગ અને આગળના માર્ગ માટે એક અલગ મંત્રીસ્તરીય પેનલને કામગીરી સોંપી છે.

**સોલાર પાવર...**

૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સ્વચ્છ ઊર્જા રોકાણ ૭.૭ ગણું વધીને ૯.૮ બિલિયન ડોલર થયું છે.

જોશીએ રોકાણકારોને આમંત્રણ આપતા કહ્યું, ''આ ઊર્જા પરિવર્તનમાં રોકાણ કરનારાઓએ અનેકગણું વળતર મેળવ્યું છે, અને તમે પણ આમ કરી શકો છો.'' મંત્રીએ અમદાવાદના ભારતના સૌથી મોટા વેસ્ટ-ટુ-એનર્જી પ્લાન્ટનું ઉદાહરણ આપ્યું, જે દરરોજ ૧,૦૦૦ ટન ઘન કચરાને વીજળીમાં રૂપાંતરિત કરે છે. ''આ ઉદાહરણો દર્શાવે છે કે ભારતનું ઊર્જા પરિવર્તન માત્ર ટકાઉ નથી, પરંતુ શહેરો, ખેડૂતો અને સમુદાયો માટે પણ સર્વસમાવેશક છે,'' તેમણે ઉમેર્યું.

**ખોટી રીતે જેલમાં...**

પરના ઘા આ જ કારણે થયા હોઈ શકે છે. હથિયાર અને ઈજાઓ સાથે સંપૂર્ણ રીતે અસંબંધિત છે જેના કારણે મૃત્યુ થયું છે.

તેમણે વધુમાં કહ્યું, તપાસમાં મળેલા કપડાં પર વીર્ય કે લોહી મળ્યું છે કે નહીં તે અંગે કોઈ ફોરેન્સિક રિપોર્ટ નથી, તે કેવી રીતે સાચવવામાં આવ્યું હતું અને કોની કસ્ટડીમાં રાખવામાં આવ્યું હતું. આરોપી-દોષિતને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપતા બેન્ચે કહ્યું, અમને એવું માનવામાં કોઈ ખચકાટ નથી કે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલ કોઈપણ સંજોગો અપીલકર્તા-દોષિત સામે નિર્ણાયક રીતે સાબિત થતા નથી.

**યોગ...**

દરેક મતવિસ્તારમાં યોગ કેન્દ્રો પણ હશે. અમે ૧૦ લાખ લોકોને ૧૦ કિલો વજન ઘટાડવાનું લક્ષ્ય રાખ્યું છે, જેનાથી કુલ ૧ કરોડ કિલો વજન ઘટશે. આ માટે અમે તમામ ધારાસભ્યોને, પક્ષના ભેદભાવ વિના, આ ઝુંબેશમાં જોડાવા આહ્વાન કરીએ છીએ.'' આ યોજનામાં ધારાસભ્યોની સક્રિય ભૂમિકા રહેશે, જેઓ પોતાના મતવિસ્તારોમાં યોગ કેન્દ્રોની સ્થાપના અને તેના સંચાલનમાં મહત્વનું યોગદાન આપશે.

આ ઝુંબેશને હાલમાં ૨૦ ધારાસભ્યોનું સમર્થન મળ્યું છે, જેમાં ભાજપના અર્જુન મોઢવાડિયા, પ્રકાશ વરમોરા, રમેશ તિલાલા, ડો. દર્શિતા શાહ અને પી.કે. પરમારનો સમાવેશ થાય છે. આ ધારાસભ્યોએ મંગળવારે યોજાયેલી બેઠકમાં હાજરી આપી હતી. પ્રકાશ વરમોરા, જેઓ હવે બોર્ડના માર્ગદર્શક તરીકે કાર્ય કરશે,એ જણાવ્યું, ''શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સુખાકારી અને આર્થિક વિકાસ વચ્ચે સીધો સંબંધ છે. દરેક ઘરમાં યોગને સ્થાન આપીને આપણે વ્યક્તિગત જીવન અને સમુદાયોમાં પરિવર્તન લાવી શકીએ છીએ.''

પ્રેક્ટિસિંગ ડોક્ટર ડો. દર્શિતા શાહે જણાવ્યું, ''આજે મોટા ભાગની બીમારીઓ તણાવ સાથે જોડાયેલી છે. યોગ એક નિવારક અભિગમ પૂરો પાડે છે, અને અમે તેને ગામડાઓમાં રોજિંદા જીવનનો ભાગ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ.''

બોર્ડના અંદાજ મુજબ, ગુજરાતમાં લગભગ ૧.૫ લાખ પ્રમાણિત યોગ પ્રશિક્ષકો છે, જેઓ આ રાજ્યવ્યાપી પહેલમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ યોગ પ્રશિક્ષકોને ગામડાઓમાં યોગ કેન્દ્રોના સંચાલન અને તાલીમ માટે સક્રિય કરવામાં આવશે. ધારાસભ્યો દર અઠવાડિયે બેઠકો યોજીને આ યોજનાના અમલીકરણને વધુ સુદૃઢ કરશે.

આ ઝુંબેશ ગુજરાતના ગામડાઓમાં સ્વાસ્થ્ય અને સુખાકારીની દિશામાં એક મહત્વનું પગલું છે. યોગની શક્તિનો ઉપયોગ કરીને, યોગ બોર્ડ ન માત્ર શારીરિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માંગે છે, પરંતુ માનસિક અને સામાજિક સુખાકારીને પણ વેગ આપવા ઈચ્છે છે. આ યોજના ગુજરાતના દરેક ગામડામાં યોગની પહોંચ સુનિશ્ચિત કરીને રાજ્યના લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની દિશામાં એક મજબૂત પગલું છે.

**યુકે વિઝા...**

તો જ તમારે વિઝા માટેની આગળની પ્રક્રિયા દરમિયાન લગભગ ₹૩૩,૦૦૦ (:૩૧૯) ની વિઝા ફી અને ઈમિગ્રેશન હેલ્થ સરચાર્જ ચૂકવવાનો રહેશે.

આ બેલેટમાં પસંદગી રેન્ડમલી (લોટરી સિસ્ટમથી) થશે. જે ઉમેદવારોનું નામ પસંદ થશે તેમને ઈમેઈલ દ્વારા જાણ કરવામાં આવશે અને તેમને વિઝા માટે અરજી કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૯૦ દિવસનો સમય આપવામાં આવશે. ૨૦૨૫ માટે કુલ ૩,૦૦૦ જગ્યાઓ ઉપલબ્ધ છે, જેમાંથી મોટાભાગની ફેબ્રુઆરીમાં થયેલા બેલેટમાં ભરાઈ ગઈ છે. તેથી, જુલાઈનો આ બેલેટ બાકીની મર્યાદિત જગ્યાઓ માટે છેલ્લી તક પૂરી પાડી રહ્યો છે.

આ યોજના યુવાનોને આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવવા, નવા કૌશલ્યો વિકસાવવા અને બ્રિટનની સંસ્કૃતિને નજીકથી જાણવા માટે અદભુત તક પૂરી પાડે છે. જે યુવાનો યુકે માં કામ કરવા અને રહેવા માટે ઉત્સુક છે, તેમના માટે ૨૨ જુલાઈ, ૨૦૨૫ ના રોજ ખુલનારો આ અંતિમ બેલેટ એક મોટો અવસર છે.

(ત્રીજા પાનાનું ચાલું)

**ન્યુ રાજકોટ...**

કરવા, વોર્ડ નં.૧ની નવી વોર્ડ ઓફીસ બનાવવા, નવા ભળેલ વિસ્તારમાં સફાઈ કામદારો ફાળવવા, નાગેશ્વર મેઈન રોડ પર ડીવાઈડર બનાવવા, જીવંતિકાનગર, કષ્ટભંજન વગેરે વિસ્તારમાં પુરતા ફોર્સથી પાણી વિતરણ કરવા, શીતલ પાર્કથી હિંમતનગર મેઈન રોડ તથા એનિમલ હોસ્ટેલવાળો રોડ બનાવવાની કામગીરી ઝડપી કરવી, નવા ભળેલ વિસ્તારમાં મોરમ-મેટલથી ખાડાઓનું બૂરાણ કરવું, નાણાવટી ચોક હોકર્સ ઝોનમાં નોનવેજ લારીઓનું દબાણ દુર કરવું, ટી.પી. પ્લોટ્સમાં બાંધકામ વેસ્ટ નાખતા આસામીઓને બંધ કરાવવા તથા દંડ કરવો વગેરે જેવી રજૂઆત કરાય હતી. વોર્ડ નં.૮ના કોર્પોરેટરો દ્વારા વૈશાલીનગરની બાકી રહેતી શેરીઓના તથા સેતુબંધ સોસાયટીના રસ્તાઓ પર પેચવર્કના કામો ઝડપથી પૂર્ણ કરવા, કાલાવડ રોડ પરના ખાડાઓનું સમારકામ કરવું, વોર્ડમાં જે વિસ્તારમાં કામ ચાલુ હોય ત્યાં કામની ગુણવતા જાળવવા એજન્સી સ્ટાફ સાથે વોર્ડ સુપરવાઈઝરી સ્ટાફ હાજર રાખવા,વિકાસ મેડીકલ વાળો ચોક તથા સૌરાષ્ટ્ર હાઈસ્કુલ હિંગળાજનગર ટ્રાફિક સર્કલ પર ઘાસ ઉગી નીકળેલ હોઈસંબંધિત સર્કલની સફાઈ કરાવવી, વોર્ડમાં આંગણવાડી તથા બાલક્રીડાંગણ બનાવવા વગેરે રજૂઆત કરાય હતી.

વોર્ડ નં.૯ના કોર્પોરેટરો દ્વારા વરસાદી પાણીની ચેમ્બર્સ રોડ લેવલ કરવી, મુંજકા પોલીસ ચોકીથી નવો રિંગ રોડને જોડતા રસ્તાના કામ અંગે, શિવપરા વિસ્તારમાં વારંવાર ડ્રેનેજ ચોકઅપની સમસ્યાનો કાયમી નિકાલ કરવો, બાકી વિસ્તારમાં ડામર પેચવર્કના કામો કરવા, ધારાસભ્યની ગ્રાન્ટના કામ બાકી હોય અગ્રીમતાના ધોરણે કરવા, હનુમાન મઢી ચોક વિસ્તારમાં ભંગાર બજારનું દબાણ દુર કરવાવગેરે જેવી રજૂઆત કરાય હતી.

વોર્ડ નં.૧૦ના કોર્પોરેટરો દ્વારા એવરેસ્ટ પાર્ક વિસ્તારમાં દુષિત પાણીની ફરિયાદનો નિકાલ કરવો, કાલાવડ રોડથી સરિતા વિહારનાં રસ્તા પર ડામર કામ, આવાસ યોજનામાં સફાઈ કરવા, આવાસ યોજનામાં વરસાદી પાણી ભરાઈ રહેતું હોવા અંગેનો નિકાલ કરવો, જે વિસ્તારમાં ડી.આઈ. પાઈપલાઈન નાખેલ છે. વોર્ડ નં.૧૧ના કોર્પોરેટરો દ્વારા ડી.આઈ. પાઈપલાઈન બાદ રસ્તાનું સમારકામ કરાવવા, વિસ્તારમાં ખાડાઓના બૂરાણ વખતે રોલીંગ કરવું, અંબિકા ટાઉનશીપમાં ગંદા પાણીની ફરિયાદોનો કાયમી ઉકેલ લાવવો, નવો રિંગ રોડ ટીલાળા ચોક રસ્તાનું સમારકામ કરવા, મવડી મેઈન રોડ પર વાલ્વ ચેમ્બર્સ રોડ લેવલ કરવી, સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોકમાં વરસાદી પાણી ભરાઈ રહેતું હોવા અંગેની સમસ્યા દૂર કરવી, વોર્ડના ગાર્ડનના ટોયલેટની સફાઈ કરાવવી વગેરે જેવી રજૂઆત કરી હતી. વોર્ડ નં.૧૨ના કોર્પોરેટરો વાવડી વિસ્તારમાં આવેલ ગાર્ડનની બાજુમાં આવેલ તેમજ રંગવનથી મવડી તરફના વોંકળાની સફાઈ કરાવવી, સફાઈ ન થતી હોય તેવા પડતર વિસ્તારની નિયમિત સફાઈ માટે કામદાર ફાળવવા, વોર્ડમાં પેચવર્કના કામ માટે બજેટની ફાળવણી કરવી વગેરે જેવી રજૂઆત કરી હતી.

તમામ રજુઆતો તથા પ્રશ્નોનો સત્વરે નિકાલ કરવા સંબંધિત અધિકારીઓને સુચના આપવામાં આવી. તેમજ વેસ્ટ ઝોનના તમામ વોર્ડના પ્રગતિ હેઠળના કામો અને નવા કામોની વહીવટી પ્રક્રિયા અંગે વોર્ડવાઈઝ રીવ્યું કરવામાં આવેલ. જે કામો મંજુર થયેલ છે તે કામોની પ્રિ-ઓડિટ, એજન્સી સાથે કરારનામું તથા વર્ક ઓર્ડર આપવાની કાર્યવાહી એક અઠવાડીયામાં પૂર્ણ કરવા જણાવેલ. જે નવા કામો વહીવટી પ્રક્રિયામાં છે તેવા તમામ કામોની વહીવટી પ્રક્રિયા ઝડપથી થાય તે માટે સતત ફોલોઅપ કરવા સંબંધિત અધિકારીઓને સુચના આપવામાં આવી.વેસ્ટ ઝોનના તમામ વોર્ડમાં ડ્રેનેજ-વોટર વર્કસની તમામ ફરિયાદ નિયમિત નિકાલ કરવા, સફાઈ જાળવવા, ન્યુસન્સ પોઈન્ટની સફાઈ કરવા તેમજ જરૂર જણાયે આસામીઓ પાસેથી વહીવટ ચાર્જ વસુલ કરવો તથા દંડ કરવો, વોર્ડવાઈઝ ખાડાની સંખ્યા, રીપેરીંગ કરેલ ખાડાઓ, બાકી રહેતા ખાડાઓના સમારકામની કામગીરી પૂર્ણ કરવા, દરેક વોર્ડમાં વરસાદી પાણીની લાઈનની ચેમ્બર્સની સફાઈ કરાવવી, જાહેર રસ્તા પર તથાસોસાયટીઓમાં બાંધકામ વેસ્ટ પડેલ હોય તેવા આસામીઓને નોટીસો આપી, નિકાલ કરવા, તમામ વોર્ડમાં ફોગીંગ, દવા છંટકાવ, પાણીના ટાંકામાં નાખવાની દવા વિતરણ, જનજાગૃતિ કાર્યક્રમ, વોર્ડવાઈઝ મચ્છર ઉપદ્રવવાળી સાઈટ્સ-બિલ્ડીંગની ચકાસણી કરવી, આસામીને નોટીસ અને દંડ કરવા, દરેક વોર્ડના ગાર્ડનની નિયમિત સફાઈ અંગેની વ્યવસ્થા, ઝાડ તથા લોન એરિયાનું ટ્રીમીંગ, કસરતના સાધનોનું સમયાંતરે રિપેરીંગ, તમામ ગાર્ડન ટોયલેટ બ્લોકની સફાઈ જાળવવી તેમજ જાહેર રસ્તા પરના સર્કલ તથા ડિવાઈડરની સફાઈ કરવી, કોલ સેન્ટર તથા કંટ્રોલરૂમમાં નોંધાતી ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવો, સેન્ટ્રલ ડિવાઈડરમાં વૃક્ષારોપણ અને મોટા છોડનું ટ્રીમીંગ, વોર્ડવાઈઝ પેન્ડિંગ ફાયર એન.ઓ.સી. અરજીઓનો નિકાલ કરવો, વોર્ડવાઈઝ ફાયર એન.ઓ.સી. વગરના લોરાઈઝ, હાઈરાઈઝ બિલ્ડીંગોની ચકાસણી કરી નોટીસો આપવી, શહેરમાં જાહેર માર્ગો પર આવેલ ભયગ્રસ્ત હોર્ડીંગ બોર્ડ દુર કરવા અંગે સંબંધિત એજન્સીને જાણ કરવી, શહેરના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે દવા, વેક્સીનનો પુરતો જથ્થો જાળવી રાખવો, ફૂડના ધંધાર્થીઓને ત્યાં ફૂડના નમુના લેવા, ફૂડની ચકાસણી કરવી, ફૂડ લાયસન્સ સંબંધી ચકાસણી કરવી, જાહેર રસ્તા પરના અસ્થાયી દબાણો તાત્કાલિક દુર કરાવવા, અધિકારી-કર્મચારીઓએ દરેક વોર્ડના કોર્પોરેટરો સાથે સંકલન કરી સ્થાનિક પ્રશ્નોનો સત્વરે હકારાત્મક નિકાલ કરવા વગેરે બાબતો સંબંધી અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી.

(ચોથા પાનાનું ચાલુ)

**શહેર ભાજપ...**

સતીષભાઈ સતાપરા, મયુરભાઈ ભમ્મર, મયુરભાઈ હેરમા, નરેન્દ્રભાઈ મકવાણા, અનીલભાઈ પરમાર, શીવમભાઈ જલુ, નીલેશ પાટડીયા,જય કુબાવત, મુકેશભાઈ કાકડીયા, ડેનીશભાઈ પટેલ, નિરવભાઈ મોલીયા સહિત વોર્ડના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહયા હતા.

રાજકોટ શહેર મહિલા મોરચા દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે સદભાવના વૃધ્ધાશ્રમમાં વડીલો ને ભોજન વિતરણ કરવામાં આવ્યું હતુ આ પ્રસંગે રાજકોટ મહાનગર ના મેયર નયનાબેન પેઢડીયા, મહિલા મોરચા ના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા શહેર મંત્રી શિલ્પા બેન જાવિયા, ભગવતીબેન ધારોડીયા, ઉપપ્રમુખ મંગળા બેન સોઢા, વૈશાલીબેન મહેતા, દક્ષાબેન વાઘેલા, મંત્રી સેજલબેન ચૌધરી, કિન્નરી બેન ચૌહાણ, રસીલાબેન પાભર, આઈ ટી મીડીયા સંયોજક માધવી બેન જોગીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે વડીલો એ મુખ્યમંત્રી ને જન્મદિવસ ની શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાત રાજ્ય ના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના જન્મદિવસ નિમિત્તે તેમના દિર્ઘાયુષ અને સુખાકારી માટે રાજકોટ મહાનગર મહિલા મોરચા દ્વારા મહાઆરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમા રાજકોટ મહાનગર પ્રમુખ ડો. માધવભાઈ દવે તથા મેયર નયનાબેન પેઢડીયા, પ્રમુખ કિરણબેન માકડીયા, નેતા લીલુબેન જાદવ, મહિલા મોરચા મહામંત્રી કિરણબેન હરસોડા, દેવિકાબેન રાવલ , શહેર ઉપાધ્યક્ષ કાશ્મીરાબેન નથવાણી તથા મહિલા મોરચા ની પુરી ટીમ અને વોર્ડ માં થી તમામ શ્રેણી ની કાર્યકર બહેનો ઉપસ્થિત રહી હતી.

**પુજીત રૂપાણી...**

અભ્યાસ કરી રહ્યા છે અને ૩૯૩ બાળકોએ આ પ્રોજેક્ટ અંતર્ગત લાભ મેળવેલ છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા જણાવાયું છે.

**ધારાસભ્ય રમેશ ટીલાળા...**

જ કરાવી આપે છે.

આ ગુરૂપૂર્ણિમાં મહોત્સવમાં પધારેલા રાજકોટ દક્ષિણ વિભાગ-૭૦ ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે ભગવાન હંમેશા ગુરૂના રદયમાં જ બીરાજમાન હોય છે. આ કાર્યક્રમ રાજકીય નથી પરંતુ ''છોડ

(છેલ્લા પાનાનું ચાલુ)

**મહાપાલિકાઓનું સિમાંકન...**

પાંખના વહિવટ કરતા તરીકે જિલ્લા કલેકટરને સત્તા આપવામાં આવી છે.

રાજયની નવી ૯ મહાનગરપાલિકાઓ માટે વોર્ડ અને બેઠક જાહેર કરી દેવામાં આવી છે. હવે વોર્ડની હદ અને ક્યા વોર્ડમાં કેટલી બેઠકો અનામત રહેશે તેની પણ ઘોષણા ટૂંક સમયમાં કરવામાં આવશે. દરેક વોર્ડમાં ચાર સભ્યો હશે. જેમાં બે મહિલા સભ્યો રાખવામાં આવશે.

**રાજકોટ જિલ્લા બેંક...**

વર્તમાન શાસકોની મુદ્દતમાં વધારો કરવા અંગે જે નિર્ણય લેવામાં આવશે તેની જાણ કલેકટરને કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. બેંકમાં કુલ ૧૭ સભ્યો છે. જેમાં ખેતીવાડી વિભાગના ૧૩ સભ્યો, શરાફી વિભાગના બે સભ્યો, રૂપાંતર અને ઈત્તર વિભાગની એક-એક બેઠકનો સમાવેશ થાય છે. રાજકોટ જિલ્લા બેંક ઉપરાંત આગામી ઓગસ્ટ માસના પ્રથમ સપ્તાહમાં રાજકોટ ડેરીની મુદ્દત પણ પૂરી થઈ રહી છે. આ અંગે ચુંટણી યોજવા માટે જિલ્લા રજીસ્ટ્રારમાં દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી સહકાર વિભાગ દ્વારા કોઈ મંજૂરી આપવામાં આવી નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં સહકારી ક્ષેત્ર માટે રાજકોટ જિલ્લા બેંક એપી સેન્ટર માનવામાં આવે છે. સહકારી ક્ષેત્રમાં ખેડુત નેતા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયા જેવો જ દબદબો તેઓના પુત્ર અને યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાનો જોવા મળી રહ્યો છે. સામાન્ય રીતે બેંકના ડિરેક્ટરોની પાંચ વર્ષની મુદ્દત પૂરી થતી હોય ત્યારે નિયત સમય મર્યાદામાં નવા બોર્ડની રચના માટે ચુંટણી યોજાઈ જતી હોય છે. પરંતુ આશ્ચર્યજનક રીતે જિલ્લા બેંકની ચુંટણી માટે કોઈ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું નથી. ઉલ્ટાનું વર્તમાન શાસકોની મુદ્દતમાં એક વર્ષનો વધારો કરવા માટે સહકાર વિભાગમાં દરખાસ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

**કાળમુખા ડમ્પરની ઠોકરે**

નીકળી હતી અને હનુમાન મઢી ચોક હનુમાજીના મંદિર પાસે પહોંચી ત્યારે ડમ્પરની ઠોકરે ચડી ગઈ હતી. જેમાં એકટીવા ચાલક નિશાનો ચમ્તકારીક બચાવ થયો હતો. જ્યારે જુહી ડમ્પરની હડફેટે આવી જતાં ગંભીર ઈજા થતાં સારવાર માટે ખસેડાઈ હતી. પરંતુ અહિ દમ તોડી દેતાં પ્રજાપતિ-નળીયાપરા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોસ્ટમોર્ટમ રૂમ ખાતે કરૂણ દ્રશ્યો સર્જાયા હતાં. મૃતકની સાથે ભણતી વિદ્યાર્થીનીઓ પણ દોડી આવી હતી. સ્વજનો પરિવારના આક્રંદથી ગમગીની વ્યાપી ગઈ હતી. મૃત્યુ પામનાર જુહી નળીયાપરા બે બહેન અને એક ભાઈમાં મોટી હતી.આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, મહેશભાઈ જોગડા, ધર્મેન્દ્રભાઈ, પ્રકાશભાઈ, ધર્મેશભાઈએ ગાંધીગ્રામ પોલીસને કરતાં ડમ્પર મુકી ભાગી ગયેલા ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા અને તેને શોધી કાઢવા પીઆઈ આર. એસ. મેઘાણીની રાહબરીમાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** ધીરજબા નરપતસિંહ જાડેજા (મુળ નથુવડલા હાલ રાજકોટ) તે લખધીરસિંહ, સુરેન્દ્રસિંહ, મહાવીરસિંહના માતા, વિક્રાંતસિંહ, પાર્થરાજસિંહ, શિવમસિંહના દાદીનું તા. ૧૪ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમિયાન તેમના નિવાસ સ્થાન પાસે આર.એમ.સી. કોમ્યુનીટી હોલ, એચ.જે. દોશી હોસ્પિટલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** વૃદાવનદાસ રતનજીભાઈ માંડલીયા (ઉ.વ.૭૭) વેરાવળ વાળા હાલ દુબઈ તે મનીષભાઈ, વિનેશભાઈ, નિમેષભાઈ, હેમાંશુભાઈના પિતા, ગૌ.વા. હરીભાઈ જગજીવન ઝીંઝુવાડીયા (અમરેલી) ના જમાઈનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૭ ને ગુરુવારે શ્યામકુંવરબાઈ વાડી, રાજકોટ ખાતે સમય સાંજે ૪ થી ૬ વાગ્યે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી પ્રવિણચંદ્ર પુંજાભાઈ સુરીયા (ઉ.વ.૬૫) તે નિશીથભાઈના પિતા, નિતેષભાઈ, ધીરજલાલ, ડો. સંજયભાઈના ભાઈનું તા. ૧૨ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૭ ને ગુરુવારે બપોરે ૩ થી ૫ દરમિયાન નવદુર્ગા હોલ, પહેલો માળ, જી.કે. ધોળકીયા સ્કુલની પાછળ, પંચાયતનગર બસ સ્ટોપની સામે, બોમ્બે હાઉસીંગ મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગોંડલ નિવાસી હાલ રાજકોટ જ્યોત્સનાબેન વાધેલા(ઉ.૬૫) તે રમણીકભાઈ વાઘેલાના પત્નિ તથા કૌશિકભાઈ અને ચિરાગભાઈના માતુશ્રી તેમજ પડધરી નિવાસી જગદીશભાઈ અને વિમલભાઈ દેવશીભાઈ પરમારના બહેન તથા વ્યોમ અને પર્વના દાદીનું તા.૧૪ ને સોમવારે અવસાન થયેલ છે.બેસણું તા.૧૭ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ વાણંદ સેવા સમાજ વાડી, લક્ષ્મીનગર મેઈન રોડ, મવડી,રાજકોટ ખાતે રાખેલ છે.કૌશિકભાઈ ૯૭૨૩૬ ૪૬૮૮૧ , ચિરાગભાઈ - ૯૦૩૩૧ ૯૭૩૩૧ છે.

**રાજકોટઃ** પ્રતિભાબેન (ઉં.વ. ૮૪) તે ડો. નટવરલાલ કે. કક્કડના પત્ની, હેમલભાઈ (આરએમસી ) ના માતા, દીપાબેનના સાસુ, પ્રિયલ, રિયાના દાદી, સ્વ. વિનુભાઈ, દિનેશભાઈ, રાજુભાઈ, જ્યોતિબેન બલદેવ, હીનાબેન શેઠના ભાભી, સ્વ. રતિલાલ પોંદા (દહાણું) ના દીકરીનું તા. ૧૫ ને મંગળવારના રોજ અવસાન થયા છે. સદગતનું ચક્ષુદાન કરેલ છે. તેમની પ્રાર્થના સભા ગુરુવાર તા. ૧૭ સાંજના ૪:૩૦ થી ૫:૩૦ સ્વામિનારાયણ મંદિર, પોડિયમમાં (મંદિરની નીચેના ભાગમાં) કાલાવડ રોડ પર છે.

**સાવરકુંડલાઃ** સાવરકુંડલા નિવાસી ગોહિલ અંજવાળીબેન નારણભાઈનું તા. ૧૬-૭ ના રોજ અવસાન થયેલ છે. તેઓ પરસોતમભાઈ નારણભાઈ ગોહિલના માતૃશ્રી, ભરતાઈ નારણભાઈ ગોહિલના માતૃશ્રી, કેતન પરસોતમભાઈ ગોહિલના દાદીમાં, હિરેન પરસોતમભાઈ ગોહિલના દાદીમાં, આશિષ ભરતભાઈ ગોહિલના દાદીમા અને રાહુલ ભરતભાઈ ગોહિલના દાદીમાં થાય છે. તેઓનું બેસણું તા. ૧૮-૭ ને શુક્રવારના રોજ બપોરના ૪ થી ૬ વાગ્યા સુધી તેઓના નિવાસ હાથસણી રોડ, ખોડીયાર ચોક, શ્રીજીનગર, શેરી નં. ૪ પર તેઓના નિવાસ સ્થાન પર રાખેલ છે. સાવરકુંડલા ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રંગોલી પાર્કમાં ક્વાર્ટરમાં આઠ મહિલા જુગાર રમતી ઝડપાઈ: રૂ.૧૮ હજાર કબ્જે

## નિર્મલા રોડ પર એપાર્ટમેન્ટમાં મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું: રૂ.૨૩ હજાર સાથે છ મહિલા ઝડપાઈ

**અબતક, રાજકોટ**

શહેરમાં ત્રણ સ્થળએ જુગારના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં પંડિત દિન દયાળ નગર, રંગોલી પાર્ક ગુજરાત હાઉસિંગ બોર્ડના સુખસાગર એપાર્ટમેન્ટમાં જુગાર રમતી આઠ મહિલાને, રૂ. ૧૮,૬૦૦ની રોકડ સાથે રાજકોટ તાલુકા પોલીસે ઝડપી લીધી છે. જ્યારે ગાંધીગ્રામ પોલીસે નિર્મલા રોડ પર આવેલા સોપાન એપાર્ટમેન્ટમાં મહિલા સંચાલિત જુગાર ધામ પર દરોડો પાડી જુગટુ રમતી છ મહિલાને રૂપિયા ૨૩.૭૦૦ની રોકડ સાથે ઝડપી લીધી છે. તેમજ આજીડેમ પોલીસે કોઠારીયા સોલવન્ટ માં જાહેરમાં જુગાર રમતા ચાર પત્તાપ્રેમીને રૂ. ૫.૭૦૦ની રોકડ સાથે ધરપકડ કરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળે તે માહિતી મુજબ, ગાંધીગ્રામ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, નિર્મલા રોડ પર આવેલા સોપાન એપાર્ટમેન્ટમાં બ્લોક નંબર ૭૦૩માં રહેતા જ્યોતિબેન હરેશભાઈ ચુડાસમા નામની મહિલા તેના ફ્લેટમાં જુગારધામ ચલાવી રહી છે. ગાંધીગ્રામ પોલીસે ફ્લેટમાં દરોડો પાડી જુગાર રમતી જ્યોતિબેન ચુડાસમા, મનહર પ્લોટ માં રહેતા ઉર્મિલાબેન બીપીનભાઈ પુજારા, હનુમાન મઢી પાસે તિરૂપતિ નગર શેરી નંબર ૪માં રહેતા નીતાબેન પ્રવીણભાઈ ડોડીયા, તિરૂપતિ નગર ૫માં મહેતા ડિમ્પલબેન ધરમશીભાઈ મકવાણા અને નિર્મલા રોડ પર આવેલી પારસ સોસાયટીમાં રહેતા લાજુબેન દયાળભાઈ બાલચંદાણી નામની મહિલાઓને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રૂ.૨૩.૭૦૦ની રોકડ કબ્જે કરી છે. આ દરોડની કામગીરી ગાંધીગ્રામ પીએસઆઈ એમ વી જાડેજા, હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, સહદેવ સિંહ જાડેજા, રોહિત દાન ગઢવી, કોન્સ્ટેબલ મુકેશભાઈ સબાડ, પ્રદીપભાઈ ડાંગર, રઘુવીર સિંહ જાડેજા, ભરતભાઈ મકવાણા અને મહિલા કોન્સ્ટેબલ ભારતીબેન સરવૈયા સહિતના સ્થાપના બજાવી છે .જ્યારે જુગારનો બીજો દરોડો રાજકોટ તાલુકા પોલીસે પંડિત દિન દિન દયાળ નગર, રંગોલી પાર્ક ગુજરાત હાઉસિંગ બોર્ડ કવાર્ટર, સુખસાગર એપાર્ટમેન્ટમાં ક્વાર્ટર નંબર ૧૪૦૨માં દરોડો પાડી જુગાર રમતી રીનાબેન યજ્ઞેશભાઈ ટાટમિયા, જોશનબેન રમેશભાઈ પુરોહિત, રૂપાબેન જયેશભાઈ લોહાણા, કાજલબેન ભાવેશભાઈ હિંડોચા, વિરલબેન નિલેશભાઈ માધવાચાર્ય, દક્ષાબેન નવનીતભાઈ ભટ્ટ, મીનાબેન મહેન્દ્રભાઈ ડાભી અને રજનીબા જગદીશસિંહ ઝાલા નામની મહિલાઓને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રૂ.૧૮.૬૦૦ની રોકડ કબ્જે કરી છે. આ દરોડાની કામગીરી પીએસઆઈ બી આર ભરવાડ, કુલદીપસિંહ, અજયભાઈ, જયપાલ સિંહ અને કોન્સ્ટેબલ નિકુંજભાઈ મારવિયા સહિતના સ્ટાફે બજાવી છે. જ્યારે ત્રીજો જુગારનો દરોડો આજીડેમ પોલીસની ટીમે કોઠારીયા સોલવન્ટ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, શેરી નંબર ૮માં પાડી જાહેરમાં પત્તા ટીચટા જીજ્ઞેશ રમેશભાઈ પરમાર, રોહિત દિનેશભાઈ વાણીયા, બંસીકભાઈ ગુણવંતભાઈ નિમાવત અને ગૌરવ અનિલભાઈ ઝીંઝુવાડીયા નામના શખ્સોને ઝડપી, રૂ.૫.૭૪૦ની રોકડ કબ્જે કરી છે.

# દૂધસાગર રોડના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધાર્થીનો વ્યાજખોરોના ત્રાસથી કંટાળી આપઘાતનો પ્રયાસ

### ઝેરી દવા ગટગટાવી લેતાં સારવાર અર્થે ખસેડાયો : મહિલા સહીત ચાર વ્યાજખોરો વિરુદ્ધ થોરાળા પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના દૂધસાગર રોડ પર રહેતા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધાર્થીએ મહિલા સહીત ચાર વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી પાવડર ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મામલામાં થોરાળા પોલીસે ચારેય વ્યાજખોરો વિરુદ્ધ મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

દૂધસાગર રોડ પર રિદ્ધિ સિદ્ધિ સોસાયટી શેરી નંબર-૧૪ ના ખૂણે રહેતા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ૨૮ વર્ષીય ધંધાર્થી ખોડાભાઈ ઉર્ફે ખુશાલ બાબુભાઈ પરસાણાએ થોરાળા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં વ્યાજખોર તરીકે મુમતાજબેન, બાબર, શિવરાજસિંહ અને દેવેન્દ્ર નામના શખ્સોનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું ભાડાના મકાનમાં માતા ભારતીબેન, પિતા બાબુભાઈ પરસાણાની સાથે રહું છું. હું તથા મારા માતા યાત્રાધામની ટુર્સનો વ્યવસાય કરીએ છીએ. વધુમાં યુવકે જણાવ્યું હતું કે, માતા ભારતીબેનને મણકાની ચાર ગાદી ખસી ગયેલ હોય સારવાર કરાવવા પૈસાની જરૂર પડતા છ મહિના પહેલા જંગલેશ્વરની એકતા સોસાયટી શેરી નંબર -૩ માં રહેતા મુમતાજબેન પાસેથી રૂ.૧.૫૦ લાખ ૧૫% વ્યાજે લીધેલ હતા અને સિક્યોરિટી પેટે મારા અને માતાની બેંકના બે કોરા ચેક આપેલ હતા. જે રકમની સામે વ્યાજ પેટે રૂ. ૩૦ હજાર ચૂક્વ્યા હતા. બાદ ત્રણ-ચાર મહિના પહેલા બાબરભાઈ તથા શિવરાજસિંહ કે જેઓની ઓફિસ ભુપેન્દ્ર રોડ, બાલાજી મંદિરની સામે આવેલ છે. ત્યાં હું તથા માતા ભારતીબેન બંનેએ જઈને રોકડા રૂ.૧.૮૦ લાખ ૧૦ % વ્યાજે લીધેલ હતા. જેની પેટે પણ મારી અને માતાના બેંક એકાઉન્ટના બે કોરા ચેક સિક્યોરિટી પેટે આપેલ હતા અને આજ સુધીમાં રૂ. ૯૦ હજાર વ્યાજ પેટે ચૂકેવલ હતા. બા ત્રણેક મહિના પહેલા દેવેન્દ્રભાઈ પાસેથી મેં સોરઠીયાવાડી ચોકમાં જઈને રોકડા રૂ. ૮૦ હજાર દૈનિક રૂ.૩૨૦૦ વ્યાજ પેટે ચૂકવવાની શરતે નાણાં લીધા હતા જેની સામે મારો એક ચેક સિક્યોરિટી પેટે આપેલ હતો. આ તમામ લોકોને હું વ્યાજ ચૂકવતો હતો.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, મુમતાજબેન, બાબર, શિવરાજસિંહ અને દેવેન્દ્રએ મને ઉંચા વ્યાજે નાણાં આપી અવાર નવાર મૂળ રકમ તથા વ્યાજની પઠાણી ઉઘરાણી હેરાન-પરેશાન કરતા હતા. અવાર નવાર મારા તથા મારા માતા ભારતીબેનના ફોનમાં ફોન કરીને પણ વ્યાજ આપી દેવા ધમકાવી માનસિક ત્રાસ આપતા હતા. હાલ મારી પાસે પૈસાની સગવડતા નથી, સગવડ થશે કરે ત્યારે પૈસા આપી દેશું તેવું કહી સમજાવવા જતાં વધુ હેરાન પરેશાન કરી ત્રાસ ગુજારી તમે ગમે તે કરો કે મરી જાવ પણ અમને સમયસર વ્યાજ અને મુળ રકમ આપી દો તેવી ધમકીઓ આપતાં હતા. જેથી વ્યાજખોરોના ત્રાસથી કંટાળી જઈને યુવકે ગત તા.૧૫/૦૭/૨૦૨૫ ના બપોરના બે વાગ્યે ઘઉંમાં નાખવાની ટીકડીનો પાવડર પી લીધેલ હતું. બાદ ઉલટી-ઉબકા થતાં માતા-પિતાએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સરકારી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યો હતો. જ્યાંથી યુવકે ફરિયાદ આપતાં થોરાળા પોલીસની ટીમે વ્યાજખોર મહિલા સહીત ચાર શખ્સો વિરુદ્ધ મની લેન્ડિંગ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

# જ્ઞાનજીવન સોસાયટીમાં રહેતા યુવાનને પાડોશીની ખૂનની ધમકી

### ઘર પાસે ગાળો બોલતા શખ્સને ટપારનાર યુવક સાથે ઝગડો કરી ધમકી આપતાં ગાંધીગ્રામ પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રકલા કેન્દ્ર પાસે આવેલી જ્ઞાનજીવન સોસાયટીમાં રહેતા યુવાને શેરીમાં જ રહેતા યુવાનને ઘર પાસે ગાળો ન બોલવાનું કહેતા આ શખસે ઝઘડો કર્યો હતો. અહીં લતાવાસીઓ એકત્ર થઈ જતા આ શખસે યુવાનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે યુવાનની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

શહેરના સૌરાષ્ટ્રકલા કેન્દ્ર પાસે જ્ઞાનજીવન સોસાયટી પાસે દેવળદેવનગરમાં રહેતા અલ્પેશભાઈ મનુભાઈ ચૌહાણે ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે દેવળદેવનગર શેરી નં. ૨ માં રહેતા અમિત સરેશભાઈ સાગર(ઉ.વ ૪૦) નું નામ આપ્યું છે.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે તે ઈલેકટ્રીકનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. શેરીમાં અમિત સાગર રહે છે જે અવારનવાર ઝઘડા કરે છે. દરમિયાન તા.૧૪ ના રાત્રીના યુવાન ઘરે હતો ત્યારે તેના ઘર પાસે અમિત નશાની હાલતમાં જાહેરમાં જોર જોરથી ગાળો બોલતો હોય જેથી તેને શેરીમાં ગાળો ન બોલવા કહેતા તે એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને બોલાચાલી કરી યુવાનને ગાળો દેવા લાગ્યો હતો.આ સમયે અહીં શેરીમાં રહેતા લોકો એકત્ર થઈ ગયા હતાં. જેની સામે અમિતે યુવાનને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન પોલીસને જાણ કરતા પીસીઆર વાન આવી હતી બાદમાં આ શખસને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. આ અંગે યુવાનની ફરિયાદ પરથી પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# સરધાર નજીક કારમાંથી રૂ.૧.૯૩ લાખનો વિદેશી દારૂ પકડાયો

### પીસીબીએ દરોડો પાડી શરાબની ૩૭૭ બોટલ અને કાર મળી, રૂ.૮.૯૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો, બુટલેગરની ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા સરદાર ગામ નજીક કારમાંથી રૂ.૧.૯૩ લાખની કિંમતની ૩૭૭ બોટલ મળી, રૂ.૮.૯૩ લાખના મુદ્દા માલ સાથે બુટલેગરને પીસીબી ની ટીમે ધરપકડ કરી છે. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીસીબી ની ટીમ શહેરની ભાગોળે આવેલા સરધાર ગામ તરફ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે , GJ 06 - 9400 નંબરની કારમાં જયદીપ ભીમાણી નામનો શખ્સ સરધારથી રાજકોટ તરફ વિદેશી દારૂ ના જથ્થા સાથે આવી રહ્યો છે. પીસીબી ની ટીમ ભાવનગર હાઈવે પર વોચમાં ગોઠવાઈ જાય બાતમી મળેલી કાર પસાર થતા તેને અટકાવી તલાશ લેતા, કારમાં પોલીસથી બચવા ચોર ખાના બનાવ્યા હતા. પરંતુ પોલીસને ચોક્કસ બાતમી હોવાથી ચોર ખાનામાં સંતાડેલી વિદેશી દારૂની ૩૭૭ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ અને કાર મળે રૂપિયા ૮.૯૩ લાખના મુદ્દામાલ સાથે રૈયા રોડ પર આવેલા કેરેલા પાર્કમાં શ્રી પેલેસ ફ્લેટમાં ૫૦૧ નંબરમાં રહેતો જયદીપ ખીમજીભાઈ ભીમાણી નામના બુટલેગરની ધરપકડ કરી છે. ઝડપાયેલા શખ્સની દારૂ અંગે પૂછપરછ કરતા તે વિદેશી દારૂ ઈન્દોર થી લઈ આવ્યાની કબુલાત આપી હતી. આ દરોડાની કામગીરી પીસીબી પી આઈ એમ જે હુણ, એ એસ આઈ મયુરભાઈ પલાળીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણા સહિતના સ્ટાફે બજાવી છે.

# મનપા કચેરીના પાર્કિંગમાં દબાણ હટાવ શાખાના અધિકારીની ફરજમાં રૂકાવટ

### બાઈક પાર્કિંગમાં વ્યવસ્થીત રાખવાનું કહેતાં ભગવતીપરાનો અલ્ફેઝ સહિતના બે શખ્સો ઉશ્કેરાયા : ધક્કો મારી ગાળો ભાંડી

**એ.ડિવિઝન પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી બંને શખ્સોની ધરપકડ કરી**

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા કચેરીના પાર્કિંગમાં દબાણ હટાવ શાખાના અધિકારીને ધક્કો મારી ગાળો આપી ફરજમાં રૂકાવટ કરતાં એ.ડિવિઝન પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી બંને શખ્સોની ધરપકડ કરી હતી.બનાવ અંગે રાજકોટમાં જામનગર રોડ પર રહેતાં કૃષ્ણસિંહ મહાવીરસિંહ જાડેજા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સરફરાઝ, અલ્ફેજ હનીફ ગોંડલીયા (રહે. સુખસાગર સોસાયટી, ભગવતીપરા મેઈન રોડ) નું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ મહાનગર પાલિકામાં છેલ્લા ત્રણેક વર્ષથી ફરજ બજાવે છે. હાલ રાજકોટ મહાનગર પાલિકામાં સુરક્ષા શાખામાં એન્કોચમેન્ટ રીમુવલ ઈન્સ્પેક્ટર (દબાણ હટાવ શાખા) તરીકે છેલ્લા બે મહીનાથી ફરજ બજાવે છે.ગઈકાલે તેમની ફરજ સવારના ૧૦ થી સાંજના ૦૬ વાગ્યા સુધી આધાર કાર્ડ કેન્દ્ર પાસે વાહન પાર્કીંગમાં હતી તે દરમિયાન બપોરના દોઢેક વાગ્યાની આસપાસ ગેટ નં-૩ આધાર કાર્ડ કેન્દ્ર પાસે વાહન પાર્કીંગમાં તેઓ ફરજ પર હતા ત્યારે એક શખ્સ જેનું નામ અલ્ફેઝ હનીફ ગોંડલીયા (ઉ.વ ૨૩) પોતાની બાઈક વ્યવસ્થિત રીતે પાર્કિંગના કરતા તે બાબતે તેમને યોગ્ય રીતે બાઈક પાર્કીંગ કરવા જણાવેલ હતું.

જેથી તે શખ્સ ફરીયાદી સાથે બોલાચાલી કરવા લાગેલ હતો. તેઓએ અલ્ફેઝ સાથે વાત કરતા કહ્યું કે ભાઈ શું વાહન પાર્કીંગ બાબતે માથાકુટ કરો છો, જે બાબતે પુછતા મારે કચેરીમાં થોડુ કામ છે પછી હું જ તો રહીશ એમ કહીને તે ત્યાથી નિકળી ગયો હતો. ત્યારબાદ આ અલ્ફઝ અને તેનો મિત્ર સરફરાજ સાંજના સાડા ચાર વાગ્યાની આસપાસ રાજકોટ મહાનગર પાલિકાની કચેરી ખાતે આવીને બપોરના બનાવ બાબતે મારી સાથે માથાકુટ કરવા લાગેલ હતાં. ફરીયાદી પાર્કીંગની ફરજ પર હતાં ત્યારે આ અલ્ફજે એકદમ ઉશ્કેરાઈને ધક્કો માર્યો જેથી તેઓ પડતા-પડતા રહી ગયાં અને તેમની સાથે સવારની પાર્કીંગ બાબતેની વાતનો ખાર રાખી ગેરવર્તન કરવા લાગેલ અને ગાળાગાળી કરી ઝઘડો કરવા લાગેલ હતો.ફરીયાદીની કાયદેસરની પાર્કીંગ વ્યવસ્થાની ફરજ પર હતો ત્યારે તેમા અવરોધ કરેલ ત્યારબાદ કોઈએ પોલીસ કંટ્રોલ રૂમમા ફોન કરી પોલીસની ગાડી બોલાવેલ અને એટલામાં પી.સી.આર.વાન આવી જતા બંને શખ્સોને પી.સી.આર.માં એ ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે લાવેલ હતાં.

# પુત્રવધુને મરવા મજબૂર કરવાના ગુનામાં સાસુના જામીન મંજૂર

### વિંછીયાના ખારચીયા ગામની પરિણીતાને આપઘાતની ફરજ પાડવામાં પતિ અને સાસુ સામે ફરિયાદ નોંધાય ’ તી

**અબતક, રાજકોટ**

વિછીયા તાલુકાના ખારચીયા ગામની પરણીતાને મરવા મજબૂર કરવાના ગુનામાં જેલ હવાલે રહેલી સાસુ ઉગરીબેન ને રાજકોટની અદાલતે જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ વિછીયા તાલુકાના ખારચિયા ગામે રહેતી કાજલબેન રમેશભાઈ ગોહિલ નામની પરણીતાએ પોતાના સાસરે ગળાફાંસો ખાય આપઘાત કરી લીધો હતો. મૃતક કાજલબેન ને ડાયાબિટીસની બીમારી હોવાથી સાસરીયા દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતા હોય હાથી ગાવ માવતર નગર સામે ગયા તે અને પુત્રીને સાસરે પાછું જવાની ઈચ્છા ન હતી તેમ છતાં તેને સમજાવી અને સાસરે મોકલી હતી બાદ પતિ - સાસુ દ્વારા સફળતા આ પગલું ભરી લીધાનું જણાવ્યું હતું. આ બનાવમાં મૃતક પરણીતાના પિતા મોહનભાઈ લીંબાભાઈ રોજાસરાએ પતિ રમેશ ઓઝા ગોહિલ અને સાસુ ઉગરીબેન વજાભાઈ ગોહિલ સામે આપઘાતની ફરજ પાડવાની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યા હતા. બાદલ વાલે રહેલા ઉગરીબેન ગોહિલે જામીન પર છુટવા રાજકોટની અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી.આરોપી ઉગરીબેન ગોહિલના એડવોકેટ અંશ ભારદ્વાજે દલીલ કરતા જણાવેલ



એડવોકેટ અંશ ભારદ્વાજ

હતું કે, અરજદાર મૃતકના સાસુ છે અને ૫૦ વર્ષના મહિલા છે. ફરીયાદ બે દિવસ મોડી કરેલી છે, સાસરી અને પિયર એક જ ગામમાં છે. મરણજનારના પ્રેમલગ્ન થયેલ છે. લગ્ન પહેલાથી જ મૃતક ડાયાબીટીશની બીમારીની સાસરાપક્ષ સારી રીતે વાકેફ હતા. જેથી ડાયાબીટીશની બીમારી અંગે સાસરાપક્ષ મેણાટોણા મારતા હોય તે હકિકતને માની શકાય તેમ નથી તેના કારણે સાસરાપક્ષે મરણજનારને આપઘાત કરવા પર મજબુર કરેલ હોય તેવી પણ હકિકત માની શકાય તેવી નથી.બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ દલીલ તથા રજુ કરવામાં આવેલ વડી અદાલતોના વિવિધ ચુકાદાઓને માન્ય રાખીને રાજકોટના એડીશ્નલ સેશન્સ જજ વી.એ.રાણા આરોપી ઉગરીબેન ગોહિલને શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ ફરમાવેલો હતો.આ કામના આરોપી ઉગરીબેન ગોહિલ તરફે એડવોકેટ તરીકે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ , ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, દિશા ફળદુ, મિહિર શુકલ વિગેરે રોકાયેલ હતા.

# દુષ્કર્મના ગુનામાં આરોપીની ચાર્જશીટ બાદની જામીન અરજી રદ

### સગીરાને પ્રેમજાળ ફસાવી અપહરણ કરી ભગાડી લઈ જઈ અવારનવાર દુષ્કર્મ આચરેલુ

**અબતક, રાજકોટ**

આજી ડેમ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારની સગીરા ઉપર દુષ્કર્મના ગુનામાં આરોપીની ચાર્જશીટ બાદ થયેલ જામીન અરજીને સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.આ અંગેની હકીકત મુજબ, ગત તારીખ ૨૭- ૧૨- ૨૦૨૪ના રોજ આજીડેમ પોલીસ સ્ટેશનમાં પિતાએ પોતાની સગીર વયની દીકરી( ઉંમર વર્ષ ૧૬)ને આરોપી કમલસિંહ નવલસિંહ અવાસ્યા (રહે મધ્યપ્રદેશ) નામનો શખ્સ લલચાવી ફોસલાવી અપહરણ કરી ભગાડી લઈ જઈ સગીરા સાથે અવારનવાર દુષ્કર્મ આચરેલ હોવાની ફરિયાદ લખાવતા પોલીસે આરોપી કમલસિંહ અવાસ્યાની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેની વિશેષ તપાસમાં આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા પોકસો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરાયું હતું. ત્યાર બાદ આરોપીએ જેલમાંથી જામીન ઉપર છૂટવા પોકસો અદાલતમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગંભીર ગુનો છે, સગીરાની ઉંમર માત્ર ૧૬ વર્ષની છે, જ્યારે આરોપી ૩૫ વર્ષનો છે અને આવા દીકરી સમાન થતી સગીરાને અપહરણ કરી જઈ દુષ્કર્મ આચરેલ છે અને આ કેસ પોકસો અદાલતમાં શરૂ પણ થઈ ગયો છે અને આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં તેવી રજૂઆત કરેલ તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટે આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# મોકાજી સર્કલ પાસે બાઈકના પૈસાના મામલે યુવાન પર હુમલો

### રૂપિયાનો વહીવટ પતાવવા બોલાવી યુવકનું પાઈપ મારી માથું ફાડી નાખ્યું

**અબતક, રાજકોટ**

શહેરના મોકાજી સર્કલ પાસે બાઈક સોદામા પૈસાની લેતી દેતી ના મનદુઃખ માં રિલાયન્સ મોલમાં નોકરી કરતા યુવાન પર પાઈપ થી હુમલો કરી માથું ફાડી નાખ્યા નો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે.આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ વેજા વાવડી ગામના પ્રશાંતભાઈ વિરજીભાઈ વાવેચા ૨૬ આજે સવારે ૧૦/૩૦ કલાકે મોકાજી સર્કલ પાસે હતા ત્યારે નિલેશ ડોડીયા અને તેના સાગરીતો એ ઝઘડો કરી પાઈપથી હુમલો કરતા પ્રશાંત ભાઈ નુ માથું ફાટી ગયું હતું અને લોહી લુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં સર્જરી વોર્ડ નંબર બે માં દાખલ કર્યા હતા, આ બનાવ અંગે પ્રશાંત ભાઈને હોસ્પિટલ લાવનાર તેના મિત્ર પ્રભાત ભાઈએ જણાવ્યું હતું કે હુમલાના ભોગ બનનાર પ્રસાંતે બાઈક વેચી હતી અને તેના સોદા ના પૈસા માટે મોકાજી સર્કલ પાસે નિલેશ ડોડીયા એ બોલાવ્યો હતો ત્યાં બોલાચાલી થતા આ હુમલો થયો હતો આ અંગે તાલુકા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# સારા પગારની નોકરી ન મળતા નાસીપાસ યુવાને જાતે ગળુ કાંપી કરી લીધી આત્મહત્યા

### એલઆઈસી એજન્ટ પિતાનો મોટો પુત્ર ઘરમાં મદદરૂપ થવાના સતત પ્રયાસો કરતો પણ સફળ ન થતા અંતિમ પગલું ભરી લીધું

**અબતક, રાજકોટ**

ભણી ગણીને પરિવારને મદદરૂપ થવાના પ્રયાસો માં સતત નાસીપાસ રહેલા આશાસ્પદ યુવાને પોતાની હાથે જ કટરથી ગળું કાપી આત્મહત્યા કરી લીધાનો બનાવ સભ્ય સંસ્કૃતિ નગરી ગણાતા રાજકોટમાં બન્યો હતો. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ મેઘમાયા નગર શેરી નંબર પાંચ માં રહેતા એલઆઈસી એજન્ટ પ્રકાશભાઈ વોરા ના મોટા પુત્ર રોહિતે ગઈકાલે પરિવાર સાથે વાળુ કર્યા બાદ પોતાના રૂમમાં જઈ અંદરથી દરવાજો બંધ કરી દીધા બાદ કટર થી પોતાના હાથે ગળું કાપી આત્મહત્યા કરી લીધી હતી. રોહિત વોરા પોતાના રૂમમાં ગયા બાદ કોઈ સંચલ ન થતા પરિવારે દરવાજો ખટખટાવતા દરવાજો અંદરથી બંધ હોવાથી દરવાજો તોડીને પરિવારજનો અંદર જતા રોહિત લોહી લુહાણ હાલતમાં મળી આવ્યો હતો



**રોહિતનો નિષ્પ્રાણ દેહ જોઈ પરિવાર હતપ્રત**

રોહિત પ્રકાશભાઈ વોરા ભણતર પૂરું કરીને પરિવારને મદદરૂપ થવા સારી નોકરી શોધતો હતો, સ્વભાવમાં લાગણીશીલ અને પરિવારની ખૂબ જ ખેવના કરતા પુત્ર તરીકે માતા-પિતા અને રોહિત ખૂબ જ વહાલો હતો ગઈકાલે રાત્રે રોહીતે આત્મહત્યા કરી લેતા પરિવારની નજરે તેનો નટવર દેહ આવતા પરિવાર હતપ્રત બની ગયું હતું.

તાત્કાલિક ૧૦૮ ને બોલાવતા તબીબી ટીમે રોહિત ને ઘરમાં જ મૃત જાહેર કર્યો હતો.એલ. આઈ.સી કર્મચારી પિતા ના બે પુત્રોમાં રોહિત મોટો હતો અને ખાનગી નોકરી ની તલાશ હતી અનેક સ્થળે પ્રયત્ન કર્યા છતાં નોકરીમાં સારો પગાર ન મળતા રાશિ પાસે થઈ ગયો હતો થોડા સમયથી બુમસુમ રહેતા રોહિતે ગઈકાલે અંતિમ પગલું ભરી લેતા પરિવાર હતપ્રત બની ગયો હતો. આ અંગે માલવીયા નગર પોલીસે તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્ર ઝોનની ફી નિયમન સમિતિના ચેરમેન તરીકે નરેન્દ્ર પીઠવાની નિમણુંક

## રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર ઝોનની ફી નિયમન સમિતિના ચેરમેનની છેલ્લા ૫ માસથી જગ્યા ખાલી હતી

**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર ઝોનની ફી નિયમન સમિતીના ચેરમેનની છેલ્લા ૫ માસથી ખાલી પડેલી જગ્યા પર રાજ્ય સરકાર દ્વારા આખરે ચેરમેનની નિમણુંક કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર ઝોનના એફઆરસી ચેરમેન તરીકે તાપી-વ્યારાના રિટાયર્ડ પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ જજ નરેન્દ્રભાઈ પિઠવાને ચેરમેન તરીકે મૂકવામાં આવ્યા છે. જેથી, હવે સૌરાષ્ટ્ર-કચ્છની કુલ ૫૦૦૦માંથી હવે બાકી રહેલી ૬૫૦ જેટલી શાળાઓની ફી નક્કી કરવાની કામગીરી આગળ વધશે.

આ બાબતે વિદ્યાર્થી સંગઠનો દ્વારા અનેક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. એક અઠવાડિયા પહેલા સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તા અને વિદ્યાર્થી નેતા એવા રોહિત રાજપૂતની આગેવાનીમાં એફઆરસી કમિટીનુ બેસણું યોજી પ્રતિકાત્મક વિરોધ કરાયો હતો. અનેક વિરોધ અને રજુઆતો બાદ આખરે રાજ્ય સરકાર દ્વારા નિવૃત જજ નરેન્દ્ર પીઠવાને આગામી મુદત તા.૨૮મી જુલાઈ, ૨૦૨૭ સુધી ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. જેથી હવે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં બાકી રહેલી ખાનગી શાળાઓની ફી નિર્ધારિત કરી શકાશે.

ગુજરાતના ચારેય ઝોનની એફઆરસી સભ્યોની આજે ગાંધીનગરમાં શિક્ષણમંત્રી કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં એક રિવ્યૂ બેઠક રાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જેમાં રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા એમ ૪ ઝોનની ફી નિયમન સમિતિના ચેરમેન સહિતનાં સભ્યો ઉપસ્થિત રહેશે અને જે તે ઝોનમાં કેટલી ખાનગી શાળાઓની ફી નક્કી કરવામાં આવી અને કેટલી શાળાઓની ફી નક્કી કરવાની બાકી છે તે અંગે ચર્ચા કરવામાં આવશે.

# કેન્દ્રની ચાર યોજનાઓની બેન્કિંગ સેવાઓની કામગીરી ઈ-ગ્રામ સેન્ટર ખાતેથી થશે

## આ સેવાઓ ગ્રામીણ કક્ષાએ નાગરિકોને વિનામૂલ્યે મળી રહે તે માટે રાજ્ય સરકાર વીસીઈને રૂ.૨૦ ચૂકવાશેઃ આ સેવા ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશભરમાં ૦૧ જૂલાઈથી તા.૩૦ સપ્ટેમ્બર સુધી 'જન સુરક્ષા અભિયાન'ની શરૂઆત કરવામાં આવી છે. ગુજરાતમાં 'જન સુરક્ષા અભિયાન'ને પ્રોત્સાહન આપવા પીએમ જનધન સહિત કેન્દ્રની ચાર યોજનાઓની બેન્કિંગ સેવાઓની કામગીરી ઈ-ગ્રામ સેન્ટર ખાતેથી વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી દ્વારા વીસીઈને મહેનતાણા તરીકે રૂ.૨૦/- ચૂકવવામાં આવશે.

આ અભિયાન હેઠળ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન ધન યોજના અંતર્ગત જે નાગરિકોના બેંક એકાઉન્ટ નથી તેઓના બેંક એકાઉન્ટ ખોલાવા તેમજ નિષ્ક્રિય થઈ ગયેલા એકાઉન્ટમાં રી-કેવાયસી કરી ફરીથી ચાલુ કરવા તેમજ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને અટલ પેન્શન યોજના હેઠળ પાત્રતા ધરાવતા નાગરિકોનું નામાંકન કરાવવા જેવી સુવિધાઓ હવે ગ્રામીણ કક્ષાએ વીસીઈ દ્વારા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ સેવા ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે.

ગ્રામ પંચાયતોની કામગીરીને ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન, સુવ્યવસ્થિત, સમયબદ્ધ, સરળ અને ઝડપી બનાવવા ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત ૧૪,૧૮૧ ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર અને તેને આનુષાંગિક સાધન સામગ્રી જરૂરી સોફટવેર સહિતના સાધનો પુરા પાડવામાં આવ્યા છે.

ઈ-ગ્રામ પંચાયતો ખાતે પી.પી.પી મોડેલથી ગ્રામ કોમ્પ્યુટર સાહસિકો (વી.સી.ઈ) જોડાયેલા છે. ઈ-ગ્રામ પંચાયતો ખાતેથી વી.સી.ઈ દ્વારા વિવિધ (ગર્વમેન્ટ ટુ સીટીઝન) અને (બીઝનેસ ટુ સીટીઝન) ઓનલાઈન સેવાઓ ગામડાઓમાં પુરી પાડવામાં આવી રહી છે.

જનસુરક્ષા યોજનાઓમાં રાજ્યના પાત્રતા ધરાવતા તમામ નાગરિકોને આવરી લેવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા આ અભિયાનનો આરંભ કરાવવામાં આવ્યો હતો.

આ અભિયાનનો મુખ્ય હેતુ દેશના દરેક નાગરિકને નાણાકીય સમાવિષ્ટતા તેમજ સામાજિક સુરક્ષા પુરી પાડવાનો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજનામાં હાલ ૭/૧૨.૮/અ અને હક્કપત્રની નકલ, જન્મ-મરણના દાખલા, વિજળી-ગેસ કનેકશનના બીલ, આવકના દાખલા. રેશનકાર્ડમાં સુધારા-વધારા, વિવિધ ખેતપેદાશોની ટેકાના ભાવે ખરીદી માટે ખેડૂત રજીસ્ટ્રેશન, પી.એમ. કિસાન સહાય યોજનાના ફોર્મ ભરવા, આધારકાર્ડ, આયુષ્યમાન કાર્ડ તેમજ ઈ-શ્રમ કાર્ડ જેવી ૩૨૫ જેટલી ગર્વમેન્ટ ટુ સીટીઝન તેમજ આધાર ઈનેબલ પેમેન્ટ મળી ટ્રાન્સફર, રીચાર્જ, ટ્રાવેલ ટિકીટ, ઈન્સ્યુરન્સ સેવાઓ, મ્યુચ્યુઅલ ફંડ જેવી ૭૫ જેટલી બીઝનેસ ટુ સીટીઝન સેવાઓ ઈ-ગ્રામ સેન્ટર ખાતેથી ગ્રામજનોને ડિજિટલ માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# જલસા કરો 'સમોસા - જલેબી' જાપટો

## "સરકારનો ખાદ્ય ઉત્પાદનોમાં છુપાયેલી ચરબી અને વધારાની ખાંડ વિશે જાગૃત કરવાનો હેતુ નહિ કે કોઈ ચોક્કસ ખાદ્ય ઉત્પાદનો માટે ખાસ ચેતવણીઃ પીઆઈબી

**અબતક, રાજકોટ**

ભારતના આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં કેન્દ્રીય સંસ્થાઓને એક ખાસ નિર્દેશ આપ્યો હતો, જેનો ઉદ્દેશ્ય લોકોને રોજિંદા ખોરાકમાં રહેલી છુપાયેલી ચરબી અને ખાંડ વિશે જાગૃત કરવાનો હતો. આ માટે 'તેલ અને ખાંડ બોર્ડ' પ્રદર્શિત કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું, જેથી સ્થૂળતા અને ડાયાબિટીસ, હૃદય રોગ જેવા બિન-ચેપી રોગો સામે લડી શકાય. જોકે, આ પહેલને કારણે સોશિયલ મીડિયા પર એવી ભ્રામક અફવાઓ ફેલાઈ કે સરકારે સમોસા, જલેબી અને લાડુ જેવા લોકપ્રિય ભારતીય નાસ્તા પર સીધી આરોગ્ય ચેતવણીઓ (હેલ્થ વોર્નિંગ્સ) જાહેર કરી છે, અને ખાંડ-ટ્રાન્સ ફેટને 'નવું તમાકુ' ગણાવવામાં આવી રહ્યું છે.

આ અફવાઓ ફેલાતાની સાથે જ, પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોની ફેક્ટ-ચેકિંગ વિંગે તાત્કાલિક સ્પષ્ટતા કરી હતી. પીઆઈબી એ જણાવ્યું કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે વિક્રેતાઓને લોકપ્રિય ભારતીય નાસ્તા અને મીઠાઈઓ પર ચેતવણી લેબલ લગાવવાની કોઈ સલાહ આપી નથી. એક્સ પરની પોસ્ટમાં પીઆઈબી એ ભારપૂર્વક કહ્યું કે મંત્રાલયનો આ સામાન્ય સલાહકાર મુદ્દો "લોકોને બધા ખાદ્ય ઉત્પાદનોમાં છુપાયેલી ચરબી અને વધારાની ખાંડ વિશે જાગૃત કરવા માટે વર્તણૂકીય પ્રોત્સાહન" છે, નહિ કે કોઈ ચોક્કસ ખાદ્ય ઉત્પાદનો માટે ખાસ ચેતવણી.

કેન્દ્રીય આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવ દ્વારા જારી કરાયેલા પત્રમાં આ પહેલનો મૂળ હેતુ સ્પષ્ટ કરવામાં આવ્યો હતો. પત્રમાં જણાવાયું હતું કે, "અમે વિવિધ પરિસ્થિતિઓમાં સ્વસ્થ આહારની આદતોને પ્રોત્સાહન આપવા માટે એક પહેલ તરીકે ખાંડ અને તેલ બોર્ડ પ્રદર્શિત કરવાનો પ્રસ્તાવ મૂકી રહ્યા છીએ. આ બોર્ડ શાળાઓ, કચેરીઓ, જાહેર સંસ્થાઓ વગેરેમાં દ્રશ્ય વર્તણૂકીય સંકેત તરીકે કામ કરે છે, જે રોજિંદા ખોરાકમાં છુપાયેલા ચરબી અને ખાંડ વિશે મુખ્ય માહિતી પ્રદર્શિત કરે છે." આ બોર્ડ કાફેટેરિયા, લોબી અને અન્ય જાહેર જગ્યાઓ પર ડિજિટલ કે સ્ટેટિક પોસ્ટર સ્વરૂપે પ્રદર્શિત કરવા નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેથી જનજાગૃતિ આવે.

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં 'વ્યાવસાયિક વિકાસ'ને પ્રોત્સાહન આપવા કાર્યક્રમ યોજાયો

## ટીમ મેનેજમેન્ટ સિસ્ટમ થીંકીંગ, રોલપ્લે, મેનેજમેન્ટ જેવી વિવિધ પ્રવૃતિનો સમાવેશ કરાયો




**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં ઈન્ટીગ્રેટેડ માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન માટે ૬ દિવસીય ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો.

આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસને લક્ષીને યોજવામાં આવ્યો હતો. આઈએમબીએ ઓરિએન્ટેશન પ્રોગ્રામ વિદ્યાર્થીઓને બિઝનેસ જગતની વ્યાપક સમજ પૂરી પાડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો,

કાર્યક્રમ દરમિયાન, વિદ્યાર્થીઓ તેમના વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાયા. આ આઈએમબીએ ઓરિએન્ટેશન પ્રોગ્રામ વ્યકિતગત અને વ્યાવસાયિક વિકાસના વિવિધ પાસાઓને સમાવિષ્ટ કરી શીખવાનો એક પ્રેરણાદાયક અનુભવ બને તે માટે રચાયેલ હતો .પરંપરાગત વ્યવસાય પ્રથાઓ ઉપરાંત, આ કાર્યક્રમ સામાજિક વ્યવસ્થાપન, ટીમ મેનેજમેન્ટ, સિસ્ટમ થીંકીંગ, રોલ પ્લે , મૂક કોર્સેસ , આંતરવ્યક્તિત્વ સંબંધો, રોલ ઓફ મેનેજમેન્ટ સ્ટુડેંટ્સ અને મેનેજમેન્ટ જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવા માં આવ્યો.

ગુણવત્તાયુકત વ્યાપાર શિક્ષણ પ્રદાન કરવામાં અગ્રણી તરીકે, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીનો આઈએમ.બી.એ. પ્રોગ્રામ માત્ર ટેકનિકલ નિપુણતા જ નહીં પરંતુ સર્વગ્રાહી પરિપ્રેક્ષ્ય પણ ધરાવતા હોય તેવા સારા વ્યાવસાયિકોને ઉછેરવા માટે પ્રતિબદ્ધ છે. આ આઈએમ.બી.એ. ઓરિએન્ટેશન પ્રોગ્રામ આ પ્રતિબદ્ધતાનું પ્રમાણપત્ર છે.

આ પ્રોગ્રામ માં ધોરણ બાર બાદ આઈએમ.બી.એ. પ્રોગ્રામ ચલાવવામાં આવે છે અને મહત્તમ પ્લેસમેન્ટ માટેનો રેકોર્ડ છેલ્લા ૩ વર્ષથી આ પ્રોગ્રામ દ્વારા સ્થાપવામાં આવ્યો છે.

### હરામી લોકોના હરામી વેડા બંધ નહીં થાય

# હવે સરહદથી ૨.૫ કિમી સુધી અંદર ડ્રોન દ્વારા ડ્રગ્સ અને હથિયાર પહોંચાડાઈ રહ્યા છે

## "ઓપરેશન સિંદૂર" બાદ પાકિસ્તાની દાણચોરોની ડ્રોન પ્રવૃત્તિઓ પર બ્રેક લાગ્યા પછી હવે તેઓ વધુ ઘાતક અને આધુનિક યુક્તિઓ સાથે પાછા ફર્યા

**અબતક, રાજકોટ**

ભારતીય સુરક્ષા દળો દ્વારા "ઓપરેશન સિંદૂર" ચલાવ્યા બાદ પાકિસ્તાની દાણચોરોની ડ્રોન પ્રવૃત્તિઓ પર થોડો સમય બ્રેક લાગી હતી, પરંતુ હવે તેઓ વધુ ઘાતક અને આધુનિક યુક્તિઓ સાથે પાછા ફર્યા છે. પહેલા ડ્રોન દ્વારા આંતરરાષ્ટ્રીય સરહદથી લગભગ ૧ કિલોમીટર અંદર માલસામાન ફેંકવામાં આવતો હતો, પરંતુ હવે પાકિસ્તાની ડ્રોન ભારતીય સીમામાં ૨ થી ૨.૫ કિલોમીટર કે તેથી વધુ ઊંડે સુધી ઘૂસીને ડ્રગ્સ, હથિયારો અને દારૂગોળો સપ્લાય કરી રહ્યા છે. બીએસએફના ડીઆઈજી એ.કે. વિદ્યાર્થીએ આ ઘૂસણખોરી વધવાની ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. આ નવી વ્યૂહરચના ભારતીય સુરક્ષા માટે એક મોટો પડકાર બની રહી છે, કારણ કે તે દાણચોરોને પકડવા વધુ મુશ્કેલ બનાવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાકિસ્તાની દાણચોરો અત્યાધુનિક ચાઈનીઝ ડ્રોન નો ઉપયોગ કરી રહ્યા છે. આ ડ્રોન વધુ ઊંચાઈએ ઉડવાની ક્ષમતા ધરાવે છે, જેના કારણે તેમને શોધવાનું મુશ્કેલ બની જાય છે. હાલની ભારતીય એન્ટી-ડ્રોન ટેકનોલોજીની કેટલીક મર્યાદાઓનો લાભ લઈને, આ ડ્રોન માત્ર તેમના અવાજ દ્વારા અથવા દૃષ્ટિની રીતે જ શોધી શકાય છે. એકવાર ડ્રોન જણાય, પછી એન્ટી-ડ્રોન ટીમને જાણ કરવામાં આવે છે જે તેને જામ કરવાનો કે પાકિસ્તાનમાં ઓપરેટર સાથેનો સંપર્ક તોડવાનો પ્રયાસ કરે છે. સુરક્ષા નિષ્ણાતો સૂચવે છે કે પંજાબની આંતરરાષ્ટ્રીય સરહદ પર દર થોડા કિલોમીટરે આવા અત્યાધુનિક ઈન્ટરસેપ્ટર્સ લગાવવાની જરૂર છે, જેથી ડ્રોનને તાત્કાલિક શોધી શકાય, તેની દિશા, ગતિ, ઊંચાઈ જાણી શકાય અને તેને જામ કરીને જમીન પર ઉતારી શકાય.

પાકિસ્તાની દાણચોરો ભારતીય ક્ષેત્રમાં વધુ ઊંડે સુધી ડ્રોન શા માટે મોકલી રહ્યા છે તેનું કારણ બીએસએફ દ્વારા પેટ્રોલિંગ અને દેખરેખમાં થયેલો વધારો છે. "ઓપરેશન સિંદૂર" બાદ બીએસએફ એ સરહદ પર સુરક્ષા વધુ કડક બનાવી છે. આના કારણે દાણચોરો માટે સરહદ નજીક માલસામાન લેવા આવતા સ્થાનિકોને શોધી કાઢવું મુશ્કેલ બન્યું છે. ભારતીય ક્ષેત્રમાં વધુ ઊંડે સુધી કન્સાઈનમેન્ટ મોકલીને, દાણચોરો સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે કે તેમના રીસીવરો આંતરરાષ્ટ્રીય સરહદથી દૂર રહે, જેનાથી બીએસએફ પેટ્રોલિંગ દ્વારા પકડાઈ જવાની શક્યતા ઓછી થાય. આ પગલું દર્શાવે છે કે દાણચોરો ભારતીય સુરક્ષા પ્રણાલીને છેતરવા માટે સતત નવી યુક્તિઓ શોધી રહ્યા છે.

આજકાલ, પાકિસ્તાની ડ્રોન પાઈલટ્સ પહેલા સરહદની નજીક વધુ ઊંચાઈએ ડ્રોન ઉડાવે છે જેથી તેઓ શોધી શકાય નહીં. એકવાર ડ્રોન ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરે છે, પછી તેઓ ઓછી ઊંચાઈએ નીચે આવે છે અને આડા-અવળા (ઝિગઝેગ) રસ્તાઓ અપનાવે છે. કેટલીકવાર, ડ્રોપ ઝોન પર પહોંચ્યા પછી, ડ્રોન જાણીજોઈને ક્રેશ પણ કરવામાં આવે છે જેથી પુરાવા ન રહે. આ નવી યુક્તિઓ ભારતીય સુરક્ષા એજન્સીઓ માટે એક મોટો પડકાર બની રહી છે, જેને પહોંચી વળવા માટે વધુ આધુનિક ટેકનોલોજી અને વ્યૂહરચનાની તાત્કાલિક જરૂર છે.

# ૧ ઓગસ્ટથી શરૂ થશે અનેક ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સઃ એર ઈન્ડિયા

## લંડન, દુબઇ, સિંગાપોર, ટોરન્ટો અને ન્યૂયોર્ક જેવા આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઇટ્સ ફરી શરૂ થવાની અપેક્ષાઃજો બધું સમયપત્રક મુજબ ચાલશે, તો ૧ ઓક્ટોબરથી એર ઈન્ડિયાની બધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ સામાન્ય રીતે કાર્યરત થશે

**અબતક, રાજકોટ**

૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-૧૭૧ ટેકઓફ કર્યાના થોડા જ સેકન્ડ પછી ભયાનક અકસ્માતનો ભોગ બની હતી. આ અકસ્માતમાં ૨૭૦ લોકો માર્યા ગયા હતા, જેમાં જમીન પર મુસાફરો અને ક્રૂ મેમ્બર્સનો સમાવેશ થાય છે. આ વિમાન બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર હતું, જે અમદાવાદ એરપોર્ટ નજીક સ્થિત એક હોસ્ટેલ સાથે અથડાયું હતું.અકસ્માત પછી એર ઈન્ડિયાએ તેના તમામ બોઈંગ ૭૮૭ વિમાનોની વધારાની તપાસ શરૂ કરી હતી. આ ઉપરાંત, પાકિસ્તાન અને મધ્ય પૂર્વના હવાઈ ક્ષેત્રમાં ફ્લાઈટ્સ પર પ્રતિબંધોને કારણે ફ્લાઈટ્સમાં વધારાનો સમય લાગી રહ્યો હતો. આ કારણોસર સાવચેતી રૂપે કેટલીક આંતરરાષ્ટ્રીય સેવાઓ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી હતી.હવે એર ઈન્ડિયાએ એક સત્તાવાર નિવેદન જાહેર કરીને કહ્યું છે કે કેટલીક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ૧ ઓગસ્ટ, ૨૦૨૫થી ફરી શરૂ કરવામાં આવશે. જોકે, ૧ ઓક્ટોબર, ૨૦૨૫થી બધી ફ્લાઈટ્સ સંપૂર્ણ રીતે ફરી શરૂ કરવામાં આવશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "કેટલાક રૂટ પર ફ્લાઈટ્સ ૧ ઓગસ્ટથી ફરી શરૂ કરવામાં આવશે, જ્યારે સંપૂર્ણ કામગીરી ઓક્ટોબરથી ફરી શરૂ થશે.જોકે એર ઈન્ડિયાએ હજુ સુધી રૂટની સંપૂર્ણ યાદી આપી નથી, લંડન, દુબઈ, સિંગાપોર, ટોરન્ટો અને ન્યૂયોર્ક જેવા લોકપ્રિય આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઈટ્સ ફરી શરૂ થવાની અપેક્ષા છે. આમાં એવા રૂટને પ્રાથમિકતા આપવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં ભારતીય મુસાફરો છે.

જો બધું સમયપત્રક મુજબ ચાલશે, તો ૧ ઓક્ટોબર, ૨૦૨૫થી એર ઈન્ડિયાની બધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ સામાન્ય રીતે કાર્યરત થશે. આ સમાચારથી હજારો મુસાફરોને રાહત મળી છે જેમની મુસાફરી છેલ્લા એક મહિનાથી પ્રભાવિત થઈ હતી.

## રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઓગસ્ટથી કાર્ગો સેવા શરૂ થશે

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગઈકાલે (૧૫ જુલાઈ ૨૦૨૫) સાંસદ પરષોત્તમ રૂપાલાની અધ્યક્ષતામાં એરપોર્ટ એડવાઈઝરી કમિટીની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એરપોર્ટ પર યાત્રીઓ માટેની વિવિધ સુવિધાઓ અને કાર્ગો કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.એરપોર્ટ ડાયરેક્ટર દિગંત બોહરાએ માહિતી આપતા જણાવ્યું કે, રાજકોટ એરપોર્ટ પર ઓગસ્ટના પ્રથમ સપ્તાહથી કાર્ગો સેવાઓ શરૂ થવાની સંભાવના છે. જુલાઈના અંત સુધીમાં કાર્ગો કામગીરી માટેની મંજૂરી મળી જશે. બ્યુરો ઓફ સિવિલ એવીએશન સિક્યુરિટી અમદાવાદના રીજનલ ડાયરેક્ટર ૧૮ જુલાઈએ એરપોર્ટની મુલાકાત લેવાના છે, જે પેસેન્જર ટર્મિનલ દ્વારા કાર્ગો કામગીરીની સુરક્ષા તપાસ માટેની છે. આનાથી રાજકોટ અને આસપાસના વિસ્તારોના ઉદ્યોગ અને વેપારીઓને મોટો ફાયદો થશે.યાત્રીઓની સુવિધા માટે એરપોર્ટ પર વાઈફાઈ સુવિધા ૩૧ જુલાઈથી ઉપલબ્ધ થશે. બેઠક દરમિયાન યાત્રીઓની સુવિધાઓ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી અને કાર પાર્કિંગ જેવા મહત્વપૂર્ણ વિષયોનો સમાવેશ થયો હતો.આ બેઠક રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર યાત્રી સુવિધાઓ અને વ્યાપારી કામગીરીને વધુ સુદ્રઢ બનાવશે, જે રાજકોટને હવાઈ પરિવહન ક્ષેત્રે વધુ સશકત બનાવશે.આ બેઠકમાં રાજ્યસભાના સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા અને કેસરીદેવસિંહ ઝાલા, તેમજ રાજકોટના પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના વિકાસ માટે જામસાહેબનું ઐતિહાસિક પગલુંઃ અદાણી ગ્રુપને મહત્વની સ્થાવર મિલકતો સોંપી



**અબતક સાગર સંઘાણી જામનગર**

જામનગરને ભારતના પેરિસ બનાવવાની દ્રષ્ટિ સાથે, જામસાહેબ શત્રુસાલ્યસિંહજીએ અદાણી ગ્રુપને શહેરના વિકાસમાં સહભાગી થવા વિનંતી કરી છે. અદાણી ગ્રુપે આ વિચારને સકારાત્મક પ્રતિસાદ આપ્યો છે, જેનાથી જામસાહેબે આશા વ્યક્ત કરી છે કે અદાણી ગ્રુપ પોતાની કુશળતા અને વિઝનથી જામનગરને નવી ઊંચાઈએ લઈ જશે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો છે કે આ સહયોગથી શહેર વધુ સુંદર અને વિકસિત બનશે.

## અદાણી ગ્રુપ કુશળતા અને વિઝનથી જામનગરને નવી ઊંચાઈએ લઈ જશે

### મિલકતો વેચાઈ નથી, વિકાસ માટે હક્ક અપાયો છેઃ જામસાહેબ

જામસાહેબે સ્પષ્ટતા કરી છે કે આ મિલકતો વેચવામાં આવી નથી, પરંતુ શહેરના વિકાસ માટે કાયદેસર રીતે ન્યૂનતમ રકમથી હક્ક આપવામાં આવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેઓ કોઈ વ્યવસાયિક વ્યક્તિ નથી અને આ નિર્ણય વ્યાવસાયિક હેતુ માટે નહીં, પરંતુ શહેરના સર્વાંગી વિકાસ માટે લેવામાં આવ્યો છે. જામસાહેબે આ સહયોગને "કીડી અને હાથીના સહયોગ" સમાન ગણાવ્યો છે, જે દર્શાવે છે કે નાના અને મોટા પ્રયાસો એકબીજાને પૂરક બની શકે છે.

તાજેતરમાં અદાણી ગ્રુપની જામનગર મુલાકાત બાદ ઈલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયામાં અહેવાલો પ્રચલિત થયા હતા. આ અંગે જામસાહેબ એ ખુલાસો કર્યો હતો.

તેમણે જણાવ્યું કે "અદાણી સાથે હું ધંધો કરું છું કે તેઓ કીડી અને હાથી ભેગા થઈને કામ કરે તેના જેવું થાય એટલે મારે પાછો કરવાનો કોઈ સવાલ નથી અને સવાલ હોય પણ નહીં. આમ પણ હુ કોઈ ધંધાર્થી વ્યક્તિ છું જ નહીં. ખરી હકીકત તો એ છે કે અદાણી ને મેં વિનંતી કરી છે કે હું એમને મારી જેટલી અગત્યની સ્થાવર મિલકત છે અને ડેવલપ કરવા આપું તો અદાણી જામનગરને ફરી પાછું પેરિસ ઓફ ઈન્ડિયા બનાવી દે, એમને મારી આ કલ્પનાને પ્રેમથી સ્વીકારેલ છે. એટલે મેં મારી અગત્યની સ્થાવર મિલકતો એમને ડેવલપ કરવા કાયદેસર રીતે એમને હક્ક આપેલ છે. હવે પછી જામનગરને અદાણી એમના વિચારોથી આગળ વધારે અને સુંદર પણ બનાવશે."

# કોર્પોરેશનમાં ૬ સિટી એન્જિનિયરોની કરાશે ભરતી

## સાત જગ્યાઓ સામે માત્ર એક જ સિટી એન્જિનિયરની જગ્યા ભરેલી બાકીની ૬ જગ્યાઓ પર ઈન્ચાર્જથી ચાલતો વહિવટ: ત્રણેય ઝોનમાં ટાઉન પ્લાનર બાદ હવે સિટી ઈજનેરની ભરતીનો ધમધમાટ



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મહેકમમાં સિટી એન્જીનીયરની કુલ સાત જગ્યા મંજૂર થઈ છે. જે પૈકી માત્ર એક જ જગ્યા હાલ ભરેલી છે. જે જગ્યા પર પરેશ અઢીયા ફરજ બજાવી રહ્યા છે. ત્રણેય ઝોન ઉપરાંત વોટર વર્કસ શાખા અને રોશની શાખાનો વહિવટ ઈન્ચાર્જના હવાલે ચાલી રહ્યો છે. તાજેતરમાં ત્રણ ટાઉન પ્લાનરની ભરતી કરવાની પ્રક્રિયા પૂર્ણ કરાયા બાદ હવે ૬ સિટી એન્જીનીયરોની ભરતી કરવા માટે ઉમેદવારોની અરજી મંગાવવામાં આવી છે.

કોર્પોરેશનમાં એડીશ્નલ સિટી એન્જીનીયરની બે જગ્યા, સિટી એન્જીનીયર (સ્પેશ્યલ)ની બે જગ્યા, એડિશ્નલ સિટી એન્જીનીયર (મિકેનીકલ અને ઈલેકટ્રીકલ)ની એક જગ્યા, કાર્યપાલક ઈજનેરની એક જગ્યા સહિત કુલ ૬ જગ્યાઓ ભરવા માટે આજે અરજીઓ મંગાવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેના માટે ઈચ્છુક ઉમેદવારો ફક્ત ઓનલાઈન માધ્યમથી કોર્પોરેશનની વેબસાઈટ પર ૩૦ જુલાઈ, ૨૦૨૫ સુધીમાં અરજી કરી શકશે. સિટી એન્જીનીયરની બે પૈકી એક જગ્યા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે અનામત રાખવામાં આવી છે. ભરતી માટે વય મર્યાદા ૨૧થી લઈ ૪૫ વર્ષ સુધી નિયત કરવામાં આવી છે. જો કે, કોર્પોરેશનના કર્મચારીઓ માટે ઉપલી વય મર્યાદામાં બાંધછોડ રાખવામાં આવી છે.

મહેકમ મુજબ સિટી એન્જીનીયરની સાત જગ્યા મંજૂર થઈ છે. જે પૈકી હાલ માત્ર પરેશ અઢીયાની એક જ જગ્યા ભરેલી છે. બાકીની ત્રણેય જગ્યાઓ ખાલી છે. વેસ્ટ ઝોનના ઈન્ચાર્જ સિટી એન્જીનીયર તરીકે કુંતેશ મહેતા, સેન્ટ્રલ ઝોનના ઈન્ચાર્જ સિટી એન્જીનીયર તરીકે અતુલ રાવલ અને ઈસ્ટ ઝોનના સિટી એન્જીનીયર તરીકે શ્રીવાસ્તવ હાલ ફરજ બજાવી રહ્યા છે. જ્યારે વોટર વર્કસ અને ડ્રેનેજ વિભાગના સિટી એન્જીનીયર તરીકે દેથરિયા અને રોશની શાખાના ઈન્ચાર્જ સિટી એન્જીનીયર તરીકે જીવાણી ફરજ બજાવી રહ્યા છે. એકસાથે ૬ સિટી એન્જીનીયરોની ભરતી માટે કોર્પોરેશન દ્વારા પ્રથમવાર ઉમેદવારોની અરજી મંગાવવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડની ઘટના બાદ કોર્પોરેશનમાં કોઈ નોકરી કરવા તૈયાર ન હોય તેવું લાગી રહ્યું છે. રાજીનામા પડી રહ્યા છે. બીજી તરફ ભરતી પ્રક્રિયાને પણ યોગ્ય પ્રતિસાદ મળતો નથી. ત્રણેય ઝોનમાં ટાઉન પ્લાનર તરીકે ત્રણ અધિકારીઓની નિમણુંક કરવાની દરખાસ્ત જનરલ બોર્ડમાં આવી ગઈ છે. હવે સિટી એન્જીનીયરની ૬ જગ્યા ભરાયા બાદ વહિવટી તંત્ર થોડું થાડે પડે તેવું દેખાઈ રહ્યું છે.

# પટનામાં પાઈલટની સમયસૂચકતાથી ૧૭૩ મુસાફરોનો જીવ બચ્યો

## ઈન્ડિગોની ફ્લાઈટ રનવેને સ્પર્શ કરી ફરી હવામાં ઉડી, ચાર રાઉન્ડ લગાવ્યા બાદ લેન્ડ કર્યું

**અબતક, રાજકોટ**

અમદાવાદમાં તાજેતરના પ્લેન ક્રેશ બાદ હવે પટના એરપોર્ટ પરથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. દિલ્હીથી પટના આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ-૨૪૮૨ લેન્ડિંગ દરમિયાન રનવે પરથી લગભગ બહાર નીકળી જવાની આશંકા ઊભી થઈ હતી. આ પરિસ્થિતિને પારખીને પાઈલટે સમયસૂચકતા વાપરીને વિમાનને ફરીથી હવામાં ઉડાડવાનો (ગો-અરાઉન્ડ) નિર્ણય લીધો. આ ઘટનાથી ફ્લાઈટમાં સવાર ૧૭૩ મુસાફરોના શ્વાસ થોડી ક્ષણો માટે અધ્ધર થઈ ગયા હતા, કારણ કે જો પાઈલટે સમયસર યોગ્ય નિર્ણય ન લીધો હોત, તો વિમાન પટનાના પોલો રોડ પર સ્થિત મંત્રીઓ અને અધિકારીઓના સત્તાવાર નિવાસસ્થાનો સાથે અથડાઈને મોટો અકસ્માત સર્જી શક્યું હોત.

હવામાં ૪ ચક્કર લગાવ્યા પછી વિમાન સુરક્ષિત રીતે એરપોર્ટ પર ઉતર્યું અને તમામ ૧૭૩ મુસાફરોને સુરક્ષિત રીતે ઉતારી દેવામાં આવ્યા. ઘણા મુસાફરોએ લેન્ડિંગ દરમિયાન અનુભવેલા આંચકા અને પછી અચાનક વિમાનના ફરીથી ઉડાન ભરવાને કારણે ફેલાયેલી ગભરાટની સ્થિતિ વર્ણવી હતી. જોકે, તમામ મુસાફરો સુરક્ષિત હોવાથી સૌએ રાહતનો શ્વાસ લીધો.

પટના એરપોર્ટ ઓથોરિટીએ આ ઘટનાની પુષ્ટિ કરી છે. ઓથોરિટીએ સ્પષ્ટતા કરી કે આ કોઈ ટેકનિકલ ખામીને કારણે નહોતું, પરંતુ પાઈલટે પરિસ્થિતિને પારખીને લીધેલું એક સાવચેતીભર્યું પગલું હતું. ઈન્ડિગો એરલાઈન્સે પણ એક સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું છે કે, મુસાફરોની સલામતી તેમની સર્વોપરિતા છે અને પાઈલટે અત્યંત કાળજીપૂર્વક અને કુશળતાપૂર્વક પરિસ્થિતિને સંભાળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પટના એરપોર્ટનો રનવે અન્ય મોટા એરપોર્ટની સરખામણીમાં પ્રમાણમાં ટૂંકો છે. આવા સંજોગોમાં, ખાસ કરીને ખરાબ હવામાન કે અન્ય કોઈ અનપેક્ષિત પરિસ્થિતિમાં, વિમાનને સુરક્ષિત રીતે લેન્ડ કરાવવા માટે આવા ''ગો-અરાઉન્ડ'' જેવા નિર્ણયો લેવાની જવાબદારી પાઈલટની હોય છે. આ કિસ્સામાં, પાઈલટની સતર્કતા અને સમયસરના નિર્ણાયક પગલાંને કારણે એક મોટો સંભવિત અકસ્માત ટળી ગયો અને કોઈ જાનહાનિ થઈ નથી.

# હિમાચલમાં ભારે વરસાદનો કહેર: ૧૦૬ના મોત, રૂ.૧૦૦૦ કરોડનું નુકસાન

## ૧૯૯ રસ્તા બંધ, સતત વરસાદને કારણે રાજ્યના મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો

**અબતક, રાજકોટ**

હિમાચલ પ્રદેશમાં ચોમાસાનો કહેર યથાવત છે, જ્યાં મંગળવારે શિમલા, બિલાસપુર અને સોલન સહિત અનેક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ અનુસાર, રાજ્યમાં ૨૧ જુલાઈ સુધી વરસાદથી કોઈ મોટી રાહત મળવાની આશા નથી અને વિવિધ સ્થળોએ ભારે વરસાદનો ક્રમ ચાલુ રહેશે. સતત વરસાદને કારણે રાજ્યના મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે.



રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા અપાયેલી માહિતી મુજબ, ૨૦ જૂનથી ૧૫ જુલાઈ સુધીના ચોમાસાની સિઝનમાં રાજ્યમાં જાન-માલને ભારે નુકસાન થયું છે. આ સમયગાળામાં કુલ ૧૦૬ લોકોના મોત નિપજ્યા છે. આમાંથી ૬૨ લોકોના મોત સીધા વરસાદ સંબંધિત ઘટનાઓ જેમ કે, ભૂસ્ખલન, અચાનક પૂર, વાદળ ફાટવા, ડૂબવા અને વીજળી પડવાને કારણે થયા છે. જ્યારે અન્ય ૪૪ લોકોના મોત માર્ગ અકસ્માતોમાં થયા છે, જેમાં મંડી (૪), કુલ્લૂ (૭) અને કિન્નોર (૫) જિલ્લા સૌથી વધુ પ્રભાવિત થયા છે. વરસાદ અને સંબંધિત ઘટનાઓને કારણે રાજ્યમાં ૩૮૪ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જ્યારે ૬૬૬ ઘરો, ૨૪૪ દુકાનો અને ૮૫૦ પશુશાળાઓને આંશિક નુકસાન થયું છે. માળખાકીય સુવિધાઓને પણ વ્યાપક નુકસાન થયું છે; રાજ્યમાં ૧૭૧ પીવાના પાણીની યોજનાઓ બંધ પડી છે, જેમાં મંડી (૧૪૨), કાંગડા (૧૮) અને સિરમૌર (૧૧) જિલ્લા સૌથી વધુ પ્રભાવિત છે. આ ઉપરાંત, વરસાદ અને ભૂસ્ખલનના કારણે રાજ્યભરમાં કુલ ૧૯૯ રસ્તાઓ ટ્રાફિક માટે બંધ છે, જેમાં મંડી (૧૪૧), કુલ્લુ (૩૫), કાંગડા (૧૦) અને સિરમૌર (૮) માં સૌથી વધુ માર્ગો પ્રભાવિત છે. રાજ્ય સરકાર આ રસ્તાઓને તાત્કાલિક ખોલવાના પ્રયાસો કરી રહી છે.

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુકખુએ નવી દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ ગૃહમંત્રીને રાજ્યમાં અચાનક પૂર અને વાદળ ફાટવાને કારણે થયેલા વિનાશ વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્યને આ કુદરતી આફતને કારણે લગભગ ૧,૦૦૦ કરોડ રૂપિયાનું આર્થિક નુકસાન થયું છે. રાજ્ય સરકાર કેન્દ્ર પાસેથી રાહત અને પુનર્નિર્માણ માટે મદદની અપેક્ષા રાખી રહી છે.

# કાગળ પર સ્માર્ટ, જમીન પર બિસ્માર ''સ્માર્ટ સિટી''ના દાવા પોકળ

**અબતક, રાજકોટ**

સ્માર્ટ સિટીના સપના દેખાડીને નાગરિકોની મૂળભૂત સુવિધા ઉપલબ્ધ કરવવામાં નિષ્ફળ નીવડેલા ભાજપના ભ્રષ્ટ શાસકોના વહીવટના લીધે સ્માર્ટ સીટી સ્કીમ હકીકતમાં સ્કેમ બની ગઈ છે. ત્યારે સ્માર્ટ સીટીના પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાના કૌભાંડની તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, નળ, ગટર, રસ્તા જેવી પાયાની બાબતો પર કરોડો રૂપિયાનો ખર્ચ પણ, જમીન હકીકત ઘણી જ બિસ્માર છે. સ્માર્ટ સીટી સ્કીમ હકીકતમાં ભાજપા શાસકોએ સ્કેમ બનાવી દીધી છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ સ્માર્ટ સિટીમાં પાણીના નિકાલ માટે પણ યોગ્ય આયોજનનો સંદતર અભાવ જોવા મળી રહ્યું છે. સ્માર્ટ સિટીમાં રસ્તામાં ખાડા નહિ પણ ખાડામાં રસ્તા ઠેર ઠેર જોવા મળે છે. ભાજપના ભ્રષ્ટ શાસકોના લીધે ભુવા નગરી અને બિસ્માર રસ્તા સ્માર્ટ સિટીની ઓળખ બની હોય તેમ દેખાય છે. ૧૦ વર્ષ જેટલો સમય સ્માર્ટ સીટી સ્કીમને થયો હકીકતમાં આ દશ વર્ષ ભ્રષ્ટાચારમાં (સ્કેમ) અવલ્લ સાબિત ભાજપા શાસકોએ બનાવી દીધા છે. અમદાવાદ સહિત ૬ શહેરોને સ્માર્ટ સીટી મિશન હેઠળ ૨૦,૦૦૦ કરોડ જેટલી માતબર રકમ વિવિધ પ્રોજેક્ટમાં મળી પણ મોટાભાગના પ્રોજેક્ટો પ્રજાલક્ષી સુવિધા માટે જોઈએ તેવા ઉપયોગી થયા નથી. છેલ્લા ૨૦ વર્ષથી મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસનમાં વડોદરા, સુરતના માનવસર્જિત પુરએ ભાજપા શાસકોની જનતાને સ્માર્ટ ભેટ છે.

# કર્ણાટકમાં સિનેમા ટિકિટનો ભાવ રૂ.૨૦૦ સુધી સીમિત કરાયા

## સરકારનો મોટો નિર્ણય, ડ્રાફ્ટનોટિફિકેશન બહાર પડાયું

**અબતક, રાજકોટ**

કર્ણાટક સરકારે સિનેમા જોવાને વધુ સસ્તું અને સુલભ બનાવવા માટે એક ક્રાંતિકારી નિર્ણય લીધો છે. રાજ્યભરના તમામ સિનેમા હોલ અને મલ્ટિપ્લેક્સમાં ફિલ્મની ટિકિટનો મહત્તમ ભાવ ₹૨૦૦ નક્કી કરવા માટે એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. આ નિર્ધારિત કિંમતમાં મનોરંજન કરનો પણ સમાવેશ કરવામાં આવશે. આ પગલું કર્ણાટક સિનેમા (વિનિયમન) નિયમ, ૨૦૧૪ માં સુધારાનો પ્રસ્તાવ છે, જે હેઠળ તમામ ભાષાઓની ફિલ્મો પર આ નિયમ લાગુ પડશે.

કર્ણાટક સિનેમા (નિયમન) (સુધારા) નિયમો, ૨૦૨૫ હેઠળ ગૃહ વિભાગ દ્વારા આ ડ્રાફ્ટ નોટિફિકેશન ૧૫ જુલાઈના રોજ જાહેર કરવામાં આવ્યું છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ખાસ કરીને શહેરી મલ્ટિપ્લેક્સમાં ટિકિટના અનિયંત્રિત ભાવ વધારાને અટકાવવાનો અને સમાજના તમામ વર્ગો માટે સિનેમાની સમાન પહોંચ સુનિશ્ચિત કરવાનો છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ૨૦૨૫-૨૬ના બજેટમાં આ



અંગે સ્પષ્ટપણે ₹૨૦૦ની મર્યાદાનો ઉલ્લેખ કર્યો હતો, જેના પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ પહેલો પ્રસંગ નથી જ્યારે કર્ણાટક સરકારે આવો નિર્ણય લીધો હોય. અગાઉ પણ, કોંગ્રેસના નેતૃત્વ હેઠળની સરકારે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં ફિલ્મની ટિકિટના ભાવ અંગે પ્રસ્તાવ મૂક્યો હતો અને ૧૧ મે, ૨૦૧૮ના રોજ સરકારી આદેશ પણ જારી કર્યો હતો. જોકે, ત્યારે કોર્ટના સ્ટેને કારણે તે નિર્ણયને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. આ વખતે સરકારે કાયદાકીય માર્ગ અપનાવીને વધુ મક્કમતા દર્શાવી છે. આ નવો નિયમ કર્ણાટકના તમામ જિલ્લાઓમાં એકસરખું લાગુ પડશે, પછી ભલે તે બેંગલુરુ જેવા મહાનગરો હોય કે નાના શહેરો અને નગરો. આ નિર્ણયથી દર્શકોને, ખાસ કરીને જેઓ મોંઘી ટિકિટોને કારણે મલ્ટિપ્લેક્સમાં ફિલ્મો જોવાનું ટાળે છે, તેમને મોટી રાહત મળશે. સરકાર દ્વારા આ ડ્રાફ્ટ નોટિફિકેશન અંગે પ્રજા, થિયેટર માલિકો અને સંબંધિત પક્ષો પાસેથી ૧૫ દિવસમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે. આ પગલું સામાન્ય માણસને પણ ઓછી કિંમતે સિનેમાનો આનંદ માણવાનો અવકાશ આપશે.

# ગરીબી, નિરક્ષરતા, ભેદભાવ સામે ન્યાયનો શંખનાદ: કાલે આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ

**અબતક,રાજકોટ**

વર્લ્ડ ડે ફોર ઈંટરનેશનલ જસ્ટીસ દર વર્ષે ૧૭ જુલાઈનાં દિવસે ઉજવવામાં આવે છે. તેને ઈંટરનેશનલ ક્રિમીનલ જસ્ટીસ ડે અથવા ઈંટરનેશનલ જસ્ટીસ ડે પણ કહેવાય છે. આ ન્યાયનો દિવસ છે. મુખ્યત્વે સમગ્ર વિશ્વમાં ન્યાય માટેની જાગૃતતા ફેલાય તે હેતુથી આ દિવસ ઉજવવામાં આવે છે. ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા, લિંગ કે શારીરિક જાતિભેદ વેગેરે વિષયો પર અનિચ્છનીય પ્રકારે ચાલી રહેલી તમામ બાબતોનો વિરોધ કરવા તેમજ ન્યાય મેળવવાનાં હેતુથી સમગ્ર સૃષ્ટિને જાગૃત કરવાનો આ દિવસ છે.

મનુષ્ય સાથે સૃષ્ટિમાં પશુ, પંખી, પ્રાણી તમામ એકીસાથે વસવાટ કરે છે. આ તમામ મનુષ્યની સાથે સાથે જ સૃષ્ટિને ચલાવવામાં કોઈ ન કોઈ રીતે નિમિત્ત બને છે. કે માનવ જાતની ખુબ મોટી, ગંભીર ભૂલો છે જેનાં કારણે કોરોના જેવી બીમારીઓ અસ્તિત્વમાં આવી છે માટે વર્તમાન સમયથી જ માણસે સમગ્ર સૃષ્ટિનું જતન કરવું જ રહ્યું. આ વિશ્વ ન્યાય દિવસ પર ગરીબી, બેરોજગારી, નિરક્ષરતા જેવા દુષણોને દુર કરવાની સાથે સાથે માણસની અંદર રહેલા દુષણોનો પણ સંહાર કરીને આત્માને ન્યાય આપવાની શરૂઆત કરીએ.

# દિલ્હીમાં સ્કૂલો અને કોલેજને સતત ત્રીજા દિવસે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

## ૪ શાળા અને ૧ કોલેજને ધમકીભર્યા મેઈલ મળતા શાળા કોલેજ ખાલી કરાવ્યા

**અબતક, રાજકોટ**

દિલ્હીમાં શાળાઓ અને કોલેજોને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવાનો સિલસિલો આજે પણ યથાવત રહ્યો હતો. સતત ત્રીજા દિવસે આવી ધમકીઓ મળતાની સાથે જ, સાવચેતીના ભાગરૂપે તાત્કાલિક શાળાઓ ખાલી કરાવી દેવામાં આવી હતી. પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લઈને બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને ફાયર બ્રિગેડની મદદથી વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે, રાહતની વાત એ છે કે, અત્યાર સુધી કોઈ પણ જગ્યાએથી કોઈ વિસ્ફોટક કે શંકાસ્પદ વસ્તુ મળી નથી, અને તપાસ હજુ પણ ચાલુ છે.

જે શાળાઓને આજે ઈમેલ મળ્યો હતો તેમાં દ્વારકાની સેન્ટ થોમસ સ્કૂલ, વસંત કુંજની વસંત વેલી સ્કૂલ, હૌઝ ખાસની મધર્સ ઈન્ટરનેશનલ સ્કૂલ, પશ્ચિમ વિહારની રિચમંડ ગ્લોબલ સ્કૂલ અને લોધી એસ્ટેટની સરદાર પટેલ વિદ્યાલયનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દિલ્હી યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત સેન્ટ સ્ટીફન કોલેજને પણ ધમકીભર્યો મેઈલ મોકલવામાં આવ્યો હતો. સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં મળેલા મેઈલમાં ખાસ કરીને લાઈબ્રેરીમાં બોમ્બ મૂકવાનો દાવો કરવામાં આવ્યો હતો, જેના પગલે કોલેજને તાત્કાલિક ખાલી કરાવવામાં આવી હતી અને સઘન તપાસ હાથ ધરાઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૧૦ શાળાઓ અને ૧ કોલેજને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી ચૂકી છે. આ પહેલા સોમવારે ચાણક્યપુરી અને દ્વારકા વિસ્તારની બે શાળાઓને આવા જ ઈમેલ મળ્યા હતા, મંગળવારે પણ ત્રણ શાળાઓને ધમકીભર્યા મેઈલ મળ્યા હતા. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે આવી ઘટનાઓનો મુખ્ય હેતુ સમાજમાં ભય અને ગભરાટ ફેલાવવાનો હોય છે.

આ તમામ ઘટનાઓને ગંભીરતાથી લઈને દિલ્હી પોલીસની સ્પેશિયલ સ્ટાફ ટીમ તેની સઘન તપાસ કરી રહી છે. પોલીસ ઈમેલ મોકલનારનું આઈપી એડ્રેસ ટ્રેક કરવાનો પ્રયાસ કરી રહી છે, જેથી ગુનેગારો સુધી પહોંચી શકાય. સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણ સતર્કતા સાથે કામ કરી રહી છે અને અફવા ફેલાવનારા તથા ભયનું વાતાવરણ ઉભું કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામા આવી રહી છે.

# 'રશિયા સાથે વેપાર ચાલુ રાખશો તો કડક પ્રતિબંધો લાદીશું'

## નાટો ચીફ માર્ક રૂટની ભારત, ચીન અને બ્રાઝિલને ખુલ્લી ધમકી: જો રશિયા શાંતિ વાટાઘાટો ન કરે તો અમેરિકા '૧૦૦% ગૌણ પ્રતિબંધો' લાદશે

**અબતક, રાજકોટ**

નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો) ના નવા વડા માર્ક રૂટે ભારત, ચીન અને બ્રાઝિલ જેવા દેશોને રશિયા સાથેના વેપાર અંગે ખુલ્લી અને બિન-રાજદ્વારી ભાષામાં ચેતવણી આપી છે. યુએસ સેનેટરો સાથેની બેઠક દરમિયાન રૂટે જણાવ્યું કે, જો આ દેશો રશિયા પાસેથી તેલ અને ગેસ સહિતના માલની ખરીદી ચાલુ રાખશે અને જો મોસ્કો શાંતિ વાટાઘાટોને ગંભીરતાથી નહીં લે, તો તેમના પર '૧૦૦% ગૌણ પ્રતિબંધો' લાદવામાં આવી શકે છે, જે અત્યંત કડક અને ગંભીર અસર કરનારા હશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આ પ્રતિબંધો અમેરિકા દ્વારા લાદવામાં આવી શકે છે.માર્ક રૂટેની આ ધમકીભરી ટિપ્પણીઓ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેન માટે નવા શસ્ત્રોની જાહેરાત કર્યાના એક દિવસ પછી અને રશિયા પાસેથી માલ ખરીદનારા દેશો પર કડક ટેરિફ લાદવાની ધમકી આપ્યાના તરત પછી જ આવી છે. રૂટેએ ખાસ કરીને બેઈજિંગ, દિલ્હી અને



બ્રાઝિલિયાને સંદેશ આપ્યો કે, ''આ ત્રણ દેશોને મારો ખાસ પ્રોત્સાહન એ છે કે જો તમે બેઈજિંગ કે દિલ્હીમાં રહો છો, અથવા બ્રાઝિલના રાષ્ટ્રપતિ છો, તો તમારે આ પર એક નજર નાખવી જોઈએ. કારણ કે તે તમને ખૂબ અસર કરી શકે છે.'' તેમણે આ દેશોના નેતાઓને વ્લાદિમીર પુતિનને ફોન કરીને યુક્રેન સાથે યુદ્ધવિરામ માટે શાંતિ વાટાઘાટો પ્રત્યે ગંભીર બનવા દબાણ લાવવા અપીલ કરી, અન્યથા ભારત, બ્રાઝિલ અને ચીન પર ''ભારે પ્રતિકૂળ અસરો'' પડશે. ઉલ્લેખનીય છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના નિવેદનમાં બ્રાઝિલ, ચીન કે ભારતનું સીધું નામ લીધું ન હતું, પરંતુ માર્ક રૂટેએ આ ત્રણ દેશોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે. ૨૦૨૨ માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ પણ આ ત્રણેય દેશોએ રશિયન તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનો ખરીદવાનું ચાલુ રાખ્યું હતું. રૂટેએ વધુમાં જણાવ્યું કે, આ દેશો કદાચ હજુ સુધી સમજી શક્યા નથી કે તેમના પર કેવી અસર થશે, અને આ સમજવામાં તેમને થોડો સમય લાગશે. તેમણે એમ પણ સૂચવ્યું કે મીડિયા અને યુએસ સેનેટરો તેમના સમકક્ષો સાથે આ મુદ્દે ચર્ચા કરશે, જેથી રશિયા પર મહત્તમ દબાણ લાવી શકાય. અમેરિકી સેનેટરો હાલમાં એક બિલની તૈયારી કરી રહ્યા છે જેમાં રશિયા સાથે વેપાર કરતા દેશો પર ૫૦૦% જેટલો જંગી ટેરિફ લાદવાની જોગવાઈ છે. નાટો ચીફની આ ચેતવણી દર્શાવે છે કે પશ્ચિમી દેશો યુક્રેન યુદ્ધને લઈને રશિયા પર દબાણ વધારવા માટે આર્થિક પ્રતિબંધોનું શસ્ત્ર ઉગામવા તૈયાર છે. આનાથી વૈશ્વિક વેપાર સંબંધોમાં નવા સમીકરણો રચાઈ શકે છે.

### ટ્રમ્પે પહેલા નામ લીધા વગર ધમકી આપી હતી

યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ, અમેરિકાએ રશિયા પર કડક આર્થિક પ્રતિબંધો લાદ્યા. જોકે, ભારત, ચીન અને બ્રાઝિલ જેવા કેટલાક મોટા દેશોએ રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ અને અન્ય ઊર્જા ઉત્પાદનોની ખરીદી ચાલુ રાખી, જેનાથી રશિયાને યુદ્ધ માટે ભંડોળ મળતું રહ્યું. આ પરિસ્થિતિમાં, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ રશિયા પાસેથી માલ ખરીદનારા દેશો પર '૧૦૦% ટેરિફ' લાદવાની ધમકી આપી હતી, પરંતુ ત્યારે તેમણે કોઈપણ દેશનું સીધું નામ લીધું ન હતું. આ ધમકીઓનો મુખ્ય હેતુ રશિયાને આર્થિક રીતે નબળું પાડીને યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે દબાણ કરવાનો છે, અને રશિયાના વેપારી ભાગીદારોને પણ આ નીતિમાં સહયોગ આપવા માટે મજબૂર કરવાનો છે.

### રશિયાને વૈશ્વિક સ્તરે અલગ કરવાનો પ્રયાસ

નાટો ચીફ માર્ક રૂટે ભારત, ચીન અને બ્રાઝિલ જેવા દેશોને રશિયા સાથેનો વેપાર બંધ કરવા માટે ખુલ્લી ધમકી આપી છે, કારણ કે આ દેશો યુક્રેન પર આક્રમણ બાદ પણ રશિયા પાસેથી સસ્તા દરે તેલ અને ગેસ ખરીદી રહ્યા છે, જેનાથી રશિયાને યુદ્ધ ચાલુ રાખવા માટે ભંડોળ મળતું રહે છે. પશ્ચિમી દેશો રશિયા પર આર્થિક દબાણ વધારીને તેને યુક્રેન સાથે શાંતિ વાટાઘાટો માટે મજબૂર કરવા માંગે છે. આ ધમકી ''ગૌણ પ્રતિબંધો'' લાદવાની અમેરિકાની તૈયારી દર્શાવે છે, જે રશિયા સાથે વેપાર કરતા દેશોને પણ અસર કરશે. આ ઉપરાંત, બ્રિક્સ જેવા સંગઠનોના વધતા મહત્વ વચ્ચે, પશ્ચિમી દેશો આ દેશો પર દબાણ લાવીને રશિયાને વૈશ્વિક સ્તરે અલગ પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેથી રશિયા સાથેના તેમના સંબંધોના સંભવિત ગંભીર પરિણામોનો સ્પષ્ટ સંદેશ આપી શકાય.

# વિદ્યાર્થી ઉત્કર્ષ: ''કોમન એન્ટ્રન્સ ટેસ્ટ'' થકી હજારો વિદ્યાર્થીઓને શૈક્ષણિક તકો

## રાજકોટ ગ્રામ્યના ધોરણ ૫ના ૩૦૦૦ વિદ્યાર્થીઓએ મેરીટ લીસ્ટમાં સ્થાન પામ્યા

**અબતક રાજકોટ,**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે બાળકોના સર્વાંગી વિકાસ અને આર્થિક અવરોધ વિના શૈક્ષણિક કારકિર્દી ઘડતરને વેગ આપવા માટે ''શૈક્ષણિક યોજનાઓ અનેક, પરીક્ષા એક'' ના મંત્ર સાથે 'કોમન એન્ટ્રન્સ ટેસ્ટ' (ઈઊઝ)નું આયોજન કર્યું છે. આ પરીક્ષા ધોરણ ૦૧ થી ધોરણ ૦૫ નો અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓનો લાભ લેવાની સમાન તક પૂરી પાડે છે.

રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દીક્ષિતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છે.

નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ડો. અશોકભાઈ વાણવીએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-'૨૪ માં ૪૧૬૫ વિદ્યાર્થીઓ ઈઊઝ માં ઉત્તીર્ણ થયા હતા, જ્યારે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-'૨૫ માં ૩૦૦૦ વિદ્યાર્થીઓ મેરીટ લિસ્ટમાં સ્થાન પામ્યા હતા.

આ પરીક્ષા સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ ૦૧ થી ધોરણ ૦૫નો અભ્યાસક્રમ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ આપી શકે છે. ઈઊઝ ના મેરીટ લિસ્ટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ ધોરણ ૦૬ માટે જ્ઞાનશક્તિ નિવાસી શાળા, જ્ઞાનશક્તિ આદિવાસી નિવાસી શાળા, રક્ષાશક્તિ શાળા, આદર્શ શાળા જેવી પ્રતિષ્ઠિત શાળાઓમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત, તેઓ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનાનો પણ લાભ લઈ શકે છે, જે તેમને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડે છે.

આ યોજનાઓ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવીને ભવિષ્યમાં સફળ થવા માટે મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડી રહી છે.

### વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા

# સિવિલ હોસ્પિટલ ખાતે સોમવારે 'પારા મરક્યુરી' વિષે સેમિનાર

## પૂર્વ કેન્દ્રીય મંત્રી વલ્લભભાઈ કથીરિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે



**અબતક, રાજકોટ**

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા રાજકોટમા પ્રથમ વખત આમ જનતાની આરોગ્યની જાળવણી અને જાગૃત્તિ માટે રાજકોટ મુકામે સેમીનારનું આયોજન કરવામા આવેલ છે. પારા - મરક્યુરીનો આરોગ્ય ક્ષેત્રે દર્દીઓના રોગના નિદાનના સાધનોમા ઉપયોગ કરવામા આવે છે. પારા - મરક્યુરી સંબધે લોકો સંપૂર્ણ રીતે અજ્ઞાન છે જેથી આવા અગત્યના પારા આપણા આરોગ્ય અને પર્યાવરણનું રક્ષણ વિષયે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આગામી તા.૨૧/૦૭/૨૫ ના પંડીત દિનદયાલ ઉપાધ્યાય (કોન્ફરન્સ હોલ), સરકારી મેડીકલ કોલેજ સિવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,રાજકોટ એક દિવસીય સેમીનારનું આયોજન કરવામા આવેલ છે.

આ સેમીનારમા વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રતિનિધી અનુ અગ્રવાલ તથા વોઈસ,ન્યુ દિલ્હીના પ્રતિનિધી રિંકી શર્મા વિષય નિષ્ણાંત તરીકે ઉપસ્થીત રહી માર્ગદર્શન આપનાર છે. કાર્યક્રમના ઉદઘાટક તરીકે પૂર્વ કેન્દ્રીય આરોગ્ય મંત્રી વલ્લભભાઈ કથીરીયા ખાસ ઉપસ્થીત રહેશે. સેમીનારનું પ્રમુખસ્થાન મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ,સીવીલ હોસ્પીટલ,રાજકોટના ડો. મોનાલીબેન માંકડીયા સંભાળનાર છે. અન્ય મહાનુભાવો ઉપસ્થીત રહી માર્ગદર્શન આપનાર છે. સેમીનારમા ઉપસ્થીત રહેવા ઈચ્છતા નાગરીકોએ મોબાઈલ નં.૯૪૨૬૨ ૦૧૬૧૧, ૭૦૧૬૧ ૩૧૮૭૨, ૯૮૨૪૨ ૮૨૧૬૨ ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરવા યાદીમાં જણાવેલ છે.

# લેંગ લાઈબ્રેરીમાં ડો. શરદ ઠાકરની 'મારી કલમના ચાર રંગ' સાહિત્ય સંગોષ્ઠિ યોજાઈ




**અબતક,રાજકોટ**

શ્રી લેંગ લાઈબ્રેરી ટ્રસ્ટ્ર સંચાલિ ત અરવિંદભાઈ મણિયાર પુસ્તકાલય ખાતે તાજેતરમાં 'ડોકટરની ડાયરી' અને 'રણમાં ખીલ્યું ગુલાબ' ના કટાર લેખક તથા 'પ્રેમ કરું કે પૂજા' જેવા ૬૪ થી વધુ પુસ્તકોના સર્જક અને વ્યવસાય તબીબ એવા ડો. શરદ ઠાકરના અતિથિ વિશેષ પદે મારી કલમના ચાર રંગ અંતર્ગત સાહિત્ય સંગોષ્ઠિ યોજાઈ હતી.તેમાં તેમણે પોતાની સર્જક કે ફિયતના સ્વાનુભવો તથા 'સિંહ પુરુષ' પુસ્તક સર્જન પાછળની પૃષ્ઠ ભૂમિકા અને પરિબળો સદ્રષ્ટાંત રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતે સાહિત્યિક પ્રશ્નોત્તરી યોજાઈ હતી,જેમાં નાસ્તિકતાથી આસ્તિકતાથી સફર, શ્રદ્ધા અને અશ્રદ્ધા, જીવન સર્જન પાછળના પરિબળો વગેરે જેવા શ્રોતાગણ દ્વારા પુછાયેલા વિવિધ પ્રશ્નોનાં સ્વાનુભવ સાથે ઉતરો આપ્યા હતા.

વૈદિક ધર્મ નીડરતા કેળવવાની સમજ આપે છે તે જણાવી રમણ મહર્ષિ, પરમહંસ, નથુરામ શર્મા, નાથાભાઈ જોશી વગેરે વિશે જણાવી દર્દી તબીબને ભગવાન માને ત્યારે થતો ભાવ અનુભવ વગેરે વાર્તાના ધટના બીજ બને છે તે સાથેની પોતાની શબ્દ યાત્રા વર્ણવી હતી.

આ પ્રસંગે સંસ્થાના ઉપ પ્રમુખ ડો. નીતિનભાઈ વડગામાએ અતિથિઓના શાબ્દિક સત્કાર કરી કાર્યક્રમની પ્રાસંગિક ભૂમિકા રજૂ કરી હતી. સંસ્થાના મેહુલભાઈ રૂપાણી દ્વારા શરદભાઈનું પુસ્તક અર્પણ કરી સ્વાગત તથા મનોજભાઈ શુકલએ આભાર દર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ડો. રમેશભાઈ પીઠિયાએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગ્રંથપાલ કલ્પાબેન ચૌહાણ તથા તેની સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી ઉપરોક્ત પ્રસંગમાં રાજકોટ શહેરના અગ્રગણ્યા નાગરિકો, સાહિત્ય રસિકો તેમજ વાચકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાભવન દ્વારા 'ફોક વેસ્ટર્ન ડાન્સ' સ્પર્ધામાં વિજેતાનું સન્માન

## બાળભવનના ટ્રસ્ટી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટ દ્વારા શનિવારે બાલ સભ્યો માટે ફોક - વેસ્ટર્ન ડાન્સ સ્પર્ધા યોજાઈ હતી.

ફોક, વેસ્ટર્ન ડાન્સ સ્પર્ધાનાં ચાર વિજેતાઓમાં સત્યમ અમલાણી પ્રથમ, ભાર્ગવી અગ્રવાલ દ્વિતીય, ધીમહિ પ્રિતમાણી તૃતીય, અને રહેમત કૌર ચતુર્થ સ્થાને વિજેતા જાહેર થયા હતા.

બાલભવનના માનદ મંત્રી મનસુખભાઈ જોષી, ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદીએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. ઓફીસ સુપ્રિ. કિરીટભાઈ વ્યાસે જણાવ્યા બાળકોની પ્રતિભાને નિખારવા તેમજ પ્રોત્સાહિત કરવા અને બાળકો ને સ્ટેજ મળી રહે તે હેતુસર બાલભવનના આંગણે દર શનિવારે આવી સ્પર્ધાઓ કાર્યક્રમો યોજાતા રહેશે. નિર્ણાયક અમિશાબેન ભટ્ટ તથા હીનાબેન મોકરીયાના વરદ હસ્તે વિજેતા બાળકોને ઈનામ તથા પ્રમાણપત્ર આપીને સન્માનીત કરાયા હતા. સ્પર્ધા કાર્યક્રમનું સંચાલન ધર્મેન્દ્ર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# વોર્ડ નં.૧૪માં પેવિંગ બ્લોકના કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય રમેશ ટીલાળા



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૧૪ના કોર્પોરેટરોની ગ્રાન્ટ દ્વારા ૨૫.૫૦ લાખના કામોના ખાતમુહુર્ત કરેલ. જેમાં કેવડાવાડી શેરી નં.૫ પંચમુખી બાલાજી મંદિર પાસે બાલકિશોર વિદ્યાલય જીલ્લા ગાર્ડન આનંદનગર ખાતે પેવીંગ બ્લોકનું ખાતમુહુર્ત તાજેતરમાં વિધાનસભા ૭૦ના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવેના હસ્તે તેમજ જાગૃત કોર્પોરેટર નીલેશભાઈ જલુ તેમજ વર્ષાબેન રાણપરા તેમજ વિશેષ ઉપસ્થિત વોર્ડ નં.૧૪ના સર્વે કાર્યકર્તા ભાઈઓ તથા બહેનો હાજર રહ્યા હતા. વોર્ડ પ્રભારી જીગ્નેશભાઈ જોશી, પ્રમુખ પવનભાઈ સુતરીયા, મહામંત્રી કેયુરભાઈ મસરૂ, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, શિક્ષણ સમિતિના વા.ચેર. પ્રવીણભાઈ નિમાવત, શૈલેષભાઈ હાપલીયા, અજીતસિંહ રાજપૂત, હરિભાઈ રાતડીયા, રઘુભાઈ બોળીયા, નીલેશભાઈ પાટડિયા, કલ્પેશભાઈ રામાણી, અનિશભાઈ બાદી, આશિષભાઈ ટાંક, બકુલભાઈ ચોટલીયા, મીનાબેન સોજીત્રા તેમજ સ્થાનિક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતનું પ્રાચીન ચક્રજ્ઞાન વૈશ્વિક મંચ પર: ડો. જિતેન્દ્ર પટવારીની ઐતિહાસિક સિધ્ધિ

## ૬૪ વર્ષની ઉંમરે ડો. જિતેન્દ્ર પટવારીએ ચક્ર હીલીંગમાં વિશ્વની પ્રથમ પી.એચ.ડી. મેળવી દેશનું ગૌરવ વધાર્યુ




**અબતક, રાજકોટ**

સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, રાજકોટમાંફરજ બજાવી ચૂકેલા, વર્ષ ૨૦૦૫માં રેસકોર્સ મેદાન ખાતે ૬૦,૦૦૦ લોકોએ જેનો લાભ લીધો હતો તેવી સમર્પણ હિમાલયન ધ્યાન મહાશિબિરના આયોજન દ્વારા હજારો લોકોને ધ્યાનમાર્ગે વળી ચૂકેલા ડો. જિતેન્દ્ર પટવારીએ 'ચક્ર હીલિંગ' વિષયમાં વિશ્વની પ્રથમ પીએચ.ડી. પ્રાપ્ત કરીને ઈતિહાસ રચ્યો છે. આ સિદ્ધિ ભારતના પ્રાચીન જ્ઞાન અને આધ્યાત્મિક વારસાને વૈશ્વિક મંચ પર પ્રસ્થાપિત કરતી અદ્‌ભુત ઉપલબ્ધિ છે. ૬૪ વર્ષની ઉંમરે ડો. પટવારીએ 'ચક્ર હીલિંગ' જેવા ઊંડા અને ઓછા સમજાયેલા વિષય પર વિશ્વની પ્રથમ પી.એચ.ડી. મેળવી, ભારતીય જ્ઞાન ભારતની જ્ઞાન વિરાસતને નવી ઊંચાઈ અપાવી છે. ચક્ર વિજ્ઞાનને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ વૈશ્વિક માન્યતા અપાવતી આ અનોખી ઉપલબ્ધી છે.

આ પીએચ.ડી. માટે ડો. પટવારીની કૃતિ 'ચક્રસંહિતા' આધારભૂત છે, જે ચક્ર હીલિંગ વિષય પર ભારતીય ભાષામાં પ્રથમ અને એકમાત્ર વિસ્તૃત વૈજ્ઞાનિક દસ્તાવેજ છે. ૨૫ વર્ષથી વધુના ઊંડાણપૂર્વકના સંશોધન અને અનુભવ પરથી રચાયેલું આ પુસ્તક શારીરિક આરોગ્ય, માનસિક ભાવનાઓ અને આધ્યાત્મિક વિકાસને વૈજ્ઞાનિક રીતે સમજાવે છે. હિન્દી અને ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ 'ચક્રસંહિતા' ટૂંક સમયમાં અંગ્રેજીમાં પણ પ્રકાશિત થઈ રહ્યું છે. ગુજરાતના આ સપૂતે ભારતનું નામ વિશ્વમંચ પર રોશન કર્યું છે, જે સમગ્ર દેશના ઐતિહાસિક અને આધ્યાત્મિક વારસાનું વૈશ્વિક સ્તરે ગૌરવગાન છે.

# 'વર્લ્ડ યુથ સ્કીલ ડે' નિમિતે ગો આધારીત કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપો: ડો. વલ્લભ કથીરિયા

## પંચદ્રવ્ય સારવાર જેવા કૌશલ્યનું તાલીમ સ્વરોજગાર માટે નવી દિશા આપશે



**અબતક, રાજકોટ**

વિશ્વ યુવા કૌશલ્ય દિવસે ભારતના પરંપરાગત, સાંસ્કૃતિક અને આર્થિક મૂલ્યોને ધ્યાનમાં રાખીને યુવાનોને નવા અવસરો આપી શકીએ તે અત્યંત જરૂરી બન્યું છે. તે માટે જીસીસીઆઈના સ્થાપક, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયા દ્વારા આ દિશામાં સ્કીલ ડેવલોપમેન્ટ મંત્રાલયને ''ગૌ આધારિત કૌશલ્ય વિકાસ કાર્યક્રમો''ને પ્રોત્સાહન આપવા ગૌ આધારિત ઉદ્યોગોનો સમાવેશ કરવા સૂચનો કરવા કર્યા છે, જેના માધ્યમથી ગ્રામિણ ભારતમાં આત્મનિર્ભરતા તરફ નવી દિશાઓ ખુલશે.

ડો. કથીરિયાએ ગૌ આધારિત અર્થતંત્રને મજબૂત બનાવવા માટે મહિલાઓ, યુવાનો અને સ્વયસહાય જૂથો ને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ વિશેષ તાલીમ આપવી, ખાસ કરીને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની યોજનાઓ, ગ્રામ વિકાસ મંત્રાલયની જીવનોપાર્જન મિશન તથા અન્ય મંત્રાલયોના સહયોગથી આ તાલીમ કાર્યક્રમો વ્યાપક સ્તરે અમલમાં મૂકી ગૌ મૂત્ર અને ગોબરના મૂલ્યવર્ધન ઉત્પાદનોનું મોટું ક્ષેત્ર શરૂ કરવા હિમાયત કરી છે. ગૌ આધારિત કૌશલ્યને નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક હેઠળ માન્યતા આપીને યુવાનોને પ્રમાણપત્ર, સ્ટાન્ડરાઈઝેશન અને બજારમાં વધુ અવસરો મળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવા અનુરોધ કર્યો છે. આથી ભારતનું ગ્રામિણ અને કૃષિ આધારિત અર્થતંત્ર મજબૂત બનશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનો વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારતનો સંકલ્પ પણ સાકાર બનશે.

વિશ્વ યુવા કૌશલ્ય દિવસે આપણે સંકલ્પ લઈએ કે ગૌ આધારિત જીવનશૈલી અને અર્થતંત્રને યુવાનોના ભવિષ્યના નિર્માણ માટેનો આધાર બનાવીને ભારતને ગૌ સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે વિશ્વ પટલ પર બીરાજમાન કરીએ. વધુ માહિતી માટે જીસીસીઆઈ ના જનરલ સેક્રેટરી શ્રી મિત્તલભાઈ ખેતાણી અને તેજસ ચોટલીયા મો. ૯૪૨૬૯ ૧૮૯૦૦ પર સંપર્ક કરવો.

# રાજકોટ-ભુજ ટ્રેનના સમયમાં ફેરફાર કરી રાત્રી સેવા પુનઃ શરૂ મંત્રી કુંવરજી બાવળીયાની રજૂઆત

## રેલ્વેના જનરલ મેનેજરને પત્ર પાઠવી મુસાફરોના હીતમાં ટ્રેનને રાજકોટ અને ભુજથી રાતના ૯ થી ૧૦ વચ્ચે ચલાવવા મુંબઈના રેલવે જનરલ મેનેજરને પત્ર પાઠવ્યો

**અબતક, રાજકોટ**

અમદાવાદ ડિવિઝન દ્વારા ચલાવવામાં આવતી રાજકોટ-ભૂજ ટ્રેનને ૩૦ જુન ૨૦૨૫ થી બંધ કરવામાં આવેલ સેવાને સમયમાં યોગ્ય ફેરફાર કરી પુનઃ શરૂ કરવા રાજયના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પશ્ચિમ રેલ્વે મુંબઈના જનરલ મેનેજરને પત્ર પાઠવ્યો છે.સૌરાષ્ટ્રભરના પ્રવાસીઓ કચ્છ ખાતે આવેલ પ્રસિધ્ધ સફેદ રણ, સ્મૃતિવન, આશાપુરા મંદિર, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ સહિત અનેક ધાર્મિક સ્થળો ઉપરાંત લાંબો દરિયા કિનારાની મુલાકાત કરે છે, અને મુસાફરો ખાનગી અને એસ.ટી. બસોના બદલે ટ્રેનમાં જવાનું વધારે પસંદ કરતા આવ્યા છે.આજે કચ્છ સાથે સંકળાયેલી ખાનગી-એસ.ટી.ની બસોમાં સમયસર જગ્યા કે રીઝર્વેશન મળતું ન હોવાના કારણે રાજકોટથી કચ્છ-ભુજ તરફ ચલાવતી ટ્રેન મુસાફરો માટે આર્શીવાદ રૂપ હતી. આ ટ્રેનને બંધ કરવાથી મહિલાઓ, બાળકો, વયોવૃધ્ધ સહીતના પ્રવાસીઓ માટે ભુજ જવા માટેની સસ્તી, સારી અને આરામદાયક સુવિધા બંધ થતાં રોષની લાગણી જોવા મળી રહી છે.અમદાવાદ ડિવિઝન દ્વારા બંધ કરવામાં આવેલ ટ્રેનના સમયમા ફેરફાર કરી રાજકોટ અને ભૂજથી થી રાત્રીના ૯ થી ૧૦ વચ્ચે ચલાવી વહેલી સવારે પહોંચે તો મુસાફરીના સમય અને સસ્તી ટ્રેન સેવાના કારણે નાણાનો બચાવ થશે અને ટ્રેનમાં સારા પ્રમાણમાં ટ્રાફિક-ગુડઝ મળી શકશે. સૌરાષ્ટ્રના અનેક શહેરોના મુસાફરો દિવસ દરમ્યાન કચ્છ-ભુજના જોવા લાયક સ્થળોએ ફરી રાત્રીની આરામદાયક મુસાફરી સાથે સૌરાષ્ટ્રમાં પરત ફરી શકશે.આ ટ્રેનને માત્ર વેકેશનની રજા પુરતી સિમિત ન રાખતા નિયમીત રીતે ચલાવવા જનરલ મેનેજર મુંબઈ અને ડીઆરએમ અમદાવાદ રાજકોટને પત્ર પાઠવવામાં આવ્યો છે.

# વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો કાલે રદ

**અબતક, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ૧૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોમાં ટ્રેન નંબર ૭૯૪૫૨ મોરબી-વાંકાનેર, ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર, ટ્રેન નંબર ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર, ટ્રેન નંબર ૭૯૪૪૪ , ટ્રેન નંબર ૭૯૪૪૬ , ટ્રેન નંબર ૭૯૪૪૮, ટ્રેન નંબર ૭૯૪૪૧, ટ્રેન નંબર ૭૯૪૪૩ , ટ્રેન નંબર ૭૯૪૫૩, ટ્રેન નંબર ૭૯૪૪૫ ,ટ્રેન નંબર ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી, ટ્રેન નંબર ૭૯૪૫૧ વાંકાનેર-મોરબીનો સમાવેશ થાય છે. વધુ માહીતી માટે www.enquiry.indianrail.gov.in પર અવલોકન કરવા જણાવાયું છે.

# વરિષ્ઠ નાગરીક બોજ નહી અમુલ્ય સંપતિ છે: અધ્યક્ષ હસુભાઈ દવે

## ભારતીય મજદુર સંઘની કાર્યાલય ખાતે સિનીયર સીટીઝન અને પેન્શનર્સ એસો.ના સભ્યોની બેઠક મળી



**અબતક, રાજકોટ**

ગુજરાત સિનિયર સીટીઝન અને પેન્શનર્સ એશોશીએશનના રાજકોટ જિલ્લાની બેઠક દિનેશભાઈ રામાવતની અધ્યક્ષતામાં તાજેતરમાં ભારતીય મઝદૂર સંઘ, કાર્યાલય, રાજકોટ ખાતે મળેલ હતી. આ કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ હતી. આ ઉપરાંત પેન્શનરોને અને કેન્દ્ર, રાજ્ય અને ઈ. પી. એફ.ના કર્મચારીઓને હાલના સમયમાં મુંજવતા પ્રશ્નો અને ઈ. પી. એફ. પેન્શન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી.તથા આ બેઠકમાં ગુજરાત સિનિયર સીટીઝન અને પેન્શનર્સ એશોશીએશનની વર્ષ ૨૦૨૫-૨૬ની કારોબારીની રચના કરવામાં આવેલ હતી.જેમાં પ્રમુખ તરીકે પ્રવીણભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ તરીકે કિશોરસિંહ જેઠવા, મંત્રી તરીકે મણિલાલ કંડિયા સર્વાનુ મતેવરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભારતીય મઝદૂર સંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને વરિસ્ઠ નાગરિક મહાસંઘના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ હસુભાઈ દવેએ પોતાના પ્રવચનમાં જણાવેલ હતું કેપેન્શન, પી. એફ. કે ઈ. પી. એફ.ને લગતા કોઈપણ સમાચાર મળ્યે સૌપ્રથમ ખાત્રી કરવી કે તે સાચા છે કે નહીં ત્યારબાદ જ તેમની કાર્યવાહી કરવી જોઈએ. કારણ કે હાલના સમયમાં ગેરમાર્ગે દોરત ઘણા સમાચારો હોય છે.આ કાર્યક્રમમાં અલગ અલગ વિભાગમાંથી બહોળી સંખ્યામાં સિનિયર સીટીઝન અને પેન્શનરો ઉપસ્થિત રહેલ હતા જેમાં ભૂપેશભાઈ ગૌતમ, કિશોરસિંહ જેઠવા, જે. બી. વ્યાસ,એન. જી. ઉકાણી, બી. જે. દવે, પી. બી. ત્રિવેદી, સરકારી શાળા કોલેજો વગેરે ક્ષેત્રમાંથી ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શ્રી મણિલાલ કંડિયા એ કરેલ હતું.

# સ્વિટઝરલેન્ડના પ્રાકૃતિક સૌદર્ય વચ્ચે મોરારીબાપુના વ્યાસાસને શનિવારથી રામકથાનો પ્રારંભ



**અબતક, રાજકોટ**

સ્વિટ્ઝરલેન્ડના રમણીક દાવોસ શહેરમાં આગામી શનિવાર ૧૯ જુલાઈથી રવિવાર ૨૭ જુલાઈ દરમિયાન મોરારીબાપુના વ્યાસાસને ભવ્ય રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ, દેશ અને વિશ્વમાં સનાતન રામકથાનો પ્રચાર કરી રહેલા મોરારીબાપુના મુખેથી કથાશ્રવણનો લાભ લેવા માટે ગુજરાત સહિત ભારતના અને વિદેશમાં વસતા ભાવિક શ્રોતાઓ મોટી સંખ્યામાં જોડાશે. સ્વિટઝરલેન્ડના પ્રાકૃતિક સૌદર્ય વચ્ચે યોજાઈ રહેલી આ રામકથા એક અનોખો આધ્યાત્મિક અનુભવ પુરો પાડશે.

આ કથા દ્વારા વિશ્વભરના ગુજરાતીઓ અને ભારતીયોને ધર્મ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા સાથે જોડાવાની સુવર્ણ તક પ્રાપ્ત થશે.

# આજી ડેમ ચોકડી પર માર્ગ મરામત, વાહનચાલકોની હાલાકીનો અંત..

## જસદણ, ભાવનગર તરફ જતા વાહન ચાલકોને વાહન ચલાવવામાં સરળતા રહેશે.



**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નંબર ૬માં આજી ડેમ ચોકડી પાસે સર્કલની આજુ-બાજુના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ભારે વરસાદથી પડેલા ખાડાઓ બુરી રસ્તો સમથળ કરાયો હતો. આ રસ્તાનું સમારકામ થતાં આસપાસના ગ્રામીણ વિસ્તારો તેમજ જસદણ, ભાવનગર તરફ જતા વાહન ચાલકોને વાહન ચલાવવામાં સરળતા રહેશે.રાજકોટ શહેર તેમજ જિલ્લામાં ભારે વરસાદના કારણે વિવિધ રસ્તાઓમાં થયેલા નુકસાનથી વાહન ચાલકોને તકલીફ ભોગવવી ન પડે તે માટે મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શનમાં જિલ્લા કલેક્ટર તેમજ કમિશનરશ્રીએ વિવિધ માર્ગોનું નિરીક્ષણ કરી અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત નાગરિકો ખરાબ રસ્તાઓ અંગે ગુજમાર્ગ એપ્લિકેશનમાં ફરિયાદ કરી રહ્યા છે, જેનું નિવારણ પણ એક્ટિવ મોડમાં કરાઈ રહ્યું છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આજી ડેમ સર્કલમાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તા પર સીસી(સીમેન્ટ કોંક્રીટ) કરી પેવિંગ બ્લોક પાથરીને રસ્તાને સમથળ કરાયો હતો.આ રસ્તો સમથળ થતા ત્રંબા, અણીયારા, રાજ સમઢીયાળા, સરધાર સહિતના ગ્રામીણ વિસ્તારો તેમજ જસદણ અને ભાવનગર તરફ જતા વાહન ચાલકોને આવાગમનમાં સુગમતા રહેશે.

### યાંત્રિક રાઈડ્સ માટે રાત થોડી વેશ ઝાઝા જેવો ઘાટ!!!

# મેળામાં ફજર-ફાળકાની મડાગાંઠ ઉકેલવા હવે દાસ રસ્તો કાઢશે

## જન્માષ્ટમીને હવે એક મહિનો પણ બાકી નથી ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખુદ મેળા મામલે તેમના અગ્રસચિવ મનોજ દાસને સોંપ્યો છે, જેના પગલે હવે રાહતપૂર્ણ ઉકેલ આવવાના સંજોગો સર્જાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા આગામી તારીખ ૧૪ ઓગસ્ટથી રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજિત જન્માષ્ટમીના પાંચ દિવસીય લોકમેળાની રાઈડ્સનો વિવાદ એસ.ઓ.પી.ના મામલે વકર્યો છે. આ વિવાદને શાંત કરવા માટે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખુદ આ મામલો તેમના અગ્રસચિવ મનોજ દાસને સોંપ્યો છે, જેના પગલે હવે રાહતપૂર્ણ ઉકેલ આવવાના સંજોગો સર્જાયા છે. એટલે હવે મેળામાં ફઝર-ફારકાની મળાગાંઠ ઉકેલવા હવે દાસ રસ્તો કાઢશે.લોકમેળાના રાઈડ્સ સંચાલકોએ ગઈકાલે સાંસદ પરસોતમ રૂપાલા અને ત્યારબાદ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રાઈડ્સની એસઓપીમાં બાંધછોડ કરવાની માંગણી સાથે બીજી વખત રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ રાઈડ્સ સંચાલકોની રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી અને અગ્રસચિવ મનોજ દાસને રાઈડ્સની એસઓપીના મુદ્દે વચલો રસ્તો કાઢવાની સલાહ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જો આ પ્રશ્ને યોગ્ય પગલાં ન લેવાય તો લોકમેળાની પરંપરા જ ખતમ થઈ જશે.રાઈડ્સ સંચાલક ક્રિષ્નસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, તેઓ દ્વારા અત્યાર સુધીમાં



સાંસદ પરસોતમ રૂપાલા, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પૂર્વ મંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય સરકારના યાંત્રિક વિભાગના મુખ્ય સચિવને રજૂઆત કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે મુખ્યમંત્રી અને ગૃહમંત્રી તેમના પ્રશ્ને સકારાત્મક રહ્યા છે. મુખ્યમંત્રીના હકારાત્મક અભિગમને પગલે આ પ્રશ્ને રાહતપૂર્ણ ઉકેલની આશા છે.અગાઉ, જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે જાહેરાત કરી હતી કે નિર્ધારિત સમયમાં એસઓપીનું પાલન કરીને ફોર્મ જમા નહીં કરાવનાર મોટી રાઈડ્સ સંચાલકોને મેળામાં પ્રવેશ અપાશે નહીં. તેમણે મોટી રાઈડ્સ વગર પણ મેળો યોજવાની તૈયારી દર્શાવી હતી. કલેક્ટરે લોકમેળાના સ્ટોલ અને નાની રાઈડ્સ માટે ફોર્મ ભરવાની મુદતમાં ત્રણથી પાંચ દિવસનો વધારાનો સમય આપવાની પણ જાહેરાત કરી હતી.

### ‘રાહતપૂર્ણ’ ઉકેલની આશા

રાજકોટના મેળાનો ઈતિહાસ જોઈએ તો ૧૯૫૩ સુધી શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા લોકમેળાનું શાસ્ત્રી મેદાનમાં ત્રણ દિવસ સુધી આયોજન કરવામાં આવતું હતું. ઉત્સવપ્રિય રાજકોટમાં જન્માષ્ટમીના પાવન પર્વે નિમિત્તે ૧૯૮૪માં રાજ્ય સરકારના યુવક સેવા અને સાસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ત્રણ દિવસ સુધી શાસ્ત્રી મેદાન ખાતે જ લોકમેળો યોજવામાં આવ્યો. આ આયોજનનું ૧૯૮૫માં પણ પુનરાવર્તન કરાયું ત્યાર બાદ, ૧૯૮૬થી સરકારી અધિકારીઓની વિવિધ સમિતિ દ્વારા આયોજનબધ્ધ રીતે લોકમેળો યોજાવાની શરૂઆત થઈ.આ લોક મેળો રાજકોટની ભાતીગળ ઓળખ બની ગયો છે.શરૂઆતથી શાસ્ત્રી મેદાનમાં યોજાતો આ મેળો વધતા જતાં માનવ મહેરામણના લીધે વર્ષ ૨૦૦૩થી રેસકોર્સ ખાતે યોજવામાં આવે છે ત્યારે આ વર્ષે મેળામાં રાઈડ્સ હશે કે કેમ , હવે રાઈડ્સના મુદ્દે વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર દ્વારા શું નિર્ણય લેવાય છે તેના પર રાઈડ્સ સંચાલકો, વેપારીઓ અને નગરજનોની મીટ મંડાયેલી છે.

# વિકાસની ધરી પર દક્ષિણ ગુજરાતઃ રૂ. ૪૦૧ કરોડના ચાર મહત્ત્વપૂર્ણ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સથી વિકાસને વેગ

## રાજ્ય સરકાર અને માર્ગ અને મકાન વિભાગના આયોજનબદ્ધ પ્રયાસોના પરિણામે સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં પરિવહન અને અર્થતંત્રને વેગ આપતું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાસૂચક નેતૃત્વમાં ગુજરાત સરકારનો માર્ગ અને મકાન વિભાગ દક્ષિણ ગુજરાતમાં નાગરિકોની સમસ્યાઓના ઝડપી નિવારણ કરવા ઉપરાંત ગુણવત્તાયુક્ત પ્રકલ્પોને આગળ વધારી રહ્યો છે.રાજ્યભરમાં ભારે વરસાદથી પ્રભાવિત રસ્તાઓ અને પુલોનું યુદ્ધના ધોરણે સમારકામ કરવામાં આવી રહ્યું છે, નવા પુલોનું નિર્માણકાર્ય ચાલુ છે અને એ ઉપરાંત રાજ્ય સરકાર નવીન ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નાગરિકોના રોજિંદા પરિવહનને સરળ, સુરક્ષિત અને ઝડપી બનાવવા પ્રયાસરત છે. દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલા



વિકાસ પ્રકલ્પો આ પ્રયાસોનાં જીવંત ઉદાહરણ છે. આ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ થકી દક્ષિણ ગુજરાતમાં વિકાસ અવિરત ગતિએ આગળ વધી રહ્યો છે. માર્ગો, પુલો, એપ્રોચ-બાયપાસના રૂ. ૪૦૧ કરોડથી વધુના મહત્ત્વપૂર્ણ ચાર વિકાસ પ્રકલ્પો પર નજર કરીએ. નવસારી જિલ્લામાં પૂર્ણા નદીની ક્રીક પર નિર્માણ પામી રહેલો ૧૬૪૫ મીટર લાંબો પુલ દક્ષિણ ગુજરાતનો સૌથી લાંબો ક્રીક પુલ છે. ૩૫ મીટરના ૪૬ ગાળા ધરાવતો આ પુલ જલાલપોર તાલુકાના બોરસી માછીવાડથી દાંડીને જોડતા ૭ કિલોમીટર લાંબા કોસ્ટલ હાઈવેની મિસિંગ લિંકને પૂર્ણ કરશે. સુરત જિલ્લામાં ૫.૭૮ કરોડ રૂપિયાના ખર્ચે નિર્મિત ઓલપાડ બાયપાસ ૧૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયો. ૯૦૦ મીટર લાંબો આ બાયપાસ ઓલપાડમાં ટ્રાફિકની સમસ્યાને દૂર કરે છે, જેનાથી સાહોલથી હજીરા જતાં વાહનોનું ૬૫૦ મીટરનું અંતર ઘટ્યું છે.

અગાઉ દરરોજ ૩૦,૪૩૨ પી.સી.યુ. જેટલો ટ્રાફિક ઓલપાડના આંતરિક માર્ગો પરથી પસાર થતો હતો, પરંતુ હવે આ બાયપાસથી શહેરના રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ ઘટ્યું છે. આનાથી નાગરિકોને ટ્રાફિક જામ તથા પ્રદૂષણની સમસ્યાથી મુક્તિ મળી છે. બારડોલી, વાલોડ અને વ્યારા તાલુકાને જોડતા કડોદ-કોસાડી રોડ પર ૭૦ કરોડ રૂપિયાના ખર્ચે નવો હાઈ લેવલ બ્રિજ નિર્માણ પામી રહ્યો છે. ૫૭૦ મીટર લાંબો, ૧૩ મીટર પહોળો અને ૨૨ મીટર ઊંચો આ પુલ ચોમાસા દરમિયાન ઉકાઈ ડેમના પાણીથી ડૂબતા જૂના પુલની સમસ્યાને દૂર કરશે. નવસારી જિલ્લાના નડોદ-સીમળ ગામનો ૩.૪૦ કિમી માર્ગ પર રૂ. ૧.૭૦ કરોડના ખર્ચે પ્લાસ્ટિક વેસ્ટયુક્ત ડામર રોડ બનાવવામાં આવ્યો છે.



૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫થી શરૂ થયેલી આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થઈ, જેનાથી રસ્તાનું ટકાઉપણું અને પાણી પ્રતિકારકતા વધી છે. આનાથી પ્લાસ્ટિક કચરો તેમજ બાંધકામનો ખર્ચ ઘટ્યો છે.

# વિધાનસભા ગૃહ એ વાદ-વિવાદ નહીં સંવાદનું પ્લેટફોર્મઃ અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી

## ઉત્તરપ્રદેશ વિધાન પરિષદના ચેરમેન સુરેન્દ્ર ચૌધરી સહિતના પ્રતિનિધિ મંડળે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરી વિવિધ કામગીરી અંગે કરાયા માહિતગાર

**અબતક, રાજકોટ**

ઉત્તરપ્રદેશ વિધાન પરિષદની પાર્લામેન્ટ્રી સ્ટડીઝ કમિટીના ચેરમેન સુરેન્દ્ર ચૌધરી અને કમિટી મેમ્બર કિરણપાલ કશ્યપ સહિત પ્રતિનિધિ મંડળે આજે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરી હતી. ગુજરાત વિધાનસભાની મુલાકાતે આવેલા ઉત્તરપ્રદેશ વિધાન પરિષદના ચેરમેન અને કમિટી મેમ્બરનું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ ગુજરાત વિધાનસભામાં કરવામાં આવતી સમગ્ર કામગીરી તેમજ ધારાસભ્યશ્રીઓને અપાતી સુવિધાઓ અંગે ઉત્તરપ્રદેશના પ્રતિનિધિ મંડળને વિગતવાર માહિતી



આપી હતી.આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વિધાનસભા ગૃહ એ વાદ-વિવાદ નહીં પરંતુ સંવાદનું પ્લેટફોર્મ છે, જ્યાં પક્ષ અને વિપક્ષ સંવાદ થકી પ્રજાના પ્રશ્નો પર ચર્ચા કરીને નિરાકરણ લાવે છે. અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભા વિશે માહિતી આપતા કહ્યું કે, વિધાનસભામાં નેવા થકી નવી પેપરલેસ વ્યવસ્થા, બજેટની ડિમાન્ડમાં ધારાસભ્યઓને પ્રાથમિકતા જેવા કેટલાક નવા સુધારા કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે, વિધાનસભા દ્વારા ધારાસભ્યઓ તેમજ અધિકારી-કર્મચારીઓ માટે વિશેષ તાલીમનું પણ સમયાંતરે આયોજન કરવામાં આવે છે. ગુજરાત વિધાનસભા મુલાકાત દરમિયાન ગુજરાત વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ સી.બી.પંડ્યાએ વિધાનસભા ગૃહમાં મંત્રીઓ-ધારાસભ્યઓની બેઠક વ્યવસ્થા, પ્રેસ ગેલેરી, વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો ગૃહની કામગીરી નિહાળી શકે તે માટેની વિવિધ બેઠક વ્યવસ્થા, પેપરલેસ કામગીરીના ભાગરૂપે વિધાનસભામાં અમલી નેવા સેવા કેન્દ્ર સહિતની કામગીરી અંગે ઉત્તરપ્રદેશ વિધાન પરિષદના ચેરમેન સહિત પ્રતિનિધિ મંડળને માહિતગાર કર્યા હતા.

# નંદનવન આરોગ્ય કેન્દ્રમાં ડીએમસી મનિષ ગુરવાનીની સરપ્રાઈઝ વિઝીટ

## ઓપીડી રજીસ્ટ્રેશન, નેશનલ હેલ્થ મિશન, સ્વચ્છતા અને લેબોરેટરીની ચકાસણી કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર મનીષ ગુરવાનીએ આજે મમતા દિવસ અંતર્ગત રૈયા ગામ ખાતે આવેલા આઈ.સી.ડી.એસ. શાખાની આંગણવાડીની મુલાકાત લીધી હતી. ત્યારબાદ નંદનવન આરોગ્ય કેન્દ્રની પણ નાયબ મ્યુનિસિપલ કમિશનરએ વિઝિટ કરી હતી. આ વિઝિટ દરમિયાન તેમણે આંગણવાડી કેન્દ્ર ખાતે બાળકોના વજન અને ઊંચાઈનું ક્રોસ વેરિફિકેશન કર્યું હતું તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે ઓપીડી રજીસ્ટ્રેશન, નેશનલ હેલ્થ મિશન, સ્વચ્છતા અને લેબોરેટરીની ચકાસણી કરી હતી.



મમતા દિવસ અંતર્ગત રૈયા ગામ ખાતેની આંગણવાડીની વિઝીટ દરમ્યાન અતી કુપોષિત બાળકોનો પોષણ ટ્રેકર મુજબ પ્રોગ્રેસ રિપોર્ટની તપાસણી કરી અને વાલીઓ સાથે પરામર્શ કર્યું હતું તેમજ મેડિકલ ઓફિસર અને આરબીએસકે ટીમને સાથે રાખી માર્ગદર્શન આપ્યું હતું. બાળકોના વજન અને ઊંચાઈનું ક્રોસ વેરિફિકેશન કર્યુ હતું.

નંદનવન આરોગ્ય કેન્દ્રની મુલાકાત દરમ્યાન તમામ સ્ટાફની હાજરી તેમજ ઓપીડી રજિસ્ટરની તપાસણી કરી, નેશનલ હેલ્થ મિશન પ્રોગ્રામ અંગે રીવ્યુ કર્યો અને આરોગ્ય કેન્દ્ર ખાતેની સ્વચ્છતા તેમજ લેબોરેટરી અને ફાર્મસીની તપાસ કરી હતી.

# રણના રત્નોનું રક્ષણઃ વનતારાના સહયોગથી બન્નીમાં ચિતલોનું સફળ પુનઃસ્થાપન

## વાઈલ્ડ કન્ઝર્વેશન માટે વનતારા અને ગુજરાત વન વિભાગનું સહયોગથી પગલુઃ ૨૦ ચિતલનું સફળ સ્થળાંતરણ





**અબતક,રાજકોટ**

કચ્છના બન્નીના ઘાસના મેદાનોમાં વન્યજીવનના વૈવિધ્યને સહાયરૂપ બનવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરતાં ગુજરાત વન વિભાગે જેના નેજા હેઠળ ગ્રીન્સ ઝૂઓલોજિકલ, રેસ્કયુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર કાર્યરત છે તેવી અનંત અંબાણી દ્વારા સ્થાપિત વન્યજીવન બચાવ અને સંરક્ષણ માટેની પહેલ ‘વનતારા’ના સહયોગથી ૭૦ હેક્ટરના સંરક્ષિત વિસ્તારમાં ૨૦ ચિતલ (સ્પોટેડ ડિયર)ને આયોજનબદ્ધ રીતે વસાવ્યા છે. આ સહયોગી પહેલનો ઉદ્દેશ્ય એશિયાના સૌથી મોટા ઘાસના મેદાનોમાંના એક એવા બન્નીમાં જૈવવિવિધતાને મજબૂત કરવાનો છે.

જામનગરમાં આવેલી વનતારાની અલાયદી સંરક્ષિત ફેસિલિટીમાંથી સ્થળાંતરિત કરાયેલા હરણોને ખાસ ડિઝાઈન કરેલી એમ્બ્યુલન્સમાં કચ્છ લાવવામાં આવ્યા હતા. સંરક્ષિત વિસ્તારમાં આ હરણોને છોડવાની પ્રક્રિયા વન વિભાગના સીધા નિરીક્ષણ અને નિર્દેશન હેઠળ કરવામાં આવી હતી, જેમાં વનતારા દ્વારા સ્થાપિત સંરક્ષણ નિયમો અનુસાર પ્રક્રિયાને સરળ બનાવવા માટે તકનીકી અને સંસાધનોની સહાય પૂરી પાડવામાં આવી હતી.

તેની તૈયારીના ભાગરૂપે ગુજરાત વન વિભાગ અને વનતારાની ટીમો દ્વારા તાજેતરમાં એક સંયુક્ત ક્ષેત્રીય મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકનનો હેતુ હરણોના નિવાસસ્થાનની યોગ્યતાનું મૂલ્યાંકન કરવાનો અને ભવિષ્યમાં આ પ્રજાતિના પુનર્સ્થાપનના પ્રયાસો માટે મુખ્ય પર્યાવરણીય પગલાં ઓળખવાનો હતો. આ સહયોગી સમીક્ષામાં વન અધિકારીઓ, વનતારાના વન્યજીવ જીવવિજ્ઞાનીઓ અને પશુચિકિત્સકો સામેલ હતા અને તેનો ઉદ્દેશ્ય રાજ્યના વ્યાપક સંરક્ષણ આયોજનોને મદદ પૂરી પાડવાનો હતો.

ગ્રીન્સ ઝૂઓલોજિકલ, રેસ્ક્યૂ એન્ડ રેહાબિલિટેશન સેન્ટરના ડિરેક્ટર ડો. બ્રિજ કિશોર ગુપ્તાએ જણાવ્યું કેઃ આ પહેલ સંરક્ષણ માટેનો સહયોગી અભિગમ દર્શાવે છે, જ્યાં બન્નીના ઘાસના મેદાનોમાં જૈવવિવિધતાને મજબૂત કરવા માટે વૈજ્ઞાનિક નિપૂણતા અને સંસાધનને લગતી સહાયનું સંયોજન કરવામાં આવે છે. સરકારની આગેવાની હેઠળના પ્રયાસોમાં સહયોગ આપતી વેળા સમાન ઉદ્દેશ્યો પર આધારિત ભાગીદારી થકી સાર્થક સંરક્ષણના પરિણામો પ્રાપ્ત કરવા પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત રહે છે.

ગુજરાતના કચ્છ જિલ્લામાં ૨૬૧૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા બન્નીના ઘાસના મેદાનો એશિયાના સૌથી મોટા અને પર્યાવરણીય રીતે સૌથી મહત્વપૂર્ણ ઘાસના મેદાનોમાંનું એક છે. સર્વેક્ષણોમાં આ પ્રદેશમાં સસ્તન પ્રાણીઓની ૧૨ પ્રજાતિઓ નોંધવામાં આવી છે, જેમાં છ માંસાહારી અને બે શાકાહારી પ્રાણીઓનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રજાતિઓમાં ચિંકારા (ઈન્ડિયન ગઝેલ), ભારતીય વરુ, ગોલ્ડન શિયાળ, નીલગાય, પટ્ટાવાળા ઝરખ અને શિયાળનો સમાવેશ થાય છે. બન્નીના પર્યાવરણીય વ્યવસ્થાપનમાં ગુજરાત વન વિભાગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ નિરંતર જારી રાખતાં ક્ષતિગ્રસ્ત વિસ્તારોને પુનસ્થાપિત કરવા, આક્રમક પ્રજાતિઓને નિયંત્રિત કરવા અને સ્થાનિક વન્યજીવનને ટકાવી રાખવા માટે મહત્વપૂર્ણ એવા સ્થાનિક ઘાસના વિકાસને પ્રોત્સાહિત કરવા પર કેન્દ્રિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ચિતલને બન્નીમાં લાવવામાં પરિસ્થિતિનું સંતુલન પુનર્સ્થાપિત કરવાના ચાલી રહેલા પ્રયાસોમાં એક મુખ્ય સીમાચિન્હ છે. વનતારાની ભૂમિકા એક પ્રતિબદ્ધ ભાગીદાર તરીકેની જ રહે છે, જેમાં સરકારની આગેવાની હેઠળના સંરક્ષણ લક્ષ્યોની સેવામાં વૈજ્ઞાનિક સમજ, પશુચિકિત્સાની કુશળતા અને તકનીકી માળખાકીય સુવિધાઓના યોગદાનનો સમાવેશ થાય છે. સાથે મળીને આ સહયોગી પ્રયાસો ઈકોસિસ્ટમને મજબૂત કરવામાં અને ભારતના કુદરતી વારસાના ભવિષ્યને સુરક્ષિત કરવામાં મદદ કરી રહ્યા છે.

# સ્પોર્ટ્સ અબતક



**અબતક, નવી દિલ્હી**

ક્રિકેટ વેસ્ટ ઈન્ડીઝએ મંગળવારે ભૂતપૂર્વ મહાન ખેલાડીઓ ક્લાઈવ લોયડ, વિવ રિચાર્ડ્સ અને બ્રાયન લારાને ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે ૦-૩ થી ટેસ્ટ શ્રેણી ગુમાવ્યા બાદ કેરેબિયન રાષ્ટ્રમાં ક્રિકેટને પુનર્જીવિત કરવાના માર્ગો પર ચર્ચાને મજબૂત બનાવવા માટે આમંત્રણ આપ્યું છે.

એક્સ્ટ્રાએ મિશેલ સ્ટાર્ક



### ફિનિક્સ પક્ષીની જેમ વિન્ડીઝ ઉડાન ભરી શકશે?

# ૨૭ રનમાં તળિયે પહોંચેલી વેસ્ટ ઈન્ડિઝને ઉભી કરવા દિગ્ગજ લોયડ, રિચાર્ડ્સ અને લારાને આહ્વાન

(નવ રનમાં છ વિકેટ) ની તોફાની બોલિંગ અને સ્કોટ બોલેન્ડની હેટ્રિકને કારણે ત્રીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝને ૨૭ રનમાં ઓલઆઉટ કરી દીધું, જે ટેસ્ટ ક્રિકેટમાં બીજા ક્રમનો સૌથી ઓછો સ્કોર છે.

એક મિસફિલ્ડે વેસ્ટ ઈન્ડીઝને અત્યાર સુધીના સૌથી ઓછા સ્કોરની બરાબરી કરતા બચાવી લીધું. સબીના પાર્ક ખાતે ડે-નાઈટ ટેસ્ટમાં યજમાન ટીમને આઉટ કરવા માટે ઓસ્ટ્રેલિયાને ફક્ત ૧૪.૩ ઓવરની જરૂર હતી.

ઈઠઈ ના પ્રમુખ કિશોર શૈલોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ચર્ચા મજબૂત બનાવવા માટે, મેં અમારા ત્રણ મહાન બેટ્સમેન સર ક્લાઈવ લોયડ, સર વિવિયન રિચાર્ડ્સ અને બ્રાયન લારાને આમંત્રણ આપ્યું છે.'

તેમણે કહ્યું, 'તેઓ ભૂતપૂર્વ મહાન ખેલાડીઓ ડો. શિવનારાયણ ચંદ્રપોલ, ડો. ધ મોસ્ટ ઓનરેબલ ડેસમંડ હેન્સ, ઈયાન બ્રેડશો સાથે જોડાશે જેઓ પહેલાથી જ સમિતિનો ભાગ છે.'શૈલોએ કહ્યું, 'આ બેઠક કોઈ ઔપચારિકતા નથી. આ એવા લોકો છે જેમણે આપણા સુવર્ણ યુગને વ્યાખ્યાયિત કરવામાં મદદ કરી છે અને તેમના મંતવ્યો આપણા ક્રિકેટ વિકાસના આગામી તબક્કાને આકાર આપવામાં મૂલ્યવાન રહેશે. અમારો હેતુ એ છે કે આ બેઠકમાંથી નક્કર અને અમલમાં મૂકી શકાય તેવા સૂચનો બહાર આવે.'



### ટેસ્ટ ઈતિહાસમાં સૌથી ઓછા સ્કોરનો વિશ્વ રેકોર્ડ ન્યૂઝીલેન્ડના નામે

ટેસ્ટ ઈતિહાસમાં સૌથી ઓછા સ્કોરનો વિશ્વ રેકોર્ડ ન્યૂઝીલેન્ડના નામે છે. ૧૯૫૫માં ઓકલેન્ડમાં ઈંગ્લેન્ડ સામે ન્યૂઝીલેન્ડનો દાવ ફક્ત ૨૬ રનમાં સમેટાઈ ગયો હતો. દક્ષિણ આફ્રિકા બીજા ક્રમે હતું. ટીમ બે વાર ૩૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. પરંતુ હવે વેસ્ટ ઈન્ડીઝ યાદીમાં બીજા ક્રમે આવી ગયું છે. અગાઉ, ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝનો સૌથી ઓછો સ્કોર ૪૭ રન હતો. ઈંગ્લેન્ડે ૨૦૦૪માં આ જ મેદાન પર તેમને ઓલઆઉટ કરી દીધા હતા. અગાઉ પિંક બોલ ટેસ્ટમાં સૌથી ઓછો ૩૬ રનનો સ્કોર ભારતે બનાવ્યો હતો.મેચની વાત કરીએ તો ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગમાં ૨૨૫ રન બનાવ્યા હતા. જવાબમાં વેસ્ટ ઈન્ડીઝનો ઈનિંગ ૧૪૩ રનમાં સમેટાઈ ગયો હતો. બીજી ઈનિંગમાં પણ ઓસ્ટ્રેલિયાની બેટિંગ નિષ્ફળ ગઈ હતી. વેસ્ટ ઈન્ડીઝના બોલરોએ તેમને ૧૨૧ રનમાં ઓલઆઉટ કરી દીધા હતા. મિશેલ સ્ટાર્કને પ્લેયર ઓફ ધ મેચ તેમજ પ્લેયર ઓફ ધ સીરિઝનો એવોર્ડ મળ્યો હતો.

**ઓસ્ટ્રેલિયા સામે વેસ્ટ ઈન્ડિઝની આખી ટીમ માત્ર ૨૭ રનમાં તંબુ ભેગી થઈ જતા વિન્ડીઝ હલબલી ગયું: વિન્ડીઝ બોર્ડે ત્રણ ધુરંધરોની મદદ માંગી**



### બશીરના સ્થાને લિયામ ડોસનને મળશે તક

ભારત સામેની ત્રીજી ટેસ્ટમાં જીત બાદ ઈંગ્લેન્ડની ટીમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત સ્પિનર શોએબ બશીરના બદલે ડાબોડી સ્પિનર લિયામ ડોસનને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.લિયામ ડોસનની આઠ વર્ષ બાદ ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે. ૨૩ જૂલાઈથી માન્ચેસ્ટરમાં ભારત સામે શરૂ થનારી ચોથી ટેસ્ટ મેચ માટે ઈજાગ્રસ્ત શોએબ બશીરના સ્થાને તેને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે

# ચોથા ટેસ્ટમાં જેક ક્રોલીની જગ્યાએ જેકબ બેથલને તક મળે તેવી શક્યતા

**બેઝબોલ ક્રિકેટની ટીકા કરતા ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કપ્તાન બોયકોટે બેન સ્ટોક્સ અને કોચ મક્કલમની ટીકા કરી**



**અબતક, નવી દિલ્હી**

ઈંગ્લેન્ડની ટીમ પાંચ મેચની ટેસ્ટ સીરીઝમાં ભારતની સામે ભલે પણ ૨-૧થી આગળ છે, પરંતુ ટીમ માટે ઓપનિંગ બેટ્સમેનો એક સમસ્યા બની છે. ખાસ કરીને જેક ક્રોલી અને ઓલી પોપનું નિરાશાજનક પ્રદશન રહ્યું છે. આગામી ચોથી ટેસ્ટમાં જેક ક્રોલીની જગ્યાએ જેકબ બેથેલને તક મળી શકે તેમ છે તેમ ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કપ્તાન બોયકોટે જણાવ્યુ હતું.

બીજી તરફ, જો આપણે જેક ક્રાઉલીની વાત કરીએ, તો તે ભારત સામેની ત્રણ મેચમાં એક અડધી સદી સાથે માત્ર ૧૨૮ રન બનાવી શક્યો છે. ભારત સામે ક્રાઉલીની ૬ માંથી પાંચ ઈનિંગ્સ સારી નહોતી. ઓલી પોપ સાથે પણ આવું જ છે, જેમણે પહેલી ટેસ્ટમાં સદી ફટકારી હતી, પરંતુ આગામી બે મેચમાં વધારે રન બનાવી શક્યો ન હતો. તે ૬ ઈનિંગ્સમાં માત્ર ૧૮૬ રન બનાવી શક્યો છે. મધ્યમ ક્રમના બેટ્સમેનોએ તેમના કરતા વધુ રન બનાવ્યા છે.આ જ કારણ છે કે હવે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે કે ઈંગ્લેન્ડ ટીમના પસંદગીકારોએ જેકબ બેથેલને ટૂંક સમયમાં તક આપવા વિશે વિચારવું જોઈએ. હવે જોવાનું એ છે કે તે ૨૩ જુલાઈથી માન્ચેસ્ટરમાં રમાનારી ચોથી મેચમાં રમશે કે ઓલી પોપ અને જેક ક્રાઉલી આગળ રમવાનું ચાલુ રાખશે. માન્ચેસ્ટર મેચ બંને ટીમો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### ગાંગુલીની ટી-શર્ટની ઘટના બની જોફ્રા આર્ચર માટે પ્રેરણાસ્ત્રોત





ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ખુલાસો કર્યો હતો કે ૨૦૦૨માં ઈંગ્લેન્ડ પર ભારતની ઐતિહાસિક જીત બાદ સૌરવ ગાંગુલીએ લોર્ડ્સની બાલ્કનીમાં પોતાની ટી-શર્ટ લહેરાવીને સેલિબ્રેશન કર્યું હતું, જેનાથી જોફ્રા આર્ચરને ત્રીજી ટેસ્ટ મેચમાં સારું પ્રદર્શન કરવાની પ્રેરણા મળી હતી. એટલે જોફ્રા આર્ચરને મેચમાં સારા પ્રદર્શન માટે સૌરવ ગાંગુલીની પ્રેરણા મળી હોવાનું જણાવ્યું હતું.નેટવેસ્ટ ટ્રોફી વન-ડે ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતની જીતની ઉજવણી કરતા ગાંગુલીએ પોતાની ટી-શર્ટ ઉતારી હતી અને તે આજ સુધીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની સૌથી નાટકીય ક્ષણોમાંની એક છે. આર્ચરે સોમવારે ત્રીજી ટેસ્ટ મેચના પાંચમા અને અંતિમ દિવસે ખતરનાક ઋષભ પંતને બોલ્ડ કર્યો હતો. ભારત ૨૨ રનથી મેચ હારી ગયું હતું.સ્ટોક્સે મેચ પછી પત્રકારોને કહ્યું હતું કે, મેં આજે સવારે તેને કહ્યું હતું કે, 'તું જાણે છે કે આજે શું છે. તેણે મને કહ્યું હતું કે તે દિવસે ભારતે ૩૦૦થી વધુ રન કરીને જીત હાંસલ કરી હતી અને ગાંગુલીએ પોતાનો શર્ટ લહેરાવ્યો હતો. તેને લાગી રહ્યું હતું કે તે વર્લ્ડ કપની ફાઈનલ હતી અને આ ઘટનાને આજે છ વર્ષ થઈ ગયા છે.




# ૧૨૮ વર્ષ બાદ ફરી રચાશે ઈતિહાસ, લોસ એન્જલસમાં થશે ચોગ્ગા-છગ્ગાનો વરસાદ: ઓલિમ્પિક-૨૦૨૮માં ક્રિકેટનું શેડ્યૂલ જાહેર

ક્રિકેટને લઈને સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. ઓલિમ્પિક ૨૦૨૮માં ક્રિકેટની વાપસીને લઈને મોટી જાહેરાત થઈ છે.

લોસ એન્જલસમાં યોજાનાર ૨૦૨૮ની ઓલિમ્પિકમાં મેડલ મેચોની તારીખ અને વેન્યૂનો ખુલાસો થઈ ગયો છે. જણાવી દઈએ કે, ક્રિકેટની ઓલિમ્પિકમાં ૧૨૮ વર્ષ પછી વાપસી થઈ રહી છે. છેલ્લે વર્ષ ૧૯૦૦માં પેરિસ ઓલિમ્પિકમાં ક્રિકેટ રમાઈ હતી. ત્યારે માત્ર બે ટીમ ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સે ભાગ લીધો હતો. આ ઐતિહાસિક મેચમાં ગ્રેટ બ્રિટને જીત નોંધાવી ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ત્યાર બાદથી ક્રિકેટ ઓલિમ્પિકથી બહાર હતી. હવે લોસ એન્જલસમાં ક્રિકેટનું કમબેક થવા જઈ રહ્યું છે.

જાણકારી અનુસાર ઓલિમ્પિક ૨૦૨૮માં ક્રિકેટ મેચ લોસ એન્જલસથી આશરે ૫૦ કિલોમીટર દૂર પોમેના શહેર સ્થિત ફેયરગ્રાઉન્ડ્સ સ્ટેડિયમમાં રમાશે. ક્રિકેટ મેચની શરૂઆત ૧૨ જુલાઈ ૨૦૨૮માં થશે, જ્યારે ગોલ્ડ મેડલ મેચ ૨૦ અને ૨૯ જુલાઈએ રમાશે. ઓલિમ્પિક ૨૦૨૮માં કુલ ૧૬ દિવસ ક્રિકેટનો રોમાંચ જોવા મળશે. હવે એ જોવું રહ્યું કે કઈ બે ટીમ વુમેન્સ અને મેન્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીતવામાં સફળ થઈ શકે છે. જો કે, તેના માટે પણ ૩ વર્ષની લાંબી રાહ જોવી પડશે. ભારતીય મેન્સ અને વુમેન્સ ટીમ મેડલ જીતવાની પ્રબળ દાવેદાર તરીકે ઓલિમ્પિકમાં ભાગ લેશે.

### ૬-૬ ટીમો ભાગ લેશે

મહત્વનું છે કે મેન્સ અને વુમેન્સ બંને કેટેગરીમાં કુલ ૬-૬ ટીમો ભાગ લેશે. દરેક ટીમ ૧૫ ખેલાડીઓની સ્કવોડ જાહેર કરશે. આમ બંને કેટેગરીમાં કુલ ૧૮૦ ખેલાડીઓ આ ઐતિહાસિક ઓલિમ્પિકમાં ભાગ લેશે. રમતનું માળખું એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે, મોટાભાગે દિવસમાં બે મેચ રમાશે, જો કે ૧૪ અને ૨૧ જુલાઈએ કોઈપણ મેચનું આયોજન કરવામાં નહીં આવે.

# આઈજીપીએલમાં સહ માલિક અને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે યુવરાજ સિંહ



IPLની જેમ હવે તમે ગોલ્ફમાં પણ લીગ મેચોનો આનંદ માણી શકશો. જાણીતા ક્રિકેટર યુવરાજ સિંહ પણ આ ઈન્ડિયન ગોલ્ફ પ્રીમિયર લીગ (IGPL)માં જોવા મળશે. યુવરાજ સિંહ IGPLના સહ માલિક અને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ શહેર આધારિત ફ્રેન્ચાઈઝી લીગમાં પ્રથમ વર્ષમાં ખિતાબ માટે ૬ ટીમો દાવો રજૂ કરશે. આ લીગમાં શિવ કપૂર, ગગનજીત ભુલ્લર, ગૌરવ ઘઈ, જ્યોતિ રંધાવા, જીવ મિલ્ખા સિંહ અને SSP ચૌરસિયા જેવા ભારતીય દિગ્ગજ ગોલ્ફર સામેલ થશે.

IGPLના આયોજકોએ જણાવ્યું કે IGPLના અનોખા ફોર્મેટ હેઠળ પુરુષ અને મહિલા ખેલાડીઓ એકસાથે રમશે. આ લીગ આગામી વર્ષ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં રમાશે અને ૪ અઠવાડિયા સુધી ચાલશે. લીગના આયોજક ભારત ગોલ્ફ પ્રાઈવેટ લિમિટેડના પ્રમુખ માનવ જૈનીએ કહ્યું, 'આ લીગ ૪ અઠવાડિયા સુધી ચાલનારી એક શાનદાર ગોલ્ફ ટુર્નામેન્ટ હશે જે ફ્રેન્ચાઈઝી ફોર્મેટ પર આધારિત હશે. પ્રથમ વર્ષમાં અમે ૬ ફ્રેન્ચાઈઝી સાથે શરૂઆત કરી રહ્યા છીએ.'



## ક્રિકેટર યશ દયાલની જાતીય સતામણી કેસમાં ધરપકડ પર રોક

**અબતક, પ્રયાગરાજ**

ક્રિકેટર યશ દયાલને હાલ માટે અલ્હાબાદ હાઈકોર્ટમાંથી રાહત મળી હતી. કોર્ટે તેમની સામે નોંધાયેલી એફઆઈઆર પર કોઈ પણ પ્રકારની પોલીસ કાર્યવાહી પર રોક લગાવી હતી. તેમજ ફરિયાદીને નોટિસ ફટકારીને જવાબ માંગવામાં આવ્યો છે. આ કેસની સુનાવણી જસ્ટિસ સિદ્ધાર્થ વર્મા અને જસ્ટિસ અનિલ કુમારની ડિવિઝન બેન્ચ દ્વારા કરવામાં આવી હતી.ગાઝિયાબાદના ઈન્દિરાપુરમ પોલીસ સ્ટેશનમાં એક છોકરીએ યશ દયાલ વિરુદ્ધ લગ્નનું વચન આપીને જાતીય સતામણીનો આરોપ લગાવીને એફઆઈઆર નોંધાવી હતી. ક્રિકેટર યશ દયાલે ફરિયાદને હાઈ કોર્ટમાં પડકારી હતી. તેની માંગ હતી કે ધરપકડ પર રોક લગાવતા નોંધાયેલ એફઆઈઆર રદ કરવામાં આવે.અરજી પર સુનાવણી કરતા અલાહાબાદ હાઈ કોર્ટે તેમની ધરપકડ પર રોક લગાવી દીધી છે. કોર્ટે આ કેસમાં મૌખિક ટિપ્પણી પણ કરી છે અને કહ્યું છે કે બંને ૫ વર્ષથી સંબંધમાં હતા. એટલા માટે એવું ન કહી શકાય કે લગ્નના ખોટા વચનો આપીને આ સંબંધ બંધાયો હતો.

# કોહલી અને રોહિતની નિવૃત્તિ પર બીસીસીઆઈના રાજીવ શુકલાએ તોડી ચુપ્પી



ભારતીય ક્રિકેટના બે મોટા નામો વિરાટ કોહલી અને રોહિત શર્માએ અચાનક ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈને સમગ્ર ક્રિકેટ જગતને ચોંકાવી દીધું. દરેકને આશા હતી કે બંને દિગ્ગજ બેટ્સમેન ઈંગ્લેન્ડ પ્રવાસ પર છેલ્લી વખત ભારત માટે સફેદ જર્સી પહેરશે અને ૨૦૦૭ પછી પહેલીવાર ઈંગ્લેન્ડમાં ટેસ્ટ શ્રેણી જીતવાનો પ્રયાસ કરશે, પરંતુ તે પહેલાં બંનેએ પોતાને સૌથી લાંબા ફોર્મેટથી અલગ કરી દીધા. આ પછી, BCCI પર ગંભીર પ્રશ્નો ઉભા થયા.

આ બંને ખેલાડીઓના અચાનક વિદાય અંગે સોશિયલ મીડિયા પર વિવિધ અટકળો ચાલી રહી હતી. શું કોચ ગૌતમ ગંભીર, મુખ્ય પસંદગીકાર અજિત અગરકર કે BCCI એ પોતે આ ખેલાડીઓ પર દબાણ કર્યું હતું? આ અંગે, BCCI ના ઉપપ્રમુખ રાજીવ શુક્લાએ લંડનમાં ANI સાથે વાત કરતા આ અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા અને કહ્યું:

હું સ્પષ્ટ કરવા માંગુ છું કે વિરાટ કોહલી અને રોહિત શર્માએ પોતે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. BCCI ની નીતિ છે કે અમે કોઈપણ ખેલાડીને નિવૃત્તિ લેવા દબાણ કરતા નથી. તે તેમનો વ્યક્તિગત નિર્ણય હતો. બંને દિગ્ગજ ખેલાડી છે અને હજુ પણ ODI ફોર્મેટ માટે ઉપલબ્ધ રહેશે. બંનેને હંમેશા ભારતીય ક્રિકેટના 'લેજન્ડરી બેટ્સમેન' તરીકે યાદ રાખવામાં આવશે.

આ વર્ષે એપ્રિલમાં ૩૮ વર્ષના થયેલા રોહિત શર્માએ ૬૭ ટેસ્ટ મેચમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને ૪૩૦૧ રન બનાવ્યા. તાજેતરની હોમ સિરીઝ અને ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ન્યુઝીલેન્ડ સામે

તેમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તેમણે સિડની ટેસ્ટમાંથી પણ પોતાને બહાર કરી દીધા અને તેના થોડા સમય પછી ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા નિવૃત્તિની જાહેરાત કરી.

બીજી ઓવરમાં, વિરાટે સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ લખીને નિવૃત્તિની જાહેરાત પણ કરી.



# બોગસ પેઢી-બેંક એકાઉન્ટના આધારે ફ્રોડના નાણાંની હેરાફેરી કરતી ગેંગનો પર્દાફાશ

## મહિલા એડવોકેટ સહિત રાજકોટના ૧૦ અને મુંબઈના મુખ્ય સૂત્રધાર મળી કુલ ૧૧ વિરુદ્ધ ગુનો: પાંચની ધરપકડ

**અબતક, રાજકોટ**

બોગસ પેઢીઓ ઉભી કરી તેના બેંક એકાઉન્ટ ખોલાવી સાયબર ઠગાઈથી મેળવેલા નાણાંની હેરાફેરી કરવાના રેકેટમાં સાયબર ક્રાઈમ પોલીસે મહિલા નોટરી સહીત કુલ ૧૧ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી પાંચ શખ્સોની ધરપકડ કરી છે. અલગ અલગ રાજ્યોમાં નોંધાયેલા સાયબર ક્રાઈમના ગુનામાં રાજકોટની પેઢીઓના બેંક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર થયાંની માહિતીના આધારે સાયબર ક્રાઈમ પોલીસે કાર્યવાહી કરતા સાયબર ગઠીયાઓ અને બેંક એકાઉન્ટ ભાડે આપનારા શખ્સોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહીલ, એસીપી સી.એમ.પટેલ દ્વારા શહેરના નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના ગુન્હાના આરોપીઓને પકડી પાડવાની આપેલ સુચનાથી સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ જે.એમ.કેલા અને પીઆઈ એમ.એ.ઝણકાટના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમની ટીમ દ્વારા તેમજ સાયબર સેન્ટીનલ્સ લેબની ટેક્નીકલ મદદથી ભારત સરકારના સમન્વય પોર્ટલ પરથી તપાસ કરતા આ મ્યુલ એકાઉંટ વિવિધ ગુન્હાહિત પ્રવ્રુતીમા સંડોવાયેલા હોવાની પુષ્ટી થતા તેમના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવી હતી.જેમાં ઈન્ડિયન ઢેબર રોડ પર આવેલ પારેખ ચેમ્બર્સ સ્થિત ઈન્ડિયન ઓવરસીઝ બેંક ખાતાઓની માહીતી મળેલ જે બેંક એકાઉન્ટની તપાસ કરતા પેઢીના ખોટા સીક્કા તથા ખોટી પાર્ટનરશિપ ડીડ્સની મદદથી ઉધ્યમ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ તથા પેઢીના નામના પાનકાર્ડ કઢાવી અલગ અલગ એકાઉન્ટ ખોલાવેલ હતા. જેમા કુલ ૧૪ ફરીયાદ થયેલ છે જે બેન્ક એકાઉન્ટની તપાસ કરતા તેમાં આશરે રૂ.૧૦ કરોડના સાયબર ક્રાઈમ ફ્રોડના નાણાકીય વ્યવહારો થયેલ જોવા મળેલ અને તે બેન્ક એકાઉન્ટ પર ભારતના અલગ અલગ રાજ્યોમાં સાયબર ક્રાઈમ ફ્રોડની ઓનલાઈન અરજીઓ થયેલ હોય તેવુ પણ સામે આવ્યું હતું. જે મામલે સાયબર ક્રાઈમ પોલીસ મથક અને સાયબર સેન્ટીનલ લેબની મદદથી એકાઉન્ટ હોલ્ડર મયુર હિતેંદ્ર ખુંગલા, રોમેશ અમીર મુખિડા, મીતભાઈ લાલબહાદુર ગુપ્તા, લાલબહાદુર નરોતમભાઈ ગુપ્તા, પ્રવિણ પરસોતમ શંખવાર, હાર્દીકભાઈ જગદિશ લીંબાસીયા, રાજેન્દ્ર નવલ ખૂંગલા, એડવોકેટ જીજ્ઞાષા બાંભવા અને આશિષ નામના શખ્સો વીરુધ્ધ કાયદેસરની કાર્યવહી કરી તેમના વીરુધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જે ગુનામાં પોલીસે મયુર ખુંગલા, રોમેશ અમીર મુખિડા, મીતભાઈ લાલબહાદુર ગુપ્તા, લાલબહાદુર નરોતમભાઈ ગુપ્તા, પ્રવિણ પરસોતમ શંખવારની ધરપકડ કરી તેના રિમાન્ડ મેળવવા તજવીજ આદરી છે. જ્યારે સાયબર ક્રાઈમ પીઆઈ પી.આર.ડોબરીયાના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા તેમજ સાયબર સેન્ટીનલ્સ લેબની ટેક્નીકલ મદદથી સમન્વય પોર્ટલ પરથી તપાસ કરતા આ મ્યુલ એકાઉંટ વિવિધ ગુન્હાહિત પ્રવ્રુતીમાં સંડોવાયેલા હોવાની પુષ્ટી થતા તેમના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવી જે અન્વયે સાયબર ફ્રોડમા સંડોવાયેલા બેંક ખાતા તથા પેઢીઓ પૈકી રઘુવંશી એંટરપ્રાઈઝ નામના આઈસીઆઈસીઆઈ બેન્કના એકાઉન્ટની માહીતી મળેલ હોય જે બેન્ક એકાઉન્ટની માહીતી જોતા તેમાં કુલ રૂ.૩,૦૬,૩૯,૦૩૦ સાયબર ક્રાઈમ ફ્રોડના નાણાકીય વ્યવહારો થયેલ હોય તેમજ આ બેન્ક એકાઉન્ટ પર કેરલા, કર્ણાટક, તેલંગણા, તથા અમદાવાદ ગુજરાત ખાતે અલગ અલગ ઓનલાઈન અરજીઓ થયેલ છે.જે એકાઉન્ટ હોલ્ડર કેતન કીશોર બોપલીયા અને તેના સાગીરત જીત ભરત કુકડીયા વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ આદરી હતી.

## ઢેબર રોડ પર આવેલ ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાંથી એકસાથે સાત પેઢીઓના એકાઉન્ટ ખુલ્યાનો ઘટસ્ફોટ

## જીત કુકડીયા આણી ટોળકીએ પુનામાં ૨૫૦ જેટલી બોગસ પેઢીઓ ઉભી કરી દીધાનો ધડાકો

રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સિક્યુરિટી મેનની નોકરી કરતો જીત કુકડીયા મોટો સાયબર ગઠિયો નીકળ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨ ની આસપાસ જીત કુકડીયાએ પૂનામાં પણ ૨૦૦ થી વધુ બોગસ પેઢીઓ બનાવી તેમાં કરોડોના આર્થિક વ્યવહારો કરાવી નાખ્યા હતા. જે મામલે મહારાષ્ટ્ર પોલીસમાં પણ અનેક એનસીઆર અરજીઓ થયેલ છે.

## બેંકકર્મીની સંડોવણી ખુલવાની પ્રબળ શક્યતા

ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં ખોલવામાં સાત એકાઉન્ટ નંબરની તપાસ દરમિયાન આ તમામ એકાઉન્ટમાં એક જ એડવોકેટ દ્વારા ભાગીદારી ડીડની નોટરી કરવામાં આવી હતી. ઉપરાંત તમામ એકાઉન્ટની સિરીઝ પણ સરખી જ હોય અને એકાઉન્ટ ખોલાવનાર પણ રાજેન્દ્ર ખૂંગલા જ હોય તેવું સામે આવ્યું હતું. ઉપરાંત આ તમામ એકાઉન્ટ પણ એલ જ સમયગાળા દરમિયાન ખુલ્યા હોવાનો સામે આવતા કોઈ બેંકકર્મીની પણ આ કૌભાંડમાં સંડોવણી હોવાની પ્રબળ શક્યતા છે.

## મુંબઈના મુખ્ય સૂત્રધાર આશિશે રાજકોટના રાજેન્દ્ર ખૂંગલા અને પ્રવીણ શંખારવા મારફત એકાઉન્ટ ભાડે મેળવી દસેક કરોડના નાણાંકીય વ્યવહારો કર્યાનો ખુલાસો

# ગમે તે પરિસ્થિતિમાં સ્વદેશી હથિયારો આપણી તાકાત: સીડીએસ અનિલ ચૌહાણ

## સ્વદેશી સુરક્ષા ક્ષમતા પર ભાર મુકતા સીડીએસનુ મહત્વનું નિવેદન: પાકિસ્તાની ડ્રોનથી ભારતને નુકસાન નથી થયું

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાઓ અને સરહદ પારથી સતત થતી ડ્રોન પ્રવૃત્તિઓ વચ્ચે, ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણે એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, પાકિસ્તાન દ્વારા ભારતીય ક્ષેત્રમાં મોકલવામાં આવેલા ડ્રોન અને દારૂગોળાથી અત્યાર સુધી ભારતને કોઈ નોંધપાત્ર નુકસાન થયું નથી. ન તો ભારતીય સૈન્યને કે ન તો નાગરિકોને કોઈ પ્રકારની જાનહાનિ થઈ છે, જે આપણી સુરક્ષા પ્રણાલીની મજબૂતાઈ દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે આવા મોટાભાગના ડ્રોન અને તેની સાથે આવેલો દારૂગોળો સફળતાપૂર્વક નિષ્પ્રભાવી કરી દેવાયા છે, જ્યારે કેટલાક સંપૂર્ણ સ્થિતિમાં પણ મળી આવ્યા છે, જે ગુપ્તચર એજન્સીઓ માટે કિંમતી માહિતી પૂરી પાડે છે.

જનરલ અનિલ ચૌહાણે દિલ્હીના માનેકશો સેન્ટરમાં યોજાયેલા યુએવી (અનમેન્ડ એરિયલ વ્હીકલ) અને સી-યુએએસ (કાઉન્ટર-યુએએસ) સિસ્ટમ્સ સંબંધિત એક પ્રદર્શન કાર્યક્રમમાં 'ઓપરેશન સિંદૂર'ના અનુભવોનો ઉલ્લેખ કર્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આ ઓપરેશનથી આપણને સ્પષ્ટપણે સમજાયું છે કે આપણા દેશની સુરક્ષા માટે સ્વદેશી રીતે વિકસિત કાઉન્ટર-યુએએસ સિસ્ટમ્સ કેટલી અનિવાર્ય છે. વર્તમાન સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે, આપણે આપણી સુરક્ષા ક્ષમતાઓમાં સતત રોકાણ કરવું પડશે અને તેનું નિર્માણ કરવું પડશે. આ નિવેદન રક્ષા ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતા અને આધુનિક ટેકનોલોજીના સ્વદેશી વિકાસ પર સરકારના દ્રષ્ટિકોણને રેખાંકિત કરે છે.

યુદ્ધમાં ડ્રોનના વધતા ઉપયોગ અંગે પૂછવામાં આવતા, સીડીએસ જનરલ ચૌહાણે એક રસપ્રદ તફાવત રજૂ કર્યો. તેમણે કહ્યું કે, ડ્રોનનો વિકાસ 'વિકાસવાદી' છે, પરંતુ યુદ્ધમાં તેનો ઉપયોગ 'ક્રાંતિકારી' રહ્યો છે. આનો અર્થ એ થયો કે ડ્રોન ટેકનોલોજી ધીમે ધીમે વિકસી રહી છે, પરંતુ સૈન્ય દ્વારા યુદ્ધના મેદાનમાં તેનો ઉપયોગ કરવાની રીતોમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. જેમ જેમ ડ્રોનની તૈનાતી અને તેનો અવકાશ વધતો ગયો, તેમ તેમ સેનાએ ક્રાંતિકારી રીતે ડ્રોનનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું, જે ભારતીય સેના દ્વારા લડવામાં આવેલા તાજેતરના યુદ્ધો અને ઓપરેશન્સમાં પણ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

આ કાર્યક્રમનો મૂળભૂત ઉદ્દેશ્ય રક્ષા ક્ષેત્રમાં આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો હતો. અહીં વિદેશી નિર્માતાઓ પાસેથી આયાત કરાયેલા મહત્ત્વપૂર્ણ ઉત્પાદનોને બદલે સ્વદેશી વિકલ્પોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પહેલનો હેતુ રક્ષા અનુસંધાન અને નિર્માણમાં ઘરેલું ઉધોગોને સક્રિયપણે જોડવાનો અને દેશની સુરક્ષા નીતિમાં સ્વદેશીકરણને વધુ મજબૂત બનાવવાનો છે. આ પગલું ન માત્ર રક્ષા ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતા વધારશે, પરંતુ રણનીતિક અને ટેક્નોલોજીકલ દ્રષ્ટિએ પણ ભારતને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે, જે ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે અત્યંત જરૂરી છે.



# દુષ્કર્મ પીડિતાને કેસમાં સમાધાન કરી લેવાનું કહી ધમકી

## જામીન પર છૂટ્યા બાદ આરોપીએ પીડિતા અને તેના પિતાને ફોન કરી, ઘર પાસે ધસી જઈ ખૂનની ધમકી આપનાર વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

નાણાવટી ચોક પાસેના વિસ્તારમાં રહેતી મહિલાએ અગાઉ શેઠનગર પાસે રહેતા શખસ વિરૂધ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. આ શખસે જામીનમુકત થતા મહિલાને સમાધાન કરી લેવાનું કહી ફોનમાં તથા રૂબરૂ ધમકી આપતો હોય મહિલાએ આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરના નાણાવટી ચોક પાસેના વિસ્તારમાં રહેતી ૩૬ વર્ષીય મહિલાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે આશીષ અનંતરાય રાવલ (રહે. મેરીગોલ્ડ સોસાયટી બ્લોક નં. ૬૦, શેઠ નગરની બાજુમા, રાજકોટ) નું નામ આપ્યું છે. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને સંતાનમાં ૧૪ વર્ષની પુત્રી છે.

મહિલાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, તેણે અગાઉ ડીસેમ્બર -૨૦૨૪ માં આરોપી આશીષ વીરૂધ્ધમાં લગ્નની લાલચ આપી શરીર સબંધ બાંધી, અંગત પળોના ફોટા પાડી ફરિયાદીના પિતાને વોટ્સઅપમાં મોકલેલ હોય જે અંગેની ફરીયાદ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં કરી હતી. ત્યારબાદ આશીષની ધરપકડ થઈ હતી અને આશીષ જેલ હવાલે થયેલ હતો. બાદ તેને તા. ૩૦/૦૧/૨૦૨૫ ના રોજ હાઈકોર્ટમાંથી જામીન મળ્યા હતા. જે શરતી જામીનના હુકમમાં એવી શરત હતી કે, કોર્ટમાં હાજરી આપવા ઉપરાંત છ મહીના સુધી રાજકોટ શહેરમાં પ્રવેશ કરવો નહી. તથા કેસ સાથે સબંધીત કોઈ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રલોભન કે ધમકી આપવી નહી. છતા આ આશીષ રાવલ મહિલાને ગત માર્ચ -૨૦૨૫ થી તેના મોબાઈલ પરથી ફરિયાદીને અવાર નવાર ફોન કરે છે. અને ફરિયાદી ફોન ન ઉઠાવે તો વોટ્સઅપમાં ધમકીભર્યા વોઈસ રેકોર્ડીંગ મોકલે છે. અને કહે છે કે તું મારા ફોન કેમ ઉપાડતી નથી, તું ક્યાંય ફરીયાદ કરતી નહીં. તેવી ધમકી આપે છે. વોટ્સઅપમાં અવાર નવાર સમાધાન કરવાના ધમકીભર્યા વોઈસ રેકોર્ડીંગ મોકલી ગાળો આપે છે. ફરિયાદીએ જણાવ્યું હતુ કે, આશીષ તેની સોસાયટીમાં પણ જામીન પર છુટ્યા બાદ અવાર નવાર આવે છે. જેમાં ગઈ તા. ૨૫/૦૬/૨૫, ૨૬/૦૬/૨૫, તા. ૧૨/૦૭/૨૫ તથા તા. ૧૪/૦૭/૨૫ ના રોજ આશીષ સોસાયટીમાં આવ્યો હતો અને મહિલાના ઘર પાસે આવીને હોર્ન મારી ટોર્ચર કરે છે. ગઈ તા. ૧૦/૦૭/૨૫ ના રોજ રાત્રીના સાડા આઠેક વાગ્યે આશીષ મહિલાના ઘર પાસે આવી હોર્ન મારી બોલાવતા મહિલા નીચે જતા આશીષે સમાધાન કરી લેવા ધમકી આપેલ હતી અને જો સમાધાન નહી કર તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ ઉપરાંત ગઈ તા. ૧૪/૦૪/૨૫ ના રોજ મહિલાના પિતાને પણ આશીષે ફોન કર્યો હતો. પરંતુ તેના પિતાએ ફોન રીસીવ કર્યો ન હતો. જેથી અંતે મહિલાએ આ ફરિયાદ નોંધાવી હતી.

# દિલ્હીના શાહદરામાં ભીષણ આગ: બેના મોત, બે ઘાયલ

## ૧૦ લોકોનો આબાદ બચાવ, ઘાયલો સારવાર હેઠળ

**અબતક, રાજકોટ**

દિલ્હીના શાહદરા જિલ્લાના જગતપુરી વિસ્તારમાં આવેલા ઓલ્ડ ગોવિંદપુરામાં મંગળવારે મોડી સાંજે એક મકાનમાં ભીષણ આગ ફાટી નીકળતાં બે લોકોના મોત થયા હતા, જ્યારે અન્ય બે ઘાયલ થયા હતા. આ ઘટનામાં કુલ ૧૦ લોકોને બચાવી લેવાયા હતા, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, શાહદરાના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ પ્રશાંત ગૌતમે જણાવ્યું કે, આ ઘટનાની જાણકારી રાત્રે લગભગ ૮:૪૬ વાગ્યે ઓલ્ડ ગોવિંદપુરાની 'બંધ ગલી'માંથી મળી હતી. જગતપુરી પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી, જ્યાં જાણવા મળ્યું કે એક રહેણાંક ઈમારતમાં આગ લાગી હતી અને ઓછામાં ઓછા ૧૦ લોકો અંદર ફસાયા હતા.

પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનોની મદદથી છ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. ડીસીપી ગૌતમે જણાવ્યું કે, "ચાર લોકોને ડો. હેડગેવાર હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં તનવીર (૨૮) અને નુસરત નામની બે વ્યક્તિઓને મૃત જાહેર કરવામાં આવી હતી." જ્યારે ખુર્રેજી ખાસના ફૈઝલ અને આસિફ (૧૮) નામના બે ઘાયલો હાલ સારવાર હેઠળ છે. દિલ્હી ફાયર સર્વિસ અનુસાર, આગને કાબૂમાં લેવા માટે કુલ નવ ફાયર ટેન્ડરોને કામે લગાડવામાં આવ્યા હતા. ફાયર ઓફિસર દીપક હુડાએ જણાવ્યું કે, તેમને રાત્રે લગભગ ૮:૪૫ વાગ્યે ઈમરજન્સી કોલ મળ્યો હતો અને તરત જ બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, એક કલાકની અંદર પરિસ્થિતિને કાબૂમાં લઈ લેવામાં આવી હતી. ફોરેન્સિક અને ફાયર વિભાગની ટીમો દ્વારા નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, અને અધિકારીઓએ આગ લાગવાના કારણ અંગે કોઈ શક્યતાને નકારી નથી.

# સિવિલના હિસાબનીશ અધિકારીનો ચાર્જ મહાપતિ સિયારામ રોયને સોપાયો

## નિવૃત્તિ પૂર્વે રજા પર જતા ડોક્ટર મહેન્દ્ર ચાવડાએ સહયોગ બદલ આભાર માન્યો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટની જાણીતી પંડિત દિન દયાલ ઉપાધ્યાય હોસ્પિટલ સિવિલ હોસ્પિટલના હિસાબ નિશ તરીકે લાંબા સમયથી ફરજ બજાવતા અને હવે ટૂંક સમયમાં જ નિવૃત થનાર ડોક્ટર મહેન્દ્ર ચાવડાએ તબીબ અધિક્ષક સમક્ષ રજા રિપોર્ટ મૂકીને પોતાનો ચાર્જ અન્ય જવાબદાર અધિકારીને સોંપવાની દરખાસ્ત કરતા તબીબી અધિકશ ડોક્ટર મહેન્દ્ર ચાવડા ની જગ્યાએ નવા હિસાબી અધિકારી તરીકે



ડોક્ટર મહાપતિ સિયારામ રોય ને ચાર્જ સોંપવાનો ઓર્ડર જારી કરિયો હતો, ડોક્ટર મહેન્દ્ર ચાવડા ની જગ્યાએ હવે ડોક્ટર મહાપતિ સીયારામ રોય હિસાબી અધિકારી તરીકેની ફરજ બજાવશે નિવૃત્તિના થોડા દિવસો બાકી છે ત્યારે પારિવારિક ધોરણે રજા નો આનંદ માણવા માટે પોતે રજા પર ઉતરી ગયા હોવાનું ડોક્ટર મહેન્દ્ર ચાવડાએ જણાવી પત્રકાર મીડિયા જગત અધિકારી કર્મચારીઓ સહયોગીઓ નો પોતાની ફરજ દરમ્યાન સહયોગ બદલ આભાર માન્યો હતો ડોક્ટર મહેન્દ્ર ચાવડા ફરજ નિષ્ઠ અને સંબંધોને પૂરેપૂરો ન્યાય આપનાર અધિકારી તરીકે જાણીતા હતા.

# ચેટ જીપીટી સર્વર ગ્લોબલી ડાઉન: યુઝર્સને ભારે હાલાકી

## ઓપન એઆઈ એ સમસ્યાનો ઉકેલ લાવ્યાનો દાવો કર્યો

**અબતક, રાજકોટ**

આજે વિશ્વના સૌથી લોકપ્રિય એઆઈ ચેટબોટ ચેટ જીપીટી ના સર્વર ગ્લોબલી ડાઉન થઈ ગયા હતા, જેના કારણે હજારો યુઝર્સને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ આઉટેજ માત્ર ચેટ જીપીટી ને જ નહીં, પરંતુ ઓપન એઆઈ ની અન્ય મહત્ત્વપૂર્ણ સેવાઓ જેવી કે સોરા (એઆઈ વિડીયો જનરેશન ટૂલ) અને જીપીટી એપીઆઈ (એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઈન્ટરફેસ) ને પણ અસર કરી હતી. આ ટેકનિકલ ખામીથી વિશ્વભરના એઆઈ યુઝર્સના કામ અટકી પડ્યા હતા.

ડાઉનડિટેક્ટર જે ઓનલાઈન સેવાઓના આઉટેજને ટ્રેક કરે છે, તેના અહેવાલ મુજબ, આશરે ૮૮% જેટલા ચેટ જીપીટી યુઝર્સ ચેટબોટને એક્સેસ કરી શકતા ન હતા. ઘણા યુઝર્સને લોગિન કરવામાં પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, જ્યારે કેટલાક યુઝર્સને ખાલી ચેટ સ્ક્રીન જોવા મળી રહી હતી અથવા તો તેમના પ્રશ્નોના અધૂરા જવાબો જ મળી રહ્યા હતા. આના કારણે વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ્સ અને ડેવલપર્સ સહિત અનેક યુઝર્સને તેમના દૈનિક કાર્યમાં અવરોધ ઊભો થયો હતો.

જોકે, ઓપન એઆઈ એ આ આઉટેજને સ્વીકારી હતી અને તાત્કાલિક ધોરણે તેને ઠીક કરવા માટે કામગીરી શરૂ કરી હતી. કંપનીએ તેની સત્તાવાર સ્ટેટસ પેજ પર અપડેટ કર્યું કે "અસરગ્રસ્ત તમામ સેવાઓ હવે સંપૂર્ણપણે પુનઃપ્રાપ્ત થઈ ગઈ છે." જોકે, આ પુનઃપ્રાપ્તિમાં કેટલો સમય લાગ્યો તેની સ્પષ્ટ વિગતો જાહેર કરવામાં આવી નથી. મહત્વનું છે કે, આ જુલાઈ મહિનામાં ચેટ જીપીટી માટે આ બીજી વાર વૈશ્વિક સર્વર ડાઉન થવાની ઘટના હતી. એઆઈ ટૂલ્સની વૈશ્વિક માંગ સતત વધી રહી છે ત્યારે, પ્લેટફોર્મની વિશ્વસનીયતા પર આવા વારંવારના આઉટેજ સવાલો ઊભા કરે છે. આ ઘટના દર્શાવે છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીની પ્રગતિ સાથે તેની સ્થિરતા અને અવિરત સેવાઓ સુનિશ્ચિત કરવી પણ એટલી જ જરૂરી છે.

# સ્વચ્છ સર્વેક્ષણનું કાલે પરિણામ જાહેર કરશે: રાજકોટ કેટલામાં ક્રમે રહેશે

**અબતક રાજકોટ**

કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને ગંદકી મુકત બનાવવા સ્વચ્છ સર્વેક્ષણ સ્પર્ધા શરૂ કરાઈ છે. દરમિયાન સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪નું પરિણામ આવતીકાલે નવી દિલ્હી ખાતેથી જાહેર થનાર હોવાનું જાણવા મળે છે. રાજકોટ શહેર અગાઉ ટોપ ટેનમાં આવ્યા બાદ ૨૦૨૩માં છેક ૩૭મા ક્રમે ફેંકાઇ ગયું હતું. હવે કાલે જાહેર થનારા પરિણામોમાં રાજકોટ કેટલામાં ક્રમે આવશે તે જોવાનું રહેશે. દેશના શહેરોની મહાનગરપાલિકાઓ અને સ્થાનિક વહીવટીતંત્રોને વધુ સ્વચ્છતા જાળવવા માટે પ્રોત્સાહિત કરવા કેન્દ્ર સરકારનું આવાસ અને શહેરી બાબતો મંત્રાલય સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દર વર્ષે સ્વચ્છ સર્વેક્ષણ હાથ ધરે છે.સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ના પરિણામો આવતીકાલે તા.૧૭ જુલાઈના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત એક સમારોહ દરમિયાન જાહેર કરવામાં આવશે. આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે સુપર કલીનનેસ લીગ નામની એક અલગ કેટેગરી બનાવી છે. જેમાં પાછલા વર્ષોમાં સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહેલા શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ લીગમાં વધુ શહેરો ઉમેરવામાં આવ્યા હતા, જેનાથી કુલ શહેરોની સંખ્યામાં પણ વધારો થયો છે.

# પવન કન્સ્ટ્રકશન અને કલાસિક કન્સ્ટ્રકશનને કોર્પોરેશનની નોટિસ

## રામાપીર ચોકડી અને ગંગોત્રી પાર્ક મેઈન તૂટતા બન્ને એજન્સીઓ નોટિસ અપાય

**અબતક રાજકોટ**

ડિફેકટ લાયાબિલિટી પીરિયડ દરમિયાન રોડ પર થયેલી ક્ષતિઓની જવાબદારી રોડ કોન્ટ્રાક્ટરની હોવાથી તેમની સામે પણ રાજ્ય સરકાર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. પર ક્ષતિ અથવા ખાડા પડવાના કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પવન કન્સ્ટ્રકશન અને કલાસિક કન્સ્ટ્રકશન સહિતના કોન્ટ્રાક્ટરોને નોટિસ આપીને તેમના પોતાના ખર્ચે રોડ રિસરફેસિંગનું સંપૂર્ણ કામ સત્વરે પૂર્ણ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ડિફેકટ લાયાબિલિટી પીરિયડ હેઠળના કેટલાક મહત્વપૂર્ણ રસ્તાઓ બિસ્માર બનતા સુરત મહાનગરપાલિકા દ્વારા સુનીલ દોમડીયા, કે. કે. બી. પ્રોજેક્ટ્સ પ્રા.લી., એસ. ઝેડ. પટેલ, એ. કે. પટેલ, અંબિકા કન્સ્ટ્રકશન, ભવાની કન્સ્ટ્રકશન, જે. એમ. શાહ, એમ. એ. પટેલ તેમજ શ્રીજી કન્સ્ટ્રકશનને મળીને કુલ ૦૯ રોડ કોન્ટ્રાકટરોને દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઉપરાંત વડોદરા શહેરમાં કેટલાક રસ્તાઓનું પુનઃ નિર્માણ કાર્ય સૂચવ્યા મુજબની ગુણવત્તા ધરાવતું ન હોવાથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા ડી. બી. પટેલ, મે. જે. એન. પી. ઈન્ફ્રા., એ. કે. મેક ઈન્ફ્રા., મે. એસ. કે. મકવાણા એન્ડ કં., મે. રાજ ઈફ્રાસ્ટ્રકચર, મે. શિવાલય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રો.પ્રા.લિ, મે. શિવમ કન્સ્ટ્રકશન, મે. બિંજલ જે. ગાંધી, મે. ગાયત્રી કન્સ્ટ્રકશન, મે. શ્રી હરી કન્સ્ટ્રકશન, મે. ભાવિન એન્ટરપ્રાઈસ તેમજ મે. હિન્દુસ્તાન ફેબ્રીકેટર્સ સહિતના કુલ ૧૨ રોડ કોન્ટ્રાકટરોને નિયમાનુસાર દંડ ફટકારવામાં આવ્યો છે.

ડિફેકટ લાયાબિલિટી પીરિયડ દરમિયાન રોડ પર થયેલી ક્ષતિઓની જવાબદારી રોડ કોન્ટ્રાક્ટરની હોવાથી તેમની સામે પણ રાજ્ય સરકાર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે. પર ક્ષતિ અથવા ખાડા પડવાના કારણે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પવન કન્સ્ટ્રકશન અને કલાસિક કન્સ્ટ્રકશન સહિતના કોન્ટ્રાક્ટરોને નોટિસ આપીને તેમના પોતાના ખર્ચે રોડ રિસરફેસિંગનું સંપૂર્ણ કામ સત્વરે પૂર્ણ કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

# ડોબરીયા પરિવારની લાડકવાયી માહીરાનો આજે જન્મદિવસ



તપોવન વિદ્યા સંકુલ (અંકોલવાડી) ના ટ્રસ્ટી ભાવેશભાઈ ડોબરિયાની સુપુત્રી માહીરાનો જન્મદિવસ છે. માહીરાએ સફળતાપૂર્વક ૭ વર્ષ પૂર્ણ કરી ૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.આ શુભ અવસરે, માહીરાને તેના મમ્મી મયુરીબેન, દાદા વલ્લભભાઈ, દાદી વજીબેન, ભાઈ વ્યોમ અને નિશાદ તેમજ નાના જયસુખભાઈ, નાની જયાબેન, બાપુજી અમિતભાઈ અને ભાભુ સંગીતાબેન તરફથી જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આશીર્વાદ પ્રાપ્ત થઈ રહ્યા છે. આ નવું વર્ષ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને જ્ઞાનથી ભરેલું રહે એવી શુભકામનાઓ વરસી રહી છે

# નવરચિત 9 મહાપાલિકાઓનું સીમાંકન જાહેર: તમામમાં 13 વોર્ડ અને 52 બેઠકો હશે

## ૫૦% બેઠકો મહિલા અને ૨૭% બેઠકો ઓબીસી અનામત રહેશે: એસ.સી. અને એસ.ટી. કેટેગરી માટે બેઠકો અનામત રખાશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા નવરચિત ૯ મહાનગરોપાલિકાઓ માટેનું સિમાંકન જાહેર કરી દેવામાં આવ્યું છે. તમામમાં ૧૩ વોર્ડ અને ૫૨ બેઠકો હશે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં મહિલાઓ માટે ૫૦%ની અનામતની જોગવાઈ મુજબ ૨૬ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. જયારે ઓબીસી અનામત ૨૭%ની પણ જોગવાઈ કરવામાં આવી હોય ૧૪ બેઠકો પછાત વર્ગો માટે અનામત રહેશે. જયારે એસ.સી. અને એસ.ટી. અનામતની જોગવાઈ પણ લાગૂ કરવામાં આવશે. આગામી માર્ચ માસ સુધીમાં રાજયની ૬ મહાનગરપાલિકાઓની સામાન્ય ચુંટણી યોજાવાની છે. તેની સાથે જ ૯ નવી મહાપાલિકાની પણ સામાન્ય ચુંટણી યોજાઈ જશે. આગામી દિવસોમાં વોર્ડની હદ અને ક્યા વોર્ડમાં કેટલી બેઠક અનામત રહેશે. તેનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા વાપી, મહેસાણા, આણંદ, ગાંધીધામ, મોરબી, નડીયાદ, પોરબંદર, સુરેન્દ્રનગર અને નવસારી નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ સાથે રાજ્યમાં મહાનગરપાલિકાની સંખ્યા આઠથી વધી સિધ્ધી જ બમણીથી પણ વધુ એટલે કે ૧૭ થઈ જવા પામી છે. રાજ્ય સરકારના શહેરીવિકાસ વિભાગ દ્વારા તાજેતરમાં નવરચિત તમામ ૯ મહાનગરપાલિકાઓ માટે સિમાંકન જાહેર કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારના નિયમ મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૫૦% મહિલા અનામતની જોગવાઈ છે. તમામ ૯ મહાનગરપાલિકાઓમાં એક સમાન ૧૩ વોર્ડ અને બાવન બેઠકો રહેશે. જેમાં ૫૦% મહિલા અનામત મુજબ ૨૬ બેઠકો મહિલા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. જ્યારે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૨૭% ઓબીસી અનામત જાહેર કરવામાં આવ્યું છે એટલે કે ૧૪ બેઠકો ઓબીસી કેટેગરી માટે અનામત રાખવામાં આવશે. જ્યારે વસતી મુજબ એસ.સી. અને એસ.ટી. અનામતની પણ અમલવારી કરવામાં આવશે. નવા કોર્પોરેશનની રચનાથી શહેરી વિકાસને વેગ મળશે. ૧-જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કેબિનેટ બેઠકમાં રાજ્યની અલગ-અલગ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના માટે મ્યુનિસિપલ કમિશનરની પણ નિમણુંક કરી દેવામાં આવી છે. જ્યારે ચુંટાયેલી

(અનુ. આઠમા પાને)

### અમદાવાદ સહિત રાજ્યની ૬ મહાપાલિકાઓમાં પણ વોર્ડ વધે તેવી શક્યતા

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણીના આડે હવે એક વર્ષથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. ત્યારે આ તમામ મહાપાલિકાઓના સંબંધિત અધિકારીઓને સમાન સિમાંકન પ્રક્રિયા હાથ ધરવાની સૂચના આપી દેવામાં આવી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૨૭% ઓબીસી અનામતની જોગવાઈ કરવામાં આવી હોય દરેક વોર્ડમાં એક બેઠક ઓબીસી કેટેગરીના ઉમેદવાર માટે અનામત રાખવામાં આવશે. કેટલીક મહાપાલિકામાં વોર્ડની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. જો કે, વોર્ડ વધારવા માટે બે પરિબળો ધ્યાનમાં લેવામાં આવે છે. જેમાં એક વસતીની સંખ્યા અને બીજું મહાપાલિકાની હદમાં વધારો થયો હોય તો વોર્ડ વધારી શકાય. ૨૦૧૧ પછી વસતી ગણતરી કરવામાં આવી નથી. પરંતુ ૬ પૈકી પણ જૂની મહાનગરપાલિકામાં ગામોનો પણ ઉમેરો થયો નથી. આવામાં વોર્ડ વધશે કે યથાવત રહેશે તેના પર તમામની મીટ મંડાયેલી છે.

# રાજકોટ જિલ્લા બેંકના વર્તમાન બોર્ડની મુદ્ત એક વર્ષ વધારવા સરકારમાં દરખાસ્ત




## ૧૪ જુલાઈએ વર્તમાન ૧૭ ડિરેક્ટરોની મુદ્ત પૂર્ણ થઈ ચુકી છે: ચુંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ ન થતા જિલ્લા રજીસ્ટ્રારે વર્તમાન બોર્ડની મુદ્તમાં એક વર્ષનો વધારો કરવા સહકાર વિભાગમાં કરેલી દરખાસ્ત પર સહકારી ક્ષેત્રની મીટ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત દેશભરના સહકારી ક્ષેત્રમાં ખૂબ જ મોટું નામ ધરાવતી રાજકોટ જિલ્લા બેંકના વર્તમાન ૧૭ ડિરેક્ટરોને મુદ્ત ગત સોમવારે પૂર્ણ થઈ જવા પામી છે. સહકાર વિભાગ દ્વારા ચુંટણી સંદર્ભે કોઈ માર્ગદર્શન ન અપાતા જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા હવે જિલ્લા બેંકના વર્તમાન શાસકોની મુદ્તમાં એક વર્ષનો વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

રાજકોટ જિલ્લા બેંકમાં વર્ષોથી રાદડિયા પરિવારનો દબદબો જોવા મળી રહ્યો છે. બેંકના વર્તમાન ૧૭ ડિરેક્ટરોની પાંચ વર્ષની મુદ્ત ગત ૧૪ જુલાઈએ પૂર્ણ થઈ ગઈ હતી. બેંક દ્વારા નિયમાનુસાર જિલ્લા રજીસ્ટ્રારને વર્તમાન ડિરેક્ટરોની મુદ્ત ક્યારે પૂરી થાય છે તેની જાણ કરી દેવામાં આવી હતી. જો કે, રજીસ્ટ્રાર પાસે સત્તા ન હોય તેઓએ આ અંગે રાજ્ય સરકારના સહકારી વિભાગમાં જાણ કરી હતી. પરંતુ સહકારી વિભાગ દ્વારા ચુંટણી માટે કોઈ સૂચના આપવામાં ન આવતા અંતે જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા તાજેતરમાં રાજકોટ જિલ્લા સહકારી બેંકના ૧૭ ડિરેક્ટરોની મુદ્ત એક વર્ષ વધારવા માટે રાજ્ય સરકારના સહકાર વિભાગમાં દરખાસ્ત કરવામાં આવી છે. સાથોસાથ ચુંટણી યોજવા માટેની પણ મંજૂરી માંગવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. સરકાર દ્વારા હજુ સુધી કોઈ જવાબ આવ્યો નથી. ગાંધીનગર સ્થિત સહકાર વિભાગની વડી કચેરી દ્વારા ચુંટણી યોજવા કે

(અનુ. આઠમા પાને)



### નવી બોડી ન આવે ત્યાં સુધી જૂના હોદ્દેદારો યથાવત રહે છે: જયેશ રાદડિયા

રાજકોટ જિલ્લા બેંકના ચેરમેન, પૂર્વ કેબિનેટ મંત્રી અને યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ 'અબતક' સાથેની વાતચિત દરમિયાન જણાવ્યું હતું કે જિલ્લા બેંકના ૧૭ ડિરેક્ટરોની મુદ્ત ૧૪ જુલાઈના રોજ પૂર્ણ થઈ રહી છે. તેની જાણ જિલ્લા બેંક દ્વારા નિયમ મુજબ ૯૦ દિવસ પહેલા જિલ્લા રજીસ્ટ્રાર કચેરીને કરી દેવામાં આવી હતી. પરંતુ તેઓ પાસે ચુંટણી યોજવા માટેની તારીખનું એલાન કરવાની સત્તા ન હોય સરકાર પાસે માર્ગદર્શન માંગ્યું હતું. વર્તમાન બોર્ડની મુદ્તમાં એક વર્ષનો વધારો કરવાની દરખાસ્ત કરવામાં આવી હોવાનું અમને જાણવા મળ્યું છે. નિયમાનુસાર જ્યાં સુધી બેંકમાં નવી બોડી કાર્યરત ન થાય ત્યાં સુધી જૂના ડિરેક્ટરો સેવા આપી શકે છે. જૂના હોદ્દેદારો યથાવત રહે છે અને કોઈપણ નિર્ણય લેવાની તેઓની પાસે સત્તા રહેલી છે.

# કાળમુખા ડમ્પરની ઠોકરે આશાસ્પદ કોલેજીયન યુવતીનું મોત

## એકિટવામાં સખી સાથે કોલેજે જતી વેળાએ હનુમાન મઢી પાસે નડયો અકસ્માત

## માતેલા સાંઢની જેમ દોડતા વાહનો પર લગામ ક્યારે!!

**અબતક રાજકોટ**

રાજકોટ શહેરના રાજમાર્ગો ગોજારા બન્યા હોય તેમ નિરંતર જીવલેણ અકસ્માતો ની ઘટનાઓમાં આજે સવારે વધુ એકનો ઉમેરો થયો હોય તેમ કોલેજ જતી સખીઓની મોટરસાયકલને હનુમાન મઢી ચોકમાંખટારાએ હડફેટે લેતા આશાસ્પદ કોલેજીયન યુવતી નું મોત નિપજ્યું હતું.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરના બજરંગ વાડી વિસ્તારમાં રહેતી અને કણસાગરા મહિલા કોલેજમાં ટીવાય માં અભ્યાસ કરતી જુહીબેન તરુણભાઈ નડિયાપરા ૧૯, તેમના સખી નિશાબેન ની એકટીવા પર બેસી કોલેજ જતા હતા ત્યારે હનુમાન મઢી ચોકમાં ટ્રક નંબર જીજે ૩૬ટી ૦૧૯૭ એ એકટીવા ને ઠોકરે ચડાવતા અકસ્માતમાં એકટીવા પાછળ બેઠેલ જુહીબેન તરુણભાઈ નડિયાપરાને માથામાં ગંભીર ઈજા થતા અર્ધ બે ભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું

આ અંગે ગાંધી ગ્રામ પોલીસ





સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.સવારના પ્હોરમાં અકસ્માત સર્જી ચાલક ડમ્પર મુકી ભાગી ગયો જતા પોલીસે ફરાર ડ્રાઈવરને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરી સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ હાથ ધરી છે બજરંગવાડીમાં રહેતી કણસાગરા કોલેજની છાત્રા જુહી નડિયાપરા (ઉ.વ.૧૯) તેની બહેનપણી નીશા રાણંગા સાથે જતી હતી ત્યારે બનાવ બન્યો હતો ત્યારે આ બનાવ માં નિશાનો ચમત્કારિક બચાવ થઈ ગયો હતો.બજરંગવાડીમાં રહેતી જુહી તરૂણભાઈ નળીયાપરા (ઉ.વ.૧૯) નામની વિદ્યાર્થીની સવારે તેની બહેનપણી નીશા મેરૂભાઈ રાણંગાના એક્ટીવા પાછળ બેસીને કોલેજ ખાતે જવા નીકળી હતી. બંને બહેનપણી હનુમાન મઢી ચોકમાં પહોંચીહતી. બંને બહેનપણી હનુમાન મઢી ચોકમાં પહોંચી ત્યારે ડમ્પર નં. જીજે૩૬ટી-૦૧૯૭ના ચાલકે એક્ટીવા નંબર જી જે ૦૩ ડી કે ૮૦૧૬ને ઉલાળી દેતાં બંને બહેનપણી તેના વાહન સહિત ફંગોળાઈ ગઈ હતી. જેમાં જુહી નળીયાપરા ડમ્પરની ઠોકરે આવી જતાં ગંભીર ઈજા થતાં તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પરંતુ અહિ સારવાર દરમિયાન જુહીનું મૃત્યુ થયું હતું.

આ અકસ્માતને પગલે લોકોનું ટોળુ ભેગુ થઈ જતાં ચાલક ડમ્પર મુકીને ભાગીગયો હતો. વિદ્યાર્થીની જુહી અને નીશા કણસાગરા કોલેજમાં બીકોમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હોઈ બંને બહેનપણી દરરોજ સાથે જ કોલેજ જતી હતી. મૃત્યુ પામનાર જુહીના પિતા તરૂણભાઈ નડિયાપરાને નાના મવા રોડ આંબેડકરનગર સર્કલ પાસે મોબાઈલ ફોનની દૂકાન છે.તે સવારે ઘરેથી નીકળે ત્યારે દિકરી જુહીને પોતાના વાહનમાં બેસાડી શીતલપાર્ક પાસે ઉતારતાં હતાં. અહિથી તે જામનગર રોડ શેઠનગર પાસે નંદનવન સોસાયટીમાં રહેતી બહેનપણી નીશા રાણંગાના ટુવ્હીલરમાં બેસી જતી હતી.

આજે પણ બંને બહેનપણી નિત્યક્રમ મુજબ કોલેજ જવા

(અનુ. આઠમા પાને)

# આફ્રિકન વિદ્યાર્થીઓ વિદ્યાના નામે સેક્સના પાઠ ભણાવી રહ્યા છે: આક્ષેપથી ખળભળાટ

## ફ્લેટ અને હોટેલમાં દેહ વેપાર સહિતની ગેરકાયદે પ્રવૃતિઓ પર લગામ લગાવવાની માંગ સાથે રતનપર ગ્રામજનો કમિશનર કચેરી ખાતે દોડી ગયા

**અબતક, રાજકોટ**

શહેરની ખાનગી યુનિવર્સીટીમાં અભ્યાસ અર્થે આવતા આફ્રિકન વિદ્યાર્થીઓ દ્વારા સુવ્યવસ્થિત સેકસ રેકેટ ચલાવવામાં આવે છે તેવા આક્ષેપ સાથે રતનપર ગામના આગેવાનો પોલીસ કમિશ્નર કચેરી ખાતે દોડી ગયા હતા. રતનપર ગામ તથા તેની આજુબાજુના વિસ્તારો, અલગ અલગ હોટેલમાં ધમધમતા દુષણને ડામવા પોલીસ કમિશ્નરને આવેદન પાઠવી રજુઆત કરવામાં આવી હતી.

શહેરની ભાગોળે મોરબી રોડ હાઈવે પર આવેલ રતનપર ગામના આગેવાનો આજે પોલીસ કમિશ્નર કચેરી ખાતે દોડી ગયા



તસ્વીર: શૈલેષ વાડોલીયા

### દેહ વેપાર, ડ્રગ્સ સહિતના દુષણો ઘર કરી જાય તે પૂર્વે જ પગલાં લેવા પોલીસ કમિશ્નર અને ડીસીપીને રજુઆત

હતા. ગઈકાલે રતનપર ગામના લોકો અને આફ્રિકન વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી બબાલ બાદ આજે ગ્રામજનો પોલીસ કમિશ્નરને આવેદનપત્ર પાઠવવા દોડી ગયા હતા. જયા રજુઆતમાં જણાવવામાં આવ્યું હતું કે, ખાનગી યુનિવર્સીટીઓમાં મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ અને તેમાં પણ ખાસ કરીને આફ્રિકન મૂળના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. હાલના સમયમાં સ્થાનિક રહીશોમાંથી મળતી ચોક્કસ ફરિયાદો અનુસાર આવા કેટલાક વિદેશી વિદ્યાર્થીઓ ખાસ કરીને વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતાં કરતાં અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોવાનું સામે આવ્યુ છે. આ પ્રવૃત્તિઓને કારણે આસપાસના ગામડાઓમાં ગંભીર દૂષણ ફેલાઈ રહ્યું છે અને સ્થાનિક રહેવાશીઓને સાથે અનેકવાર ઘર્ષણો થવાના કિસ્સાઓ સામે આવે છે .

રજુઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આફ્રિકન મૂળની વિદ્યાર્થિનીઓ કોલેજમાં અભ્યાસ કરતી હોવા છતાં ખાનગી ફ્લેટ અને હોટલોમાં દેહવ્યાપાર કરતા હોવાનું સ્પષ્ટ જાણવા મળેલ છે. આ પ્રવૃત્તિઓ મુખ્યત્વે વ્હોટ્સએપ ગ્રુપ, પ્રોસ્ટિટ્યુશન વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશનો મારફતે જાહેર રીતે ચલાવવામાં આવે છે. આ એપ્સમાં કોલગર્લના ફોટા

(અનુ. આઠમા પાને)

### વોટ્સઅપ નંબર, ટેલિગ્રામ એપ્લિકેશનના માધ્યમથી કરાતો લોહીનો વેપાર

રતનપર ગામના આગેવાનો તેમજ કોંગ્રેસ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે કરેલી રજુઆત અંગે જણાવ્યું હતું કે, આફ્રિકન વિદ્યાર્થીઓ દ્વારા વોટ્સઅપ, ટેલિગ્રામ સહિતની એપ્લિકેશન દ્વારા સેક્સ રેકેટ ચલાવવામાં આવે છે. ઉપરાંત લોહીના વેપાર અર્થે આખેઆખી એક સ્કોકા નામની એપ્લિકેશન પણ બનાવી નાખવામાં આવી છે. વોટ્સઅપ નંબર કે ટેલિગ્રામ ગ્રુપથી સંપર્ક કરતા આફ્રિકન યુવતીઓના ફોટો મોકલી ભાવતાલ નક્કી કર્યા બાદ હોટેલ કે ફ્લેટનું લોકેશન આપી ગ્રાહકોને બોલાવી લોહીનો વેપાર કરવામાં આવે છે.

### શહેરની હોટેલોમાં એકીસાથે દરોડા પડે તો આખેઆખું રેકેટ પકડાઈ શકે

ગ્રામજનોએ આક્ષેપ કર્યો હતો કે, આફ્રિકન વિદ્યાર્થીઓ દ્વારા ફક્ત રતનપર ગામે જ નહિ પણ છેક રાજકોટ શહેરની અનેક હોટેલોમાં પણ દેવ વેપારનું રેકેટ ચલાવવામાં આવે છે. જેમાં યુવતીઓ ગણિકા અને આફ્રિકન યુવકો ગ્રાહક વચ્ચેની કડી તરીકેની ભૂમિકા ભજવે છે જેથી શહેરની હોટેલમાં દરોડા પાડવામાં આવે તો આખેઆખું રેકેટ ઝડપાઈ શકે તેમ છે.

# રાજકોટ-ગોંડલ હાઈવે પર ઢોલરા ગામના પાટીયા નજીકથી રૂ. ૪૧.૬૦ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## શરાબની ૧૨૬૭૨ બોટલ, ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ. ૫૧.૬૭ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ



**અબતક, રાજકોટ**

રાજકોટ-ગોંડલ હાઈવે પરથી ઢોલરા ગામના પાટીયા નજીકથી આજીડેમ પોલીસની ટીમે રૂ. ૪૧.૬૦ લાખનો દારૂ ભરીને આવતો આઈસર ટ્રક ઝડપી લીધો છે. ૨૬૯ પેટી દારૂ, ટ્રક, મોબાઈલ, રોકડ મળી કુકુ રૂ. ૫૧.૬૭ લાખના મુદ્દામાલ સાથે રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરવામાં આવી છે. આજીડેમ પોલીસ મથકની ટીમ

(અનુ. આઠમા પાને)

### રાજસ્થાનથી દારૂ લઈ આવ્યાનું રટણ: દોરી સંચાર કરતા વોટ્સઅપ નંબરના ધારકની શોધખોળ

ઝડપાયેલા ટ્રક ચાલકે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં કેફીયત આપી હતી કે, તે છેલ્લા એકાદ માસથી દારૂના ટ્રક ચલાવતો હતો. વધુમાં તેણે જણાવ્યું હતું કે, દારૂનો જથ્થો ભરીને રાજસ્થાનથી લાવ્યો હતો અને એક શખ્સ વોટ્સઅપ નંબર પરથી કોલ કરીને સતત ચાલકને દોરી સંચાર પૂરો પાડી રહ્યો હતો. જેથી પોલીસે વોટ્સઅપ નંબરના ધારકની શોધખોળ શરૂ કરી છે.

### પોલીસને ગુમરાહ કરવા બોગસ નંબર પ્લેટ લગાવી દીધી'તી

પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર પોલીસને બાતમી મળી હતી કે, ગોંડલ તરફથી જીજે-૨૭-ટીડી-૩૬૫૩ નંબરનો આઈસર ટ્રક દારૂનો જથ્થો ભરીને આવી રહ્યો છે. જે બાતમીના આધારે આજીડેમ પોલીસની ટીમે રાજકોટ-ગોંડલ હાઈવે પર ઢોલરાના પાટીયા નજીકથી આઈસર ટ્રક ઝડપી લેવામાં આવ્યો હતો. બાદમાં ટ્રકમાંથી શરાબ ઉપરાંત અલગ અલગ બે નંબર પ્લેટ મળી આવી હતી. જે બાદ ચાલકની પૂછપરછમાં આઈસર ટ્રકના સાચા નંબર જીજે-૨૭-ટીટી-૫૫૮૮ હોવાનું ખુલ્યું હતું અને પોતે પોલીસને ગુમરાહ કરવા બોગસ નંબર પ્લેટ લગાવ્યાની ચાલકે કેફીયત આપી હતી.

### આજીડેમ પોલીસની ટીમે વોચ ગોઠવી મોડી રાત્રે ત્રણ વાગ્યે આઈસર ટ્રક પકડી પાડ્યો

For 10th, 11th, 12th Std. & Graduates
Interior Design
DIPLOMA & ADVANCED DIPLOMA
2 & 3 year program respectively
ADMISSION 2025
5 & 6" Semester Integrated LIVE PROJECTS
NATIONAL SCHOOL OF INTERIOR DESIGN
Rashtriyashala, Rajkot-360 002. 0281-2468660, nsidraj@yahoo.com